# પ્રસાદ નં. ૧

## સમયસાર ગાથા ૩૫ની ટીકાના પ્રવચનમાંથી.

(આસો વદ ૧૩, બુધવાર, ૨૦૦૬)

શિષ્યે પૂછ્યું હતું કે જ્ઞાન જ પચ્ચખાણ છે એ સિવાય બીજું કાંઈ પચ્ચખાણ નથી? તેને દ્રષ્ટાંતથી કહ્યું કે જેમ કોઈ પુરુષ બીજાનું વસ્ત્ર ભૂલથી લાવે અને પોતાનું માનીને ઓઢીને સૂતો હતો, તે વસ્ત્ર બીજાનું છે એમ જાણીને છોડી દે છે, તેમ આત્મા કામ, ક્રોધાદિ અશુભભાવો તથા દયા, દાનાદિ શુભભાવોને ભૂલથી પોતાના માનતો, તે શ્રીગુરુના ઉપદેશ દ્વારા સમજીને ત્યાગે છે—તે વાત કહે છે.

શ્રીગુરુ તેને એક આત્મભાવરૂપ કરે એટલે "અનેકરૂપ થવું તે તારો સ્વભાવ નથી. દયા, દાનાદિ ભાવમાં અનેકપણું ઉત્પન્ન થાય છે તે વિભાવો છે માટે તારું સ્વરૂપ નથી, પણ ચૈતન્યસ્વભાવમાં એકપણું તે તારું સ્વરૂપ છે"—એમ શ્રીગુરુએ કહ્યું હતું. "શીઘ્ર જાગ અને સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક જ છે, ધ્રુવ ચૈતન્ય એકરૂપ તે આત્મા છે, અનેકપણું થાય તે આત્મા નથી." અનાદિનો અપ્રતિબુદ્ધ છે તેને કહે છે કે "એકરૂપ છે તે આત્મા છે." આ ઉપદેશનો સાર છે.

શિષ્ય પણ પાત્ર છે, "જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે તે કેવી રીતે? તે સમજાવો"—એમ પૂછે છે. પણ શાસ્ત્રમાં વ્રત, તપાદિ તથા ત્યાગની વાત આવે છે ને? તે વાત પણ યાદ કરતો નથી, તેને કહે છે કે "જ્ઞાતા ચૈતન્યસ્વભાવપણે ઘોળાય તે આત્મા છે. જ્ઞાનની વર્તમાન પર્યાયના લક્ષે પણ અનેકપણું થાય છે તે આત્મા નથી." તેમ વારંવાર સાંભળતો શિષ્ય લીધો છે પણ વારંવાર વાંચતો શિષ્ય લીધો નથી <u>કેમકે નિયમ છે કે પ્રથમ સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય ત્યારે સમ્યગ્જ્ઞાનીનું જ નિમિત્ત હોય છે.</u> તે બતાવે છે.

'આત્મા એક જ્ઞાનમાત્ર છે' એમ વારંવાર ગુરુ કહે છે પણ તેમના કહેવા ઉપર વજન નથી. પરંતુ શિષ્ય રુચિપૂર્વક વારંવાર શ્રવણ કરે છે તેનું વજન છે, તે શિષ્યની પાત્રતા છે. તેને એમ કહ્યું કે "તું જ્ઞાનમાત્ર છો. શ્રવણ નહિ, શ્રવણનો રાગ પણ નહિ." આ વાત સાંભળતાં તેને સંદેહ પડતો નથી કે તમે કહો છો તેને સાંભળું કે આત્મા એક જ્ઞાનમાત્ર છે, તેને જોઉં? ખૂબી એ છે કે ત્યાગના સ્વરૂપમાં 'એક આત્મા જ્ઞાનમાત્ર તું છો'—એમ વારંવાર ગુરુ સંભળાવે છે. એકની એક વાત સંભળાવે છે છતાં શિષ્ય કંટાળો લાવતો નથી અને 'હવે બીજી વાત સંભળાવો' એમ કહેતો નથી . જ્યાં સુધી પર્યાય નક્કી ન થાય કે હું એક જ્ઞાનમાત્ર છું ત્યાં સુધી રુચિ ટકાવી રાખવી અને કંટાળો લાવવો નહિ. આગમનો સાર એટલો જ છે કે ચૈતન્ય જ્ઞાતા તે જ હું છું.

લોકો પોકારે છે કે ત્યાગ તે શું હશે? તેને કહે છે કે આત્મા એક જ્ઞાનમાત્ર જ છે. ગાથા ૩૪માં કહ્યું હતું કે  આત્માને રાગના ત્યાગનું નામમાત્ર છે, તેટલો પણ

વ્યવહાર છે પરંતુ અહીં તો રાગના ત્યાગની વાત પણ લીધી નથી. આત્મા ખરેખર એક ચૈતન્યમૂર્તિ જ્ઞાતાદ્રષ્ટા સાક્ષી છે એવું જ્ઞાન એ જ ત્યાગ અને પચ્ચખાણ છે. ધ્રુવ નિત્યાનંદ જ્ઞાતા સ્વભાવમાં એકાગ્ર થયો તે જ પચ્ચખાણ છે. તેવું વારંવાર ગુરુ પાસેથી શ્રવણ કરે છે. હજારો શાસ્ત્રોનો તથા બધા અનુયોગોનો સાર ગુરુએ કાઢીને બતાવ્યો છે કે "તું તો જ્ઞાનમાત્ર છો" તારી પર્યાયમાં જે વિકાર થાય છે તે તારા જ્ઞાનનું જ્ઞેય છે, વિકારને પોતાનો માને તે જ્ઞાની નહીં. પર તરફના વલણથી રાગ થાય, તે પરભાવ અને હું જ્ઞાનમાત્ર છું, તે સ્વભાવ. એમ બન્ને સ્વ-પર લક્ષણને સારી રીતે પરીક્ષા કરીને, ઉધડક રાખીને નહીં પણ સારી રીતે પરીક્ષા કરીને, જરૂર આ વિકાર તે પરભાવો જ છે, હું જ્ઞાનમાત્ર જ છું—એમ નિર્ણય કર્યો તે જ્ઞાનસ્વભાવમાં ઠર્યો, તે પચ્ચખાણ છે. આગમનો ઉપદેશ આવો છે. આગમના નામે આથી વિરુદ્ધ ઉપદેશ આપે તે અજ્ઞાની-મિથ્યાદ્રષ્ટિ છે.

પ્રથમ શું કરવું તે વાતનો અહીં ક્રમ બતાવે છે કે "તું તો જ્ઞાનનો દરિયો છો, તેમાં પુણ્ય-પાપ છે જ નહિ. તું જ્ઞાનમાત્ર છો" આવીને આવી વાત સાંભળવા ઊભો રહ્યો ત્યારે તે સ્વ-પરના લક્ષણોની પરીક્ષા કરવાને પાત્ર થયો, સાંભળવામાં રુચિ ટકાવી રાખવી તે પહેલો ક્રમ થયો. ત્યારપછી સ્વ તરફ ઢળવું તે જ્ઞાન અને પર તરફ ઢળવું તે રાગ—એમ સ્વ-પરના લક્ષણોની સારી રીતે પરીક્ષા કરવી તે બીજો ક્રમ થયો. જે આવું સાંભળવા રોકાયો અને પરીક્ષા કરવા રોકાયો તેને કેવળજ્ઞાન ન થાય તેમ બને જ નહિ. અહીં આચાર્યદેવે ન થાય તે વાત લીધી જ નથી.

હવે ત્રીજા પ્રકારનો ક્રમ કહે છે. પરીક્ષા કરીને "જરૂર આ પરમાત્મા જ છે" તેમ જાણે ત્યાં સુધી જ્ઞાનનું વલણ પર તરફ જાય છે. એક વિષય છોડીને બીજાને વિષય કરે છે ત્યાં સુધી જ્ઞાન ફરે છે, પણ પછી 'જ્ઞાનમાત્ર છું'—એમ નક્કી કરતાં પરભાવ થતો જ નથી, તે સર્વ પરભાવોને તત્કાળ છોડે છે, તેમ કહેવાય છે.

જ્ઞાનમાત્ર હું છું—એવો અસ્તિભાવ થતાં વિકારાદિ ભાવોની નાસ્તિ થાય છે. જ્ઞાન થતાં રાગની ઉત્પત્તિ થતી જ નથી એટલે તેની નાસ્તિ થઈ—એમ કહેવાય છે. ત્યાગ કોને કહેવો તે વાત પણ જેણે સાંભળી નથી તે સાચો ત્યાગ કરે ક્યાંથી? તેને સાચો ત્યાગ હોતો જ નથી.

આત્માનો સ્વભાવ સ્વ-પર જાણવાનો છે પણ વર્તમાન સાધક પર્યાયમાં બન્નેને એકીસાથે જાણવાની તાકાત નથી, તેથી પરને જાણે છે ત્યારે વિકલ્પ થયા વગર રહેતો નથી. તે વિકલ્પ આત્માનો સ્વભાવ નથી. આત્મા તો જ્ઞાનમાત્ર છે—એવું ગુરુ પાસે વારંવાર શ્રવણ કરે છે અને પછી સ્વ-પર લક્ષણો દ્વારા પરીક્ષા કરે તો તે શ્રવણને યથાર્થ શ્રવણ કહેવાય.

ભાવાર્થ : આત્મા જ્ઞાનસ્વભાવી છે. જેનામાં જ્ઞાન હોય તે જ્ઞાનની વિપરીત અવસ્થારૂપ ભૂલ કરે પણ જડ ભૂલ કરતું નથી. જડ પદાર્થ તો ક્રમ પ્રમાણે પરિણમે છે પણ ભૂલ કરતો નથી. આત્મા જાણે છે તેને ક્રમ તો છે પણ તે કાં તો

પરને જાણે અને નહિ તો પોતાને જાણે, જડને દોષ કે દુઃખ હોતું નથી, પણ જાણનાર તે ભૂલે છે તે તેનો દોષ છે. તેને કહે છે કે તું જ્ઞાન છો. જે કોઈ દયા, દાનાદિ વિકલ્પોથી પોતાને લાભ માને છે, તે પરને પોતાનું માન્યા વગર તેમ માની શકે નહિ, પણ તે વિકલ્પ તારું સ્વરૂપ નથી. પરને પર જાણે છે ત્યારે મમત્વ રહેતું નથી. પરને પર જાણવાથી મોહ થતો જ નથી. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય તે પોતાનું સ્વરૂપ નથી તેમ જાણતાં વેંત જ તે છૂટી જાય છે—તે ત્યાગ છે.

# પ્રસાદ નં. ૨

## સમયસાર કળશ ૨૯ના પ્રવચનમાંથી.

[આસો વદ ૦)), ગુરૂ, ૨૦૦૬]

જ્ઞાતાનું જ્ઞાન તે પચ્ચખાણ છે, તે દ્રષ્ટાંત આપીને સમજાવ્યું.

જેમ કોઈ પુરુષ બીજાનું વસ્ત્ર ભૂલથી લાવ્યો હોય તો તે તેને પોતાની ચીજ ગણતો નથી પણ પારકું જાણીને પાછું આપી દે છે, તેમ આ જ્ઞાતા ભગવાન રાગાદિ વિકારીભાવોને પરભાવ જાણીને ત્યાગે છે તે વાત આવી ગઈ છે, હવે કળશ દ્વારા તે વાતને વિશેષ કહે છે.

પરભાવના ત્યાગના દ્રષ્ટાંતની દ્રષ્ટિ જૂની ન થાય ત્યાં એટલે કે "પુણ્ય-પાપાદિ પરભાવો તે તારા નથી" એવું સાંભળતાં વેંત જ, વિસામો ન લેતાં, તરત જ સમજી લ્યે-વિસારે ન પડવા દે. જેમ કે કોઈ માણસ આવે કે તરત કામ થઈ જાય ત્યારે એમ કહેવાય કે "તમે ન આવ્યા ત્યાં તો કામ થઈ ગયું" તે પુરુષાર્થની ઉગ્રતા બતાવે છે. એમ અહીં હજુ વિકારનો નાશ ન થયો ત્યાં તો અનુભૂતિ થઈ ગઈ; તેનો અર્થ એ છે કે સ્વભાવ તત્કાળ પ્રગટ થયો અને વિકારી ભાવ થયો જ નહિ.

અપ્રતિબુદ્ધે કહ્યું હતું કે શરીરની સ્તુતિ તે જ આત્માની સ્તુતિ છે. તેનું નિરાકરણ ગાથા ૨૬ થી ૩૫ સુધીમાં કહ્યું કે વિકાર, ગુણસ્થાનાદિનો વિકલ્પ તે બધું શરીર જ છે અને આત્મા ચિદાનંદ જ્ઞાતા છે. દ્રષ્ટાંત સાંભળતાં વેંત જ સ્વભાવ તરફ ઢળ્યો ત્યાં જ વિકારનો નાશ થઈ ગયો અને અનુભૂતિ થઈ—એટલે જે અપ્રતિબુદ્ધ હતો તે પ્રતિબુદ્ધ થયો.

હવે શિષ્યને આવો સ્વભાવનો અનુભવ થયો તે પરભાવના ભેદજ્ઞાન દ્વારા થયો છે. કર્મના ઉદયના લક્ષે થતો રાગ અને મોહકર્મના ભેદજ્ઞાનને પ્રથમ બતાવે છે.

### ગાથા-૩૬

અન્વયાર્થ :–જ્ઞાની એમ જાણે છે કે "મોહ મારો કાંઈપણ સંબંધી નથી. મોહ પણ શરીર જ છે. પર તરફના વલણવાળી વૃત્તિ મારું સ્વરૂપ નથી. એક ઉપયોગ છે તે જ હું છું. ત્રિકાળ જ્ઞાયક તે જ હું છું. " ભગવાન તીર્થંકર અને જ્ઞાનીઓ જાણે છે-કહે છે કે જેણે આવું જાણ્યું છે તેને મોહથી નિર્મમત્વ છે, અથવા તેનો મોહ નાશ થયો છે.

"મોહ જરાએ મારો નથી, હું એક છું એમ મારો ઉપયોગ જ જાણે છે" એટલે આત્મા જ જાણે છે. ભગવાન સર્વજ્ઞદેવ તેને મોહથી નિર્મમત્વ કહે છે.

ટીકા :–"ખરેખર મારા અનુભવમાં આવતા પુણ્ય-પાપાદિ ભાવો વર્તમાન મારી અવસ્થામાં થાય છે. તેનો કર્તા મોહકર્મ છે, આત્મા નથી. પર્યાયમાં જે રાગ થયો તે ભાવક જે મોહકર્મ છે તેનું કાર્ય છે. તે મિથ્યાત્વ કે રાગ મારું કાર્ય નથી. મોહ મારો લાગતો વળગતો નથી, કેમકે હું જ્ઞાતાદ્રષ્ટા ઉપયોગસ્વરૂપ છું" તેમ અનુભવતાં મોહની નાસ્તિનો પર્યાય થયો. જે મોહ થયો તેની વાત નથી, પણ અસ્તિમાં હું ઉપયોગ સ્વરૂપ છું તેમાં નાસ્તિરૂપે મોહની ન થઈ તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનની વાત સમજાવી છે.

અહીં તો ભાન થયું પછી પર્યાયમાં જે વિકાર થાય તે "મારું સ્વરૂપ નથી" તેમ કહે છે. અને મોહ છૂટ્યો તે "મારો કાંઈપણ લાગતો વળગતો નથી"—એમ બતાવે છે. કર્મનો ઉદય અને તેના નિમિત્તે થતો આત્માનો વિકારીભાવ, મારો છે જ નહિ. કેમકે ટંકોત્કીર્ણ (એવો ને એવો) એક જ્ઞાયક સ્વભાવમાં ખરેખર વિકાર થવાની યોગ્યતા જ નથી. "આત્મા જ્ઞાયક ધ્રુવ ચૈતન્યસ્વરૂપ છે" તેવી દ્રષ્ટિ થતાં પર્યાયમાં વિકારરૂપે થવાની યોગ્યતા જ અશક્ય છે, કેમકે તે યોગ્યતા અજીવ છે.

આત્મા ધ્રુવ છે, તેના ઉપર દ્રષ્ટિ ગઈ એટલે તે એકપણાને પામી, ત્યારે જે પ્રથમ પર્યાયમાં કર્મના નિમિત્તે અનેકરૂપ પરભાવ થવાની લાયકાત હતી તે હવે રહી નહિ, કેમકે પરભાવ તરફની મોહની યોગ્યતા તે પરની છે, તે હું નથી. પર્યાય આટલી શુદ્ધ થઈ અને આટલી અશુદ્ધ છે, તેવા ભેદ જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિમાં છે જ નહિ.

મારા જ્ઞાનસ્વભાવમાં વિકારરૂપે ભવન થવું તો નથી જ પણ વિકારને જાણવો તે પણ મારા સ્વ-પર પ્રકાશક સ્વભાવનું સામર્થ્ય છે. વિકાર છે માટે તેને જાણું છું, એમ નથી. મોહ થયો હતો તેની સાથે તો મારે સંબંધ નથી, પણ વર્તમાનમાં મોહ થાય તેની સાથે પણ મારે સંબંધ નથી. જ્ઞાયકસ્વભાવને જાણતાં મારું સ્વ-પરપ્રકાશક જ્ઞાન સામર્થ્ય એવું ખીલ્યું કે સ્વને જાણતાં પર એવો જે વિકાર તે જ્ઞાનમાં જણાઈ જાય છે.

ત્રિકાળ સ્વભાવનું વર્તમાન પર્યાયમાં જ્ઞાન થયું, તે તથા સ્વભાવ—એ બન્ને અભેદ થયા તે જીવતત્ત્વ છે. વિકાર તો અજીવતત્ત્વ છે, તે સ્વભાવભાવ નથી. રાગ ઉત્પન્ન થયો અને નાશ થયો તેવો ભેદ પણ જ્ઞાયક તરફ ઢળતાં રહેતો નથી. પર્યાય શુદ્ધ થઈ તે અંશીમાં મળી ગઈ એટલે "અંશી તે જ હું છું" એમ શ્રીગુરુ પાસે સમજેલો શિષ્ય કહે છે કે મોહ મારો નથી.

# પ્રસાદ નં. 3

## સ.ગા. ૩૬ ટીકાના પ્રવચનમાંથી.

(કા.સુ.૧, શુક્ર, બપોર, ૨૦૦૭)

અપ્રતિબુદ્ધ હતો તે પ્રતિબુદ્ધ થયો, ત્યારે તેણે શું જાણ્યું? તે અહીં વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે. અનાદિ અપ્રતિબુદ્ધ જીવ, પોતે ધ્રુવપણે છે તેનો સ્વીકાર ન કરતાં "શરીર તે હું, રાગ તે હું અને વર્તમાન જ્ઞાનનો અંશ તે હું" એમ પરનો સ્વીકાર કરતો, તેવો અજ્ઞાની શું સમજ્યો અને ગુરુએ તેને શું સમજાવ્યું—તે અહીં સર્વજ્ઞદેવ કહે છે.

હે ભાઈ ! પુણ્ય-પાપાદિ તે આત્મા નથી, તે અજીવ છે. પર્યાયના આશ્રયે રાગ થાય છે અને શરીરની ઉત્પત્તિ થાય છે માટે તે બધું શરીર જ છે. ભગવાને તો ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય ઉપયોગમાત્ર સ્વરૂપને આત્મા કહ્યો છે—એમ ગુરુએ કહ્યું ત્યારે પોતે ચૈતન્યસ્વરૂપ આત્મા છે—એમ સમજ્યો. સર્વજ્ઞદેવ તથા મુનિઓ તે જીવને મોહનો નાશ કરનારો કહે છે.

હું એક ઉપયોગ જ છું. તે ઉપયોગ એમ જાણે છે કે હું મોહરહિત જ્ઞાનસ્વભાવી એક જ છું—તેવા જીવને સંતો મુનિઓ કહે છે કે તે મોહ (મિથ્યાત્વ)થી રહિત થયો છે.

ટીકા :–ભગવાન આત્મા સ્વભાવ વડે જાણે છે કે પરમાર્થે હું એક છું. રાગ-દ્વેષને મારે કાંઈ સંબંધ નથી. કર્મના ઉદયે આત્મામાં થતાં મોહ તે ભાવ્ય છે. આત્મા વડે તે મોહ થયો નથી. કેમકે ભાવક જે મોહકર્મ તેના લક્ષે ઉત્પન્ન થયેલો વિકાર તે હું નથી. હું તો જ્ઞાયક તરફ ઢળતો—સ્વભાવમાં રહેતો પરમાર્થે રહેતો એક જ છું. પરમાર્થે મુખ્યતા સ્વભાવની છે એટલે ચૈતન્ય સત્તામાં વિકાર છે જ નહિ. કેમકે જ્ઞાયક સ્વભાવભાવને પરમાર્થે પરભાવરૂપ થવું અશક્ય છે. આ રીતે મોહ મારો લાગતો વળગતો નથી—કાંઈ સંબંધી નથી. એમ નાસ્તિથી કથન કર્યું ત્યારે અસ્તિથી આત્મા કેવો છે, તે હવે જણાવે છે.

આત્મા સ્વયમેવ, ત્રિકાળ, ધ્રુવ, શાશ્વત, સ્વભાવી છે, સર્વ પદાર્થને જાણવામાં ચતુર વિકાસરૂપ પ્રતાપ સંપદાવાળો છે. સ્વ-પરને જાણવામાં ચતુર ચૈતન્ય શક્તિવડે ભગવાન આત્મા જ જાણે છે કે પરમાર્થે હું એક છું. શુદ્ધ પર્યાયના અભેદપણાથી વાત કહેલ છે. મારા સ્વભાવભાવની સાથે મારે સંબંધ છે, વિકારભાવ સાથે સંબંધ નથી. પર્યાયમાં રાગ થયો છે અને તેને જાણવો છે, એમ નથી. પણ મારી પ્રતાપ સંપદા નિરંતર છે. ચૈતન્યશક્તિ પ્રમાણ સ્વભાવભાવ છે.

ભગવાન આત્મા જાણે છે કે ખરેખર જ્ઞાતા તરફ વળેલી પર્યાય અભેદ થઈ—તે હું જ છું.

ધર્મી જીવ જાણે છે કે વ્યવહાર તે અજીવ છે, વ્યવહાર રત્નત્રય તે અજીવ છે, કેમ કે તે ભાવક મોહકર્મ છે તેની સાથે સંબંધ ધરાવે છે. જેમ શરીર અજીવ છે તેમ ભાવક મોહના લક્ષે થયેલ ભાવ્ય પણ અજીવ છે, આત્મા નથી. આત્મા તો નિરંતર પ્રતાપ સંપદાવાળો છે. તે પોતાની ચૈતન્યશક્તિપ્રમાણ સ્વભાવભાવ વડે ભગવાન આત્મા જાણે છે કે પરમાર્થે હું એક છું. રાગાદિ વિકલ્પોનો આત્મામાં અભાવ છે, તેથી વિકલ્પથી આત્મા જણાય તેમ નથી. વ્યવહાર છે તો આત્મા છે, એમ છે જ નહિ. પણ આત્મા પોતાની નિરંતર પ્રતાપ સંપદા ચૈતન્યશક્તિથી જાણે છે કે મારે ને રાગને કાંઈ સંબંધ જ નથી, "પરમાર્થે હું તો એક છું." "હું એક છું" તેમાં વિકલ્પનું અનેકપણું થાય તે હું નહિ. શાસ્ત્રનો અર્થ કાંઈ શાસ્ત્ર કાઢી દે તેમ નથી અને વિકલ્પ પણ શાસ્ત્રનો અર્થ કાઢી દે તેમ નથી, તારા જ્ઞાનથી શાસ્ત્રનો અર્થ સમજાય તેમ છે.

અનેકને લઈને એક નહિ અને એકમાં અનેક નહિ. અનેક વિકલ્પને લઈને મારું જ્ઞાતાસ્વભાવીપણું નથી, મારા એકપણામાં તે અનેકપણું નથી. સ્વ-પરને જાણવાની પ્રતાપસંપદાવાળી ચૈતન્યશક્તિ વડે હું જાણું છું કે પરમાર્થે એક છું.

આ રીતે મોહવડે વિકાર થયો છે. હું તો મારા જાણવાની શક્તિથી જાણું છું. ભગવાન આત્મા જાણે છે કે હું એક છું તે પર્યાય અભેદ થઈ. તો હવે તેને અનેક સાથે કાંઈ મેળ છે કે નહિ? તે હવે કહે છે.

જો કે જ્યાં આત્મા છે ત્યાં રાગાદિનો વિકાર છે, કર્મ છે, શરીર પણ છે ખરું. એકક્ષેત્ર અવગાહની અપેક્ષાએ સાથે છે, પણ ભાવે તેની સાથે કાંઈ સંબંધ નથી. એકમાં અનેકનો અભાવ હોવા છતાં, ક્ષેત્રની અપેક્ષાએ ભલે સાથે હોય, પણ ભાવે એક નથી. એકમાં અનેક નથી, અનેકને લઈને એક નથી પણ એક જ્ઞાતાસ્વભાવને જાણતાં અનેકનું જ્ઞાન થઈ જાય છે.

આત્માનું ક્ષેત્ર તો ચૈતન્યઘન એકાકારપણું છે, તેમાં વિકારનું ક્ષેત્ર છે જ નહિ. વિકારનું જે અનેકપણું થાય છે તે મારા ક્ષેત્રમાં નથી. એકક્ષેત્રાવગાહ સંબંધ છે તે વ્યવહારથી છે. જે અનેકપણું થાય છે તેની સાથે મારે સંબંધ નથી. વિકારનું નિવારણ કરવું તે આત્મસ્વભાવમાં છે જ નહિ, પણ સ્વભાવમાં ઢળતાં રાગનો અભાવ થઈ જાય છે.

ખરેખર, આત્મા અને રાગ બન્ને ભાવે જુદા છે.

# પ્રસાદ નં. ૪

## સ.ગા. ૩૬ની ટીકાના પ્રવચનમાંથી.

(કા.સુ. ૨, શનિવાર, બપોર, ૨૦૦૭)

આ અધિકાર જીવતત્ત્વનો છે. તેમા ગાથા ૨૫ સુધી જીવતત્ત્વનું વર્ણન કર્યું હતું. ગાથા ૨૬માં શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે શરીરની સ્તુતિ તે આત્માની સ્તુતિ છે? તેનું નિરાકરણ ગાથા ૩૫ સુધી કર્યું કે આત્મા ચૈતન્યસ્વભાવી છે. જડ ઇન્દ્રિય, ખંડખંડ જ્ઞાન અને પરપદાર્થો તે જીવ નથી. આત્મા સ્વભાવમાં એકાકાર થયો તે જીવ છે અને સ્વભાવમાં ઢળતાં ભાવવાળો જીવ છે અને આત્મસ્વભાવમાં સ્થિર થાય તે પચ્ચખાણ છે—એમ કહ્યું ત્યારે શિષ્ય સમજ્યો. તે કહે છે કે પરમાર્થે હું એક છું.

ધ્રુવ ચૈતન્ય જ્ઞાતાસ્વભાવમાં પર્યાય ઢળે તે આત્મામાં અભેદ થાય છે, તેથી શુદ્ધ પર્યાય અને આત્મા અભેદ તે એક હું છું. સ્વભાવ વડે જાણે છે કે પરમાર્થે હું એક છું, મોહ સાથે મારે સંબંધ નથી, મોહ મારો લાગતો વળગતો નથી—આ પ્રમાણે નક્કી થયું. ત્યારે પ્રવચનસારમાં કહ્યું છે કે આત્મામાં પુણ્ય-પાપાદિ થાય તે જીવદ્રવ્યના છે અને તે જીવ છે. ત્યાં જ્ઞાનપ્રધાનતાથી બતાવ્યું છે કે તે વિકારો પરદ્રવ્યમાંથી આવતા નથી, તેમ પરદ્રવ્યથી જુદો પાડ્યો. ''તારા દ્રવ્યગુણમાંથી આવે છે.'' દ્રવ્ય અને ગુણ ત્રિકાળ શુદ્ધ જ છે એમ નક્કી કરતાં વિકાર તેનો સ્વભાવ નથી, તેમ જણાય છે, એટલે અહીં પરમાર્થે હું એક છું તેમાં અને પ્રવચનસારમાં ભાવમાં ફેર નથી, માત્ર કથન પદ્ધતિમાં ફેર છે.

જોકે વિકાર અને આત્મા ક્ષેત્રની અપેક્ષાએ એકમેક જેવા લાગે છે, તો પણ ખરેખર તે મારો સ્વભાવ નથી માટે અજીવ છે, જીવતત્ત્વ નથી. અહીં ભાવ્યભાવક સંબંધ તોડી ગાથા ૩૭માં જ્ઞેય સાથે જ્ઞાયકને સંબંધ નથી એમ કહેશે. રાગ-દ્વેષાદિ ભાવ થાય તે જડ છે ને હું આત્મા જ્ઞાતા જીવ છું, જો કે વ્યવહારે એકક્ષેત્ર અવગાહ કહ્યો છે, ખરેખર પરમાર્થે હું એક છું, શિખંડના સ્વાદમાં મીઠાશ ને ખટાશ એકમેક જેવા લાગે છે પણ મીઠાશ તે સાકરની છે અને ખટાશ તે દહીંની છે. ખરેખર તે એકમેક થયા નથી; તેમ આત્માની પર્યાયમાં વ્યવહાર રત્નત્રય થાય છે તે અજીવનો સ્વાદ છે, અને ચૈતન્ય ધ્રુવ જ્ઞાન તે આત્માનો સ્વાદ છે, તે કદી ખરેખર એકમેક થયા નથી. અજીવ છે તેથી હું તેમના પ્રત્યે નિર્મમ છું, કારણ કે સદાય એકપણાની પ્રાપ્તિથી એવોને એવો છું. હું કોઈ સમયે રાગ-દ્વેષરૂપ થયો જ નથી. મોહ મારામાં છે જ નહિ. મારું જીવતત્ત્વ જ્ઞાયકભાવથી ટકેલું છે.

જ્યારે આત્મા પોતાના પર્યાયમાં વિકાર કરે છે, ત્યારે પરદ્રવ્ય નિમિત્ત હોય છે. તેમ ગોમ્મટસારમાં બતાવ્યું છે અને પ્રવચનસારમાં કહેવામાં આવ્યું છે કે તારા દ્રવ્યગુણમાંથી વિકારી પર્યાય થાય છે ત્યાં જ્ઞાન અધિકાર છે, પરદ્રવ્યથી જુદો બતાવ્યો છે અને અહીં (સમયસારમાં) વિકાર થાય છે તે અજીવ છે, તે આત્માનો સ્વભાવ નથી અને કર્મના લક્ષે થાય છે માટે ભાવક જે મોહ તેનો વિકાર થાય છે તેમ કહ્યું છે, એકક્ષેત્ર અવગાહ સંબંધ હોવા છતાં ભાવે એકપણું નથી. સ્વભાવ એકરૂપ, ત્રિકાળ, જ્ઞાતા છે તે જ હું છું એમ બધાં શાસ્ત્રો બતાવે છે તેથી પ્રયોજનમાં વિરોધ નથી.

અહીં દ્રવ્ય તરફના વલણવાળી પર્યાયનો ઉત્પાદ તથા ત્રિકાળી ધ્રુવ તે જ જીવ છે, વિકારભાવનો ઉત્પાદ તે જીવ નથી, તે અજીવતત્ત્વ છે. સંવર-નિર્જરાની પર્યાયને લક્ષમાં લેવાનો વિકલ્પ ઉઠે તે જીવ નહિ, પણ સંવર-નિર્જરાની પર્યાય પોતે આત્મામાં અભેદ થઈ તે જીવ છે. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી એવો ને એવો સ્થિત રહે છે.

અહીં આત્મામાં ભાવ્ય અવસ્થાનો ભાવક મોહકર્મના નિમિત્તે થતી હોવાથી જડ છે. અજીવ છે તે આત્માનો સ્વાદ નથી પણ જડનો સ્વાદ છે—એમ બન્નેના સ્વભાવનું યથાર્થ જ્ઞાન થતા ભાવ્ય-ભાવકનું ભેદજ્ઞાન થયું. ભૂતાર્થ તો ત્રિકાળી આત્મા છે. રાગાદિ વિકાર ભૂતાર્થ નથી. જ્ઞાનમાંથી જ્ઞાન આવે, સોનામાંથી સોનું આવે, સોનામાંથી લોઢું થાય નહિ. એવી રીતે ચૈતન્ય ભીંત જ્ઞાતાદ્રષ્ટામાંથી જ્ઞાન થાય પણ રાગ કે વિકાર થાય નહિ. હું એક છું એટલે મોહથી નિર્મમ છું. તેનો કાળભેદ નથી. સ્વની સાથે સંબંધે છે, પરની સાથે સંબંધ નથી. વ્યવહાર હોય તો નિશ્ચય થાય તેમ માનનારના તો આંગણે આવવાનાં પણ ઠેકાણાં નથી, તો આત્માની યથાર્થ સમજણ તો ક્યાંય દૂર રહી. અહીં તો જે આશયે ગુરુએ કહ્યું તે આશય શિષ્ય સમજી ગયો, ત્યારે તેને ભેદજ્ઞાન થયું.

ભાવાર્થ : આ મોહકર્મ છે તે પુદ્‌ગલ અજીવ છે. આત્મામાં જે વિકાર થાય તે મલિન છે. તે ભાવ પણ મોહકર્મનો છે, કેમકે તે સ્વભાવ તરફ ઢળતો નથી, તેથી પુદ્‌ગલનો વિકાર છે. અહીં સ્વભાવની દ્રષ્ટિએ જડનો કહ્યો છે તેનો અર્થ એમ નથી કે કર્મે તે ભાવ કરાવ્યો છે. જ્યારે આત્મા કર્મ તરફનું વલણ કરે છે ત્યારે ઉપયોગ પણ મલિન થઈ રાગરૂપે થાય છે, અને જ્યારે ભાન થાય કે ચૈતન્યશક્તિની પ્રગટતા તો જ્ઞાન દર્શન છે, તે હું છું અને કલુષિતતા તે મારી નથી ત્યારે ભાવકભાવ જે મોહકર્મનો ભાવ છે તેનો ભેદ થાય છે અને આત્મા પોતાના ચૈતન્યના અનુભવમાં સ્થિત થાય છે.

## કળશ ૩૦

આ લોકમાં હું સ્વભાવથી જ મારા એક આત્મસ્વરૂપને અનુભવું છું. તે આત્મસ્વરૂપ કેવું છે? બધા પ્રકારથી પોતાના ચૈતન્યરસથી પરિપૂર્ણ ભરેલું છે. નિજ શક્તિના સામર્થ્ય વડે પરિપૂર્ણ ચૈતન્ય પરિણમનથી ભરેલું છે, આત્માને કોઈ પ્રકારે બીજાનો આશ્રય નથી તેવા સ્વાશ્રયી ચૈતન્યને અનુભવું છું, તેથી આ મોહ મારો કાંઈપણ લાગતો વળગતો નથી અર્થાત્ એને અને મારે કાંઈપણ નાતો નથી. હું તો શુદ્ધ ચૈતન્ય સમૂહરૂપ તેજઃપૂંજનો નિધિ છું. આ રીતે ભાવક ભાવના ભેદ વડે જ્ઞાની અનુભવન કરે છે.

# પ્રસાદ નં. ૫

## સમયસાર કળશ ૩૦ના પ્રવચનમાંથી.

(કા.સુ. ૩, રવિ, ૨૦૦૭)

આત્માના વર્તમાન કર્મના નિમિત્તે જે વિકારી ભાવ થાય તેની સાથે ધ્રુવ ચૈતન્યસ્વભાવને કાંઈ સંબંધ નથી. આત્માનો તો જાણવા દેખવાનો સ્વભાવ છે, તે વડે તે જાણે જ છે. વિકાર તે હું નહીં, અપૂર્ણ અવસ્થા તે હું નહિ, સંયોગ અને વિકારને એકત્વબુદ્ધિએ જાણવું તે અધર્મ છે. હું તો પરમાર્થે જ્ઞાયકસ્વભાવી એક છું. કર્મ તરફના વલણવાળા ભાવ—કામક્રોધાદિ તે અનેક છે, દ્રવ્યસ્વભાવ તો એક છે. અસ્તિસ્વભાવમાં રાગ-દ્વેષની નાસ્તિ છે. ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થાય તે આત્મા છે, આત્માની સાથે મોહને એકક્ષેત્ર અવગાહ સંબંધ વ્યવહારે છે, પરમાર્થે જ્ઞાનમાત્ર એક હું છું. મોહ મારો લાગતો વળગતો નથી, મારે અને મોહને કાંઈ નાતો નથી.

હવે જેમ મોહની સાથે આત્માને કાંઈ સંબંધ નથી તેમ આત્માની અવસ્થામાં વિકાર જે એક સમય પૂરતો થાય છે, તે રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ તે ભલે એકક્ષેત્ર અવગાહે છે પણ તે કાંઈ આત્મા નથી. હું તો એક છું, એકમાં અનેક નથી માટે ભાવથી મારે એની સાથે કાંઈ સંબંધ નથી.

અહીં વિકાર રહિત પોતાના સ્વભાવ સ્થિત ચૈતન્યશક્તિનો આશ્રય કરવાથી ભગવાન આત્મા જાણે છે કે પરમાર્થે હું એક છું. સ્વભાવ તરફ ઢળતાં રાગ-દ્વેષ થતો જ નથી. નિર્મળ પર્યાય આત્મામાં અભેદ થાય છે. જ્ઞાનીનો કોઈ સમય સ્વભાવની મુખ્યતા સિવાયનો હોતો નથી. જે સમયે રાગાદિનો ઉત્પાદ છે તે સમયે પણ ચૈતન્ય ધ્રુવ એકાગ્રતાનો ઉત્પાદ સ્વભાવમાં અભેદ થયો છે. આ રીતે એક ઉત્પાદમાં જેટલી સ્વભાવની લીનતા છે તેટલો તો રાગનો અભાવ છે અને જેટલો રાગ છે તેનું જ્ઞાન વર્તે છે.

રાગ-દ્વેષાદિ વિકાર આત્માના પર્યાયમાં થાય છે તેની સાથે આત્માને સંબંધ નથી તો હવે જડકર્મ કે જે એકક્ષેત્રાવગાહ છે તેની સાથે તો જરાએ સંબંધ છે જ નહિ. વિકારથી પ્રથમ જુદો પાડ્યો છે, ધ્રુવતાની સાથે એકતા થઈ તે જ આત્મા છે. રાગાદિને પરદ્રવ્ય કહેલ છે કારણ કે સ્વભાવમાં તેનો અભાવ છે. તો આઠ કર્મોનો તો આત્મામાં ત્રિકાળ અભાવ છે. "કર્મના ઉદયે રોકાયો" એમ જે કહે છે તે તો મૂઢ છે. સ્વભાવની મુખ્યતાને રાગ પણ રોકતો નથી તો કર્મ આત્માને રોકે એમ બનતું જ નથી.

અહીં, આચાર્ય ભગવાન તો શિષ્ય અમુક કર્માદિનું જાણપણું કરીને આવેલો છે તેવા શિષ્યને કહે છે કે કર્મની સાથે તારે કાંઈ નાતો નથી. જ્યાં સુધી નાતો

માને ત્યાં સુધી સંસાર છે, જગતની જેટલી ચીજો છે તે નોકર્મ છે તેની સાથે આત્માને સંબંધ નથી, નાતો નથી, સમોસરણ નોકર્મ છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પણ નોકર્મ છે. આ જીવ તે ભગવાનનો જીવ નથી એટલે કે આ જીવની અપેક્ષાએ ભગવાન પણ અજીવ છે. અહીં તો જેટલો ચૈતન્યશક્તિમાં એકાકાર થયો તે જીવ છે, જીવમાં અજીવનો અભાવ છે તેથી બધા નોકર્મની સાથે આત્માને સંબંધ નથી. દ્રવ્ય-મન, અજીવ પુદ્‌ગલ દ્રવ્ય છે તેની સાથે આત્માને સંબંધ નથી. સર્વથા મનનો સંબંધ છૂટી જાય તો કેવળજ્ઞાન થાય, પણ અહીં સ્વભાવદ્રષ્ટિની મુખ્યતામાં મનના સંબંધને ગૌણ ગણી તેને વ્યવહાર કહ્યો છે, તેથી તે અભૂતાર્થ છે, એટલે દ્રવ્યસ્વભાવમાં તેનો અભાવ છે તેથી મનની સાથે આત્માનો નાતો નથી.

વસ્તુ ત્રિકાળી છે, વર્તમાન પર્યાયની રુચિનો નાશ થયો તે જ સમયે જોકે રાગનો સર્વથા અભાવ થયો નથી, પણ સ્વભાવની મુખ્યતા કરવા રાગ હોવા છતાં તેનો અભાવ કહ્યો છે. વાણી બોલવાની ઇચ્છા સાથે જ્યારે આત્માને સંબંધ નથી તો વાણી પોતે જડ પુદ્‌ગલ દ્રવ્ય છે તેની સાથે તો આત્માને બિલકુલ સંબંધ નથી. પોતાનો દીકરો હોય તેને મૂડીનો ભાગ જે ન આપતો હોય તે તેના દૂરના કોઈ સંબંધીને મૂડીમાંથી ભાગ આપે તેમ બનતું નથી, તેમ પોતાની પર્યાય સાથે જ્યારે આત્માને સંબંધ નથી એમ કહ્યું તો પછી પોતાથી ત્રણે કાળે જુદા એવા વાણીના પરમાણુ સાથે કાંઈપણ સંબંધ હોય તેમ બનતું નથી.

કાયા જડ અને અજીવ છે, જીવમાં અજીવ કાયાનું ત્રણે કાળે અભાવપણું હોવાથી જીવને તેની સાથે કાંઈપણ લાગતાવળગતાપણું નથી. કાનની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કાન દ્વારા વાણી સાંભળવાનો વિકલ્પ હોય છે ખરો, પણ તે વિકલ્પ, કાન, વાણી ત્રણેનો આત્મામાં અભાવ છે. ભગવાન પાસે ભક્તિ થતી હોય અને સાંભળવાનો વિકલ્પ પણ હોય છતાં ''મારા આત્મામાં કાન, વાણી, વિકલ્પનો અભાવ હોવાના કારણે હું વાણી સાંભળતો જ નથી, મને વિકલ્પ થયો જ નથી.'' તેમ સ્વભાવની મુખ્યતામાં પરદ્રવ્યનો સ્વીકાર જ્ઞાની કરતો નથી, તે તો પોતાના સ્વભાવમાં એકાકાર થયો તે જ આત્મા છે, કાનની સાથે આત્માને કાંઈપણ સંબંધ નથી તેમ માને છે.

ચક્ષુની સાથે આત્માને સંબંધ નથી કેમકે આત્માને ચક્ષુ જ નથી. ભગવાનના દર્શન કદી આત્માએ કર્યા નથી, કારણ કે સ્વભાવની મુખ્યતામાં આત્માને ચક્ષુ તથા દર્શન કરવાના વિકલ્પની સાથે સંબંધ નથી. પરમાર્થે હું એક છું—તેમ જ્ઞાની જાણે છે. વસ્તુનો સ્વભાવ તો આવો છે. સમંતભદ્રાચાર્ય કહે છે કે લોકો પોકાર કરે છે, પણ વસ્તુનો સ્વભાવ તો આવો જ છે. પોકાર કરો તો કરો, વસ્તુ કોઈએ બનાવી કે કરી નથી, વસ્તુ ફરી જાય તેમ નથી, વસ્તુ સ્વભાવથી જ એવી છે.

આ સિવાય નાક, કાન, રસન, સ્પર્શ આદિમાં પણ આમ સમજવું. આત્મા પરમાર્થે એક છે, તેને વિકારાદિની સાથે કાંઈપણ સંબંધ નથી, કેમકે તે બધાનો આત્મામાં અભાવ છે. એક જીવ સ્વભાવ ચૈતન્યની શક્તિ વડે જ જાણે છે, કે સ્વભાવના આશ્રયે દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય થઈ તે તો હું છું પણ રાગાદિ વિકાર કર્મ, નોકર્મ, મન, વચન, કાય, પાંચ ઇન્દ્રિયો આદિ તે આત્મા નથી, તેનો આત્મામાં અભાવ છે. સ્વભાવની મુખ્યતામાં તેને ગૌણ કરી તેને વ્યવહાર કહ્યો છે તેથી તે અભૂતાર્થ છે, તેથી તેનો અભાવ છે. પરમાર્થે હું એક છું એમ જ્ઞાની જાણે છે.

# પ્રસાદ નં. ૬

## સમયસાર ગાથા ૩૭ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૪, સોમવાર, ૨૦૦૭)

ગાથા ૩૬માં કહ્યું કે પરમાર્થે હું એક છું અને મોહ તે મારો નથી—એમ જાણ્યા પછી આ ગાથામાં છ દ્રવ્યોનું જ્ઞાન કરાવે છે.

સ્વનું જ્ઞાન થતાં, પરનું જ્ઞાન પણ સાથે થાય છે. જ્ઞેય છ દ્રવ્યો છે અને છ દ્રવ્યોનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ છે, તે કેવી રીતે હોય છે તેનું પણ યથાર્થ જ્ઞાન થાય છે. પાંચ દ્રવ્યોનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો સીધો છે પણ એક જીવને અન્ય જીવની સાથે નિમિત્તપણાનો સંબંધ કેવી રીતે છે તેનું જ્ઞાન કરતાં સિદ્ધાંત એ નીકળે છે કે :–

આત્માની સમ્યક્ સમજણ વખતે સામે તીર્થંકર કે ગુરુની વાણી નિમિત્તરૂપે હોય છે, તો ત્યાં તેમના આત્મા સાથે નિમિત્તરૂપનો સીધો સંબંધ કેવી રીતે કહેવાય?

તેનું સમાધાન :–ખરેખર તો મુમુક્ષુનો આત્મા વાણી પાછળનો યથાર્થ આશય પકડે છે ત્યારે ગુરુનો આત્મા નિમિત્ત કહેવાય છે. એટલે નક્કી થયું કે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે નિયમથી જ્ઞાયક પુરુષ એટલે જ્ઞાની જ નિમિત્ત હોઈ શકે અને તે પણ મુમુક્ષુ આત્મા પોતે તેમનો આશય સમજે તો તેમના પર નિમિત્તપણાનો આરોપ આવે છે અને વાણીનું નિમિત્ત તો સામાન્ય પુદ્ગલ દ્રવ્ય તરીકેના નિમિત્તમાં ગયું. તત્ત્વાર્થસૂત્રમાં "જીવ જીવનો ઉપકાર કરે છે" એમ કહ્યું છે ત્યાં ઉપકારનો અર્થ નિમિત્ત છે, તેમ સમજવું. જ્ઞાનીનો આશય યથાર્થપણે જીવ સમજે ત્યારે ક્યા જ્ઞાની હતા તે જણાવવા, અન્ય જ્ઞાનીથી જુદા પાડવા, આ ગુરુ ઉપકારી છે તેમ કહેવાય છે.

ભાવ્ય ભાવકથી જુદો પાડીને હવે જ્ઞેયભાવનું જુદાપણું બતાવે છે.

અન્વયાર્થ :–જ્ઞાની એમ જાણે છે કે ધર્માદિ દ્રવ્યો મારાં કાંઈપણ લાગતાં વળગતાં નથી. તે તો નાસ્તિથી કહ્યું ત્યારે અસ્તિથી વાત કરે છે. ઉપયોગ છે તે જ હું છું એમ જે જાણે છે તેને સર્વજ્ઞદેવ અને જ્ઞાનીઓ ધર્માદિ પ્રત્યે નિર્મમત્વ કહે છે. તે સર્વજ્ઞદેવ તથા જ્ઞાનીઓ વીતરાગનો સિદ્ધાંત શું છે અને અન્યનો સિદ્ધાંત શું છે તથા પોતાનું અને પરનું સ્વરૂપ શું છે તેને જાણનારા છે. ધર્માદિ દ્રવ્યો મારાં નથી. હું એક છું એમ ઉપયોગ જ જાણે છે. તે ઉપયોગને વીતરાગદેવ ધર્માદિ પ્રત્યે નિર્મમ કહે છે.

ટીકા :–પોતાની શક્તિ સ્વ-પરને જાણવાની છે તે નિજરસના ફેલાવથી ખીલી છે. તે શક્તિને નાશ કરવાને કોઈ સમર્થ નથી. તે પ્રચંડ ચિન્માત્ર શક્તિથી સ્વ-પરને જાણવાના સ્વભાવ વડે, જેમ કોળિયો કરી જતું હોય તેમ જ્ઞાન લોકાલોકના સમસ્ત પદાર્થોને જાણે છે. બધા પદાર્થો જાણે જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી ગયા ન હોય તેમ જ્ઞાનની તાકાત ખીલી છે તે જાણે છે, એવું ચૈતન્યદ્રવ્ય ધ્રુવ સ્વ-પર પ્રકાશક છે. તેને કોઈ પરદ્રવ્ય સાથે સંબંધ નથી, એમ જાણ્યા પછી પર દ્રવ્યોને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે. જ્ઞાતા પરમાર્થે એક છું એમ જાણ્યું તેની શક્તિ પરજ્ઞેયો બધાને સામાન્ય જાણવાની ખીલી છે, ભલે તિર્યંચ હોય અને ધર્માદિના નામો પણ જાણતો ન હોય, તોપણ સ્વભાવ જાણતાં સ્વ-પર પ્રકાશક શક્તિ ખીલી, એટલે પરને જાણવાની શક્તિ ખીલી ગઈ છે. સ્વભાવમાં ઠરતાં, વિકલ્પોનો સંબંધ તૂટતાં, જ્ઞાતાનો આશ્રય થતાં, સ્વ-પરપ્રકાશક શક્તિ ખીલતાં બધા દ્રવ્યો જણાઈ જાય છે.

આ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો—એ છ પદાર્થો છે તેમાં આ શબ્દ સૂચવે છે કે જગતમાં છ પદાર્થો વિદ્યમાન છે. કાળદ્રવ્યને કાઢી નાખ્યું નથી. છ દ્રવ્યો છે, તેને જાણવાની શક્તિ ખીલી છે. તે જ્ઞાન જાણે છે કે આ પરદ્રવ્યો મારા સંબંધી નથી. પુદ્‌ગલ વાણી, અન્યજીવમાં સિદ્ધ, અરિહંત, ગુરુ વગેરે બધા આવી ગયા, તે કોઈ મારાં લાગતાં વળગતાં નથી. મારા જ્ઞાનના જ્ઞેય છે. અન્ય જીવ એટલે ગુરુ નિમિત્ત છે કેમકે ગુરુના કથનનો આશય સમજ્યો ત્યારે વાણી અને તેની પાછળના આશયવાળા ગુરુ બન્ને નિમિત્ત છે, પણ અહીં તે પરદ્રવ્ય છે, જ્ઞાનનું જ્ઞેય છે. મારે અને પરદ્રવ્યને સંબંધ નથી.

કારણ કે એવો ને એવો એક જ્ઞાયકસ્વભાવ ભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું અને તે પરદ્રવ્યો, રાગાદિ વિકાર વગેરે મારા સ્વભાવથી જુદા સ્વભાવવાળા છે. સિદ્ધો, કેવળીઓ મારા સ્વભાવથી જુદા સ્વભાવવાળા છે. મારો સ્વભાવ અને તેનો સ્વભાવ એક નથી તેથી તે બાહ્યતત્ત્વપણાને છોડવાને અસમર્થ છે, કેમકે તે પોતાનો સ્વભાવ છોડીને મારા જ્ઞાયકસ્વભાવમાં આવતા નથી. જ્ઞેય જ્ઞાયકસંબંધ હોવા છતાં જ્ઞેય, જ્ઞાયકરૂપે થતાં નથી.

ધર્માદિ બધાં પરદ્રવ્યો મારામાં પ્રવેશ કરતાં નથી એટલે પરદ્રવ્યો, એનો સ્વભાવ છોડતાં નથી, મારા સ્વભાવમાં એકરૂપ થતાં નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં તો ખરેખર મારું જ્ઞાન જણાયું છે, પરજ્ઞેય ખરેખર જણાયાં નથી. પોતાને જાણતાં પરજ્ઞેયો જણાઈ જાય છે, તેથી પરદ્રવ્યો મારામાં પેસતાં નથી. એક આત્માને જાણે તો બધા પડખાં સમજાય તેમ છે. એક જાણતો નથી તે કોઈ પડખું સાચું જાણતો નથી.

નિત્ય ત્રિકાળ સ્વરૂપ ઉપયોગ કે જે ચૈતન્યમાં અભેદ છે, અને પરમાર્થે જ્ઞાયક સ્વભાવ તરફ વળેલી અવસ્થાવાળો એક અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જાણે છે કે હું પ્રગટ નિશ્ચયથી એક છું, આનું નામ જીવતત્ત્વ છે. એક જ છું એટલે કે હું જ્ઞાયક જ છું અને પરદ્રવ્યો જણાવાયોગ્ય છે એટલો વ્યવહારસંબંધ છે છતાં પણ પ્રગટ આત્મા જ્ઞાયક અનાકુળતાના સ્વાદમાં આવતાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું.

આત્માનો સ્વભાવ જ્ઞાયક અનાકુળ છે અને ધર્માદિ પરદ્રવ્યો તરફનો વિકલ્પ તે આકુળતા છે, એમ બન્નેનો ભિન્ન સ્વાદ હોવાના કારણે તે મારાં નથી, તેની સાથે મારે સંબંધ નથી. જ્ઞાયક અનાકુળ સ્વભાવ તે હું છું તેથી, નિર્મમ છું, કેવળી, સિદ્ધ અને ગુરુ સાથે મારે કાંઈ સંબંધ નથી. હું તો જ્ઞાયકસ્વભાવી છું.

કારણ કે, સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી, એવોને એવો જ સ્થિત રહે છે; પોતાના સ્વભાવને છોડતો નથી અને અન્ય પદાર્થો પણ પોતાના સ્વભાવને છોડતા નથી, એવા ને એવા સ્થિત રહે છે; માટે હું નિર્મમ છું.

# પ્રસાદ નં. ૭

## સમયસાર ગાથા ૩૭ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૫, મંગળવાર, ૨૦૦૭)

અનાદિનો અપ્રતિબુદ્ધ હતો. તે ગુરુના નિમિત્તે સમજ્યો ત્યારે હું ઉપયોગ છે તે જ છું અને ધર્માદિ તે મારાં નથી, મારે અને એને કાંઈપણ સંબંધ નથી, માટે હું નિર્મમ છું. જ્ઞાની ચક્રવર્તી છન્નુ હજાર સ્ત્રીમાં ઊભા હોય, તેને છ ખંડનું રાજ્ય હોય છતાં તે સમજે છે કે હું તો સદાય મારા સ્વરૂપથી અભેદ છું, એક છું, માટે નિર્મમ છું. ગાથા ૩૬માં ભાવકભાવથી જુદો અને શુદ્ધ અવસ્થા સહિત છું, રાગ-દ્વેષ હું નથી. રાગ-દ્વેષ અજીવ છે તેમ આવ્યું હતું. આ ગાથામાં છ દ્રવ્યોથી જુદો પોતે જ્ઞાયકમાત્ર છે અને છ દ્રવ્યો અજીવ છે. (અન્ય જીવ-તે આ જીવની અપેક્ષાએ જીવ નથી માટે અજીવ ગણેલ છે.) તે મારા જ્ઞાનનું જ્ઞેય છે. તેમ ભેદજ્ઞાન કરાવ્યું છે. મારો જાણવાનો સ્વભાવ મારાથી છે, જ્ઞેયથી નથી. સદાય મારો આત્મા એવોને એવો સ્થિત રહે છે.

આત્મા તો જ્ઞાતા ચૈતન્ય, પરના સંબંધ વગરનો છે અને રાગ-દ્વેષ થાય છે તે મોહ કર્મના-પુદ્‌ગલના છે, તે પણ મારા જ્ઞાનનું જ્ઞેય છે. આ રીતે જ્ઞેયથી ભેદજ્ઞાન થયું છે.

### કળશ-૩૧

ગાથા : ૩૬-૩૭માં કહ્યા પ્રમાણે, ભાવકભાવ તથા જ્ઞેયભાવનું ભેદજ્ઞાન એવી રીતે કર્યું કે આત્મામાં થતાં વિકારી ભાવોનો કર્તા મોહકર્મ છે. કેમકે જ્ઞાતાની દ્રષ્ટિ ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય તરફ ઢળી છે. દ્રષ્ટિમાં સ્વભાવનો જ માત્ર સ્વીકાર હોવાથી વિકાર તે કર્મના ઘરનો છે, પણ આત્માનો નથી, એમ જ્ઞાની સમજે છે. પણ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ જેટલો હું, એમ જે માને છે તેને વિકાર કર્મનો છે, એમ બની શકતું નથી. કેમકે એક સમયમાં વિકારનું હોવાપણું અને સ્વભાવનું હોવાપણું એમ બન્ને પ્રકારે પોતાનું હોવાપણું બની શકતું નથી. એ રીતે ભાવકભાવથી ભેદજ્ઞાન થયું.

હવે જ્ઞેયભાવ તે છ દ્રવ્યો તથા રાગાદિ વિકારો બધા જ્ઞેયભાવ છે. જ્ઞેય જેટલો હું નહિ. જ્ઞેયનું અસ્તિત્વ મારામાં નથી, હું તો ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય દ્રવ્ય છું, તેના વડે જાણું છું ત્યારે પરજ્ઞેયનું ભેદજ્ઞાન થાય છે અને પરદ્રવ્યો મારાં નથી તેમ યથાર્થ સમજાય છે.

આ રીતે ભેદજ્ઞાન થતાં આ ઉપયોગ છે તે પોતે જ પોતાના આત્માને ધારે છે—આમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જે ઉપયોગ, રાગાદિ અને

પરજ્ઞેયરૂપ થતો તે ઉપયોગ પોતાના સ્વભાવરૂપ થયો, ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા તે હું છું એમ સ્વભાવનો સ્વીકાર કરતો પોતારૂપ થયો અને તે આત્મા સાથે અભેદ થયો. જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મા પરિણત થયો છે. દયાદાનાદિમાં પરિણત થવું તે પરમાર્થ નથી, આત્મામાં અભેદ થવું તે પરમાર્થ છે. ત્યારે તે સાચો જીવ થાય છે. વ્યવહાર રત્નત્રય છે માટે આત્મા છે એમ નથી, પણ રાગાદિના અભાવ સ્વરૂપ જીવ તત્ત્વ છે, જીવ તત્ત્વથી જીવ તત્ત્વ છે, હું ચૈતન્ય ધ્રુવ છું એવી પર્યાય પ્રગટી તે પરમાર્થ છે. પંચાસ્તિકાયમાં શુભભાવ તે સાધન અને શુદ્ધભાવ તે સાધ્ય એમ કહ્યું છે, તે વ્યવહારથી કહ્યું છે. અહીં શુભભાવ ને તો અજીવ તત્ત્વમાં ગણ્યો છે. તેનાથી જીવ તત્ત્વ નથી, એમ કહે છે.

જ્ઞાની દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણત હોવાથી પોતાના આત્મરૂપી બાગમાં ક્રીડા કરે છે. નિવૃત્તિ હોય તો પોતાના સ્વભાવમાં રહેવું તે તેની ક્રીડા છે. પણ બહાર બાગ-બગીચામાં ફરવું તે કાંઈ યથાર્થ ક્રીડા નથી. તેમાં આત્માની શાંતિ ને સુખ નથી. સ્વભાવમાં ક્રીડા કરતો જીવ અન્યમાં ક્રીડા કરતો નથી.

ભાવાર્થ :—સર્વ પરદ્રવ્યો અને તેના નિમિત્તે થતા વિકારીભાવોથી પોતાને જુદો જાણ્યો ત્યારે પોતે આત્મામાં અભેદ થતો પોતારૂપ રહ્યો. બીજી જગ્યાએ રહેવું રહ્યું નહીં. આ રીતે આત્મામાં રમણતા કરે છે.

## ગાથા-૩૮

હવે દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણત આત્માની સ્વરૂપ જાગૃતિ કેવી હોય છે, તે કહે છે.

અન્વયાર્થ :–દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થયેલો આત્મા એમ જાણે છે કે ખરેખર હું એક છું, શુદ્ધ છું, દર્શન જ્ઞાનમય છું, સદાય અરૂપી છું, કાંઈપણ અન્ય પરમાણુ માત્ર મારું નથી, એવું મારૂં સ્વરૂપ છે.

ટીકા :–કોઈ દિવસ અજ્ઞાન જેનું નાશ થયું નથી તેવો અજ્ઞાની જીવ મોહરૂપી ગાંડપણને લીધે મહામૂંઢ હતો તેવો શિષ્ય પોતે સમજ્યો ન હતો અને તેને ગુરુ પણ મળ્યા ન હતા. એટલે કે તે પોતે અપ્રતિબુદ્ધ હતો. ગુરુ મળ્યા છતાં પોતે સમજ્યો ન હતો એટલે ગુરુ મળ્યા ન હતા તેમ કહ્યું છે, શ્રોતા શિષ્ય કેવો હતો તે કહ્યું.

અનાદિનો અજ્ઞાની હતો તેને આ સમયસારની વાત સંભળાવે છે, એટલે સમયસાર જ્ઞાનીને માટે છે એમ નથી પણ અજ્ઞાનીને સમજાવે છે. વક્તા ભાવલિંગી નિર્ગ્રંથ ગુરુ લીધા છે. વિરક્ત ગુરુ દ્વારા નિરંતર સમજાવવામાં આવતા એટલે વિરક્ત ગુરુ કાંઈ આખો દિવસ ઉપદેશ આપતા નથી પણ અહીં ખરેખર શિષ્યની ઝંખના રુચિ ને નિરંતર સાંભળવાની પાત્રતા છે, તે કહે છે.

''નિરંતર સમજાવવામાં આવતાં'' એમ લખાણ છે. સીધો અર્થ, ગુરુ નિરંતર સમજાવે છે, એમ થાય. પણ આંતરા વગર શિષ્યને સમજવાની ધૂન લાગી છે અને રુચિ વધી ગઈ છે. તે જણાવે છે. નિર્ગ્રંથ ગુરુ કાંઈ આખો દિવસ હાજર હોતા નથી, પણ શિષ્યની પાત્રતા એવી છે કે સમજાવનાર ગુરુ ક્યાં છે તેની ખબર પડતાં ગુરુને શોધતો ઝંખતો જંગલમાં પણ જાય છે અને અનંત જન્મ મરણના દુઃખનો નાશ થાય તેવો ઉપાય બતાવનાર ગુરુના સમાગમની ભાવના નિરંતર ભાવે છે.

અહીં શિષ્ય પણ આખો દિવસ ગુરુ પાસે સાંભળતો હોય તેમ પણ નથી, પણ ગુરુએ કહ્યું કે તું જ્ઞાનમાત્ર એક છે, એમ સાંભળતાં રુચિ વધારીને નિરંતર આંતરારહિત તેનું મનન કરે છે. તે નિરંતર સમજવાનો કામી છે. સંસારના ગમે તેવા કામોમાં ઊભો હોય પણ રુચિ છોડતો નથી. તે શિષ્યની પાત્રતા વર્ણવી છે.

ગુરુને કાંઈ કાયમ સમજાવવાનો વિકલ્પ હોતો નથી. પણ શિષ્યની જિજ્ઞાસા બતાવી છે. ગુરુએ કહ્યું કે તું જ્ઞાનસ્વભાવી આત્મા છો, તેં કદી ભવ કર્યા નથી, વિકાર કર્યો જ નથી, એ તો પર્યાયમાં હતો, સ્વભાવમાં છે જ નહિ. એમ શ્રવણ કરીને કોઈપણ પ્રકારે કાં તો તુરત અગર થોડા કાળ પછી એટલે કાં તો ગુરુની સમીપમાં તુરત જ અથવા પછી પોતે સમજ્યો કે હું આત્મા છું તેમ પ્રથમ માનતો ન હતો, તે હવે સમજ્યો. પ્રતિબુદ્ધ થયો.

# પ્રસાદ નં. ૮

## સમયસાર ગાથા ૩૮ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૬, ૨૦૦૭)

અહીં જીવતત્ત્વનો અધિકાર ચાલે છે. તેમાં જીવતત્ત્વ કોને કહેવું તથા તેને સમજનાર ને સમજાવનાર કોણ હોય છે તથા સમજનાર કેવી રીતે સમજ્યો, તેનું વર્ણન કરે છે.

શિષ્ય સમ્યગ્જ્ઞાનથી આત્માને સમજ્યો, તે પહેલાં સમજ્યો ન હતો, અનાદિથી મોહને લીધે તેને ગાંડપણ હતું તેથી 'શરીર તે આત્મા છે. દયા, દાનાદિ ભાવો તે આત્મા છે, વિકલ્પ અને જ્ઞાન ખંડખંડરૂપે થાય તે મારું આખું સ્વરૂપ છે' તેમ માનતો હતો, તે અપ્રતિબુદ્ધ હતો. આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ પરમાત્મસ્વરૂપ છે એમ માનતો નહિ.

સમજાવનાર નિર્ગ્રંથ ભાવલિંગી મુનિ ગુરુ તરીકે અહીં મુખ્ય લીધા છે. તેવા ગુરુએ કહ્યું કે આત્માનું સ્વરૂપ ચૈતન્ય ધ્રુવ જ્ઞાનમાત્ર છે, એમ વારંવાર પોતે રુચિપૂર્વક શ્રવણ કરતો એટલે અંતરમાં આત્માને સમજવાની ધગશથી વિચારતો તે અપ્રતિબુદ્ધ હતો, તે પ્રતિબુદ્ધ થયો. તે દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે :–

જેવી રીતે કોઈ મૂઠીમાં રાખેલું ભૂલી ગયો હોય અને ફરી યાદ કરી તે સોનાને દેખે તેમ આ આત્મા પોતાનો પરમેશ્વર છે,–ભગવાનનો આત્મા તે આ આત્મા માટે પરમેશ્વર નથી કેમકે પોતાનું પરમ ઐશ્વર્ય પોતાથી છે—એવા આત્માને અનાદિથી પોતે ભૂલી ગયો હતો. પોતા સિવાય પર પરમેશ્વરને જાણેલા અને માનેલા પણ તેથી ધર્મ થયો નહીં. દ્રષ્ટાંતમાં તો સોનાને પહેલાં જાણતો અને પછી ભૂલી ગયો–એમ છે, પણ આત્મામાં તેમ નથી. અનાદિથી આત્માને ઓળખ્યો નથી એટલે કે ભૂલી ગયેલો છે.

ત્રિકાળ ધ્રુવસ્વરૂપ મારું છે તેમાં સાધકપણું ને બાધકપણું એવા ભેદ પણ નથી, એવા પરમેશ્વર આત્માને અનાદિથી ભૂલી ગયો હતો. શુભભાવ, વ્યવહાર કે શરીરની અમુક ક્રિયા —એવું કાંઈ ન કર્યું માટે રખડ્યો એમ કહ્યું નથી, અને કર્મે ભૂલાવ્યો એમ પણ કહ્યું નથી, પણ પોતાના મોહવડે પોતાના સ્વરૂપને ભૂલીને પોતે રખડ્યો છે. પોતાનું ચૈતન્ય સ્વરૂપ છે તેને સમજ્યો નથી. અનાદિથી તે કર્યું નથી, બાકી બીજું બધું કર્યું છે. આવો અજ્ઞાની વિરક્ત ગુરુ દ્વારા સમજ્યો કે "હું આત્મા છું". આત્મા પોતાના પુરુષાર્થથી સમજાયો ત્યારે ગુરુ દ્વારા સમજાવવામાં આવ્યો તેમ કહેવાયું.

અનાદિની ભૂલ હતી તે કર્મને કારણે ન હતી, કેમકે કર્મ અજીવ છે. અજીવને કારણે જીવ ન હોય, બન્ને પદાર્થો ભિન્ન છે. કર્મને કારણે ભૂલ માનવામાં આવે તો

કર્મ હોય ત્યાં સુધી ભૂલ ટળે નહિ, પણ અજીવ-અજીવના કારણે, રાગ-રાગના કારણે અને જીવ-જીવના કારણે, કોઈ કોઈના કારણથી નથી. જીવ ભૂલ્યો હતો તે પોતાના કારણે અને સમજ્યો તો પણ પોતાના કારણે, એમ જ્ઞાનમાત્ર જીવદ્રવ્યને જાણીને શ્રદ્ધા કરીને અને તેનું જ (આત્માનું) આચરણ કરીને (તન્મય થઈને) તે સમ્યક્ પ્રકારે આત્મારામ થયો. રાગની રમતે આત્માને રમતો માનતો હતો તે આત્માની રમતે રમતો, આત્મારામ થયો.

આત્મામાં તન્મય થવું તે ચારિત્ર છે. પંચ મહાવ્રત કાંઈ ચારિત્ર નથી. પંચ મહાવ્રત તો શુભભાવ છે, એટલે વિકાર છે, રાગ છે; વીતરાગભાવ નથી, માટે ધર્મ નથી પણ અધર્મ છે.—એમ જાણે તો અનેકાંત થાય. વ્યવહારચારિત્ર તે નિશ્ચય ચારિત્રનું કારણ નથી કેમકે નિશ્ચયચારિત્ર તે ધર્મ છે, વ્યવહારચારિત્ર રાગ હોવાથી અધર્મ છે. અધર્મ તે ધર્મનું કારણ થાય નહિ. અધર્મમાં ધર્મનો અભાવ, ધર્મમાં અધર્મનો અભાવ તે અનેકાંત છે.

કોઈ કહે કે "નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે અને શાસ્ત્રમાં પણ વ્યવહારને પ્રયોજનવાન કહ્યો છે માટે વ્યવહારથી પણ ધર્મ થાય, વ્યવહાર તો નિશ્ચય છે તેમ કહો તો અનેકાંત થાય." પણ તેમ અનેકાંતનું સ્વરૂપ નથી, તે મૂઢ અજ્ઞાની અનેકાંતના સ્વરૂપને સમજતો નથી. પરાશ્રયભાવથી સ્વાશ્રયપણું બનતું નથી. સ્વભાવનો આશ્રય કરે અને વિભાવનો આશ્રય છોડે ત્યારે ધર્મ થાય છે, તે અનેકાંત છે.

જીવ સ્વભાવની રુચિ, જ્ઞાન અને રમણતાથી આત્મારામ થયો, તે ચારિત્રની રમણતાવાળો જીવ (મુનિની મુખ્યતાએ કથન હોવાથી) ભાવલિંગી મુનિ કહે છે કે 'હું એવો અનુભવ કરું છું કે ચૈતન્યજ્યોતિરૂપ આત્મા હું છું, તે મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે.' સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મા પ્રત્યક્ષ જણાય છે, એમ કહ્યું. શાસ્ત્ર લખવાનો વિકલ્પ હોવા છતાં આત્મા પ્રત્યક્ષ જણાય છે—એમ કહ્યું છે. અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને પોતે ભવી છે કે અભવી છે તેનો નિર્ણય કરવાની તાકાત નથી તો તેને વીતરાગ કે જેઓ ભવરહિત છે એની વાણી કેવી હોય એની પણ ખબર પડે નહીં.

આત્મા ચૈતન્યમાત્ર છે, એમ કહેતાં રાગ-વિકાર અને પરનો આત્મામાં અભાવ છે અને પોતાના અનંતગુણોનો સદ્ભાવ છે એમ તે બતાવે છે. ચૈતન્ય જ્યોતિ દ્વારા પ્રત્યક્ષ જણાય તેવો આત્મા તે હું છું, આત્મા જ્ઞાતા અંતર તત્ત્વના આશ્રય વિના હોય તે હું નહિ, ચૈતન્યના આશ્રયે હોય તે જ હું છું. આમ अहंનો અર્થ થયો.

જ્ઞાનપ્રમાણ મારો આકાર છે તેથી હું એક છું. મનુષ્યપણું, દેવપણું તે ક્રમે છે, તે હું નથી અને યોગ, કષાય, લેશ્યા એક સાથે છે માટે અક્રમ છે, તે હું નથી.

તે મનુષ્યપણું વગેરે તથા યોગ કષાય વગેરે ક્રમપણું અને અક્રમપણું વ્યવહારે છે ખરું, પણ તે મારામાં નથી, મારા કારણે નથી; તેમાં હું નથી, તેના કારણે હું નથી. તે અનેકપણામાં હું નથી તેથી હું એક છું. તે અનેકપણાના ભેદ મારામાં નથી તેથી અભેદ છું અને જ્ઞાનપણાની વિશેષતામાં એક છું.

એક વખત આ વાતને ખ્યાલમાં લે. જો ખ્યાલમાં લેવાય તો રટણ થાય, રટણ થતાં, રુચિ વધતાં, ભેદનો અસ્વીકાર કરતાં, હું એક ચૈતન્યમાત્ર છું એવો સ્વીકાર થાય તો અભેદ થાય. ''હું છું'' એમ નક્કી કર્યા પછી ''એક છું'' એમ કહ્યું છે. કથનમાં ક્રમ પડે છે, પણ ખરેખર તો હું છું તે જ એક છું, એમાં ક્રમ નથી; ભેદ નથી માટે અભેદ છું અને અનેક નથી માટે એક છું—એ સમ્યગ્દર્શનનો વિષય છે.

# પ્રસાદ નં. ૯

## સમયસાર ગાથા ૩૮ ટીકા ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૭, ગુરુવાર, ૨૦૦૭)

આ જીવ અધિકારની છેલ્લી ગાથા છે. અજ્ઞાનીએ કહ્યું હતું કે શરીર તે જ આત્મા છે, તેને કહ્યું કે આત્મા ચૈતન્ય ઉપયોગમય છે, શરીરાદિથી જુદો છે. વિકારી ભાવો, તથા ખંડખંડ જ્ઞાન તે આત્મા નથી, ત્યારે શિષ્ય પ્રતિબુદ્ધ થયો.

પ્રતિબુદ્ધ થયેલો શિષ્ય કહે છે કે હું એક, શુદ્ધ, દર્શન જ્ઞાનમય અને સદાય અરૂપી—એમ પાંચ ભાવવાળો છું. એમ કહેતાં અનેકાંતપણું પણ બતાવ્યું કે પહેલાં શરીરમાં, વિકારમાં તથા ખંડખંડ જ્ઞાનમાં હુંપણું માન્યું હતું. હવે આત્મા ચૈતન્ય ઉપયોગમય છે, તેમાં હું પણું થયું. પહેલાં અજ્ઞાની હતો તે હવે અજ્ઞાન નથી, પરને પોતાનું માનીને ગાંડપણને લીધે અજ્ઞાની હતો તે હવે "હું ચૈતન્ય ઉપયોગમય છું" એમ સમજ્યો, ત્યારે આત્મારામ થયો :—એમ અનેકાંત થયું.

પ્રથમ હું ક્રમ-અક્રમભાવોથી ભેદરૂપ થતો હતો, તે હવે હું ક્રમ-અક્રમભાવોથી ભેદરૂપ થતો નથી કેમ કે હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું, તેનો અનુભવ કરું છું. ભેદરૂપ થતો નથી માટે હું એક છું—તેમ હું અને એક—એમ બોલ થઈ ગયા છે, હવે શુદ્ધ છું તે કહે છે.

નર, નારકાદિ અશુદ્ધ અવસ્થાઓ પ્રથમ હતી. તે રૂપ હું હતો, તેમ માનતો હતો. અત્યારે હું તે અવસ્થારૂપ નથી. અંશ પૂરતો આખો આત્માને માનવાની દ્રષ્ટિ હતી પણ હવે હું અંશપણે રહ્યો નથી. મનુષ્યપણું તો અજીવ છે, તે હું નથી. પ્રથમ હું અજીવ હતો કેમ કે અજીવમાં હુંપણું માનતો હતો. વળી ખંડખંડપણારૂપ મને માનતો તેથી પણ અજીવપણાની ઉત્પત્તિ થતી હતી. રાગ થયો તેમાં હુંપણું માન્યું એટલે આત્મામાં હુંપણું માન્યું નહિ, એટલે અજીવ હતો. હું ચૈતન્ય છું—એમ શ્રદ્ધામાં માનતો નહિ, પણ અશુદ્ધતાને સ્વીકારતો હતો. હવે હું એવોને એવો એક જ્ઞાયક સ્વભાવભાવ વડે અત્યંત જુદો છું માટે શુદ્ધ છું—એમ અનેકાંત થયું.

આત્માના આનંદનો ઉપાય પુણ્ય, રાગ કે કર્મ નથી. કર્મ ઘટે છે માટે જ્ઞાનનો ઉઘાડ છે અને જ્ઞાનનો ઉઘાડ છે માટે કર્મ ઘટે છે—એમ નથી. મનુષ્યપણું, એકેન્દ્રિય, બેઇન્દ્રિયાદિ નામ કર્મની પ્રકૃતિ અને તેના નિમિત્તથી તે પ્રકારની આત્માની પર્યાયની યોગ્યતા તેનાથી પણ અત્યંત જુદો છું. નર નારકાદિ જીવના વિશેષોથી હું અત્યંત જુદો છું, એમ ગુરુએ ઉપદેશ આપ્યો હતો અને શિષ્ય પોતે સમજ્યો. તે કહે છે કે હું જ્ઞાયકસ્વભાવ ભાવ વડે નર, નારકાદિની પર્યાયોથી અત્યંત જુદો છું, માટે શુદ્ધ છું.

અજીવથી જુદો છું. શરીર, ઇન્દ્રિય અને ઉઘાડથી અત્યંત જુદો છે. પુણ્યભાવથી હું જુદો છું, પાપભાવથી હું જુદો છું. પુણ્ય-પાપના ભાવ આસ્રવભાવ છે માટે તે હું નથી, કેમકે શુદ્ધતામાં અશુદ્ધતા નથી. વ્યવહાર રત્નત્રય છે માટે હું શુદ્ધ છું–એમ નથી. સંવરભાવ જે એક સમયની પર્યાય છે, એટલો હું નથી, સંવરના આશ્રયે સંવર ઉત્પન્ન થતો નથી, વધતો નથી અને ટકતો પણ નથી, તેથી હું સંવરભાવથી અત્યંત જુદો છું. નિર્જરાનો ભાવ પણ એક સમયની શુદ્ધતાની વૃદ્ધિની પર્યાય છે, તેના તરફના વલણથી વિકલ્પ થાય છે માટે તે હું નથી. ભાવબંધ મારા સ્વભાવમાં નથી. બંધનો વ્યવહાર પર્યાયમાં ભલે હોય, પણ હું તે રૂપ નથી. મોક્ષરૂપ પર્યાય વર્તમાનમાં નથી, તેનો વિચાર કરતાં વિકલ્પ ઉઠે છે, તે વિકલ્પથી હું ભિન્ન છું—આ રીતે વ્યાવહારિક નવ તત્ત્વો તેનાથી હું અત્યંત ભિન્ન છું કેમકે હું એવો ને એવો એક જ્ઞાયકસ્વભાવ ભાવ છું માટે હું શુદ્ધ છું. આનું નામ વીતરાગદ્રષ્ટિ અને સમ્યગ્જ્ઞાન છે.

શુદ્ધ આત્મા એક જ આદરણીય છે, એ સિવાય બીજો કોઈ ભાવ આદરણીય નથી. જેમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે તે દ્રવ્યસ્વભાવ હું છું. અંશ તે હું નથી. પ્રવચનસારમાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી અને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી લક્ષિત થાય છે તેમ કહ્યું છે. ત્યાં પણ જ્ઞાન અપેક્ષાએ કથન કરીને ત્રિકાળી ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ કરાવી છે. જ્ઞાન અનેકતા સહન કરી શકતું નથી—એમ નથી પણ જ્ઞાન અનેકતાને જાણવા છતાં પોતે એકરૂપે ટકી રહે છે. નવ તત્ત્વને જાણતાં છતાં હું નવરૂપ થતો નથી, માટે નવતત્ત્વથી ભિન્ન છું. પત્થરના ટાંકણાંથી કોતરેલી મૂર્તિ જેવો એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ તે હું છું. આ રીતે હું શુદ્ધ છું.

જ્ઞાનમાત્ર, ચેતનાપ્રમાણ હોવાથી સામાન્ય ને વિશેષ ઉપયોગને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું. પ્રથમ હું દર્શનજ્ઞાન માનતો ન હતો, પરને પોતાનું માની દર્શન-જ્ઞાનને ઉલ્લંઘતો હતો. મારી ચેતનામાં જ્ઞાન કરવું તે પ્રમાણ છે, તેમાં કોઈનું કરવાનું પ્રમાણ નથી તેવો પોતે હોવા છતાં ભૂલી ગયો હતો, તે હવે પોતે ચેતનાપ્રમાણ હોવાથી દર્શનજ્ઞાનમય છું. ઉપયોગ બાર પ્રકારના કહ્યા છે તે હું છું જ નહિ, હું ચિન્માત્ર છું, તે એકરૂપ છું. બધા શાસ્ત્રોમાં "તું એક જ્ઞાનમાત્ર છો" એમ જ કહ્યું છે, કેમકે શાસ્ત્રોનું પ્રયોજન એ જ છે. શિષ્ય પણ એમ જ સમજ્યો છે.

આત્મા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે તેવા જ્ઞાનરૂપે પરિણમ્યો હોવા છતાં સ્પર્શાદિરૂપે થયો નથી. કર્મના નિમિત્ત વખતે જેવું કર્મ હોય તેવી આત્માની પર્યાય પોતાના કારણે હોય ખરી છતાં પણ આત્મા કર્મના રજકણોરૂપે કદી થયો નથી. પાંચ ઇન્દ્રિય દ્વારા જેવો પદાર્થ હોય તેવું જ્ઞાન થાય છે, પણ તે પદાર્થ છે માટે જ્ઞાન નથી અને આત્મા તે પદાર્થરૂપ થતો નથી તેથી તે એક જાત નથી પણ ભિન્ન જાત છે, માટે હું સદાય અરૂપી છું.

મોઢામાં લીંબુ હોય તો તેની ખટાશ હોય તેવું જ જ્ઞાન થાય છે. પદાર્થ અને પદાર્થનું જ્ઞાન એક સમયે છે, છતાં પણ તે પદાર્થથી તે જ્ઞાન નથી, માટે સ્પર્શાદિરૂપે થયો નથી. મચ્છર કરડે ત્યારે આત્મામાં દ્વેષનો અંશ થાય છે, તે મચ્છરના કારણે નથી પણ પોતે જ્ઞાનમાં તે જીરવી શકતો નથી માટે દ્વેષની પર્યાય થાય છે, છતાં તે રૂપે કદી થયો નથી. નિમિત્તના લક્ષે થતા વિકારી ભાવે પ્રથમ હતો, તેમ માનતો હતો પણ હું કદી રૂપી થયો નથી, માટે સદા અરૂપી છું.

હું એક, શુદ્ધ, દર્શન, જ્ઞાનમય અને અરૂપી એ પાંચ પ્રકારથી છું, તેથી હું પરરૂપે નથી, અનેકરૂપ થયો નથી, અશુદ્ધતા મારામાં નથી, ઓછું જ્ઞાન મારો સ્વભાવ નથી, પરદ્રવ્યનો સંબંધ કદી થયો નથી,–એવી રીતે સર્વથા જુદો એવા મારા સ્વરૂપને અનુભવતો હું પ્રતાપવંત છું. મારી પોતાની પ્રતાપસંપદા છે, તેને જગતમાં કોઈ લૂંટી શકે તેમ નથી.

# પ્રસાદ નં. ૧૦

## સમયસાર ગાથા ૩૮ ટીકા ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૮, ૨૦૦૭)

ધર્મી જીવને ધર્મનો શું અનુભવ થયો અને શું નિષેધ થયો, ગુરુએ કહ્યું ને તે પ્રમાણે શિષ્ય સમજ્યો, તે કહે છે.

હું એક, શુદ્ધ, દર્શન, જ્ઞાનમય અને સદા અરૂપી છું—એવા મારા પરમેશ્વર-આત્માને હું અનાદિથી ભૂલી ગયો હતો, તેને સંભારીને એ પાંચ પ્રકારથી એકરૂપ છું, એમ અનુભવ કરું છું. હું છું એટલે પરથી હું નથી, પર મારામાં નથી; એક છું એટલે નર, નારકાદિ ક્રમ તથા યોગ, કષાય આદિ અક્રમ ભાવો જે અનેક છે, તે હું નથી; હું શુદ્ધ છું એટલે નવતત્ત્વના વિકલ્પો અને ભેદથી ઉત્પન્ન થતી અશુદ્ધતાવાળો હું નથી; દર્શનજ્ઞાનમય છું એટલે અધૂરી દશાવાળો હું નથી; સદા અરૂપી છું એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તે મારામાં નથી; તેના સંબંધવાળો હું કદી થયો જ નથી; એ પાંચ પ્રકારથી અસ્તિનાસ્તિરૂપ આત્મસ્વભાવને કહેતાં અને સમજાવતાં ક્રમ પડે છે પણ સમજતાં ક્રમ પડતો નથી. એક સમયમાં પાંચે બોલ અક્રમથી સમજાય છે. ત્યારે સર્વ સંબંધરહિત એવો આત્મસ્વભાવને અનુભવતો આત્મા કહે છે કે હું પ્રતાપવંત છું.

પ્રતાપવંત વર્તતા એવા મને—બહારમાં ભગવાન ભગવાનની સ્વરૂપ સંપદાથી અને નિગોદ નિગોદની સ્વરૂપ સંપદાથી છે તથા અન્ય દ્રવ્યો પોતપોતાની સ્વરૂપ સંપદાથી છે એમ જ્ઞાનમાં જણાય છે ખરા તોપણ, કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર મારાપણે ભાસતું નથી. ચૈતન્ય અખંડ જ્ઞાતા વસ્તુ છે, તેમાં પરદ્રવ્ય તો નથી પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધની અપેક્ષાએ હીનપણું પર્યાયમાં ભાસે તે પણ હું નથી. કોઈપણ પરદ્રવ્યની અપેક્ષા રાખે તેવો મારો સ્વભાવ નથી. જ્ઞાતાદ્રષ્ટા ભરચક છું. હુંપણામાં પરપદાર્થની અહંતા થાય એવો મારો સ્વભાવ નથી.

એક પરમાણુમાત્ર નથી એમ કહીને આત્મા એક, શુદ્ધ, દર્શનજ્ઞાનમય અને સદા અરૂપી છે તેમ ભાસતાં પરના અંશ સાથે મારે સંબંધ નથી, તેમ પોતે સમજ્યો છે અને ગુરુએ એમ સમજાવ્યું છે. અપ્રતિબુદ્ધ હતો ત્યારે આ વસ્તુના સ્વભાવને સમજ્યો ન હતો.

પરનો સંબંધ તે અપૂર્ણતા બતાવે છે. અપૂર્ણતા તે સ્વભાવ નથી, માટે મારામાં પરનો સંબંધ છે જ નહિ. શરીર રહિત આત્માનું સ્વરૂપ છે. વર્તમાન પર્યાયના અંશ સાથે કે રજકણ સુધીના કોઈપણ પરદ્રવ્ય સાથે મારે સંબંધ નથી.

અહીં જીવ-અજીવ અધિકારમાં, જીવ છે તો હું છું અને અજીવ છે તો અજીવ છે. એ ખરું, પણ અજીવ છે માટે હું છું અને હું છું તો અજીવ છે—એમ નથી. એમ જીવ-અજીવની અસ્તિ-નાસ્તિ બતાવી છે, તેથી પરદ્રવ્ય મારાપણે ભાસતું નથી.

કર્મના નિમિત્તે થતો ભાવ મારામાં નથી, તેથી કર્મનો ઉદય હવે મારાપણે થઈને મોહ ઉત્પન્ન કરે એમ ભાસતું નથી. કર્મ નિમિત્તરૂપે થઈને મારી યોગ્યતાના કારણે ભાવ્ય અવસ્થા, મારા દ્રવ્ય સાથે એકમેક થાય એમ મને ભાસતું નથી. ગુરુએ આ જ કહ્યું હતું અને ચારે અનુયોગનો સાર પણ આ જ છે. શાસ્ત્રમાં વ્યવહારે સંબંધ જણાવ્યો હોય તોપણ ત્યાં પ્રયોજન તો સંબંધ છોડાવવાનું છે, કેમકે વસ્તુના સ્વભાવમાં પરનો સંબંધ છે જ નહિ. ભાવક છે માટે મને વિકાર થાય છે, તેમ મને નથી ભાસતું; પણ હું છું તો મારામાં એકતા થાય છે, તેમ મને ભાસે છે.

એ રીતે ભાવક તથા જ્ઞેય તે બન્ને મારામાં એકપણું કરીને મોહ ઉત્પન્ન કરાવે તેમ મને ભાસતું નથી. કેમકે, મોહ કર્મને કારણે થતો ભાવ તો નહિ, પણ ભગવાન છે તે તેના કારણે મને ભક્તિનો ભાવ થાય છે—એમ પણ નથી. વળી મારામાં નબળાઈ છે માટે મને ભક્તિનો ભાવ આવે છે, એવું પણ મારા ત્રિકાળી સ્વરૂપમાં છે જ નહિ, કેમકે હું એક છું તેમાં પર્યાયનું અનેકપણું છે જ નહિ. એક સમયમાં હું, એક-અનેક અને શુદ્ધ-અશુદ્ધ એવા બે ભાવરૂપ હોઉં એમ બનતું નથી.

ધ્રુવ પદાર્થ છે. તેનો સ્વભાવ, દ્રવ્ય સ્વભાવવાનને આશ્રયે છે, પણ વર્તમાન પર્યાયમાં પરનો આશ્રય લેતો હતો તે સંસાર છે અને સ્વભાવનો આશ્રય લેતાં શુદ્ધતા થાય છે. અસ્વભાવભાવની ઉત્પત્તિ મારામાં છે નહિ. સ્વભાવ જે જ્ઞાન દર્શનની પર્યાય તે ક્યાંક અટકે તેમાં પરનો આશ્રય હોય છે, પણ સ્વભાવભાવનો આશ્રય કરે તો પરનો આશ્રય રહેતો નથી—તે અનેકાંત થયું.

આમ સમજ્યા પછી પર્યાયમાં નબળાઈથી રાગ-દ્વેષ થાય તે પરમાં જાય છે. ત્રણે કાળના જ્ઞાનીઓ આ એક માર્ગ કહે છે, જુદા જુદા માર્ગ નથી. દ્રષ્ટિ નિર્મળ થયા પછી રાગાદિ થાય તે જ્ઞાનનું જ્ઞેય છે; પણ તે મોહ કરાવવામાં નિમિત્ત થાય એમ મને ભાસતું નથી. આ વાતનો અનુભવ કર્યા પહેલાં વિકલ્પમાં આ વાતની હા આવ્યા વગર આગળ ચાલે એમ નથી. હું એક, શુદ્ધ, દર્શનજ્ઞાનમય અને સદા અરૂપી એમ પાંચ ભાવવાળો છું, તેનાથી વિરુદ્ધ પાંચ ભાવો મારી સાથે સંબંધ કરીને મોહ ઉત્પન્ન કરે એમ મને ભાસતું નથી. સ્વની સાવધાનીમાં પરની સાવધાની થાય એમ છે જ નહિ. નબળાઈનો રાગ રહે તેનું જ્ઞાન થાય પણ રાગમાં એકત્વબુદ્ધિ રહે નહિ.

કારણ કે નિજ શક્તિ વડે મોહને મૂળથી ઉખેડીને એવો નાશ કર્યો છે કે ફરી અંકુર ન ઉપજે. ધ્રુવ સ્વભાવનું વલણ થતાં મોહ ઉત્પન્ન જ થતો નથી. તેને મોહનો નાશ કર્યો કહેવાય છે. મોહના નાશના લક્ષે મોહ નાશ થતો નથી, જ્યારે મોહનો નાશ થયો ત્યારે મહાન ચૈતન્યપ્રકાશ મને પ્રગટ થયો છે, અનંતકાળમાં જે જ્ઞાન નહોતું થયું તેવું જ્ઞાન પ્રગટ થયું છે. તે વર્તમાન પર્યાયની પ્રગટતા કેવી હોય છે, તે જણાવે છે.

ભાવાર્થ :–આત્મા અનાદિ કાળથી પરની સાવધાનીથી અજ્ઞાની હતો તે ગુરુનો ઉપદેશ સાંભળવાની રુચિ દ્વારા પોતાના સ્વભાવ તરફના પુરુષાર્થથી જ્ઞાની થયો અને પોતાનું સ્વરૂપ ખરેખર જાણ્યું કે હું એક, શુદ્ધ, દર્શનજ્ઞાનમય, સદા અરૂપી છું. એમ જાણવાથી મોહનો સમૂળગો નાશ થયો. ભાવક જડકર્મથી થતાં વિકારી ભાવ અને જગતના બધા પદાર્થો જ્ઞેય છે, તેનાથી હું જુદો છું અને મારાથી અભિન્ન છું, એમ ભેદજ્ઞાન થયું. પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી. હવે ફરીને મોહ ઉત્પન્ન થાય નહિ એટલે એવીને એવી કાયમ સ્થિતિમાં આગળ વધે. આ વાતની હા લાવવી પણ કઠણ છે. અજ્ઞાની પોતાની દ્રષ્ટિએ જ્ઞાનીને ખતવે છે પણ તે ભ્રમ છે.

# પ્રસાદ નં. ૧૧

## સમયસાર કળશ ૩૨ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૯, શનિવાર, ૨૦૦૭)

આ જીવતત્ત્વનો અધિકાર પૂર્ણ કરતાં જીવના એકરૂપ જ્ઞાનસ્વભાવનો અનુભવ થયો, તેનો મહિમા કહી આચાર્યદેવ સમસ્ત લોકને કહે છે કે આ જ્ઞાનસમુદ્રમાં નિમગ્ન થાઓ (ડૂબી જાઓ.)

અર્થ :–આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા એમ કહેતાં, આ ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો છે. એમાં શરીર, વાણી, મન નથી. એના નિમિત્તે થતી અશુદ્ધતા કે ખંડખંડ જ્ઞાન તે આત્માને નથી. પરને આધારે કે આશ્રયે જ્ઞાન પ્રગટતું નથી. એટલે પરના આશ્રયે થવું કે પરથી ખસવું એવું ભગવાન આત્મામાં નથી. તેવા ભગવાન આત્મા જ્ઞાતાદ્રષ્ટાનું હોવાપણું ન માનતાં પરથી સુખ-દુઃખ થાય, રાગ-દ્વેષની પર્યાય જેટલો હું—એમ માનતો હતો તે ભ્રમણારૂપી આડી ચાદર હતી, તેથી ભગવાન આત્મા જણાતો ન હતો.

જેમ સમુદ્ર આડી ચાદર ભલે નાની અને પાતળી હોય છતાં આંખ આડી આવી જાય તો ભરચક સમુદ્ર દેખાતો નથી, તેમ અજ્ઞાન અને મિથ્યાત્વરૂપી ચાદર આડી આવી જવાથી જ્ઞાનસમુદ્ર ભગવાન દેખાતો નથી. જ્યારે દ્રવ્ય-સ્વભાવના લક્ષે પર્યાય ઊછળે છે ત્યારે મિથ્યાત્વ-અજ્ઞાનરૂપી ચાદર ડૂબી જાય છે અને જ્ઞાન દરિયામાં શાંતરસ અનાકુળ આનંદ ભરચક ભર્યો છે તે ઊછળે છે. બહારથી આનંદ આવતો નથી. જેમ સમુદ્રમાં ભરતી આવે ત્યારે બહારનો તાપ તેને રોકી શકતો નથી, તેમ આત્મસ્વભાવની અંતરથી ભરતી ઊછળે તેને ઇન્દ્રિયાદિ બહારના પદાર્થો રોકી શકતા નથી.

પર્યાય-અંશનો આશ્રય લઉં તો ભગવાન આત્માનો સ્વભાવ પ્રગટ થાય એવી ભ્રાંતિ હતી. તે ભ્રાંતિરૂપી ચાદર, ભગવાન આત્મા જ્ઞાનસમુદ્ર છે એમ શ્રદ્ધા કરતાં ડૂબી ગઈ (દૂર થઈ). આ રીતે પરિપૂર્ણ તત્ત્વની શ્રદ્ધા એ જ મિથ્યાત્વના નાશનો ઉપાય છે, એમ પણ આવ્યું. આ સિવાય બીજા કોઈ ઉપાયે મિથ્યાત્વ નાશ થતું નથી. ઉઘડેલી પર્યાય, રાગ કે નિમિત્તના આશ્રયે મારી પર્યાય શુદ્ધ થાય તેમ માનતો, તે ભ્રમ હતો. દરિયો અંદરની ભરતીથી ઊછળે છે, વરસાદના કારણે ઊછળતો નથી; તેમ આત્મા અંતરમાં એકાગ્ર થવાથી ઊછળે છે, ઇન્દ્રિયજ્ઞાનથી તે ઊછળતો નથી. હવે તે ભ્રાંતિરૂપી ચાદર દૂર થવાથી પોતે અસંખ્યાતપ્રદેશે પ્રગટ થયો, એટલે આત્માનું ભાન થયું.

આચાર્ય ભગવાન પોતે પણ આમંત્રણ કરે છે કે અમે આત્માને જાણ્યો છે તેવો સાબિત કરીને જગત પાસે મૂક્યો તો હવે સમસ્ત લોક શાંતરસ, અનાકુળ આનંદમાં એકીસાથે લીન થાઓ. સ્વભાવની મસ્તીમાં અસંખ્યાત પ્રદેશે શાંતરસના અંકુરા ફૂટ્યા ત્યાં સમસ્ત લોકને આમંત્રે છે. હીણી વાતને યાદ કરતા નથી. કોઈ ન આવી શકે તે વાતને યાદ કરતા નથી. આંતરા વિના એકીસાથે અત્યંત મગ્ન થાઓ. સ્વભાવમાં એકાગ્ર થયો ત્યારે નબળાઈનો આશ્રય પણ નથી. અત્યંત મગ્ન થઈને ડૂબી જાઓ, અર્થાત્ એકરૂપ થઈ જાઓ.

અહીં સ્વર્ગની વાત કે ભગવાન પાસે જવાની વાત લીધી નથી. વળી પંચમકાળના જીવો હીન પુરુષાર્થી છે, વગેરે વાત યાદ કરી નથી, પણ સ્વભાવ જ્ઞાનસમુદ્રમાં-શાંતરસમાં ડૂબી જાઓ—એમ કહ્યું છે. ત્યાં સ્વભાવનું જોર છે. તે શાંતરસ કેવો છે? સમસ્ત લોકમાં ઊછળી રહ્યો છે એટલે મારા જ્ઞાનમાં લોકાલોક જણાય તેવો ભાવ પ્રગટ થાઓ એવી ભાવના ભાવી છે.

ભાવાર્થ :–દરિયો મોટો હોય પણ ત્રણ હાથની ચાદર આડી આવી જાય તોપણ દરિયો દેખાય નહિ, તેવી રીતે અનાદિ અનંત આત્મપદાર્થને એક સમયની પર્યાયનો ભ્રમ આડો આવી ગયો છે. તેનાથી ભગવાન આત્મા ઢંકાઈ ગયો છે. ચાદર દૂર થાય છે ત્યારે દરિયો પ્રગટ થાય છે. ત્યારે લોકને પ્રેરણા થાય છે કે આ જળમાં સર્વ લોક સ્નાન કરો. તેવી રીતે વિભ્રમ ટળવાથી જેવો સ્વભાવ હતો તેવો પ્રગટ થયો, ત્યારે વીતરાગ વિજ્ઞાન શાંતરસમાં સર્વ લોક મગ્ન થાઓ—એવી આચાર્યે પ્રેરણા કરી છે.

અહીં ગ્રંથકાર ટીકાકારનો આશય એવો છે કે આ ગ્રંથ નાટકરૂપે વર્ણવ્યો છે. જેમ કોઈપણ રાજાની આખી જિંદગીનું વર્ણન ચાર કલાકનું નાટક કરીને બતાવી દે, તેવી રીતે અનાદિ અનંત આત્માનું સ્વરૂપ એટલે ત્રિકાળી વસ્તુ અને ત્રિકાળી ભાવને આ ગ્રંથની અંદર પરિપૂર્ણ ટૂંકામાં નાટકરૂપે વર્ણન કરીને જણાવી દેશું.

પ્રથમ નાટકમાં રંગભૂમિ રચે છે. તેમાં નાટક જોનારા હોય છે અને નાટક કરનારા હોય છે તે સ્વાંગ ધરે છે અને તેમાં શૃંગારાદિરસનું રૂપ બતાવે છે. જ્ઞાન કોઈપણ જ્ઞેયમાં એકાકાર થઈ જાય અને અન્ય તરફ લક્ષ ન જાય તેને રસ કહે છે.

તેમાં પ્રથમ શૃંગારરસનું જ્ઞાન થતાં તેમાં એકાકાર થઈ જવું તે ભ્રાંતિનો શ્રૃંગારરસ છે. હાસ્યમાં જ્ઞાન રોકાય તે હાસ્યરસ, ક્રૂરતાનો રાગ તે રૌદ્રરસ, પ્રાણી દુઃખી હોય તેને દેખીને અનુકંપા આવી જાય તે કરુણારસ, લડાઈમાં માથું કપાઈ જાય પણ પાછો ન ફરે તે વીરરસ, જગતમાં ભય લાગે તેવું સ્વરૂપ તે ભયાનક રસ, દુર્ગંછા થાય તે બીભત્સ રસ અને આઠમો વિસ્મય, જગતની વિચિત્રતામાં

એકાકાર થાય. તે આઠ રસો લૌકિક છે એટલે દુઃખના કારણ છે. નવમો શાંતરસ, તે જ્ઞાતા તરફ વળીને સ્વભાવમાં એકાકાર થતાં જે શાંતિ પ્રગટે અને અનુભવ થાય તે શાંતરસ છે, તે અલૌકિક છે.

અહીં રંગભૂમિમાં, નૃત્ય કરનારા જીવ અને અજીવ છે, ત્યાં જોનારા સમ્યગ્દૃષ્ટિ છે અને બીજા મિથ્યાદ્રષ્ટિની સભા છે. જડ ચેતન સ્વાંગ ધરે છે અને બન્નેનું એકપણું તથા કર્તાકર્મપણું આદિ તેમાં અનેક સ્વાંગો થાય છે. તેમાં સમ્યગ્દૃષ્ટિ તો બંનેને ભિન્ન ભિન્ન જાણે છે અને મિથ્યાદ્રષ્ટિ તેમના અસલ સ્વાંગને જાણતા નથી. તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, ભ્રમ મટાડી, શાંતરસમાં લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.

આ રીતે જીવતત્ત્વને રંગભૂમિમાં બાદશાહ થાપ્યો.

ચૈતન્યતત્ત્વના નાચવાના (પરિણમવાના) ભાવને એકવાર વિસ્મય કરીને, મરીને પણ (મરણતુલ્ય કષ્ટ આવે તોપણ) જોવાને મથો–પ્રયત્ન કરો. ચૈતન્ય ભગવાન અંતરમાં કેવો છે, તેમાં એકવાર નાચો, પોતાના શાંતરસમાં રહો, બીજા બધા ભાવોને નાશ કરીને દેખો.

એ રીતે જીવ-અજીવમાં પૂર્વરંગ સમાપ્ત થયો.

# પ્રસાદ નં. ૧૨

## સમયસાર કળશ ૩૩ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૧૦, ૨૦૦૭)

હવે જીવ અને અજીવ બન્ને એક થઈને રંગભૂમિમાં નાચ કરવા આવે છે, ત્યાં સમ્યગ્જ્ઞાન સર્વ સ્વાંગોને જાણે છે. એવા જ્ઞાનનો મહિમા શરૂઆતના મંગળરૂપે આચાર્ય ભગવાન કરે છે.

અર્થ :—જ્ઞાન છે, તે સ્વભાવની રુચિ કરતું-આનંદ ઉપજાવતું પ્રગટ થાય છે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. તેની રુચિ નહીં કરતાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપની રુચિમાં જ્ઞાન અટકતું હતું, પણ જ્ઞાન તે આત્મા છે, તેવું લક્ષ થતાં આનંદ પ્રગટ થાય છે. પ્રથમ જ્ઞાનનું જ્ઞાન ન હતું, તે હવે અંતરમુખ થતાં પ્રગટ થાય છે. જ્ઞાન તરફનો ઉત્પાદ તે આનંદ છે અને પર તરફનો ઉત્પાદ તે દુઃખ છે. સંકલ્પ-વિકલ્પ તો ક્ષણિક છે, થઈને નાશ પામે તેવા છે, આત્મસ્વભાવ તેવો ક્ષણિક નથી, તેમ સ્વભાવને જાણતાં જ્ઞાન આનંદરૂપ પ્રગટ થાય છે.

આત્માના જ્ઞાનનો જેને મહિમા નથી પણ બહારના જ્ઞાનનો જેને મહિમા છે, તે સ્વને ભૂલેલો હોવાથી તેને કથાવાર્તા લખવાનો અથવા બીજો લૌકિક જ્ઞાનનો ઉઘાડ શરણભૂત થતો નથી. તે ક્ષણિક એવા પરની રુચિવાળો જીવ પોતાના સ્વભાવને જોઈ શકતો નથી. તેને વિસામો નથી. જ્ઞાન તો એને કહીએ કે પોતાને સંતોષ થાય. મારું શરણ તો મારાથી છે, માટે બહારમાં ડોકિયા કરવાની જરૂર નથી. જેટલી અંતરની આળસ તેટલી ઓછપ છે અને તેમાં બહારના સંયોગ સ્ત્રી, પૈસા કે કોઈપણ પર વસ્તુની જરૂર પડે એવો ઓશિયાળો નથી.

શરીરમાં રોગ થાય એ તો શરીરનો સ્વભાવ છે. ભીંતમાં રોગ થતો નથી. કદાચ શરીર નીરોગી હોય તેથી કાંઈ આત્માને શરણભૂત નથી. પરાશ્રયી-બુદ્ધિવાળા જીવો નિગોદમાં ચાલ્યા ગયા છે. આત્મા જ્ઞાન છે તેમ સમજવું તે આનંદરૂપ છે, આનંદની પ્રગટતામાં દુઃખનો નાશ થાય છે. આનંદ શક્તિરૂપે હતો પણ માનતો ન હતો. હવે આત્મા જ્ઞાન છે તેમ માનતાં શક્તિરૂપે હતો તે પ્રગટ થાય છે. તે જ્ઞાન કેવું છે, તે જણાવે છે.

જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને આ આત્મા ચૈતન્યમૂર્તિ છે અને પુણ્ય-પાપાદિ અજીવ છે, તેમ બન્નેના સ્વભાવને જુદા જુદા નિર્મળદ્રષ્ટિ વડે જાણતાં જ્ઞાન થાય છે. નિર્દોષ જ્ઞાન પોતા તરફ વળ્યું, એટલે આત્માની સાચી પ્રતીતિ થઈ. ચાર જ્ઞાનના ધરનાર ગણધરદેવને જેવી પ્રતીતિ હોય છે તેવી પ્રતીતિ તે જ્ઞાન કરાવે છે.

અનાદિ સંસારથી જ્ઞાનાવરણીયાદિ કર્મો તથા રાગાદિ વિકારોથી દ્રઢ બંધન થયું હતું, તે સ્વભાવનું જ્ઞાન થતાં, તે વિકારો અને કર્મોનો નાશ થાય છે અને જ્ઞાન વિશુદ્ધતાને પામે છે. વિકાર અને કર્મોનું નિમિત્ત હોય છે ખરું પણ આત્મા ચૈતન્યઘન છે એમ સ્વભાવમાં ઢળતાં નિર્દોષ જ્ઞાન પ્રગટ થાય છે.

અહીં તો સંસારનાં કામોની, સેવાની, દવાખાનાની, કે નવલકથાઓ લખવાની વાત જ કરી નથી પણ શાસ્ત્રો લખવા કે દયાદાન, ભક્તિ, વ્રતાદિ કરવાથી કર્મનો નાશ થાય અને આનંદ ઊપજે તેમ પણ કહ્યું નથી. અહીં તો એક સ્વભાવ જે જ્ઞાન છે તેની રુચિમાં દ્રઢ થતાં આનંદ થાય છે. કર્મ અને વિકારનો નાશ થાય છે, એમ કહ્યું છે.

આત્મા અનાદિથી પોતાના સ્વભાવને ભૂલીને, કર્મ અને વિકારથી બંધાયો છે. તેને સૂઝ પડતી ન હતી પણ તે કર્મ અને વિકાર હું નહિ. હું તો ધ્રુવ ચૈતન્ય તત્ત્વ છું એમ માનતા ઉજ્જવળ જ્ઞાન પ્રગટ થાય છે.

તે જ્ઞાન ફૂલની કળીની જેમ વિકાસરૂપ છે. જેમ લાખ પાંદડીનું ચંદ્રમુખી કમળનું ફૂલ સંકોચાયેલું હોય તે રાત્રે ખીલે છે, તે કાંઈ ચંદ્રથી ખીલ્યું નથી, પણ તે ફૂલમાં ખીલવાની તાકાત હતી તેમાંથી ખીલ્યું છે, તેમ આત્મસ્વભાવમાં ત્રિકાળી ખીલવાની શક્તિ હતી તેથી ખીલ્યું છે, પરના અવલંબને ખીલ્યું નથી, પણ પોતાથી વિકાસરૂપ થયું છે.

વળી તે જ્ઞાન કેવું છે? જ્ઞાન બધાં જ્ઞેયોને જાણે છે, પણ જ્ઞેયને જાણતાં જ્ઞેયમાં રમતું નથી, પરંતુ તેને રમવા માટે ક્રીડાવન એક આત્મા જ છે, પર જણાય છે માટે પરમાંથી આનંદ આવે છે, એમ નથી. પૂર્વનો ઉઘાડ હોય અને વર્તમાનમાં પર જ્ઞેયને વિશેષ જાણવાની તાકાત દેખાય તેથી કાંઈ જ્ઞેયમાંથી જ્ઞાન કે સુખ ક્રીડા કરતું આવતું નથી, પણ સ્વભાવના આશ્રયે ખીલતું જ્ઞાન તે પોતાથી ક્રીડા કરતું પ્રગટ થાય છે, તે આત્મારામ છે.

જેનો પ્રકાશ અનંત છે, પ્રકાશનો છેડો નથી. ક્ષેત્રથી, કાળથી, કે ભાવથી એટલે અમુક ક્ષેત્રે જણાય, અમુક કાળ સુધી જણાય કે અમુકભાવ જ જાણે તેમ તે જ્ઞાનનો અંત નથી. પહેલાં, પછી, મધ્યમાદિ બધાનું એટલે નિગોદથી માંડી સિદ્ધદશાનું તથા ભવિષ્યનું જ્ઞાન પણ હોય છે, તેથી અનંત છે, માટે જ્ઞાનપ્રકાશ અનંત છે.

પ્રત્યક્ષ તેજથી સદા ઉદયરૂપ છે. ચૈતન્યને પરોક્ષપણું સંગના નિમિત્તથી છે જ નહિ. પ્રત્યક્ષ તે જ નિત્ય ઉદયરૂપ છે. હંમેશ પ્રગટરૂપ રહેતું અખૂટ ભંડારરૂપ છે. તે જ્ઞાન અનેકતાના બંધનને તોડતું સ્વભાવમાં એકાકાર થાય છે. પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ્યું તે નિત્ય ઉદયરૂપ છે.

પ્રગટેલું જ્ઞાન ધીરું છે, અડોલ છે, ડોલે એવું નથી. અવસ્થા પ્રગટીને એવીને એવી કાયમ રહે છે. સંસારના જ્ઞાનનો ઉઘાડ ગમે તેટલો હોય તોપણ તે ફરી જાય છે પણ આત્માનું જ્ઞાન ધીરૂં છે અને ટકી રહે તેવું છે.

સ્વભાવમાં વળેલું જ્ઞાન ઉદાત્ત છે એટલે ઊંચું છે અને અનાકુળ છે–સર્વ ઇચ્છાઓથી રહિત છે, તેથી નિરાકુળ છે. જેમ કોઈ માણસ નૃત્ય કરે ત્યારે દાગીના, વસ્ત્ર, વગેરેનો શ્રૃંગાર કરે છે, તેમ આત્મા જ્ઞાનપ્રકાશમાં નાચે છે (પરિણમે છે) ત્યારે ધીર, ઉદાત્ત, અનાકુળ, એ ત્રણ પ્રકારના આભૂષણોથી શોભે છે, એવું જ્ઞાન આનંદમય છે.

ભાવાર્થ :–આ જ્ઞાનનો મહિમા કહ્યો. તેમાં જીવ-અજીવ એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે, તેને જ્ઞાની જાણી લે છે, પણ તેનાથી રૂસાતો નથી, બન્નેને ભિન્ન-ભિન્ન જાણે છે. જેમ કોઈ નાચનારો બહુરૂપીનો સ્વાંગ પહેરીને આવે અને પછી તેના ખરા રૂપને ઓળખી લે, તો તે નમસ્કાર કરીને ચાલ્યો જાય છે. તેમ અહીં જ્ઞાની જડ ચેતનના સ્વાંગને જાણી લે છે, તેથી તેને ભ્રમ થતો નથી, પણ મિથ્યાદ્રષ્ટિ તે ભેદને જાણતો નથી. હવે જીવ-અજીવના એકરૂપનું વર્ણન કરશે.

# પ્રસાદ નં. ૧૩

## સમયસાર ગાથા ૩૯-૪૩ ના પ્રવચનમાંથી.

(કારતક સુદ-૧૧, ૨૦૦૭)

હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન આઠ બોલથી કરે છે.

ટીકા :–માણસ કંઈક સારું કરવા માગે છે પણ સારું ક્યા તત્ત્વમાંથી નીકળે તેને જાણ્યા વગર, બીજા તત્ત્વમાંથી સારું થશે, એમ માને છે. આત્મા એક અસાધારણ જ્ઞાનતત્ત્વ છે, તેના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાથી ધર્મ અને શાંતિ થઈ શકે એમ છે, તેવું જે જીવ જાણતા નથી તે ક્યાંક પરમાં પોતાનું સારું થશે—એમ માનીને નપુંસક થઈને અત્યંત વિમૂઢ થયા થકા પરમાં આત્મા માને છે.

તાત્ત્વિક આત્મા તો શુદ્ધ ચિદાનંદ જ્ઞાનઘન તત્ત્વ છે. તેની રુચિ ઘણા અજ્ઞાની કરતા નથી અને અતાત્ત્વિક આત્માને માની રહ્યા છે, તેને આચાર્યે વીર્યહીન અને રાંકા કહ્યા છે. તેમ કહેવામાં આચાર્યની કરુણા છે.

આત્માનું અસાધારણ લક્ષણ તો જ્ઞાન છે, તે આત્મા સિવાય શરીરમાં કે વિકારમાં હોતું નથી. તે લક્ષણને નહિ જાણનાર નપુંસક અને મૂઢ છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે સાચો પુરુષાર્થ છે. જેણે ભક્તિના અને રાગના પરિણામવાળો આત્મા માન્યો, તે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેને માનતો નથી, તે અતાત્ત્વિક આત્માને માને છે, માટે નપુંસક છે અને તાત્ત્વિક આત્માને માને તે મહાત્મા છે.

આત્માનું સ્વરૂપ વીતરાગી ચૈતન્ય જ્ઞાનઘન છે તેને નહિ માનતાં જગતનો મોટો ભાગ, અનેક પ્રકારે પરને આત્મા માને છે, જેમ ગાંડો માણસ જેમ આવે તેમ બકે છે, તેમ અજ્ઞાની મૂઢ જીવ અનેક પ્રકારે પરને આત્મા કહે છે અથવા તો બકે છે, કાંઈ ઠેકાણું જ નથી.

**(૧) અધ્યવસાન છે તે જ આત્મા છે.** કેટલાક તો એમ માને છે કે જેમ અગ્નિમાં ધૂમાડો ઊઠે તે જ અગ્નિ છે તેમ આત્મામાં પુણ્ય-પાપાદિ ભાવો સહજ થાય છે તે જ આત્મા છે. પુણ્ય વડે ધર્મ થાય અને પાપ વડે સુખ થાય, જેમ કે પૈસા, વિષયો, સંગીત આદિમાં અને ખાવાપીવામાં તેઓ સુખ માને છે અને પ્રતિકૂળતામાં તેમને દ્વેષ થાય છે, તે બન્ને મલિન ભાવ છે, છતાં તે જ મારો ખરો સ્વભાવ છે, એમ અજ્ઞાની માને છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે તે વાત તેને બેસતી નથી. વ્રતાદિના ભાવોથી આત્માને લાભ થાય તે તેમને સહજ લાગે છે અને ધર્મ કઠણ લાગે છે. તે પુણ્યને જ આત્મા માને છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તેમ શ્રદ્ધા કરીને રમણતા કરે તે સાચો જૈન છે.

પુણ્ય-પાપ-રાગાદિના ભાવ કરે તો થાય છે છતાં વગર કર્યે સહજ (સ્વાભાવિક) થતા હોય તેમ અજ્ઞાની માને છે અને તે જ આત્મા છે, એવું તે માને છે. રાત્રે ઉંઘમાં પણ રાગ-દ્વેષના પરિણામ થાય છે તે પણ સહજ નથી. પોતે પર્યાયમાં અટકીને કરે તો થાય છે છતાં અજ્ઞાની એમ માનતો નથી. આવા અતાત્ત્વિક આત્માને માનનારા મૂઢ છે અને પોતાના સ્વભાવને સમજવાને પુરુષાર્થહીન છે.

આત્મા અકૃત્રિમ છે, તેને ભૂલ્યો એટલે રાગ-દ્વેષ જે કૃત્રિમ છે તેને અકૃત્રિમ અને સ્વાભાવિક માને છે. જેમ કાળાપણાથી જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી, એવી રીતે અજ્ઞાનીને ભગવાન આત્મા જે અકૃત્રિમ વસ્તુ છે તે રાગ-દ્વેષરૂપ મલિન પરિણામથી જુદો જણાતો નથી. કાળાપણું અને કોલસાના એકપણાની માફક તે મૂઢ આત્માને તથા વિકારને એક માને છે, તે પાવૈયા-હીજડા છે—તેમ આચાર્યદેવ કહે છે. કોઈ વિષ્ટા ખાય તો મૂર્ખ કહેવાય એમ અહીં તાત્ત્વિક આત્માને ન સમજે તે નપુંસક છે. અહીં જીવ-અજીવ સ્વાંગ લઈને આવ્યા છે. ત્યાં અધ્યવસાનને જ આત્મા માને છે, તે મૂઢ છે.

પ્રવચનસારમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ એક જ છે, એમ જે કહ્યું છે તેને અને અહીં કહ્યું છે તે બન્નેને મેળ એમ છે કે દ્રવ્ય-ગુણ-પર્યાય તે આત્મા છે. અહીં અજ્ઞાની અધ્યવસાનને જ આત્મા માને છે, એટલે પર્યાયને જ આત્મા માને છે પણ દ્રવ્ય-ગુણ જે શુદ્ધ છે તેને માનતો નથી. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે અને મારી પર્યાયમાં રાગ થાય તેટલો હું નથી એમ માને તો દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ માન્યું કહેવાય.

જેમ લાપસીનું આંધણ મૂક્યું હોય તે વખતે ચૂલામાં લીલાં લાકડાં હોવાથી બહુ ધૂમાડો થાય તો તેને ધૂમાડો દેખાય પણ આંધણ કે લાપસી દેખાતી નથી, તેમ અજ્ઞાનીને આત્મા કે જે જ્ઞાનઘન ચૈતન્યમૂર્તિ તેની વર્તમાન પર્યાયમાં પુણ્ય-પાપરૂપી મલીન ધૂમાડો છે, તે ધૂમાડાને જ આત્મા માને છે. તેને તાત્ત્વિક આત્મા જણાતો નથી તેથી અતાત્ત્વિક આત્માને તાત્ત્વિક માને છે, તે મૂઢ છે.

**(૨) કર્મ જ આત્મા છે.** કોઈ કહે છે એટલે કોઈ એમ માને છે કે અનાદિ જેમનો પૂર્વ અંશ છે અને અનંત જેનો ભવિષ્યનો અંશ છે તેવા કર્મના સંસરણરૂપી ક્રિયાથી ક્રીડા કરતું કર્મ જ આત્મા છે. આત્મા ત્રિકાળી ધ્રુવ છે, એ જેને ભાસતો નથી તે કર્મમાં ત્રિકાળીપણું માને છે, એટલે અનાદિનાં કર્મની ક્રિયાથી આત્માને સ્વીકારે છે. અનાદિકાળથી રખડે તેવો જ આત્મા છે, પણ આત્મા પોતાના સ્વભાવની ક્રિયાથી ક્રીડા કરે તેવો છે, તે અજ્ઞાનીને બેસતું નથી.

અનાદિથી કર્મના સંયોગે જીવ રખડ્યો છે, તેમ માનનાર કર્મને જ આત્મા માને છે. પોતે સ્વભાવને ચૂકીને મલિન પરિણામ કર્યા તેથી રખડ્યો એમ તે માનતો નથી. તે કર્મની ક્રિયાને જ જુએ છે. "કર્મનો અવયવ તે જ આત્મા છે. કર્મ અનાદિથી રખડાવે છે, તેના સિવાય જુદો આત્મા અમને દેખાતો નથી" એમ તેઓ માને છે. તેમને આત્મા ત્રિકાળ, ભ્રમણની ક્રિયા રહિત છે, તે દેખાતો નથી.

અજ્ઞાની એમ કહે છે કે અનાદિથી એકરૂપ ધારાવાહી સંસારમાં રખડવાની ક્રિયા તે જ આત્મા છે. તે જીવ ભવને જ માગે છે, તે આત્માની સ્વાભાવિક શુદ્ધ ક્રિયાને નહિ માનતો, કર્મને જ આત્મા માને છે. કોઈ કહે કે "આપણે ભલે એક બે ભવ કરવા પડે પણ જગતનું કલ્યાણ કરવું." આવા જીવને ભવ ગમે છે, તેને આત્માનો સ્વભાવ રુચતો નથી, સંયોગ રુચે છે, તે નપુંસક છે.

આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો—તેમ કહેનારા બધા વર્તમાનને માનનારા છે, વળી બધાની મુક્તિ થતી હોય તો આપણે ભલે ભવ કરવા પડે— આમ કહેનારા પણ સંસારને જ ઇચ્છનારા છે. તેમને આત્મા પરથી જુદો છે, તે ગમતો નથી. આ જગતમાં રખડનારા જીવો અનાદિ-અનંત રહેવાના છે. એમ આને પણ રખડવું છે. કર્મથી જુદો આત્મા સિદ્ધ થાય એવું અમને દેખાતું નથી' એટલે કે કર્મથી જુદો આત્મા છે જ નહીં, તેમ માનનારા, અતાત્ત્વિક આત્માને માને છે માટે મૂઢ છે, સ્વભાવના પુરુષાર્થ વગરના નપુંસક છે. એમ બે બોલ થયા.

# પ્રસાદ નં. ૧૪

## સમયસાર ગાથા ૩૯-૪૩ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૧૨, ૨૦૦૭)

અહીં અજ્ઞાની અજીવને જીવ માને છે, તેની વાત ચાલે છે. આમ તો સીધી રીતે ચાર્વાક સિવાય કોઈ જડને આત્મા માનતા નથી પણ આડી રીતે માને છે. જેમકે અધ્યવસાન તે જ આત્મા છે—તેમ માનનાર અજીવને જીવ માને છે. વિકારના ધૂમાડામાં ગોટવાયેલો અધ્યવસાનને જ આત્મા માને છે, તેનું વીર્ય ત્યાં જ કામ કરે છે, તે પહેલો બોલ થયો.

અનાદિકાળથી કર્મોનો એક ભાગ તેનાથી રખડ્યો અને ભવિષ્યમાં એકભાગથી રખડશું—તેમ કર્મને જ આત્મા માને છે, કેમકે કર્મથી જુદો આત્મા છે જ નહિ, તેમ અજ્ઞાની માને છે. અહીં વર્ણવવામાં આવતા બધા અજ્ઞાનીની માન્યતામાં વ્યવહારે કાંઈક કાંઈક ફેર ગણાય પણ પરમાર્થે આત્માને નહિ માનવામાં બધાની માન્યતા—એકસરખી જ છે. બે બોલ ગઈ કાલે આવી ગયા હતા.

(૩) કોઈ એમ માને છે કે તીવ્ર-મંદ જે રાગ થાય છે તે જ આત્મા છે, યા તો તીવ્ર રાગ કરીએ અથવા મંદ રાગ કરીએ એ સિવાય જુદો આત્મા અમને દેખાતો નથી. પુણ્ય કરીએ તો સ્વર્ગ મળે અને પાપ કરીએ તો નરક મળે માટે પુણ્ય-પાપ જ આત્મા છે. પુણ્ય-પાપની પરિપાટી ચાલ્યા જ કરે છે—તેનો અંત દેખાતો નથી માટે તેનાથી જુદો કોઈ આત્મા હોય તે વાત અમને બેસતી નથી. જે જીવ મંદ કષાયને ધર્મનું સાધન માને તે આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવું જુદું સાધન માનતા નથી.

અજ્ઞાની તીવ્ર મંદ રાગને જ આત્મા માને છે, કેમ કે પુણ્ય-પાપના અવલંબન સિવાય બીજો કોઈ આત્મા એમને દેખાતો નથી. 'પુણ્યને માથે શિલા પડો કેમકે પુણ્યમાં બહારની અનુકૂળતા હોય તો ભગવાન યાદ આવતા નથી. અને પાપના ઉદયમાં ભગવાનને યાદ કરાય છે તેથી પુણ્યનો ઉદય નાશ થાઓ.' આમ માનનાર તીવ્ર મંદકષાયને જ આત્મા માને છે. પુણ્યનો ઉદય હોય તો સત્સમાગમ કરી શકાય અને પાપનો ઉદય હોયતો ન કરી શકાય—એમ માનનાર પણ તીવ્ર મંદ રાગને જ આત્મા માને છે. તે અજીવને જીવ માને છે, માટે મૂઢ છે.

(૪) નવી અને જૂની અવસ્થાને ધારણ કરતું શરીર તે જ આત્મા છે. શરીરની અવસ્થા સારી હોય તો ધર્મ થાય અને ખરાબ હોય તો દ્વેષ કરીને પણ ધર્મ થાય, એમ કેટલાક માને છે. મોટામાં મોટું ત્રણ ગાઉનું અને નાનામાં નાનું અંગુલના અસંખ્યાતમાં ભાગનું શરીર હોય, એમ શાસ્ત્રમાં પણ કહ્યું છે. શરીર

વગરનો કોઈ આત્મા હોય એવું ક્યાંય જોયું નથી, તે શરીરને જ આત્મા માનનાર છે. 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે'—એમ અજ્ઞાની કહે છે.

કાયાકલ્પ વડે શરીરને નવું કરીને જૂના શરીરને નાશ કરવા માગે છે, તે શરીરને જ સર્વસ્વ માને છે કેમકે શરીરથી જુદો જીવ એમને જોવામાં આવતો નથી, પણ શરીર નિરોગી હોય કે રોગી હોય તેથી આત્માને કાંઈ લાભ કે નુકશાન નથી, તે વાત અજ્ઞાનીને બેસતી નથી. શરીરને જ આત્મા માનીને મૂઢ જીવ અતાત્ત્વિક આત્માને તાત્ત્વિક આત્મા માને છે, તે નપુંસક છે.

(૫) કોઈ એમ માને છે કે પુણ્ય-પાપ એટલે કે શુભ-અશુભમાં આત્મા પ્રસરે-વ્યાપે. તેના કર્મના વિપાક ભોગવે તે જ આત્મા છે. આ બોલમાં, શુભ-અશુભભાવના કર્તાપણાની અપેક્ષાએ અજીવને જીવપણું માને છે, એટલે જેવાં પુણ્ય-પાપ કરશું તેવાં ફળ પામશું અને તેમાં વ્યાપશું. તે સિવાય જુદો કોઈ આત્મા છે અને તેમાં ફેલાવાનું છે તે માનતો નથી. પુણ્યના ફળમાં રાજાપણું આદિ મળે તો તેને ઈશ્વરનો અંશ માને છે, તે અજીવને જીવ માને છે. શુભાશુભભાવથી અન્ય જુદો કોઈ આત્મા નથી. શુભાશુભભાવ કરે અને તેમાં વ્યાપે તે જ આત્મા છે. તે મૂઢ જીવ અતાત્ત્વિક આત્માને જ માને છે, માટે નપુંસક છે.

(૬) કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર મંદ કષાય વડે ભેદરૂપ થતો કર્મનો અનુભવ તે જ આત્મા છે. પુણ્યના ફળ મીઠા છે અને પાપના ફળ કડવા છે. ધ્યાનમાં મંદ કષાય વખતે જે અનુભવ થાય છે તે શાતાના ઉદયનો છે. ત્યાં આત્માનો અનુભવ માની લે છે તે મૂઢ છે, તે અજીવને જીવ માને છે. આ બોલમાં ભોક્તાપણાની અપેક્ષાએ કથન છે.

સુધારસ જે શાતાના ઉદયનું પરિણામ છે, તેના અનુભવને આત્મા માને છે તે મંદકષાય વડે ભેદરૂપ થતો કર્મનો જ અનુભવ કરે છે. આત્મા જ્ઞાતા છે, ચૈતન્યસ્વરૂપછે. એવા અભેદના અનુભવને તે માનતો નથી. ભેદને જ આત્મા માને છે કારણ કે સુખદુઃખ સિવાય જુદો ચૈતન્ય એકરૂપ આત્મા તેને રુચિમાં બેસતો નથી, દેખાતો નથી.

ચા પીને ધર્મનો ઉપદેશ સાંભળતા હોઈએ તો ઘણો આનંદ આવે—એમ માનનાર તીવ્ર-મંદ કષાયના ભોગવટાને જ આત્મા માને છે. પુણ્ય કરવાની અને તેને ભોગવવાની જેમને ઇચ્છા છે, તે આત્માને માનતા જ નથી. બે ઘડીનું ચારિત્ર (અજ્ઞાનીઓએ માનેલું) મંદકષાયકરૂપ પાળશું તો સ્વર્ગ પામશું—એમ માનનાર સુખદુઃખના ભોગવટાને જ આત્મા માને છે.

(૭) કોઈ એમ માને છે કે શિખંડમાં જેમ સાકર અને દહીં મળેલા છે, તેમ આત્મા અને કર્મ મળેલા છે. તે જ આત્મા છે, એટલે કે બન્ને ભેગાં મળીને કામ કરે છે. જેમ સાકર અને લોટ ભેગાં થાય ત્યારે સાકરનો સ્વાદ અને લોટનો સ્વાદ મિશ્ર

થાય છે, તેમ આત્માની પર્યાયનો આનંદ અને કર્મનો ઉદય બન્નેનું મિશ્રણ થઈ જાય ને તેનો અનુભવ આત્માને થાય છે.—આવા તર્ક કરનાર જડને આત્મા માનનાર છે.

જડ યોગ અને આત્માનો યોગ અત્યારે જુદા પડી શકે નહિ, એમ માનનાર જડને જ આત્મા માને છે. બન્ને અત્યારે જુદા છે, તેમ તે માનતો નથી. પોતે જેવો રાગ કરે તેવાં કર્મ થાય અને જેવો કર્મોનો ઉદય હોય તેવો રાગ થાય—એવું માનનાર કર્મ ને આત્મા એક માને છે. સંસારમાં અત્યારે કર્મથી જુદો કોઈ આત્મા દેખાતો નથી, તેમ અજ્ઞાની માને છે. જેમ કોઈ એક શેર ઝેર ખાઈને મરે અને કોઈ અડધો શેર ઝેર અને અડધો શેર દૂધ ખાઈને પણ મરે; તેમ કોઈ કર્મને જ આત્મા માનીને મૂઢતા કરે અને કોઈ કર્મ અને આત્મા બન્નેને એક માનીને મૂઢતા કરે તે બન્ને સરખા જ છે—ફેર નથી. ત્યાગનું નામ ધરાવનારા ઘણા જીવો પણ કર્મને જ આત્મા માને છે.

(૮) કોઈ કહે કે પ્રયોજનભૂત ક્રિયા કરવામાં સમર્થ એવાં આઠ કર્મોનો સંયોગ તે જ આત્મા છે. જેમ સંચાના બધા ભાગો ભેગા થાય ત્યારે તે ચાલે છે, તેમ કર્મોનો સંયોગ થાય ત્યારે જીવ કામ કરવામાં સમર્થ થાય છે, માટે કર્મનો સંયોગ તે જ આત્મા છે. જેવી રીતે આઠ લાકડાથી જુદો ખાટલો, ખાટલાનું કામ કરવાને સમર્થ થતો નથી તેમ આઠ કર્મથી જુદો આત્મા કોઈ કામ કરવાને સમર્થ થતો દેખાતો નથી.

આપણું તો ગમે તે થાય પણ આપણા જ્ઞાનના ઉઘાડથી શાસનનો ઉદ્ધાર થાય એમ માનનાર પરને આત્મા માને છે. આત્માના ઉઘાડથી શાસન નભતું નથી અને આત્મામાં નિર્મળતા પ્રગટી તેથી પરનું કાંઈ કરી શકાય તેમ બનતું નથી.

આત્મા પરથી જુદો છે એવી દ્રષ્ટિ પોતે જ્યાં સુધી ન કરે ત્યાં સુધી તેનું કલ્યાણ થતું નથી, તેના બદલે અજ્ઞાની કહે છે કે હું શાસનને નભાવી દઉં તે મૂઢ દુર્બુદ્ધિ છે. તીર્થંકરે શાસન સ્થાપ્યું તે તો વ્યવહારનું કથન છે. ખરેખર તો ભગવાને કેવળજ્ઞાન સ્થાપ્યું છે. (પ્રગટ કર્યું છે) કોઈને ઉપદેશ આપવાથી તે ધર્મ પામે અને તેથી આપણને લાભ થાય—કર્મની નિર્જરા થાય, તે વાત પણ બરાબર નથી. વાસ્તવિક આત્માને જાણ્યા વગર, માત્ર જ્ઞાનના ઉઘાડના આશ્રયે, સ્વ કે પરને કોઈને લાભ થતો નથી. અજ્ઞાની વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું માનતો નથી. અહીં તો આચાર્યે કેવળીનાં પેટ ખોલીને વાત કરી છે, કે રાગ કે જ્ઞાનના ઉઘાડથી અથવા ઉપદેશ આપી બીજાનું કલ્યાણ કરવામાં નિમિત્ત થઈએ એમ માની તેમાં અટકેલા, પરને જ આત્મા માને છે, તે મૂઢ છે, તે અન્યમતી છે, જૈનમતના નથી—એમ પરમાર્થને જાણનારા સર્વજ્ઞદેવ કહે છે.

# પ્રસાદ નં. ૧૫

## સમયસાર ગાથા ૩૯-૪૩ ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૧૩, ૨૦૦૭)

ભાવાર્થ :–જડ અને ચેતન સંયોગે ભેગા છે, એમ કહેવાય છે. આત્મા ચૈતન્યસ્વભાવી પરિપૂર્ણ છે. તે પરિપૂર્ણ નથી એમ માને છે ત્યારે વર્તમાન પર્યાયમાં અપૂર્ણતા હોય ત્યારે જે રાગ થાય છે તેને પોતાનો સ્વભાવ માને છે તે અજીવને જીવ માને છે. અતાત્ત્વિક આત્માને તાત્ત્વિક માને છે. આત્માનો સ્વભાવ પરિપૂર્ણ સર્વજ્ઞપણું પ્રગટ કરે તેવો છે. તેને ન માને અને રાગને આત્મા માને, તે અજીવને જીવ માને છે.

આત્મા પોતે ચૈતન્યસ્વભાવી છે. તેમાં પરના નિમિત્તે રાગ કે અધૂરી દશા જે છે, તે પરમાર્થે આત્મા નથી. ભલે વર્તમાન પૂરી નિર્મળ અવસ્થા ન હોય પણ મારો સ્વભાવ સર્વજ્ઞ પરિપૂર્ણ છે, તેમ જે માને છે તે બીજા આત્માઓ પણ સર્વજ્ઞ હોય, તેમ પણ કબૂલે છે, તે સાચો જૈન છે. જૈન નામ ધરાવીને પણ જો સર્વજ્ઞપણું ન માને તો તે પણ અન્યમતવાળો છે.

જડ અને ચેતન જે સાથે રહેલા છે તે સ્વથી અસ્તિ અને પરની નાસ્તિથી રહેલા છે પણ બન્ને એક થઈને રહ્યા નથી. બન્ને જુદાપણે રહ્યા છે. આત્માની પર્યાયમાં રાગ-દ્વેષ, કષાય, યોગ વગેરે વિકાર છે, તે કર્મ છે માટે છે—એમ નથી, અથવા આત્મા છે માટે તે છે—એમ પણ નથી. એમ કહેનારને વર્તમાન પોતાના કારણે અવસ્થામાં વિકાર થાય છે તે વિચારવાનું પણ રહેતું નથી. કર્મ તો પર ચીજ છે. માટે તે છે તો વિકાર થાય છે, એમ નથી. અને આત્મસ્વભાવ તો શુદ્ધ છે તે કારણે અશુદ્ધતા થાય નહિ, પણ વર્તમાન પર્યાયમાં કર્મના લક્ષે વિકાર થાય છે ખરો.

પંડિત બનારસીદાસજીએ સમયસાર નાટકમાં (પાનું ૩૫૧) કહ્યું છે કે, રાગ-દ્વેષરૂપ પરિણામ થવામાં મૂળ પ્રેરક કોણ છે? તેનો ઉત્તર આપ્યો છે કે આત્મામાં વિકાર થવામાં કોઈ પ્રેરક નિમિત્ત છે જ નહિ. પૌદ્‌ગલિક કર્મ, ઇન્દ્રિયનો ભોગ, ધન, સ્ત્રી, કુટુંબ કે મકાનાદિ કોઈ પ્રેરક છે જ નહિ. બધા દ્રવ્યો પોતપોતાના ભાવે પરિણમી રહ્યાં છે. જે વિકારભાવ થાય છે તે આત્માની વર્તમાન પર્યાયની લાયકાતથી થાય છે, તે પરમાર્થે જીવસ્વરૂપ નથી. જો તેને જીવસ્વરૂપ માને તો પોતે સર્વજ્ઞ પરિપૂર્ણ થવાના સ્વભાવવાળો છે, તેને માનતો નથી. પોતાનો સ્વભાવ જ્ઞાતા ચૈતન્ય પરિપૂર્ણ છે તેને માને તો પર્યાયમાં વિકાર થાય છે, તેની રુચિ છૂટી જાય છે. તે તાત્ત્વિક આત્માને માને છે.

પરમાર્થદ્રષ્ટિએ રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ નથી, પણ ચેતનપણું, જ્ઞાતાદ્રષ્ટાપણું, સુખપણું અને શાંતિપણું તે આત્માનો સ્વભાવ છે. તેને બદલે વિકાર અને સંયોગ જેટલો આત્માને માને, તો તેને મિથ્યાત્વ થાય છે અને તેથી અનંત સંસારનું પરિભ્રમણ થાય છે.

આત્મા ચૈતન્ય સ્વભાવને છોડતો નથી અને પુદ્ગલ જડસ્વભાવને છોડતું નથી. આઠ પ્રકારથી પરને આત્મા માનનારા કહ્યા છે તેમાં કર્મનો ઉદય આવે ત્યારે એક વખત તો જોડાવું જ પડે, તેમ માનનાર મીમાંસક મતનો છે. સર્વજ્ઞ ભગવાનને તો આત્માનો સ્વભાવ પૂર્ણરૂપે દેખાય છે, અનંતગુણ-પર્યાયસહિત, અસંખ્યાત પ્રદેશી પ્રત્યક્ષ દેખાય છે. નીચલી દશાવાળો, આત્માને કર્મના સંયોગથી જુદો જાણી અને માની શકે છે, પણ આત્માના અસંખ્યાત પ્રદેશ પ્રત્યક્ષ જાણી શકતો નથી. પરિપૂર્ણ આનંદઘન ચૈતન્ય સ્વભાવ પ્રત્યક્ષ અનુભવમાં નીચલી દશામાં પણ આવી શકે છે. વિકારદશા વખતે પણ પરદ્રવ્યથી ભિન્ન આત્માનો કાયમી સ્વભાવ છૂટ્યો નથી. આત્મા પરિપૂર્ણ પ્રગટ થઈ શકે તેવો છે, તેનો અનુભવ જ્ઞાનીને થઈ શકે છે.

જગતમાં સર્વજ્ઞ થયા છે તો હું પણ સર્વજ્ઞ થઈ શકું એમ છું, કેમકે હું પણ તેની જાતનો છું—એવી જેને શ્રદ્ધા થાય છે તે જીવ કર્મનો ઉદય આવે તો વિકાર કરવો જ પડે, એમ માનતો નથી. તેથી ઉલટું જે જીવ કર્મના ઉદયે રાગ કરવો જ પડે એમ માને છે તે સર્વજ્ઞપણું પ્રગટ કરવાની તાકાતને માનતો નથી. તે સર્વજ્ઞ ભગવાનને પણ માનતો નથી, તેને સ્વભાવના આશ્રયે પર્યાય ખીલતી નથી કેમકે તેની વર્તમાન પર્યાય કર્મના આશ્રયવાળી છે, તેથી તે પર્યાયમાં સ્વભાવનો આશ્રય કરવાનું વીર્ય તેને થતું નથી.

તું જીવતો જીવ છો કે નહિ? જો જીવતો જીવ છો એમ કબુલે તો કેવળજ્ઞાન પ્રગટ થયા વગર રહે નહિ. જેના અભિપ્રાયમાં સર્વજ્ઞ થવાનો પોતાનો સ્વભાવ છે એમ સ્વીકાર થયો, તેના અભિપ્રાયમાં સર્વજ્ઞ ભગવાનનો સ્વીકાર થાય છે, તે સિવાય બીજો સ્વીકાર થાય નહિ, તેથી ઉલટી માન્યતાવાળો જીવ અનેક પ્રકારની કલ્પનાથી અજીવને જીવ માને છે.

પોતે પરિપૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી છે એમ જે માનતો નથી, તેને બીજા સર્વજ્ઞ હોય તેથી શું? આત્માનો સ્વભાવ સર્વજ્ઞ થવાના સામર્થ્યવાળો છે ને તેમાંથી સર્વજ્ઞ થવાય છે, એમ જે માને છે તેણે સર્વજ્ઞનો અભિપ્રાય માન્યો કહેવાય—અથવા સર્વજ્ઞને માન્યા કહેવાય.

વેદાંતાદિ અદ્વૈત આત્માને માનનાર આત્મા અને વિકારની ભિન્નતાને માનતા નથી, પણ તે બધું થઈને આત્મા છે, એમ તેઓ માને છે તે સર્વજ્ઞને માનતા નથી.

કર્મનું નિમિત્ત આવે તો જોડાવું જ પડે, તે કર્મને આત્મા માનનાર છે, તે મીમાંસક છે. જૈન સંપ્રદાયમાં પણ કર્મને લઈને વિકાર થાય એમ જે માને છે "તે મારી પર્યાયથી નવું થાય છે" તેમ માનતા નથી. તે બધા સર્વજ્ઞને નહિ માનનાર મીમાંસક જ છે.

સર્વજ્ઞપણું કર્મના અભાવના કારણે થતું નથી. હું પરિપૂર્ણ સર્વજ્ઞ થવાની તાકાતવાળો છું, એમ જે માને છે તેને પુરુષાર્થ દ્વારા સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. સાંખ્યમતવાળા માને છે કે પ્રકૃતિ બધું કરાવે છે. માત્ર ચિત્તનો નિરોધ કરવાનું કહેવાવાળા યોગને માનનારા છે. એટલે રાગને ઘટાડતાં ઘટાડતાં સર્વજ્ઞપણું થઈ જશે તેમ માનનાર સ્વભાવના લક્ષે ધર્મ થશે, એમ માનતા નથી. રાગના લક્ષે રાગનો નાશ થતો નથી. યોગને માનનાર સ્વભાવને માનતા નથી તેથી તે પણ સર્વજ્ઞને માનનાર નથી.

બૌદ્ધ ક્ષણિક આત્માને માનનાર છે તે ત્રિકાળી આત્માને માનતા નથી. વર્તમાન ક્ષયોપશમના આધારે કેવળજ્ઞાન થશે એમ માનનાર પણ આત્માને ક્ષણિક જ માને છે, ક્ષણિક પર્યાય છે તેમાંથી પર્યાય આવશે એમ માને છે. ક્ષણ ક્ષણ અવસ્થાની તાકાતને જ આત્મા માને છે, તે બધા બૌદ્ધ છે.

પુણ્ય-પાપને ટાળીને સ્વભાવમાં કાયમ રહેવાની તાકાતવાળો છું એમ જે માનતો નથી અને તેથી પુણ્ય-પાપના કાર્ય સિવાય જુદો કોઈ આત્મા નથી તેમ જે માને છે તે સર્વજ્ઞને નહિ માનનાર નૈયાયિક છે.

વર્તમાન પર્યાયમાં આત્મા નહિ કે પર્યાય જેટલો પણ નહિ. આત્મા ત્રિકાળી ધ્રુવ છે તથા પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે તેવી તાકાતવાળો છે, એમ કહેનાર એક સર્વજ્ઞ જ છે. એ સિવાયના અન્યમતી આવું સ્વરૂપ કહી શકે જ નહિ.

વૈશેષિકમતવાળા ભેદ...ભેદ...ને ભેદ... જ માને છે. જ્ઞાનની પર્યાય ખંડખંડ થાય, રાગ-દ્વેષની પર્યાય જે ભેદવાળી છે તેને જ દેખે છે પણ અભેદ ત્રિકાળી અખંડ આત્માને માનતા નથી.

ચાર્વાક આત્માને જ માનતા નથી.

આ પ્રમાણે આઠ પ્રકારથી સર્વજ્ઞ નહિ માનનાર—આત્માને નહિ માનનાર કહ્યા. બીજા પણ અનેક પ્રકારથી આત્માને માનતા નથી તેને યથાયોગ્ય સમજી લેવા.

# પ્રસાદ નં. ૧૬

## સમયસાર ગાથા ૪૪ ના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૧૪, ૨૦૦૭)

ઘણા જીવો આત્માનું ખરું સ્વરૂપ જાણ્યા વગર કોઈ પુણ્યથી, કોઈ શરીરની ક્રિયાથી વગેરે અનેક પ્રકારથી ધર્મ થાય તેમ માને છે. જ્ઞાનસ્વભાવી આત્મા છે, તેનો પૂર્ણ સ્વભાવ પ્રગટ થાય તેમ નહિ માનનારા ઘણા તાત્ત્વિક આત્માને માનતા નથી. આત્મા ચૈતન્ય ધાતુ છે, તેનું જ્ઞાન, રુચિ અને રમણતાથી ધર્મ થાય છે, તેમ તેઓ માનતા નથી. ઘણાં ઘણાં પુણ્ય કર્યાં હોય, ઘણા સંસ્કાર રેડ્યા હોય અને ક્રિયાકાંડમાં બહુ ઉપયોગ રાખ્યો હોય તો આત્મા શુદ્ધ થઈ જાય—તેમ તેઓ માને છે. આમ માનનારા અજીવને જીવ માને છે. એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી, તે કહે છે :–

અન્વયાર્થ :–આ પૂર્વે કહેલાં પુણ્યપાપાદિથી આત્માને લાભ થાય, કર્મ તથા શરીર તે જ આત્મા છે, એમ માનનારા છે. તે બધાય ભાવો જગત ઉપર છે ખરા પણ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર, તે બધા ભાવો પુદ્‌ગલદ્રવ્યથી ઉત્પન્ન થયેલા છે—એમ કહે છે. અહીં જેમ શરીર જડ છે, તેમ આત્માના વિકારીભાવો પણ જડ છે. કેમકે જડના લક્ષે ઉત્પન્ન થયેલા છે. એટલે જડ અને વિકારમાં કાંઈ જુદાઈ નથી—તેમ સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે.

વિકાર પણ આત્માનું અસ્તિત્વ બતાવે છે, તેમ પ્રવચનસારમાં કહ્યું છે. તેનો અર્થ એમ છે કે રાગ તે આત્માની પર્યાય છે, તેમ પ્રથમ જાણ. પછી કહે છે કે આત્મા મોક્ષનું બીજ છે પણ વિકારનું બીજ નથી—એમ અહીં બતાવે છે. ત્યારે વિકાર કર્મોનો છે, તેમ કહેવાય છે. બન્ને વાતને બરાબર સમજીને નક્કી કરવું. બન્ને પડખાંને બરાબર જાણે તો યથાર્થ જ્ઞાન થાય.

આત્મા પરમાર્થે ચૈતન્ય, ધ્રુવ, અભેદ છે, ભેદપરિણામવાળો આત્મા હોઈ શકે નહિ. તો પછી દયા-દાનાદિના પરિણામવાળો જીવ કેમ કહેવાય? વસ્તુની સ્થિતિમાં બીજું શું હોઈ શકે? ચૈતન્ય ધ્રુવ એવા આત્માના આશ્રયે જે પરિણામ થાય તેને જ આત્મા કહેવાય. જેમાં સુખ અને મોક્ષમાર્ગ પ્રગટે તેને જ આત્મા કહેવાય, પણ વિકાર થાય તેને આત્મા કહેવાય નહિ. નબળાઈ આત્મપદાર્થમાં છે જ નહિ. નબળાઈ વર્તમાન પર્યાયની છે, તેને અહીં જડ કહી છે.

ટીકા :—આ અધ્યવસાનાદિ બધા ભાવોને ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ કહ્યા છે. અહીં વ્યવહાર છે તે અભૂતાર્થ છે, તેમ કહીને આત્મામાં તેનો અભાવ કહ્યો છે. સંસાર અર્થાત્ આત્મામાં જે મિથ્યાત્વ, અવ્રત,

પ્રમાદ, કષાય, યોગ આદિ ભાવો થાય છે, તેને સર્વજ્ઞદેવે જડ કહ્યો છે, કેમકે તે આત્મા હોય અથવા આત્માના આશ્રયે થતો હોય તો કાયમ રહેવો જોઈએ, કોઈ દિવસ નાશ થાય જ નહિ, પણ તેમ બનતું નથી, માટે સંસાર અને જડ એકમેક છે. જેમણે જગતના બધા પદાર્થોને એક સમયમાં જાણ્યા છે, તેઓ કહે છે કે વિકારાદિ પરિણામો જડ પુદ્ગલમય છે, તે આત્માની અવસ્થા નથી. પ્રવચનસારમાં તો વિકાર આત્માની અવસ્થામાં થાય છે તે નક્કી કરાવીને તે સ્વભાવના નથી, એમ બતાવે છે. અહીં તેને પુદ્ગલદ્રવ્યના પરિણામ કહ્યા છે.

ક્ષણિક પર્યાયમાં વિકાર થાય છે, પણ ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી, એટલે પર્યાય ક્ષણિક છે અને સ્વભાવ તે ક્ષણિક નથી. તેમ ત્રિકાળ ઉપર વજન વધી જતાં રાગ થતો જ નથી. પણ દ્રવ્ય-ગુણ-પર્યાય જે જ્ઞેય છે તેને જાણે છે. જ્યારે દ્રવ્ય-ગુણ નિત્ય, શુદ્ધ અને પર્યાયમાં ક્ષણિક વિકાર છે, એમ જાણે છે ત્યારે જ્ઞાન સ્વભાવ તરફ ઢળતું, શુદ્ધ થતું, વિકારને વિકારરૂપ જાણતું, દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્વજ્ઞેય તરીકે જાણે છે, તે રીતે પ્રવચનસારનું કથન છે.

અહીં તો દ્રષ્ટિની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી, પરના લક્ષે ઉત્પન્ન થયેલો હોવાથી આત્મા નથી, પણ જડ છે—એમ કહેવું છે. તેથી તે વિકારીભાવ કે જે એક સમયની પર્યાય છે, તે ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ થવાને સમર્થ નથી. કોઈ વિકાર કે પુણ્યની પર્યાયમાં કે નિમિત્તમાં તાકાત નથી કે તે સ્વભાવને પ્રગટ કરી શકે. કેવળજ્ઞાનની પર્યાયમાં સામર્થ્ય નથી કે બીજી પર્યાયને પ્રગટ કરી શકે અને વળી કેવળજ્ઞાનની પર્યાય વર્તમાનમાં નથી તેથી તેના લક્ષે પણ સ્વભાવ પ્રગટે નહિ.

આત્મામાં પુણ્ય-પાપાદિ ભાવો જે કર્મના નિમિત્તે થાય છે, તેને ભગવાન તીર્થંકરદેવની વાણીમાં પુદ્ગલમય કહેવામાં આવ્યા છે, કેમકે તેના આશ્રયે ધર્મ કે શાંતિ થતી નથી અને તેથી તે વિકારી ભાવો ત્રિકાળી ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવાને સમર્થ નથી. વિકારો આત્માને શરણભૂત નથી. ભેદના વિકલ્પો અભેદ ચૈતન્ય દ્રવ્યમય થવાને સમર્થ નથી. ભેદમાં અભેદરૂપ થવાની તાકાત નથી.

તે અભેદ જીવદ્રવ્ય કેવું છે? ચૈતન્યભાવથી રહિત એવા પુદ્ગલથી જુદું છે, વિકારાદિ ભાવો ચૈતન્યભાવથી શૂન્ય છે. તેથી તે ભાવોથી ચૈતન્યદ્રવ્ય જુદું છે.

કોઈ અજ્ઞાની પુણ્ય-પાપના પરિણામને જીવ કહે છે અને તેનાથી આત્માને શાંતિ અને ધર્મ થાય—એમ માને છે. તેને જ્ઞાનીઓ સત્યવાદી કહેતા નથી. પુણ્યથી અત્યારે ધર્મ થાય અથવા નવાં પુણ્ય કરીશું તો ધર્મ થશે એમ માનનાર

પરમાર્થવાદી નથી. વિકારાદિને આત્મા માને છે, તેમનો પક્ષ બાધાવાળો છે, તેમ આગળ યુક્તિ અને સ્વાનુભવથી સિદ્ધ કરે છે.

પ્રથમ તો અધ્યવસાનાદિ વડે વીતરાગ થવાય, પુણ્યથી ધર્મ થાય, કે ક્ષયોપશમભાવથી ક્ષાયિકભાવ થાય એમ કોઈ કહેતો હોય તો, તેની વાત આગમ, યુક્તિ અને અનુભવથી બાધિત છે. કેમકે એક સમયની તાકાત નથી કે તે ત્રિકાળી સ્વભાવમય થઈને રહે. તે વિકારાદિ જીવદ્રવ્ય નથી. જીવદ્રવ્ય તો ચૈતન્યસ્વભાવમય છે. એવું આ સર્વજ્ઞનું વચન છે, એટલે ભગવાન એમ જ કહે છે, તે આગમની વાત કહી. હવે સ્વાનુભવગર્ભિત યુક્તિની વાત આઠ બોલથી કહે છે.

(૧) શરીર કે કર્મ તો જીવ છે જ નહિ, પણ આત્મામાં થતા વિકારી ભાવો જે જીવ જેવા લાગે છે તે પણ જીવ નથી. સોનામાં ધૂમાડો દેખાય તે સોનું નથી. અજ્ઞાનીએ કોલસો અને કાળપ (કાલિમા)નું દ્રષ્ટાંત આપ્યું હતું પણ અહીં યુક્તિ આપી છે કે સોનામાં તેજાબ કાઢે ત્યારે ધૂમાડો દેખાય છે તે સોનું નથી. તેવી રીતે જ્ઞાનસ્વભાવ જેનું રૂપ છે એવા આત્માને ભેદજ્ઞાનીઓ રાગ-દ્વેષરહિત અનુભવે છે. જેમ સોનામાં ધૂમાડો નથી તેમ આત્મામાં રાગ-દ્વેષ ભર્યા નથી, નવા કરે તો થાય છે, માટે પર્યાયમાં વિકારરૂપે થવું તે કાંઈ આત્માનો સ્વભાવ નથી.

જ્ઞાનસ્વભાવી જીવ ભેદજ્ઞાનીઓ દ્વારા સ્વયં ઉપલભ્યમાન છે, પણ રાગ-દ્વેષ સ્વયં ઉપલભ્યમાન નથી તે યુક્તિ અને અનુભવથી કહ્યું.

# પ્રસાદ નં. ૧૭

## સમયસાર ગાથા ૪૪ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક સુદ ૧૫, ૨૦૦૭)

અનાદિકાળથી આ આત્મા કોણ છે તેને જાણ્યા વગર અજ્ઞાની ક્યાંક આત્મા માની રહ્યો છે. કોઈ તો પુણ્ય-પાપાદિ પરિણામો જે આત્મામાં થાય છે તેને જ આત્મા માને છે, પણ તે વિકારી ભાવો આત્મા નથી. જેમકે ખીચડીમાં કાળી વરાળ અને ઠરતી વખતે-પાછળથી ધોળી વરાળ નીકળે છે, તે કાંઈ ખીચડી નથી. તેમ આત્મામાં કામક્રોધાદિના ભાવો થાય છે તે પાપભાવો છે, કાળી વરાળ જેવા છે. અને દયાદાનાદિના ભાવો છે તે પુણ્યભાવો છે, ધોળી વરાળ જેવા છે, તે બન્ને મલિનતા છે, પણ આત્મા નથી.

અજ્ઞાની જીવ વિકારને જ આત્મા માને છે, તેને ધર્મ થતો નથી. આત્મામાં શુભ-અશુભ ભાવો થાય તે હું નહિ, હું તો જ્ઞાતા ચૈતન્યસ્વભાવવાન છું—એમ જ્ઞાની માને છે. વિકારથી લાભ થાય તેમ તે માનતો નથી. પરપદાર્થથી એટલે વિકારથી આત્મા જાગૃત થાય નહિ, પણ જ્ઞાન ચૈતન્યથી આત્મા જાગૃત રહે છે. શુભભાવ તે સાધન નથી, જ્ઞાનનો ગાંગડો આત્મા તે સાધન છે. અશુભથી બચવા માટે શુભભાવ થાય ત્યારે તેના નિમિત્તો પણ હોય છે ખરા પણ તે શુભભાવ અને નિમિત્તો આત્મા નથી, અને તેનાથી આત્મા જાગૃત થતો નથી, કેમકે શુભાશુભભાવો તે મલિન પરિણામ છે અને આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે.

(૨) અનાદિ જેનો પૂર્વ અવયવ છે. દયા પાળું, ભક્તિ કરું તે ભાવ શુભરાગની ક્રિયા છે અને પાપભાવ તે અશુભની ક્રિયા છે. તે આત્માનું સ્વરૂપ નથી. તે વિકારરૂપે ક્રીડા કરતું કર્મ છે પણ આત્મા નથી. તે રાગ તે મારો છે—એમ માનનારને અનંતકાળ સુધી વિકારની ક્રિયા રહેવાની છે. અનાદિ અનંત એવા આત્મસ્વભાવને ભૂલીને રાગની ક્રિયામાં અનાદિ-અનંતપણું માની રહ્યો છે. અજ્ઞાની પોતાની ચૈતન્યરૂપ ક્રિયા છે તે ભૂલીને સંસરણરૂપ ક્રિયાને આત્માની ક્રિયા માને છે.

અનાદિથી શુભાશુભ ક્રિયાથી રહિત આત્માની શુદ્ધ ક્રિયાને જાણ્યા વગર વ્રત, તપાદિની ક્રિયા અજ્ઞાનીએ અનંતવાર કરી છતાં તેને ધર્મ થયો નહિ. આત્માને જાણ્યા વગર ઉત્કૃષ્ટ શુભની ક્રિયા કરે તે પણ 'રણમાં પોક' જેવું છે. તે પોકને કોઈ સાંભળે નહિ અને નકામી જાય છે. તેમ આ ક્રિયાથી એક અંશ પણ ધર્મ થતો નથી, એટલે નકામી જાય છે. વિકારરૂપે ક્રીડા કરતું કર્મ તે જ હું છું પણ હું આત્મા જુદો છું—એ વાત અજ્ઞાનીને બેસતી નથી.

'કર્યું અને કરશું' એવું જ અજ્ઞાનીને ભાસે છે પણ તેનાથી જુદો આત્મા છે તે ભાસતો નથી. ત્યાગના ભાવ અને ભોગના ભાવ બન્ને રાગ છે. તેનાથી જુદો આત્મા

ચૈતન્યમય છે તે તેને જણાતો નથી, સંસરણની ક્રિયા તે આત્મા નથી, એમ કેવળજ્ઞાની કહે છે, કેમકે કર્મથી એટલે ક્રિયાકાંડના રાગથી આત્મા જુદો છે. જીવ જાણનાર-દેખનાર છે તેની મીટ માંડે અને અંતર ઓળખાણ કરે તો સમજાય એવો છે, પણ જ્યાં સુધી તેનું ભાન ન કરે ત્યાં સુધી ધર્મ થાય નહિ. જ્ઞાનીઓ સંસરણપણે થતી રાગની ક્રિયાથી જુદો આત્માને અનુભવે છે, આચાર્યદેવ પણ પોતે અનુભવે છે, પણ કથનમાં એમ જ કહેવાય કે જ્ઞાનીઓ ક્રિયાથી જુદો આત્માને પ્રત્યક્ષ અનુભવે છે.

આ વાત ધર્મની શરૂઆત કેમ થાય તેની ચાલે છે. દયા, દાનાદિના ભાવો તે પુણ્ય તત્ત્વ છે અને કામક્રોધાદિના ભાવો પાપતત્ત્વ છે, તેનાથી રહિત, ચૈતન્ય આત્મા તે જીવતત્ત્વ છે, તે જાણે તો સંવર થાય છે પણ બાહ્ય સામાયિક કરી તે સંવર તત્ત્વ નથી અને દાન કરવું તે પુણ્યતત્ત્વ નથી. છતાં અજ્ઞાની તેને સંવર અને પુણ્યતત્ત્વ માને છે. અનાદિકાળથી ક્રિયા અનંતી કરી છે પણ આત્માનું ભાન કર્યું નથી માટે સંવર કે ધર્મ થયો નથી. આત્માને જાણવાથી અપૂર્વ ક્રિયા થાય તે જ ધર્મ છે.

નવ તત્ત્વમાં, આત્મા એક જીવતત્ત્વ છે, જડ અજીવ તત્ત્વ છે, બાકીના સાત તત્ત્વો તે તેની પર્યાયો છે, તેમ જાણે તો વિકલ્પથી આત્મા સમજાય અને રાગ જેટલો હું નહિ, હું તે રાગ નહિ, એમ માને તો અનેકાંત થાય. જ્ઞાનીઓ રાગરહિત ચૈતન્ય સ્વભાવને અનુભવે છે.

(૩) તીવ્ર મંદ કષાય તે જ આત્મા છે—તેમ અજ્ઞાની માને છે. સાંભળવા બેઠા હોઈએ તો શુભરાગ થાય, ઘેર જઈએ તો પાછો અશુભરાગ થાય છે, તે તીવ્ર મંદથી જુદો આત્મા અમોને જોવામાં આવતો નથી. તીવ્ર- મંદ રાગથી જ આત્મા જણાય છે. તે પુણ્ય-પાપનો અંત આવતો નથી, રાગના રસની આકુળતાથી એક પછી એક તેનો પ્રવાહ ચાલ્યા જ કરે છે—તે જ આત્મા છે. જ્ઞાની કહે છે કે તે આત્મા નથી.

ભક્તિ વખતે ઉલ્લાસ આવી જાય તો તીર્થંકર નામકર્મ બંધાય—એમ અજ્ઞાની માને છે પણ આત્મા અનંતી વખત સમવસરણમાં ગયો ત્યારે એવી ભક્તિ તો કરી છે પણ આત્મા કોણ છે, તેને જાણ્યો નથી, તેથી ધર્મ થયો નથી. રાગ તો ઘણો કર્યો હતો તો તેનાથી મુક્તિ થવી જોઈએ, પણ મુક્તિના ભણકારા બીજી જાતના હોય છે, તેની અજ્ઞાનીને ખબર નથી. ઝેર ખાતાં ખાતાં અમૃતના ઓડકાર આવે નહિ, તેમ તીવ્ર-મંદ રાગ તે વિકાર છે, તે કરતાં કરતાં આત્માનું અમૃત પ્રાપ્ત થાય નહિ.

જેમ હીરાનો અજાણ માણસ નદીના ધોળા ચકમકાટવાળા પત્થરને હીરા માનીને તેમાંથી કિંમત લેવા માગે અને કોઈ ઝવેરી પાસે તે પત્થર લઈને જાય, તો તેથી તેને હીરાની કિંમત મળે નહિ પણ ઊલટી તેની કિંમત થાય કે આ મૂર્ખો છે. તેમ આત્માનો અજાણ આત્માનો ધર્મ કોઈ શરીરની ક્રિયામાં કે શુભની ક્રિયામાં શોધવા જાય તો તેમાં મળે નહિ પણ ઊલટો ચારગતિરૂપ સંસારમાં રખડે. અનાદિકાળનો અજ્ઞાની તીવ્ર-મંદ રાગને જ આત્મા માને છે, તેને તીર્થંકરો અને કેવળીઓ કહે છે કે તે વિકારની સંતતિથી જુદો, જાણવા-દેખવાવાળો આત્મા છે, તેવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે તો ધર્મ થાય તેમ છે, એમ જ્ઞાનીઓ અનુભવ કરે છે.

(૪) અજ્ઞાની શરીરને જ આત્મા માને છે. શરીરની નવી-જૂની અવસ્થા તે જ આત્મા છે. બાળપણમાં મૂર્ખતા, યુવાનપણામાં ભોગની ઇચ્છા અને વૃદ્ધપણામાં રોગ આદિ થાય એમ માનનાર શરીરને જ આત્મા માને છે. 'સાઠે બુદ્ધિ નાઠે' અથવા જુવાનીમાં ધર્મ ન થાય પણ વૃદ્ધાવસ્થામાં ધર્મ થઈ શકે તેમ માનનાર પણ શરીરને જ આત્મા માને છે. આઠ વર્ષનો બાળક હોય તે કેવળજ્ઞાન પામે છે અને વૃદ્ધાવસ્થામાં ઘણા ધર્મ કરતા નથી. માટે આત્માના ધર્મને માટે શરીરનો આધાર નથી, કેમકે શરીર તે આત્મા નથી. જ્ઞાનીઓ શરીરથી જુદા એવા ચૈતન્યસ્વભાવમય આત્માને પ્રત્યક્ષ અનુભવે છે.

# પ્રસાદ નં. ૧૮

## સમયસાર ગાથા ૪૪ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૧, ૨૦૦૭)

અધ્યવસાનાદિથી ચૈતન્યસ્વભાવી આત્મા જુદો છે. તે ચાર બોલથી કહ્યું. તેમાં ચોથા બોલમાં એમ આવ્યું હતું કે શરીરની નવી જૂની અવસ્થા તે આત્મા નથી.

આઠ વર્ષનો બાળક કેવળજ્ઞાન પામી શકે છે અને છ વર્ષનો બાળક કેવળજ્ઞાન પામી શકતો નથી, તેમાં છ વર્ષના બાળકના આત્માની યોગ્યતા કેવળજ્ઞાન પ્રગટ કરવાની નથી એથી કેવળજ્ઞાન પામતો નથી, પણ શરીર છ વર્ષનું છે માટે કેવળજ્ઞાન પામતો નથી, એમ નથી. અને સ્ત્રીનો દેહ મળ્યો છે માટે સ્ત્રીના આત્માને કેવળજ્ઞાન થતું નથી, એમ નથી. એ આત્માની યોગ્યતા જ એવી છે. શરીરના કારણે મૂર્ખતા, વિકારતા અને શાંતતા થાય—એમ માનનાર મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે.

શરીરમાં રોગ હોય તો ધર્મ ન થઈ શકે, નીરોગ થાય તો ધર્મ થઈ શકે—એમ માનનાર શરીરને જ આત્મા માને છે. ધર્મીનું લક્ષ આત્મા ઉપર હોય છે, શરીર ઉપર હોતું નથી; કેમકે શરીર લઠ જેવું હોય પણ પાપભાવ કરે તો નરકે જાય છે અને શરીર નિર્બળ હોય, રોગવાળું હોય પણ મંદ કષાય કરે તો દેવલોકમાં જાય છે. શરીરના આધારે આત્માની પર્યાય નથી, બીજાની પર્યાયથી બીજાની અવસ્થા થાય, તેમ માનવું તે મિથ્યાત્વ છે.

શરીરમાં વધારે ખવાયું માટે પ્રમાદ થાય છે અને ચાપાણી બરાબર પીધા નથી માટે વ્યાખ્યાનમાં મજા આવતી નથી—એમ માનનાર શરીરને જ આત્મા માને છે. પણ શરીરથી જુદા ચૈતન્યસ્વભાવી આત્માને તેઓ જાણતા નથી. શરીરની જીર્ણતા કે પુષ્ટતા આદિ અવસ્થાથી જુદા ચૈતન્યસ્વભાવમય આત્માને જ્ઞાનીઓ અનુભવે છે.

(૫) આ સમસ્ત જગતને વિષે અજ્ઞાની જીવો પુણ્ય-પાપરૂપે વ્યાપવું તેને આત્મા માને છે. એકેન્દ્રિયથી માંડીને સર્વાર્થસિદ્ધિના દેવ સુધીના બધા સંસારી જીવોને પુણ્ય-પાપ હોય છે, તેને તેઓ આત્મા માને છે. પણ પુણ્ય-પાપરૂપે વ્યાપવું તે જીવનો સ્વભાવ જ નથી. આત્મા ચૈતન્યસ્વભાવમય છે તેને વર્તમાન શુભાશુભભાવ થાય તે જીવ જ નથી. તેના આશ્રયે આત્માનો ધર્મ કે જ્ઞાન થતાં નથી.

પુણ્ય-પાપ તો કર્મનો વિપાક (ફળ) છે, તે આત્માનો વિપાક નથી. મિથ્યાદ્રષ્ટિ જીવ વર્તમાન પર્યાયને જ આત્મા માની રહ્યો છે પણ તે આત્મા નથી. તાત્ત્વિક આત્મા તો ચૈતન્યમય છે. તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તે ભાવ અથવા જે ભાવે નિગોદનો ભવ થાય તે ભાવ કર્મનો વિપાક છે, તે જીવ નથી. તીવ્ર કષાય કે મંદકષાય થાય તે બધા ભાવો કર્મનો વિપાક છે, તે જીવ નથી. તેને કોઈ જીવ માને અથવા તેનાથી શરણ માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

જાત્રા કરવામાં હજારો માણસો ભેગા થાય તેમાં કાંઈ ધર્મ નથી. ડુંગરને દેખવાથી તો ધર્મ નથી થતો પણ તેના લક્ષે મંદ કષાય થાય તેનાથી પણ ધર્મ થતો નથી. આત્મા તો પુણ્ય-પાપના વિપાકથી જુદો છે એ નાસ્તિ થઈ અને ચૈતન્યસ્વભાવી છે તે અસ્તિ થઈ; તેમ કર્મનો વિપાક છે ખરો તે અસ્તિ થઈ, પણ તે જીવ નથી તે નાસ્તિ થઈ, તેમ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંત ચાર પ્રકારે કહ્યું.

જેમ તપેલામાં મેલ ચોંટેલો છે તેમ આત્મામાં અનાદિકાળથી કર્મ ચોંટેલા છે, તે દાન કરવાથી અને બાહ્ય તપાદિ કરવાથી ઊખડી જાય એમ અજ્ઞાની માને છે, તે સત્ય નથી કેમકે કર્મ અને આત્મા બન્ને જુદાં છે. તપેલાંમાં મેલ પેઠો જ નથી, કેમ કે તે તો બહારની વસ્તુ છે. તપેલું તો પિત્તળનું છે તેવા જ્ઞાન વડે મેલનો અભાવ થાય છે. તેમ આત્મા, એક ચૈતન્યધાતુ છે, તે વિકારમાં એકમેક થયો જ નથી. વિકાર ચૈતન્યમાં છે જ નહિ એ દ્રષ્ટિના જોરે કષાયરૂપી મેલનો નાશ થાય છે. ત્રિલોકનાથ ચૈતન્યસ્વભાવ અહીં બિરાજે છે તેની રુચિ કરે—એકતા કરે, તે જીવ છે.

(૬) શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે બધા તીવ્રમંદપણારૂપ ભાવો તે વડે ભેદરૂપ થતો કર્મનો અનુભવ તે જીવ નથી. હરખ શોકરૂપ ભાવ થાય તે જીવ નથી, કેમકે સુખ-દુઃખની કલ્પનાથી જુદો ચૈતન્યસ્વભાવ તે જીવ છે. શરીરમાં રૂંવાડે રૂંવાડે કીડા પડે અને કદાચ શાતાના ઉદયે શરીર રૂષ્ટ પુષ્ટ હોય તો તેમાં હરખશોક થાય તે જીવ નથી, તે આત્માને શરણભૂત નથી. નરકગતિમાં અશાતાના ઉદયે જે દુઃખ થાય તે તેનો આત્મા જાણે છે અને બીજા કેવળી ભગવાન જાણે છે અને ચક્રવર્તીની સાહ્યબી વખતનો હરખ હોય—આમ અનુકૂળતામાં હરખ અને પ્રતિકૂળતામાં શોક તે બન્ને કલ્પના છે. તેમાં ચૈતન્ય ભેદરૂપ થતો કર્મનો જ અનુભવ કરે છે, તે જીવ નથી. સુખદુઃખથી જુદો ચૈતન્યસ્વભાવ જ્ઞાનીઓ વડે અનુભવાય છે, તે જીવ છે. જીવ તત્ત્વ જ જીવને શરણભૂત છે, સુખદુઃખનો અનુભવ તે જીવને શરણભૂત નથી.

સંસારમાં એક પછી એક બિમાર પડે, પહેલા પોતે, પછી સ્ત્રી, પછી છોકરો—એમ વર્ષ બે વર્ષ ખાટલો ઊપડે નહિ. તે અશાતાના ઉદયમાં શોક થાય છે અને કદાચ શાતાનો ઉદય હોય અને કોઈ બિમાર જ ન થાય, બહારની અનુકૂળતા

વર્તતી હોય તેમાં હરખ કરે, તે બન્ને જીવ નથી. જીવ તો ચૈતન્ય સ્વભાવમય છે તે જ્ઞાનીઓ વડે અનુભવાય છે.

(૭) શિખંડમાં ખાંડ અને દહીં ભેગાં હોય છે, તેમ કર્મ ને આત્મા ભેગાં મળેલાં છે, તે જીવ છે એમ અજ્ઞાની માને છે. તેને કહે છે કે કર્મથી જુદો ચૈતન્યસ્વભાવી આત્મા છે. વિકાર થાય છે આત્મામાં પણ કર્મ એનું નિમિત્ત છે તો થાય છે—એમ બન્ને ભેગાં થઈને થાય છે એમ અજ્ઞાની તેને આત્મા માને છે, પણ તે આત્મા નથી.

અહીં તો વિકાર થવાની યોગ્યતા અને કર્મના નિમિત્તને એક ગણીને તે બન્ને આત્મા નથી, એમ કહ્યું છે. અશુદ્ધ ઉપાદાન મારું છે પણ કર્મ નિમિત્ત છે તો વિકાર થાય છે, એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. વિકાર અને કર્મને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે ખરો, પણ તે આત્મા નથી.

વિકારમાં, થોડા ટકા અમે કરીએ, થોડા ટકા કર્મ કરે—એમ છે જ નહિ. વિકારની યોગ્યતા છે એમ જે કહ્યું છે તે તો અભાવ કરવા માટે કહ્યું છે, પણ રાખવા માટે કહ્યું નથી. વિકાર અને કર્મનું મિશ્રપણું અજ્ઞાનીને દેખાય છે પણ તે તાત્ત્વિક આત્મા નથી. આત્મા તો સંપૂર્ણપણે જુદો છે. આત્મા સમસ્તપણે જુદો છે. એમાં આશય એ છે કે અજ્ઞાની ભાવકર્મ અને જડકર્મ એમ બેપણું માનતો હતો, અહીં તો એ બન્નેનું એકપણું જ છે, એટલે બન્ને જડ છે, તેનાથી જુદો ચૈતન્ય સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે અનુભવાય છે.

# પ્રસાદ નં. ૧૯

## સમયસાર ગાથા ૪૪ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૨, ૨૦૦૭)

કેટલાક એમ માને છે કે શિખંડની જેમ આત્મા અને કર્મ બન્ને મળેલાં છે. વળી કર્મનો સંયોગ અનાદિનો છે માટે કાયમ રહે તેમ અજ્ઞાની માને છે. તેને આત્માના સ્વભાવ દ્વારા કર્મનો સંબંધ છૂટી જાય છે તે વાત બેસતી નથી.

પ્રવચનસારમાં ગાથા ૯૭માં જ્ઞાન બધાને જાણનારું છે તેમાં વીતરાગતા થાય છે એમ કહ્યું છે અને અહીં કર્મ અને આત્મા બન્ને ભેગા છે તે આત્મા નથી એમ કહ્યું છે. તે વાતનો મેળ એમ છે કે :–

જ્ઞાન બધાને જાણનારું છે એમ માને તો બધાને જાણે છે તે સાચું જ્ઞાન કહેવાય. મારો સ્વભાવ જાણવાનો છે, એમ કહેતાં જ, પર્યાયમાં રાગ-દ્વેષ થાય તે મારો સ્વભાવ નથી. કર્મ તરફના વલણની યોગ્યતા મારામાં નથી—એમ ચૈતન્યની એકતા થતાં રાગની એકતા તૂટતી જાય છે ને ચૈતન્યસ્વભાવની પ્રતીતિ થાય છે. એટલે જગતના બધા પદાર્થો જેમ છે તેમ હું જાણનારો છું પણ પરનો ઉત્પાદક કે કર્તા નથી, અહીં દર્શન પ્રધાનથી વાત છે એટલે કર્મ અને તેના લક્ષે થતો વિકાર તે પણ આત્મા નથી, તેમ લીધું છે.

આત્માને કર્મનું વલણ અનાદિનું છે માટે છૂટે નહિ અને કર્મો ઉદય આવે ત્યારે એકવાર તો જોડાવું પડે જ, તેમ કહેનાર શિખંડની જેમ કર્મ અને આત્માને એક જ માને છે, જડ ચેતનને એક જ માને છે, તાત્ત્વિક આત્માને જાણતો નથી, ચૈતન્યધામ ક્યાં છે અને ધર્મ કેમ થાય તે જાણતો નથી. તેને કહે છે કે તે બન્ને મળેલાં જીવ નથી. કર્મનો ઉદય આવે ત્યારે આત્માને જોડાવું જ પડે એવો તેનો સ્વભાવ જ નથી. તેનાથી જુદો જાણવા-દેખવારૂપ, કર્મની ઉપાધિ ટાળવારૂપ સ્વભાવમાં ઢળે તે આત્મા છે. મોહનીયકર્મ તો આત્મામાં છે જ નહિ, પણ મિથ્યાભ્રાંતિની યોગ્યતા પણ આત્મામાં નથી. જેણે યોગ્યતા સ્વીકારી તેણે અંશ સ્વીકાર્યો પણ ત્રિકાળી સ્વભાવને તે સ્વીકારતો નથી.

વર્તમાન પર્યાયમાં પર તરફના વલણનો ભાવ થાય છે તે પરમાં જાય છે. ત્રિકાળી સ્વભાવ તરફ ઢળતાં, અંશબુદ્ધિનો સ્વીકાર રહેતો નથી અને ગુણગુણી સાથે અભેદ થતાં, સ્વયં જ્ઞાનીઓ વડે ચૈતન્યસ્વભાવ અનુભવાય છે.

(૮) અજ્ઞાનીએ કહ્યું હતું કે આઠ લાકડાંથી ખાટલો જુદો જોવામાં આવતો નથી. તેમ આઠ કર્મોની ક્રિયાથી આત્મા જુદો દેખાતો નથી. તેને કહે છે કે આઠ

લાકડાંના ખાટલાથી તેમાં સૂનારો જુદો છે, તેમ આઠ કર્મોની અર્થ ક્રિયાથી આત્મા જુદો છે.

શરીરમાં લોહીનું ફરવું, શરીરનું ચાલવું, શ્વાસ ચાલવો, શરીરની કાંતિ, વધુ-ઓછું જાણવું એ આઠ કર્મના ઉદયનું ફળ છે. તે બધુ આત્મા છે તો થાય છે તેમ અજ્ઞાની માને છે. તેને કહે છે કે આઠ કર્મની ક્રિયાને તું આત્મા માને છે, પણ તે ચૈતન્યસ્વભાવ નથી. આત્મા તો તેનાથી જુદો, જડના અવલંબન વગરનો, કર્મથી નિરપેક્ષ ચૈતન્યસ્વરૂપી છે. ચૈતન્યસ્વભાવ તો આઠ કર્મ અને તેના તરફના વલણની યોગ્યતાથી ત્રણે કાળે જુદો છે, તેમ જ્ઞાની પ્રત્યક્ષ અનુભવે છે. અગિયારમા ગુણસ્થાનેથી કર્મના ઉદયને કારણે પડે છે, તેમ અજ્ઞાની માને છે, પણ આત્મા કર્મના કારણે પડતો નથી, અને વર્તમાન પર્યાયની યોગ્યતા પડવાની છે તે આત્મા નથી. પર્યાયની યોગ્યતાની રુચિ છોડી સ્વભાવની રુચિ કરવી તે સમ્યગ્દર્શન છે.

વર્તમાન પર્યાયમાં વિકારની યોગ્યતાને ગૌણ કરીને સ્વભાવને મુખ્ય કર્યો છે, કેમકે અહીં દ્રષ્ટિનો વિષય છે, તેથી યોગ્યતા તે સ્વભાવ નથી એમ કહ્યું છે.

ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિને કર્મના ઉદયને કારણે નરકમાં જવું પડે છે, કેમકે ક્ષાયિક સમકિત થયા પહેલાં તેમણે નરકનું આયુષ્ય બાંધ્યું હતું, તેમ અજ્ઞાની કહે છે. તેને જવાબ આપે છે કે સમ્યગ્દ્રષ્ટિ નરકમાં પણ આત્માનો અનુભવ કરે છે, ત્યાં પણ તે આત્મા તો આત્માના ક્ષેત્રમાં જ છે, નરકના ક્ષેત્રમાં રહેવાની યોગ્યતા છે તે પણ સ્વભાવ નથી. જે યોગ્યતાને એટલે અંશને માને છે તે ત્રિકાળી સ્વભાવને માનતો નથી, તે મિથ્યાદ્રષ્ટિ છે. સ્વર્ગ-નરકની યોગ્યતા ઉત્પન્ન કરે તેવો આત્માનો સ્વભાવ જ નથી. વર્તમાન લાયકાત છે એમ કહેતાં જ તેનો મૂળ સ્વભાવ નથી, એમ જ્ઞાની પોતાના ચૈતન્ય સ્વભાવમાં હોય છે, તેઓ વિકારને સ્વીકારતા નથી.

ભાવાર્થ :–જાણવા-દેખવારૂપ જીવ, સર્વ ભાવોથી એટલે જડથી તથા કામક્રોધાદિરૂપ વિકારી ભાવોથી પણ જુદો છે. વિકારાદિની રુચિ છૂટી જવાથી અને સ્વભાવની રુચિ થયેલ હોવાથી જ્ઞાનીઓને તે આત્મા અનુભવગોચર છે. અજ્ઞાની ક્ષણિક અંશને અને પરને આત્મા માને છે તેવો આત્મા નથી. ચેતન કોઈ સંયોગથી ઉત્પન્ન થાય એવો અને કોઈથી નાશ થાય એવો નથી. કર્મના કારણે તે રખડે છે તેમ માનવું તે ભ્રમણા છે. શુભભાવ મારો છે અને તેનાથી ધર્મ થાય એમ અજ્ઞાની માને છે પણ ચૈતન્યસ્વભાવ મારો છે તેને માનતો નથી. શુભભાવ થાય તેને જાણવાની તાકાતવાળો છે, તેને ન જાણી શકે તો તે જ્ઞાનને માનતો નથી. રાગને જાણવો પણ તેનાથી ગભરાવું નહિ. વળી રાગથી લાભ થાય એમ પણ નથી. તેવી રીતે જ્ઞાની જ્ઞાનને અધિક (જુદો) જાણી આત્માને અનુભવે છે.

અહીં કોઈ કહે કે અડધી કલાકમાં આત્મા સમજાઈ જાય તેમ કહો, તો તેને કહે છે સંસારના જ્ઞાનમાં તો એમ કરતો નથી એટલે કે મુદત મારતો નથી કેમકે ત્યાં રુચિ પડી છે. સત્ય પુરુષાર્થ કરે તો આત્મા તો અડધી કલાકમાં સમજાય તેમ છે. પણ જેમ કાંટાની વાડમાં માણસ પડ્યો હોય અને તેને આખા શરીરે કાંટા વાગ્યા હોય તો તેને કાઢતા વાર લાગે છે, તેમ અહીં પણ મિથ્યા માન્યતાના ઉંધા લાકડાં કાંટાની જેમ ઘણાં ખોસ્યાં છે તેથી કાઢતાં વાર લાગે છે. અજ્ઞાનીને એની સ્વતંત્રતાની વાત પણ બેસતી નથી. અતર્મુખ દ્રષ્ટિ કરવી તે જ ધર્મ છે.

આ વાત વિરોધ કરનારને શાંતિથી સમજાવવી. કેમકે જેમ દૂધમાં ઊભરો આવે તો પાણી નખાય છે તેમ અહીં મીઠાશથી સમજાવવું, તે હવે કહે છે.

## કળશ ૩૪

હે ભવ્ય! તને નકામો કોલાહલ કરવાથી શું ફાયદો છે? હું શરીરનું કરું, પરનું કરી દઉં, તેવા સંકલ્પ વિકલ્પ તે કોલાહલ છે. ચૈતન્ય ભગવાન પરમાં રોકાય છે તેને કહે છે કે વિરમ. વિરમ. પર પદાર્થ તારે આધીન નથી અને પુણ્ય-પાપાદિના વિકલ્પો તે પણ કોલાહલ છે. તે તો ચૈતન્ય અંગારા ઉપર રાખ છે, તેનાથી વિરક્ત થા.

આત્મા જાણનાર-દેખનાર પ્રમાણ વસ્તુ છે, તેમાં પુણ્ય-પાપ નથી. તે નિશ્ચળ થઈને એકવાર જો. જો તો ખરો ! અનાદિકાળથી ચૈતન્યસ્વભાવ તને ખ્યાલમાં આવ્યો નથી. તેને જો અને વાસ્તુ કર કે આત્મા કોણ છે. પ્રથમ અભ્યાસ કર. અંતરમાં અનેક વૃત્તિ થાય છે, તેને ન જોતાં, એકરૂપ ચૈતન્યસ્વભાવ છે તેને નિશ્ચળ થઈને **છ મહિના અભ્યાસ કર,** એકવાર રુચિ કર, પછી સંસારની બધી રુચિ ટળી જશે. કર્મ મારામાં નથી એમ નક્કી કર. પૂર્વ કર્મ કર્યા છે તેના સામું ન જો. પરમાં ઘર માનીને રુચિ કરીને પડ્યો હતો, હવે આત્મામાં ધીરજ રાખીને જો. પોતે નિશ્ચળ થઈને જો, એમ કહ્યું છે, એટલે કોઈ બતાવી દે એમ નથી.

આમ કરવાથી તારા હૃદય સરોવરમાં, જેનું તેજ, પ્રતાપ, પ્રકાશ જે પુદ્દગલ દ્રવ્યથી ભિન્ન છે તેવા આત્માની પ્રાપ્તિ થાય છે કે નહિ? જરૂર થશે જ.

# પ્રસાદ નં. ૨૦

## સમયસાર કળશ ૩૪ના પ્રવચનમાંથી.

(કારતક વદ ૩, ૨૦૦૭)

ભાવાર્થ : જો પોતાના સ્વભાવનો અભ્યાસ કરે તો આત્માની પ્રાપ્તિ અવશ્ય થાય, પણ કર્મનો કે વ્યવહારનો અભ્યાસ કરે તો આત્માની પ્રાપ્તિ થાય, એમ કહ્યું નથી. ગાથા ૪૩માં કહેલા આઠ બોલના અભ્યાસથી પ્રાપ્તિ થાય નહિ, દયા દાનાદિ વ્યવહારના અભ્યાસથી આત્માની પ્રાપ્તિ થાય, એમ જેમ માને છે તે સ્વભાવના અભ્યાસથી પ્રાપ્તિ થાય, એમ માનતા નથી.

સંકલ્પ-વિકલ્પ તે કોલાહલ છે. તેનાથી સ્વરૂપનું કાર્ય થતું નથી. આઠ પ્રકારના બોલ તથા બીજા અન્ય પ્રકારના જેટલા છે, તે બધો અકાર્ય કોલાહલ છે, કેમકે એ ચૈતન્ય સ્વરૂપ નથી. જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો જરૂર આત્માની પ્રાપ્તિ થાય.

એક સાધારણ હીરાનું બરાબર જ્ઞાન કરવું હોય તો તેને ઊંડાણમાં જોવું પડે છે કે અંદર ડાઘ છે કે ચોક્ખો છે, ઉપરથી જુએ તો કામ લાગે નહિ. તેમ આ ચૈતન્યહીરો આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે તેનો ઉપર ટપકે અભ્યાસ નહીં કરતાં ઊંડાણથી એટલે અંતરંગમાં અભ્યાસ કરે તો આત્માની પ્રાપ્તિ જરૂર થાય. શાસ્ત્રનો અભ્યાસ અકાર્ય કોલાહલ છે. તેનાથી વિરમ. હે ભગવન્! પોતાના સ્વરૂપનો અભ્યાસ કર તો જરૂર આત્માની પ્રાપ્તિ થશે. બીજી માથાફોડ મૂકી દે. આને લખતાં આવડ્યું અને મને ન આવડ્યું, એ બધું અકાર્ય કોલાહલ છે. સ્વરૂપની દ્રષ્ટિ કર્યા વગર કાંઈ લાભ નથી.

વિદ્વાન થાય તો શાસ્ત્ર ફેરવે અને ત્યાગી થાય તો શરીરની ક્રિયામાં રોકાય, પણ તેથી આત્માની પ્રાપ્તિ થાય નહિ. ચૈતન્યસ્વરૂપ આત્માનો અભ્યાસ કરે તો જરૂર આત્માની પ્રાપ્તિ થાય, જો પરવસ્તુ હોય તો તેની પ્રાપ્તિ ન થાય કેમકે તે પોતાને આધીન નથી. પણ પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે. શરીરનું, લૌકિક ભણતરનું કે બહારનું કાંઈ કરવું હોય તો ન થાય, પણ આત્મા પોતાનું બધું કરી શકે છે.

પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે પણ ભૂલી રહ્યો છે, ચૈતન્ય પદાર્થ વિદ્યમાન પડ્યો છે. આડો અવળો ગયો નથી. પણ પર તરફના વલણમાં સ્વને ચૂકી ગયો છે, બહારનું વલણ છોડીને અંતરનું વલણ કરે તો પાસે જ છે. અહીં છ મહિના અભ્યાસનું કહ્યું છે, તેનો અર્થ એમ નથી કે એટલો અભ્યાસ કરીને પછી પાછું શરીરનું કામ કરીએ. જ્યાં સુધી સંસારની રુચિ રાખીને અભ્યાસ કરે ત્યાં સુધી

આત્મતત્ત્વ સમજાય નહિ. વળી છ મહિનાનું કહ્યું છે તો તેટલો જ કાળ લાગે, એમ નથી પણ બે ઘડીમાં પણ થઈ શકે તેમ છે. પ્રતીતિ તો અંતર્મુહૂર્તમાં જ થાય છે. પણ શિષ્યને બહુ કઠણ લાગતું હોય તો તેનો અહીં નિષેધ કર્યો છે. અકાર્ય કોલાહલ મૂકી દે તો છ મહિનાથી વધારે વાર લાગશે નહિ.

જંગલમાં જઈએ તો નિવૃત્તિ થાય એમ માનવું તે પણ અકાર્ય કોલાહલ છે. આત્માની નિવૃત્તિ કે પ્રવૃત્તિ કાંઈ પરમાં નથી. કોઈ ક્ષેત્ર કે બહારની પ્રવૃત્તિ આત્માને નડતી નથી. શહેર છોડીને જંગલમાં રહે તો માણસો કે જે ગણ્યા-ગાંઠ્યા છે તેનો સંયોગ બહારથી છૂટ્યો છે પણ શરીરના પરમાણુ અનંતા છે તેમાં ફેરફાર થાય તો તેને કાંઈ જંગલમાં રહેવાવાળો અટકાવી શકે નહિ. સંયોગ તો બધી જગ્યાએ છે. ખરેખર આત્મા તો સદા નિવૃત્તસ્વરૂપ જ છે. છ મહિના સંસારની રુચિપૂર્વકની પ્રવૃત્તિ ઘટાડે તો આત્માની નિવૃત્તિ સમજાય તેમ છે.

તો હવે પરક્ષેત્રની વાત મૂકી દઈને આત્મા મોજુદ છે તેની સામું જો. અને નિષ્પ્રયોજન કોલાહલ છોડી દે. આત્મામાં લાગવાથી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ. ॥૪૪॥

હવે શિષ્ય પૂછે છે કે અધ્યવસાનાદિ ભાવો જીવ નથી અને એક ચૈતન્યને જ જીવ કહ્યો પણ તે ભાવો તો કોઈ પ્રકારે ચૈતન્ય સાથે સંબંધ રાખનારા દેખાય છે, તો તેને પુદ્‌ગલના કેમ કહ્યા? લાકડાને કે ભીંતને તેવા ભાવો થતા નથી. મુનિ થવાનો ભાવ, જાત્રા કરવાનો ભાવ વગેરે ભાવો જીવને થાય છે, જડને થતા નથી. છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા? તેનો ઉત્તર :–

## ગાથા ૪૫

અન્વયાર્થ :–જે ભાવે આઠ પ્રકારનું કર્મ બંધાય, પુણ્ય કરે તો શાતા બંધાય અને પાપ કરે તો અશાતા બંધાય—તેથી તે બધા ભાવો કર્મ તરફના જોડાણવાળા હોવાથી જડ કહ્યા છે અને તેના ફળમાં એકાંત દુઃખ છે, શાંતિ નથી. આત્મામાં સુખ છે, કર્મના પાકમાં દુઃખ છે, એમ બે જ પ્રકાર લીધા છે. એટલે આઠે કર્મોના પાકમાં એકલા દુઃખનો જ પાક છે. આંબાના ઝાડમાંથી કેરી પાકે અને આકોલીયાંમાંથી આકોલીયાં પાકે; તેમ આત્મામાંથી શાંતિ પ્રગટે પણ આઠે કર્મો તરફના વલણમાં એકલું દુઃખ જ છે. ચાર અઘાતિ કર્મોના ઉદયમાં પણ અવ્યાબાધ સુખ નથી.

ટીકા : જીવમાં દયાદાનાદિના ભાવો તથા કામક્રોધાદિના ભાવો થાય તે બધી એક જ જાત છે. દયાદાનાદિના ભાવો અને શરીર બે એક જ છે. કારણ કે એક જ જાતના છે. તીર્થંકર પ્રકૃતિ જે ભાવે બંધાય તે ભાવ અને કર્મ તે એક જ જાતના છે. આત્માની ખાણમાં વિકાર ભર્યો નથી, તે તો આઠ પ્રકારનું કર્મ છે.

પ્રવચનસારમાં તો જ્ઞાન અપેક્ષાએ કથન છે. તેમાં સ્વજ્ઞેયનું જ્ઞાન કરાવતાં વિકાર પોતાની  પર્યાયમાં થાય છે—એમ જણાવ્યું છે, તે કાંઈ આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી—તેમ અહીં જણાવી કર્મના તે ભાવો છે તેમ કહ્યું છે. અધ્યાત્મગ્રંથમાં એક જ પ્રકારે–દ્રવ્યદ્રષ્ટિથી જ કથન હોય એમ નથી. પણ પર્યાયનું જ્ઞાન કરાવતાં રાગાદિભાવો પોતાની પર્યાયમાં થાય છે, તેમ પણ કથન હોય છે. સ્વભાવની દ્રષ્ટિ કરાવતાં તે ભાવો જડથી ઉત્પન્ન થાય છે, તેમ કહેવાય છે. તે બન્ને વાતને યથાર્થ સમજવી જોઈએ.

અહીં તો આઠે કર્મોના ઉદયથી થતા ભાવો એટલે જ્ઞાનદર્શનાદિની હીનતા વગેરે બધું આવે છે. માત્ર મોહનીયકર્મની વાત નથી પણ બધીં કર્મોના લક્ષે થતા ભાવો તે જડ છે, કેમકે અહીં શુદ્ધ ઉપાદાનની વાત છે; તેથી અશુદ્ધતા છે તે કર્મના કારણે છે એમ કહ્યું છે, અશુદ્ધ ઉપાદાનની વાત હોય ત્યારે આત્માની પર્યાયમાં તે ભાવો થાય છે તેમ કહેવાય છે. અહીં તો સ્વભાવ ત્રિકાળ, વિકાર રહિત છે, માટે તે જીવના નથી, એમ સર્વજ્ઞદેવનું વચન છે.

આઠ કર્મોનો પાક ફાલે છે ત્યારે તેના તરફના વલણથી પુણ્ય-પાપના પરિણામો થાય છે તે, ભગવાન આત્મા ચૈતન્ય ડુંગરમાંથી શાંતરસનાં ઝરણાં ઝરે છે તેનાથી વિલક્ષણ હોવાથી આકુળતાવાળા છે. ભગવાન આત્મામાં આકુળતા ભરી નથી, તેથી અધ્યવસાનાદિ ભાવો બધા આકુળતા અને દુઃખ છે.

પુણ્યથી પૈસો મળે અને પૈસાનો સદ્‌ઉપયોગ કર્યો અને આત્માને ધન્ય બનાવ્યો તેમ અજ્ઞાની માને છે એ બધો કર્મનો પાક છે, તે આકુળતા લક્ષણ દુઃખ જ છે.

અહીં તો પર પદાર્થની તો વાત જ નથી પણ સર્વાર્થસિદ્ધિના દેવનું આયુષ્ય જે ભાવે બંધાયું હોય તે ભાવ પણ દુઃખ જ છે. દયા દાનાદિ ભાવોથી ધર્મ થાય એમ માને અને સામ્યવાદ એટલે બધા સરખા થાય તો સુખ થાય એમ માને તે બધા વર્તમાન દ્રષ્ટિવાળા છે. તેમને એકાંત દુઃખ છે—સુખ બિલકુલ નથી.

# પ્રસાદ નં. ૨૧

## સમયસાર ગાથા ૪૫ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૪, ૨૦૦૭)

જીવ-અજીવનો વેશ ધારણ કરીને આવે છે તેને સમ્યગ્દ્રષ્ટિ યથાર્થ જાણી લે છે. આત્માની પર્યાયમાં પુણ્ય-પાપાદિના જે ભાવો થાય છે, તે મારી મૂળ ચીજ છે તેમ અજ્ઞાનીને ભ્રમ થાય છે. તે પુણ્ય-પાપાદિના ભાવો, જીવ ને કર્મના સંયોગે ઉત્પન્ન થયેલો સ્વાંગ છે. અનાકુળતા લક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી તે અધ્યવસાનાદિ દુઃખ છે. આત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદ છે. એનાથી ઊલટું તે દુઃખ છે. તેમાં આકુળતા લક્ષણવાળા અધ્યવસાન આદિનો સમાવેશ થાય છે.

આત્મામાં જેટલી અધ્યવસાનાદિની લાગણીઓ થાય તેનો દુઃખમાં સમાવેશ થાય છે. સ્ત્રી, પુત્ર, દાગીના આદિથી મને સુખ છે, તેનો તો દુઃખમાં સમાવેશ થાય છે જ, પણ દયા, દાનાદિના ભાવો પણ દુઃખ છે. તેનું લક્ષણ આકુળતા છે. જેમ કાંઈ ખાધું હોય અને ઊલટી થાય તેમાં સુખ હોય નહિ, તેમ શુભાશુભ ભાવો બધા ઊલટીરૂપ છે. સ્વભાવથી ઊંધી દશા છે, તેથી તેમાં સુખ હોઈ શકે નહિ.

સ્વભાવનાં જ્ઞાન, શ્રદ્ધા અને રમણતા તે સુખ છે. અધ્યવસાનાદિ ભાવો આત્માનું સુખ ઉપજાવનાર નથી. સ્વભાવનું વલણ તે આત્માનો માર્ગ અને કર્મ તરફનું વલણ તે દુઃખનો માર્ગ છે, એટલે અધ્યવસાનાદિનું લક્ષણ આકુળતા જ છે, તે ચૈતન્ય સાથે મેળવાળા હોવાનો અજ્ઞાનીને ભ્રમ ઉપજાવે છે.

શુભભાવ તે વિકાર છે, છતાં તે વિકારના કારણે પરંપરાએ મોક્ષ થશે એટલે કે ઝેર ખાતાં ખાતાં અમૃતનો ઓડકાર આવશે, વ્યવહાર કરતાં કરતાં પરંપરાએ એમાંથી સુખનો ઢગલો ઉત્પન્ન થશે—એમ અંતર્મુખ દ્રષ્ટિ ચૂકેલા અને પરમાં એકત્વબુદ્ધિવાળા જીવને તે શુભભાવો જીવના હોવાનો ભ્રમ ઉપજાવે છે. પણ જ્ઞાનીને સ્વભાવની મુખ્યતા હોવાથી વર્તમાન જે અલ્પ રાગ છે તેના ઉપર દ્રષ્ટિ હોતી નથી. જેમ પાંચ લાખની કમાણી થતી હોય તો પાંચ હજાર વ્યાજના ભરવા પડતા હોય તેના ઉપર વેપારીની દ્રષ્ટિ હોતી નથી. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિમાં તે ભાવો આત્માના ઘરના નથી, પણ કર્મના ઘરના છે, એમ જ્ઞાની જાણે છે.

અધ્યવસાનાદિ ભાવો ચૈતન્ય સાથે સંબંધ ધરાવવાનો અજ્ઞાનીને ભ્રમ ઉપજાવે છે પણ તે આત્માનો સ્વભાવ નથી, તે કર્મનો સ્વાંગ છે, આત્માનો સ્વાંગ

નથી. આત્માનો ખરો સ્વાંગ તો સિદ્ધ થવાનો છે. અહીં તો પરમાં અટકે તે અજીવ અને સ્વભાવમાં એકતા પામે તે જીવ, એમ કહ્યું છે.

અજ્ઞાની એમ માને છે કે આવી વાત કરવાથી અજ્ઞાનીએ માની રાખેલી કંઈક ક્રિયાદિ કરતા હશે તો નીચે ઊતરી જશે. એનો અર્થ એમ થયો કે સત્ય કહેતાં અસત્ય ગ્રહણ કરશે પણ એમ માનવું તે તો ભ્રમણા છે.

ભાવાર્થ :–કર્મના લક્ષે આત્મા દુઃખરૂપ થાય છે અને સ્વભાવના લક્ષે આત્મામાંથી શાંતિ પ્રગટે છે—એમ બે વાત જ લીધી છે. અધ્યવસાનાદિ ભાવો દુઃખરૂપ છે, અજ્ઞાનીને તે આત્માના હોવાનો ભ્રમ ઉપજાવે છે. પણ પરમાર્થે તે દુઃખરૂપ જ છે, તે ચેતનભાવ નથી. કર્મજન્ય હોવાથી જડ છે. ॥૪૫॥

હવે પૂછે છે કે અધ્યવસાનાદિ ભાવો પુદ્‌ગલના સ્વભાવો છે તો ભગવાનના આગમમાં તેને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? ગોમ્મટસારાદિમાં જીવના કહ્યા છે. તેનો ઉત્તર :–

## ગાથા ૪૬

ગાથા ૪૪માં ભગવાન સર્વજ્ઞદેવે આ અધ્યવસાનાદિ ભાવો જીવના નથી, એમ કહ્યું હતું અને બીજાં શાસ્ત્રોમાં તેમજ અહીં તે જીવના છે, તેમ કહ્યું છે. તે બન્ને કથનમાં કેમ અવિરોધપણું છે તેનું જ્ઞાન કરાવે છે.

અન્વયાર્થ :–આ સર્વ અધ્યવસાનાદિ ભાવો છે, તે જીવ છે એવો સર્વજ્ઞદેવોએ જે ઉપદેશ વર્ણવ્યો છે, તે વ્યવહારનય દર્શાવ્યો છે.

ટીકા :–આ સર્વ અધ્યવસાનાદિ ભાવો જીવ છે, તેમ જે સર્વજ્ઞદેવોએ કહ્યું છે, તે જો કે રાગાદિ ભાવોને જણાવ્યા છે તે વ્યવહારનનયનો વિષય છે ખરો, પણ તે આદરણીય નથી માટે અભૂતાર્થ છે—તેમ કહ્યું છે. સ્વભાવની દ્રષ્ટિ હોવા છતાં સમ્યગ્દ્રષ્ટિને સર્વથા રાગ છૂટી જતો નથી અને રાગ છે તો તેટલું લક્ષ પર ઉપર જાય છે, તે વ્યવહાર દર્શાવ્યો છે. જો પર્યાયમાં રાગ સર્વથા ટળી ગયો હોત તો પ્રગટ સિદ્ધદશા હોત, પણ તે તો વર્તમાનમાં નથી તેથી વર્તમાનમાં જે રાગ છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહાર કહ્યો છે. અહીં કોઈ એમ કહે કે સમ્યગ્દર્શન થયું એટલે કેવળજ્ઞાન તરત જ થઈ જાય તો તે ખોટું છે અને રાગ થાય છે માટે મિથ્યાત્વ થઈ જાય, અથવા રાગ થાય છે તે શરણભૂત છે, એમ માને તો તે પણ ભ્રમણા છે.

ગાથા ૩૯ થી ૪૫ સુધીમાં તે અજીવનો સ્વાંગ છે, તેમ નિશ્ચયનો વિષય બતાવ્યો હતો. હવે આ ગાથામાં પર્યાયમાં રાગ છે અને તે વખતે નિમિત્તનો સંબંધ છે, તેનું જ્ઞાન કરાવે છે. જો સર્વથા સંબંધ જ ન હોય તો કેવળજ્ઞાન હોવું જોઈએ

અને વિકલ્પ છે માટે મિથ્યાત્વ થતું હોય તો સાધકભાવ રહેતો નથી. માટે સ્વભાવનું લક્ષ હોવા છતાં, જે રાગ રહ્યો છે તેને જણાવવા અહીં વ્યવહાર કહ્યો છે.

ધર્મ તો ત્રણે કાળે સુલભ છે. બહારની ચીજો સસ્તી-મોંઘી થાય પણ ધર્મ તો અનાદિ અનંત એક જ પ્રકાર છે. અજ્ઞાનીએ મોંઘો માન્યો છે, ધર્મ તો સહેલો છે. પર પદાર્થ સોંઘો-મોંઘો હોય તેમાં આત્માને શું? બહારની ચીજો સસ્તી હોય તો આત્મામાં કેવળજ્ઞાન થાય અને મોંઘી હોય તો ન થાય એમ નથી અને સારા કાળમાં રાગથી ધર્મ થાય પણ અત્યારે રાગથી ન થાય એમ બે પ્રકાર નથી. ધર્મ તો સ્વભાવથી જ થાય, એમ એક જ પ્રકાર છે.

આ અધ્યવસાનાદિ જીવ છે. તેમ કહેવાનો હેતુ એ છે કે ત્રિકાળી સ્વભાવમાં રાગ નથી પણ વર્તમાન અવસ્થામાં અધૂરી દશા છે, ત્યાં સુધી જે રાગ થાય છે તે જણાવવા વ્યવહાર કર્યો છે તે ન્યાયસંગત છે—વ્યાજબી છે. વ્યવહાર દર્શાવ્યો છે પણ આદરણીય કહ્યો નથી.

જીવતત્ત્વ છે તે પૂર્ણ ખીલ્યું નથી ત્યાંસુધી સાધકદશા છે અને સાધકદશા છે તો બાધકદશા પણ છે, તેમ સાબિત થાય છે. સ્વભાવનો નિશ્ચય થયો છે અને રાગ રહ્યો છે તે વ્યવહાર છે, તેમ સર્વજ્ઞદેવે કહ્યું છે, પણ રાગ ઉત્પન્ન થયો છે તેથી ધર્મ થયો છે કે સમ્યગ્દર્શન થયું છે, એમ નથી.

જેમ મ્લેચ્છોને મ્લેચ્છ ભાષાથી જણાવે છે, એટલે બાળકને બાળકની ભાષામાં લાકડીને ઘોડો કહીને બાપ દૂર રાખવા કહે, લાકડી કહે તો ખસેડે નહિ, તેમ વ્યવહારી જીવોને વ્યવહાર પરમાર્થનો કહેનાર છે એમ કહ્યું છે પણ પ્રગટ કરનાર છે એમ કહ્યું નથી. છતાં અજ્ઞાની પોતાની દ્રષ્ટિથી વ્યવહારથી પરમાર્થ સમજાય છે એમ માને છે.

અહીં તો પર્યાયમાં જ્ઞાનીને સાધકદશા છે. ત્યાં જે રાગ રહ્યો છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહાર કહ્યો છે.

આ અધ્યવસાનાદિ છે તે તારો સ્વભાવ નથી, તને આશ્રયભૂત નથી તેવો વ્યવહારનો હેતુ છે, તે સમજે તો તે વ્યવહાર પરમાર્થનો કહેનાર છે એમ કહેવાય છે પણ વ્યવહારથી પરમાર્થ પ્રગટ થાય છે, એમ નથી.

# પ્રસાદ નં. ૨૨

## સમયસાર ગાથા ૪૬ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૫, ૨૦૦૭)

શિષ્યે એમ પ્રશ્ન કર્યો છે કે આત્મામાં શુભાશુભભાવ થાય તે જીવ નથી, એમ તમે કહ્યું પણ તે ભાવો જીવના છે, એમ પણ ભગવાને કહ્યું છે. તેનું કારણ શું? તેનો ઉત્તર આપે છે.

અહીં નિશ્ચયદ્રષ્ટિની મુખ્યતા હોવાથી અધ્યવસાનાદિ ભાવો પુદ્‌ગલના છે, તેમ કહ્યું છે અને વ્યવહારનાં શાસ્ત્રોમાં તે ભાવો જીવના કહ્યા છે. તેનો હેતુ એ છે કે પરમાર્થ દ્રષ્ટિ થયા પછી પણ રાગ રહે છે. તેને જણાવવા માટે વ્યવહારથી તે જીવ છે તેમ કહેવામાં આવે છે, પણ ખરેખર તે આત્માનો મૂળ સ્વભાવ નથી તેથી તેનું શરણ કરવા જેવું નથી, શરણ કરવા જેવો તો એક આત્મા જ છે.

પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી, સ્વભાવનું લક્ષ થયું છે, છતાં હજી રાગ રહ્યો છે. તે રાગને અને પરવસ્તુને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તે બતાવવા માટે વ્યવહારથી તેને જીવ કહ્યો છે. રાગાદિભાવમાં જીવનો વિકાસ અટકે છે તેથી તેને સ્વભાવથી વિરુદ્ધ ગણીને પરના એટલે કે પુદ્‌ગલના કહ્યા છે. અને તે જીવની પર્યાયમાં થાય છે એમ બતાવવા તેને જીવના કહ્યા છે, પણ તે આદરણીય નથી. એક ત્રિકાળ સ્વભાવની દ્રષ્ટિ જ આદરણીય છે અને અંશમાં રાગ છે, તે જાણવાયોગ્ય છે, તેમ બરાબર સમજવું જોઈએ. એ રીતે બન્ને વાત બરાબર છે.

પુણ્ય-પાપના આશ્રયે સ્વભાવ પ્રગટ થતો નથી તેથી તે આત્માને શરણભૂત નથી માટે તે અભૂતાર્થ છે, એટલે કાયમી ચીજ નથી. પણ ક્ષણિક વર્તમાન અંશમાં રાગ છે તેમ સાબિત થાય છે. આ રીતે ત્રિકાળી વસ્તુ તથા ક્ષણિક પર્યાયનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

કર્મની સાથે રાગનો સંબંધ છે, પણ તે ત્રિકાળી તત્ત્વમાં નથી. સ્વભાવદ્રષ્ટિ થઈ હોવા છતાં પર્યાયમાં બિલકુલ રાગ થતો જ નથી, એમ નથી. રાગ હોય છે તે જણાવવા વ્યવહાર દર્શાવ્યો છે. વર્તમાન પર્યાયમાં રાગ છે, છતાં પૂર્ણ થઈ ગયો એમ માને તો તે ખોટું છે અને રાગ છે તેનાથી લાભ થાય એમ માને તો તે પણ ખોટું છે. પોતાનો સ્વભાવ જ શરણભૂત છે. રાગ રહ્યો તેને જાણે એટલે કે તે રાગ મને શરણભૂત નથી, તેમ જ્ઞાન કરે તે બરાબર છે. તે રીતે સર્વજ્ઞદેવે રાગ છે, તેમ વ્યવહાર દર્શાવ્યો છે.

જેમ મ્લેચ્છ ભાષા મ્લેચ્છને વસ્તુસ્વરૂપ બતાવે છે, તેમ અહીં રાગભાવ છે તો તેનો સંબંધ પર સાથે છે, પણ સ્વભાવ સાથે નથી, એ વ્યવહારનય સ્વીકારે

છે. ખરેખર તો ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન થતાં વર્તમાન પર્યાયમાં જે રાગ છે તેનું જ્ઞાન થાય છે, તેથી વ્યવહાર પરમાર્થને જણાવવા માટે છે, એમ કહ્યું છે. રાગમાં અટકવા માટે વ્યવહાર કહેવામાં આવ્યો નથી. વ્યવહાર પરમાર્થનો કહેનાર છે તેમ કહ્યું છે પણ પરમાર્થનો કરનાર છે તેમ કહ્યું નથી. વ્યવહાર એટલે રાગ છે તેનો સંબંધ પર સાથે છે, પણ સ્વભાવ સાથે નથી એમ સમજે તો પરમાર્થથી પરમાર્થ સમજ્યો ત્યારે વ્યવહાર પરમાર્થનો કહેનાર છે તેમ કહેવામાં આવે છે.

અજ્ઞાની જીવ અનાદિથી પુણ્ય-પાપ તરફ તો વળી રહ્યો છે, તેથી તેને વ્યવહાર સમજાવવો પડતો નથી, પણ તેનાથી લાભ નથી કેમકે તે તારો સ્વભાવ નથી, એમ જણાવવા માટે વ્યવહાર દર્શાવ્યો છે. સંબંધ રાખવા કહ્યો નથી પણ સંબંધ તોડાવવા જ્ઞાન કરાવ્યું છે. સંબંધ બિલકુલ ન હોય તો સાધકદશા પણ ન હોય. માટે વર્તમાન રાગ છે અને તેનું લક્ષ પર તરફ છે, તે બતાવ્યું છે.

દયા દાનાદિના ભાવો થાય છે તેથી આત્મામાં ધર્મ થશે એમ વ્યવહારનયનો હેતુ નથી પણ તે વિકારીભાવો તારો સ્વભાવ નથી માટે શરણભૂત નથી  એમ સંબંધ છોડાવવા માટે વ્યવહાર કહ્યો છે અને જ્યારે સ્વભાવને સમજે છે ત્યારે વ્યવહાર પરમાર્થનો કહેનાર છે તેમ કહ્યું છે. સ્વભાવદ્રષ્ટિ થતાં વ્યવહારનું યથાર્થ જ્ઞાન થાય છે, સંબંધ તોડે તો સંબંધનું પણ યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય, નહિતર સંબંધનું પણ યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય નહિ.

એ રીતે વ્યવહાર (રાગાદિ) અપરમાર્થભૂત છે—શરણભૂત નથી છતાં પણ ધર્મતીર્થની પ્રવૃત્તિ એટલે ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનમાં જે રાગના ભેદ છે તેનું જ્ઞાન કરાવવું તે ન્યાયસંગત છે. ભેદનો હેતુ ભેદમાં રહેવા માટે નથી પણ અભેદની પ્રવૃત્તિ અર્થે છે. નિમિત્ત, રાગ, ભેદ—એ બધાનું જ્ઞાન કરવું તે મેળવાળું છે. ત્રિકાળી ચૈતન્યસ્વભાવ આદરણીય છે, તેવું જ્ઞાન કરવું અને રાગ રહે તેને જાણવું, તે ન્યાયસંગત છે.

જેમ કોઈ બાઈ લાપસી બનાવવા માટે મોટું તપેલું લાવે પણ તે તપેલાની હોંશમાં ને હોંશમાં લાપસી બનાવે નહિ. હવે તપેલું લાવવાનો હેતુ તો લાપસી બનાવવાનો હતો તે  ન થયો તો ખરેખર તપેલું લાવ્યા છતાં ન લાવ્યા બરાબર છે. તેમ અજ્ઞાની માને છે કે ભગવાને વ્યવહાર પણ કહ્યો છે માટે વ્યવહાર કરો તો ધર્મ થશે એમ રાગની હોંશમાં ને હોંશમાં કાળ ગાળે છે પણ વ્યવહારનો હેતુ પરમાર્થ સમજવાનો હતો, તે સમજ્યો નહિ. શાસ્ત્રની ગાથા વંચાવવા માંડે કે વ્યવહાર સાધન છે તેમ કહ્યું છે અને વ્યવહાર પરમાર્થનો કહેનાર છે. એમાં ને એમાં (શુભભાવમાં) અટકે પણ રાગ છે તેનાથી રહિત સ્વભાવ છે. રાગ જેટલો સ્વભાવ નથી તેમ બતાવવાનો હેતુ છે તેને ન સમજે તો રાગનું પણ સાચું જ્ઞાન

કર્યું કહેવાય નહિ. તેથી વ્યવહારનું જ્ઞાન કરવું તે ધર્મતીર્થની પ્રવૃત્તિ અર્થે ન્યાયસંગત છે.

જેમ રાખને ચોળી નાખવાના ભાવમાં હિંસાના ભાવનો અભાવ છે, એટલે રાખને મસળવાની ક્રિયા વખતે હું જીવને દુઃખ દઉં છું એવો હિંસાનો ભાવ હોતો નથી, કેમકે ત્યાં જીવ અને શરીરનો સંબંધ નથી. હવે ત્રસ અને સ્થાવર જીવોને શરીર સાથે સંબંધ છે તો તેને મારવાના ભાવમાં હિંસાનો ભાવ છે. એટલે દ્વેષનો ભાવ છે અને નિમિત્તમાં પણ જીવ તથા શરીરનો સંબંધ છે. જો તે સંબંધ જ ન માનવામાં આવે તો હિંસાના ભાવનો અભાવ થશે, માટે વ્યવહારનું જ્ઞાન કરવું તે ન્યાયસંગત છે.

અહીં હિંસા-અહિંસાના ભાવમાં નિમિત્ત ત્રસ અને સ્થાવર જીવોની વાત લીધી છે પણ સિદ્ધની વાત લીધી નથી. કેમકે સિદ્ધને શરીરનો સંબંધ નથી. વળી અહીં પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકે છે કે નહિ તે વાત નથી. પણ હિંસા-અહિંસાના ભાવ વખતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવા પ્રકારનો હોય છે, તેનું જ્ઞાન કરાવે છે.

આ ઉપદેશ જ્ઞાની તથા અજ્ઞાની બન્ને માટે છે. જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ હોવા છતાં હજું રાગ રહ્યો છે, તેનું જ્ઞાન કરાવે છે અને અજ્ઞાનીને તે વ્યવહારનું સાચું જ્ઞાન ક્યારે થયું કહેવાય કે વર્તમાન રાગભાવ થાય છે તે ક્ષણિક છે અને શરણભૂત નથી, મારા સ્વભાવમાં રાગ નથી, તેવું સ્વભાવનું જ્ઞાન કરે તો વ્યવહાર પરમાર્થનો કહેનાર છે તેમ તેને કહેવાય.

# પ્રસાદ નં. ૨૩

## સમયસાર ગાથા ૪૬ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૬, ગુરુવાર, ૨૦૦૭)

ભગવાન આત્મા છે તે પુણ્ય-પાપાદિ ભાવોથી રહિત છે માટે અધ્યવસાનાદિ ભાવો તે જીવના નથી, એમ ૪૫મી ગાથામાં કહ્યું; ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે ભગવાનનાં શાસ્ત્રોમાં અધ્યવસાનાદિ ભાવોને જીવના પરિણામ કેમ કહેવામાં આવ્યા છે તેનો ઉત્તર :--

પુણ્ય-પાપદિ ભાવો તે આત્માને શરણભૂત નથી તેથી ધર્મ કરનારે તેને જીવ માનવો નહિ. પુણ્ય-પાપાદિ ભાવો સ્વભાવની દ્રષ્ટિ થવા છતાં સાધકદશા છે ત્યાં સુધી થાય છે ખરા. એવો રાગ થતો જ ન હોય તો કેવળજ્ઞાન હોય. પણ રાગ છે તો તેનું લક્ષ નિમિત્ત ઉપર જાય છે અને તે નિમિત્ત પણ છે તેમ જણાવે છે. પણ તે રાગ અને પરવસ્તુ આત્માને શરણભૂત છે, એમ જણાવતા નથી. પરમાર્થ સમજાવવા માટે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી.

આત્મવસ્તુ તો ધ્રુવ પરમાનંદ સ્વરૂપ છે. તેમાં બંધ-મોક્ષ નથી પણ વર્તમાન અવસ્થામાં બંધ, મુક્તિ કે મુક્તિમાર્ગ કહેવો તે વ્યવહાર છે. જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ હોવા છતાં પર્યાયમાં જે રાગ છે, તેનું તે જ્ઞાન કરે છે. રાગ ન જ હોય તો પૂર્ણતા હોવી જોઈએ અને દ્રષ્ટિ સ્વભાવની ન કરે તો ધર્મ થતો નથી. તેથી જ્ઞાનીને ગુણસ્થાનાદિ ભેદો તે વ્યવહાર છે. તેને ધર્મતીર્થની પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

ત્રસ અને સ્થાવર જીવોને વ્યવહારથી શરીર અને જીવનો સંબંધ જ જો ન હોય તો તેને બચાવવાના એટલે અહિંસાના ભાવનો અગર મારવાના-હિંસાના ભાવનો અભાવ થશે. આમ થતાં પુણ્ય-પાપાદિ ભાવો સાબિત નહિ થાય, તો પછી બંધનો પણ અભાવ થશે. પણ તે બધું છે તેથી વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે.

અહીં કોઈ કોઈને મારી શકે છે કે બચાવી શકે છે, એ વાત સાબિત કરવી નથી, પણ હિંસા-અહિંસાનો ભાવ વર્તમાન અવસ્થામાં છે અને તેનું નિમિત્ત ત્રસ-સ્થાવર જીવો ને શરીર ને જીવનો સંબંધ પણ વર્તમાનમાં છે તે જણાવવા વ્યવહાર કહ્યો છે. જ્ઞાની કે અજ્ઞાની બન્નેને વ્યવહાર જાણવા જેવો છે પણ વ્યવહાર કરવા જેવો છે કે શરણભૂત છે એમ નથી. શરણભૂત તો ચૈતન્યતત્ત્વ છે. જ્યાં સુધી શરણભૂત આત્મા પૂર્ણપણે ન પ્રગટે ત્યાં સુધી અશરણભૂત એવા રાગને જાણવો જોઈએ. દયા, દાન, વ્રતાદિથી ધર્મ થતો નથી છતાં દ્રષ્ટિ થયા પછી પણ તે ભાવો આવ્યા વગર રહેતા નથી તેમ જાણવું તે ન્યાયસંગત છે.

જો વ્યવહારનું જ્ઞાન જ ન કરે તો વર્તમાન અધ્યવસાનમાં નિર્ધ્વંસપણું થાય છે પણ પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવનું જ્ઞાન કરે તેમ જ વર્તમાન પર્યાયમાં રાગ છે તેનું પણ જ્ઞાન કરે તો રાગનો અભાવ કરી સ્વભાવમાં ઢળવાનું કામ થયા વગર રહે નહિ. જો વ્યવહાર છે એમ ન માને તો વ્યવહારનો લોપ થાય છે, વ્યવહારથી આત્માને લાભ થાય તેમ માને, તોપણ વ્યવહાર અને નિશ્ચય બન્નેનો લોપ થાય છે. આ વાત જ્ઞાની-અજ્ઞાની બન્નેને માટે છે, મ્લેચ્છભાષાનું દ્રષ્ટાંત છે એટલે માત્ર અજ્ઞાનીને માટે છે, એમ નથી.

સાંભળવું સમજાવવું વગેરેથી ધર્મ થશે, એમ માને તોપણ વ્યવહાર રહેતો નથી અને તેવો રાગ થાય છે, તેને ન માને તો સાધકપણું રહેતું નથી. તેથી બંધનો અભાવ થતાં મોક્ષનો પણ અભાવ થાય છે.

જેમ રાખને મસળી નાખવામાં હિંસાનો ભાવ હોતો નથી, તેમ જો ત્રસ-સ્થાવર જીવોને પણ જીવ અને શરીરનો સંબંધ નહિ માનવામાં આવે તો હિંસા-અહિંસાના ભાવનો અભાવ થશે અને તેમ થતાં બંધનો પણ અભાવ થશે. આ રીતે બંધના અભાવની વાત કરી. હવે મોક્ષના અભાવની વાત કરે છે.

ભગવાન આત્માના ત્રિકાળી સ્વભાવમાં બંધ-મોક્ષ છે જ નહિ. પણ પર્યાયમાં રાગ-દ્વેષ, મોહાદિ ન હોય તો જીવને બંધન ન હોય અને બંધ ન હોય તો બંધનથી છોડાવવાનો ઉપાય પણ રહેતો નથી. તેથી મોક્ષનો પણ અભાવ થાય છે માટે મોક્ષનો ઉપાય તેપણ વ્યવહાર છે. મોક્ષ પ્રગટે છે, તે વ્યવહાર, મોક્ષમાર્ગના આશ્રયે પ્રગટતો નથી પણ સ્વભાવના આશ્રયે પ્રગટે છે.

ભગવાન વસ્તુને નિરાળી કહે છે. એટલે ત્રિકાળી સ્વભાવમાં સંબંધ નથી એમ કહેતાં—વર્તમાન અવસ્થામાં સંબંધ છે એમ નક્કી થાય છે. રાગ છે, તે વ્યવહાર છે અને રાગનો નાશ થઈને મોક્ષમાર્ગ પ્રગટે, તે પણ વ્યવહાર છે. જો વ્યવહાર ન માને તો મોક્ષમાર્ગનો અભાવ થશે અને નિશ્ચય સ્વભાવને ન માને તોપણ મોક્ષમાર્ગ થતો નથી. પણ સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગ થાય છે અને મોક્ષમાર્ગ છે, તો તેને જાણવો ન્યાયસંગત છે. મોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગના આશ્રયે પણ પ્રગટતો નથી કારણ કે તે પર્યાય છે. આમ છે, તો પછી શુભભાવ અથવા વ્યવહાર મોક્ષમાર્ગના આશ્રયે સમ્યગ્દર્શનાદિ પ્રગટે એમ તો બને જ નહિ. ત્રિકાળ ધ્રુવસ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગ પ્રગટે છે.

હવે જો વ્યવહાર ન જ હોય તો તેનો નિષેધ કરવાનું પણ રહેતું નથી, પણ પર્યાયમાં હિંસા-અહિંસાદિના ભાવો થાય છે ખરા, પણ તે આત્માને શરણભૂત નથી. વળી પર્યાયમાં બંધ-મોક્ષ પણ થાય છે, તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

ભાવાર્થ :--વસ્તુનું સ્વરૂપ ભગવાનની વાણીમાં એવું આવ્યું છે કે વસ્તુના ત્રિકાળ સ્વભાવમાં શરીર અને રાગ છે જ નહિ, પણ વર્તમાન પર્યાયમાં રાગ અને શરીરનો સંબંધ બિલકુલ નથી—એમ નથી. વર્તમાન જીવની પર્યાયમાં રાગ થાય છે તેને જીવના ન કહે તો પુદ્ગલમાં રાગ થાય; પણ એમ બને નહિ. વર્તમાન પર્યાયમાં રાગ થાય છે અને શરીરાદિનો સંબંધ છે, તેનું જ્ઞાન કરાવ્યું છે.

વળી રાગ-દ્વેષ છે એમ ન માને તો તેના નિમિત્ત ત્રસ સ્થાવરની હિંસા-અહિંસાના ભાવનો અભાવ થશે અને તો બંધ પણ બનશે નહિ અને બંધ ન હોય તો મોક્ષ પણ બનશે નહિ. જેમ વસ્તુનો સ્વભાવ બંધ-મોક્ષ રહિત છે તેમ પર્યાયમાં પણ બંધ-મોક્ષનો અભાવ છે, તેમ વસ્તુનું સ્વરૂપ એકાંત નથી.

વસ્તુ બંધ-મોક્ષથી રહિત છે અને એક સમયની પર્યાયમાં બંધ, મોક્ષ અને મોક્ષમાર્ગ છે. તે વસ્તુનો અંશ છે, તેને ન માનતાં વસ્તુનો અભાવ થશે. બંધ અનાદિ-સાંત છે. મોક્ષમાર્ગ સાદિ-સાંત છે અને મોક્ષ સાદિ-અનંત છે એમ સમુચ્ચયે છે પણ ખરેખર તો એક એક સમયનો બંધ, મોક્ષ ને મોક્ષમાર્ગ છે, એ ત્રણે ભેદ પર્યાયમાં છે તે વ્યવહાર છે. અંશ તે વ્યવહાર, તેને જો ન માને તો અંશી ત્રિકાળી વસ્તુ છે તેનો અભાવ થાય છે એટલે વસ્તુ રહેતી નથી અને અવસ્તુનું શ્રદ્ધા, જ્ઞાન, આચરણ પણ અવસ્તુ છે માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયસંગત છે.

આ રીતે બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું કે ત્રિકાળી સ્વભાવનું શરણ અને વર્તમાન પર્યાયમાં રાગ થાય તેનું જ્ઞાન, એ બે પ્રકારથી જાણવું, તેનું નામ સમ્યગ્દર્શન છે.

# પ્રસાદ નં. ૨૪

## સમયસાર ગાથા ૪૬ના પ્રવચનમાંથી.

(કારતક વદ ૭, શુક્રવાર, ૨૦૦૭)

આત્મા જે છે, તેનો જ્ઞાનદર્શન ત્રિકાળી સ્વભાવ છે, તે નિશ્ચય છે અને વર્તમાન પર્યાયમાં જે રાગ-દ્વેષ થાય છે તે વ્યવહાર છે. જીવને જાણવાનાં બે પડખાં છે. પર્યાયમાં રાગાદિ છે અને તેને શરીરાદિનો સંબંધ છે એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે, પણ ત્રિકાળી સ્વભાવમાં એમ નથી—એમ જાણે તો સાચું જ્ઞાન કહેવાય.

પ્રવચનસારમાં રાગાદિને સ્વજ્ઞેય કહી તે નિશ્ચય છે એમ કહ્યું હતું અને અહીં રાગાદિ તે વ્યવહાર છે, એમ કહ્યું છે. તે બન્નેની કથનશૈલીમાં ફેર છે પણ હેતુ બન્નેનો એક જ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ જ્ઞાન થતાં, દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે અને પર્યાય ક્ષણિક છે—તેમ જ્ઞાનની વિશેષતામાં ત્રિકાળ ઉપર વજન જતાં રાગ થતો નથી અને અહીં તારો સ્વભાવ જ્ઞાન-દર્શન છે અને રાગ તો પર્યાયમાં થાય છે, તેમ જણાવીને તે વ્યવહાર છે, એમ કહ્યું છે. નિશ્ચય સ્વભાવ જ શરણભૂત છે, રાગ શરણભૂત નથી—એમ નક્કી કરતાં રાગનો અભાવ થાય છે.

એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ ગાથા ૪૬માં કહ્યું ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે આ વ્યવહારનય ક્યા દ્રષ્ટાંતથી પ્રવર્તી રહ્યો છે, તેનો ઉત્તર આપે છે :–

### ગાથા ૪૭-૪૮

અન્વયાર્થ :–જેમ કોઈ રાજા સેના સહિત નીકળ્યો ત્યાં આ રાજા નીકળ્યો એમ સેના સમુદાયને કહેવામાં આવે છે, તે વ્યવહારથી કહેવામાં આવે છે પણ તેમાં ખરેખર તો રાજા એક જ છે. તેવી જ રીતે અધ્યવસાનાદિ અન્ય ભાવોને આ જીવ છે, તેમ શાસ્ત્રોમાં વ્યવહાર કર્યો છે, પણ ખરેખર તેમાં જીવ તો એક જ છે.

ટીકા :–જેમ રાજા પાંચ જોજનના પડાવમાં નીકળી રહ્યો છે તેમ કહેવું તે વ્યવહાર છે, ખરેખર તો રાજાની સેના પાંચ જોજનમાં છે. રાજા પાંચ જોજનના ફેલાવમાં નથી. છતાં પાંચ જોજનની સેનાના ફેલાવને રાજા કહેવો તે વ્યવહાર છે, પણ સેના તે રાજા નથી. રાજા તો રાજા જ છે.

તેવી રીતે જીવ સમગ્ર રાગગ્રામમાં એટલે બધા પુણ્યપાપાદિ ભાવો તથા શરીરાદિમાં વ્યાપી રહ્યો છે, તેમ કહેવું તે વ્યવહાર છે કેમકે અધ્યવસાનાદિ ભાવો અનેકરૂપ છે અને આત્મા એકરૂપ છે. તે એકનું અનેકમાં વ્યાપવું અશક્ય છે. ધ્રુવ આત્મપદાર્થ એકરૂપ છે, તેને અધ્યવસાનાદિ ભાવોથી જાણવારૂપ વ્યવહાર છે.

વ્યવહારી લોકોનો રાગાદિભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે. જ્ઞાનીઓ જ્યારે સ્વભાવમાં ઠરતા નથી ત્યારે વિકલ્પનું ઉત્થાન થાય છે. તે રાગ પોતાની પર્યાયમાં થાય છે તેવું જ્ઞાન કરવા આ જીવ છે, તેમ તેઓ પણ કહે છે.

ખરેખર જ્ઞાનીની દ્રષ્ટિ તો અભેદ ઉપર જ છે અને સમયે સમયે અભેદતા થાય છે છતાં અંશ ઉપર લક્ષ જતાં જે રાગ થાય છે તેનું જ્ઞાન કરવા તેને જીવ કહેવામાં આવે છે, ઉપદેશ પણ એવો જ આપે છે, અને શાસ્ત્રમાં લખાણ પણ એવાં જ હોય છે. પણ પરમાર્થે તો જીવ એક જ છે.

આ રીતે એક જીવમાં "એક અને અનેક" એ બે પ્રકાર કહ્યા છે. વર્તમાન પર્યાયમાં—રાગમાં અટક્યો છે, એમ કહેવું તે વ્યવહાર છે અને ત્રિકાળી સ્વરૂપ એકરૂપ છે, તે નિશ્ચય છે. પરમાર્થે જીવ એક છે અને અધ્યવસાનાદિ ભાવો જીવ નથી, એમ સમજવું. પર્યાયમાં સર્વથા સંબંધ છૂટી ગયો હોય તો વ્યવહાર રહેતો નથી. માટે વર્તમાન રાગ છે, તે વ્યવહાર છે, તેમ જાણવું.

પંચાધ્યાયીમાં કહ્યું છે કે શરીરાદિની સાથે જીવને સંબંધ કહેવો તે નયાભાસ છે. અહીં વિકારાદિ તથા શરીરાદિનો સંબંધ વ્યવહારે છે, તે જણાવીને તે બધુંય આખુંય જીવસ્વરૂપ નથી, તેમ કહ્યું છે.

હવે શિષ્ય પ્રશ્ન કહે છે કે અધ્યવસાનાદિ જીવ નથી, શરીર, કર્મ, વિકારાદિ જીવ છે તેવો વ્યવહાર ભલે કર્યો પણ ખરેખર તે જીવ નથી, તો જે જીવ છે તે કેવો છે અને તેનું લક્ષણ શું છે ? તેનો ઉત્તર :—

## ગાથા-૪૯

અન્વયાર્થ :—આ ગાથામાં જાણ શબ્દ પડ્યો છે, તે શબ્દમાં ખૂબી છે. 'તું નહિ જાણી શકે' એનો નિષેધ થાય છે અને હે ભવ્ય! એટલે અલ્પકાળમાં મુક્તિ થાય એવા જીવની વાત લીધી છે. જે જીવ સમજે છે તેને માટે આ નિમિત્ત છે. ન સમજે તેની અહીં વાત છે જ નહિ.

હે ભવ્ય ! તું જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત, ઇન્દ્રિયથી ગોચર નથી એવો, ચેતનાગુણવાળો, શબ્દ રહિત, કોઈ બહારના લક્ષણથી ન જણાય એવો અને જેનો કોઈ આકાર કહી શકાતો નથી તેવો જાણ. એટલે તારો જાણવાનો સ્વભાવ છે, કોઈ પરદ્રવ્યનું કરવાનો સ્વભાવ નથી. વિકલ્પ થાય તે પણ સ્વભાવ નથી, એમ જાણ.

ટીકા :—આત્મપદાર્થ રસરહિત છે, તેને બોલથી સાબિત કરે છે.

(૧) "જે જીવ છે તે ખરેખર પુદ્ગલ દ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રસગુણ નથી" અનાદિથી અજ્ઞાની જીવ પરમાં રસ માની રહ્યો છે, તેને આત્માનો નિજરસ કેવો છે, તેનું જ્ઞાન કરાવવા 'રસ' પહેલાં મૂક્યો છે. જીવ છે તે અસ્તિ અને

પુદ્‌ગલરૂપ નથી તે નાસ્તિ—એમ અસ્તિ-નાસ્તિ કહી. હવે પુદ્‌ગલદ્રવ્યથી જુદો હોવાથી આત્મામાં રસગુણ નથી, માટે અરસ છે. જીવ પુદ્‌ગલ એટલે શરીરાદિ બધાથી જુદો હોવાથી તેમાં રસગુણ નથી. જીવ ખાટો થઈ ગયો તેમ કહેવાય છે તેમાં ખરેખર આત્મામાં રસગુણ નહિ હોવાથી ખાટો થતો નથી. રસગુણ પુદ્‌ગલમાં હોવાથી તેનો આત્મામાં અત્યંત અભાવ છે, તેથી જીવમાં રસ છે જ નહિ. વ્યવહારે ખાટા રસને જાણે છે, તેમ કહેવાય છે. પરમાર્થે આત્મા પોતાની પર્યાયને જાણે છે, તેમ સમજવું.

(૨) આત્મામાં રસગુણ નથી. માણસો એમ કહે છે આજે બહુ રસ પડ્યો. મિષ્ટાન્ન આદિ ખાવામાં ટેસ્ટ પડ્યો, તે તો રાગનો રસ છે. ચેતનમાં રસગુણ નથી. રસગુણ તો પુદ્‌ગલનો છે ને પુદ્‌ગલથી અભિન્ન છે. આત્મા પુદ્‌ગલના ગુણોથી જુદો છે, પોતે રસગુણ નથી માટે અરસ છે.

(૩) પરમાર્થે પુદ્‌ગલ દ્રવ્યનું આત્માને સ્વામીપણું નથી. તેથી જીભથી રસ ચાખતો નથી. જીભની પર્યાયનું આલંબન આત્મામાં નથી, અને જીભથી આત્માને સ્વાદ આવતો નથી. કેમકે જીભનો આત્મા ધણી નથી. શાસ્ત્રમાં વ્યવહારના કથનમાં જીભથી રસનું જ્ઞાન થાય છે તેમ જણાવ્યું હોય ત્યાં તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે, પણ અહીં તો રસેન્દ્રિયનો આત્મામાં અત્યંત અભાવ છે, તે વાત કરે છે. અહીં પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય જે જીભેન્દ્રિય તેનાથી જીવ ભિન્ન છે. આત્માને રસનું જ્ઞાન થાય છે તે જીભેન્દ્રિય છે તો થાય છે, એમ નથી.

આ રીતે આત્મા છે તે પુદ્‌ગલદ્રવ્યથી અને તેના ગુણો તથા રસેન્દ્રિયાદિ તેની પર્યાયોથી જુદો છે, માટે આત્મા અરસ છે.

જીભેન્દ્રિયને જીતવાનો ઉપાય પર પદાર્થનો દ્વેષ કરવો તે નથી. પણ જીભેન્દ્રિયથી આત્મા ત્રણે કાળે ભિન્ન છે અને જીભેન્દ્રિય દ્વારા રસને આત્મા ચાખતો નથી, એમ જાણવું તે રસેન્દ્રિયનું જીતવું કહેવાય છે. આત્મા જ્ઞાનસ્વભાવથી જાણે તે જીવ છે, ઇન્દ્રિય દ્વારા જાણે તે જીવ નથી.

(૪) પોતાના સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મામાં અલ્પજ્ઞતાનો ઉઘાડ જે ભાવેન્દ્રિય તેનો અભાવ હોવાથી ભાવેન્દ્રિયના અવલંબનથી પણ આત્મા રસને ચાખતો નથી. જગતના લોકો ક્ષયોપશમથી ધર્મ થાય એમ માને છે. વર્તમાન રસને જાણવાના ઉઘાડની યોગ્યતાથી રસનું જ્ઞાન થાય છે તે યોગ્યતાનો ભગવાન આત્માના ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે તેથી ખરેખર તે ક્ષયોપશમ પણ આત્મા નથી.

પહેલા બોલમાં પુદ્‌ગલ દ્રવ્યથી આત્મા જુદો હોવાથી પુદ્‌ગલનો રસ છે તે જીવનો રસ નથી માટે અરસ છે. બીજા બોલમાં રસ નામનો ગુણ પુદ્‌ગલનો છે.

આત્મામાં તે ગુણનો અભાવ હોવાથી અરસ છે. ત્રીજા બોલમાં જીભેન્દ્રિય જે પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે તેનાથી જીવ જાણતો નથી માટે અરસ છે.—એમ પુદ્ગલના દ્રવ્ય-ગુણ-પર્યાયથી જુદો આત્મા કહ્યો. ચોથા બોલમાં આત્મામાં રસને જાણવાની ક્ષયોપશમ પર્યાય જે ભાવેન્દ્રિય છે તેનો સ્વભાવદ્રષ્ટિમાં અભાવ હોવાથી તે અરસ છે.

આ રીતે ચાર બોલ થયા.

# પ્રસાદ નં. ૨૫

## સમયસાર ગાથા ૪૯ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૮, ૨૦૦૭)

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે શરીરાદિથી જીવ અમને ઓળખાય છે, તે જીવ નથી, એમ આપ કહો છો તો હવે જીવ કેવો છે? ભલે વ્યવહાર કહ્યો પણ વ્યવહારથી જ્યારે જીવ ઓળખાતો નથી તો હવે જીવને કેવી રીતે ઓળખવો? તેનો ઉત્તર :—

જીવ રસરહિત છે, તેના ચાર બોલ થાય છે. પહેલા બોલમાં પુદ્‌ગલ દ્રવ્યથી, બીજા બોલમાં પુદ્‌ગલના ગુણથી આત્મા જુદો છે અને ત્રીજા બોલમાં પુદ્‌ગલની પર્યાય જે જીભેન્દ્રિય તેનાથી જીવ રસને ચાખતો નથી. જીભથી રસને ચાખવાનો આત્માનો સ્વભાવ જ નથી અને ચોથા બોલમાં આત્મા ભાવેન્દ્રિયથી રસને ચાખતો નથી, એટલે વર્તમાન ઉઘાડની મુખ્યતા આત્મામાં નથી. ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિની મુખ્યતાથી જોવામાં આવે તે જ જીવ છે. ક્ષયોપશમની મુખ્યતા થાય તો પર્યાયમૂઢ થાય છે.

આત્મામાં જડના દ્રવ્ય-ગુણ-પર્યાય તો નથી પણ પોતાના ક્ષયોપશમની પર્યાયની મુખ્યતા સ્વભાવદ્રષ્ટિમાં નથી. કેમકે ત્રિકાળી સ્વભાવમાં વર્તમાન અંશ-ક્ષયોપશમ પર્યાય–નો અભાવ છે. અહીં સાધકદશામાં સમ્યગ્દ્રષ્ટિ જીવને જીવદ્રવ્યની પ્રતીતિ કેવી હોય છે તેની વાત ચાલે છે. રસને જાણવાની જે વર્તમાન યોગ્યતા દેખાય છે તેની ત્રિકાળી સ્વભાવમાં મુખ્યતા નથી, તેથી તેનો જીવમાં અભાવ છે, તેમ કહ્યું છે.

તત્ત્વાર્થસૂત્રમાં લબ્ધ તથા ઉપયોગરૂપ ભાવેન્દ્રિયના પ્રકાર લીધા છે ત્યાં ક્ષયોપશમભાવ તે જીવ છે, તેમ કહ્યું છે. અને અહીં ક્ષયોપશમભાવ તે જીવ નથી, એમ કથન છે. તો તે બંને પ્રકારનું યથાર્થ જ્ઞાન ક્યારે કર્યું કહેવાય કે પોતાના ત્રિકાળી જ્ઞાતાસ્વભાવની દ્રષ્ટિમાં આ ક્ષાયોપશમિક ભાવ છે તેનો અભાવ કબૂલ કરે ત્યારે. સ્વભાવની મુખ્યતામાં વર્તમાન પર્યાય ગૌણ કરીને તેનું જ્ઞાન કરે છે, તે વાત તત્ત્વાર્થસૂત્રમાં કરી છે. અહીં સ્વભાવદ્રષ્ટિમાં તે ભાવ જ નથી, એમ સ્વીકારે નહિ તો એકલું ક્ષયોપશમ પર્યાયનું જ અવલંબન થાય ને ત્રિકાળી સ્વભાવ રહી જાય, માટે અહીં તો ભાવેન્દ્રિયની પણ મુખ્યતા નથી. માત્ર

સ્વભાવની મુખ્યતાથી જ દ્રષ્ટિ નિર્મળ થાય છે. વર્તમાન પર્યાયમાં ક્ષયોપશમ છે ખરો પણ એટલો જ સ્વભાવને માની લે, તો મિથ્યાત્વ થાય છે.

પુદ્‌ગલ દ્રવ્ય રસવાળું છે, તે જીવ નથી. એમ કહેતાં જ જગત ઉપર પુદ્‌ગલદ્રવ્ય છે તેમ નક્કી થાય છે. પુદ્‌ગલના રસગુણરૂપે જીવ નથી, એટલે પુદ્‌ગલમાં રસ નામનો ગુણ છે તેમ પણ સાથે સાથે નક્કી થાય છે અને જીભેન્દ્રિયથી રસને ચાખતો નથી, તેમાં જીભેન્દ્રિય પુદ્‌ગલની પર્યાય છે, એમ સાબિત થાય છે. તે રૂપ જીવ નથી. જીવદ્રવ્ય તો માત્ર ચૈતન્યસ્વભાવી છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

આ રીતે ભગવાન આત્માને ભાવેન્દ્રિયનો અભાવ હોવાથી તે અરસ છે. પર્યાયમાં ક્ષયોપશમભાવની યોગ્યતા છે ખરી પણ તેની મુખ્યતા નથી. સ્વભાવદ્રષ્ટિમાં ક્ષયોપશમભાવનો અભાવ છે. આ વાત સિદ્ધ કે કેવળીની નથી, કેમ કે સિદ્ધને કે કેવળીને હવે સ્વભાવદ્રષ્ટિ કરવાની બાકી નથી. સમ્યગ્દ્રષ્ટિ સ્વભાવની દ્રષ્ટિમાં ક્ષયોપમશમભાવને પોતાનો સ્વભાવ સ્વીકારતો નથી, તેની વાત છે.

(૫) બધા વિષયોના પ્રકારોમાં સાધારણ એવા એક જ સંવેદન પરિણામરૂપ પોતાનો સ્વભાવ હોવાથી કેવળ એક રસને જાણતો નથી માટે અરસ છે. એક રસને જ જાણવાની યોગ્યતા છે, એમ નથી. બધા પ્રકારના વિષયોના જ્ઞાન વખતે એક સ્વભાવનું જ જ્ઞાન હોવાથી એકલા રસના જ્ઞાનની મુખ્યતા હોતી નથી. તેથી એકલા રસના જ્ઞાનપૂરતો જીવ નથી. કેમકે પોતાના એક સંવેદન પરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી એક રસના જ્ઞાનને પામીને તે રસને ચાખતો નથી માટે અરસ છે.

અહીં તો આત્મપદાર્થ કોને કહેવો તેવી વાત ચાલે છે. આત્મા ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેના આશ્રયે કામ લ્યે તે આત્મા છે. કોઈપણ પ્રકારના વિષયોના જ્ઞાન વખતે એટલા જ પૂરતો જ્ઞાનનો સ્વભાવ છે, એમ નથી. કોઈપણ સમયમાં પાંચ ઇન્દ્રિય તરફના જ્ઞાનની મુખ્યતા થતી નથી. પાંચ પ્રકારના વિષયોમાં પોતાનું જ્ઞાન પાંચ પ્રકારથી વહેંચાઈ ગયું એમ નથી, પાંચ પ્રકારે જ્ઞાન થયું જ નથી. એક સંવેદન પરિણામવાળું જીવ દ્રવ્ય છે. પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાથી ગમે

તેવું જ્ઞાનનું પરિણમન હોય તે સમયે પણ એક સંવેદનપરિણામરૂપ જ્ઞાન થાય તે જ જીવદ્રવ્ય કહેવાય છે.

અહીં આત્મામાં એક અખંડ સંવેદનરૂપ પરિણામ થાય અને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં કોઈ એક વિષયની મુખ્યતા ન થાય એવું જીવદ્રવ્ય છે. પોતાની પર્યાયથી એકલા રસને જ જાણવાનું કામ કરે છે—એમ નથી. રસ છે માટે જ્ઞાન થતું નથી પણ પોતાની યોગ્યતાથી વર્તમાન પર્યાયમાં જ્ઞાન થાય તેટલો પણ જીવ નથી. પર્યાયમાં કોઈ એક વિષયના જ્ઞાનની મુખ્યતા થાય એવો જીવનો સ્વભાવ નથી.

એક સંવેદન પરિણામરૂપ આત્માના સ્વભાવનું વર્ણન કરતાં સાથે વ્યવહાર પણ સાબિત કરે છે કે પુદ્‌ગલદ્રવ્ય, તેના ગુણો અને તેની પર્યાય છે ખરી, જીભેન્દ્રિય છે ખરી પણ તે આત્મા નથી. વળી વર્તમાન રસને જાણવાનો જ્ઞાનનો ઉઘાડ છે ખરો પણ તે ઉઘાડ આખું જીવદ્રવ્ય નથી. ભાવેન્દ્રિય જે વ્યવહાર છે તેનો સ્વભાવની દ્રષ્ટિએ નિષેધ કર્યો છે. વ્યવહારની મુખ્યતા સ્વભાવદ્રષ્ટિમાં નથી, એક સંવેદનરૂપ પરિણમવું તે નિશ્ચય છે. એકલા રસનું જ્ઞાન કરવું તે જીવનો સ્વભાવ જ નથી માટે તે અરસ છે.

રસના જ્ઞાન જેટલો આત્મા નથી. વર્તમાન રુચિ રાગ અને રસના જ્ઞાનપૂરતી યોગ્યતાને સ્વીકારે તે પર્યાયદ્રષ્ટિ છે, અને એક સંવેદન પરિણામરૂપ પોતાનો સ્વભાવ છે, તેનો સ્વીકાર થવો તે જીવદ્રવ્યની રુચિ છે. પર્યાય કે અંશનો સ્વીકાર તે બહિર્મુખદ્રષ્ટિ છે. રાગ અને ખંડ ખંડ જ્ઞાનની રુચિ બદલીને ત્રિકાળી સ્વભાવની રુચિ કરતાં અંતર્મુખ દ્રષ્ટિ થાય છે. તેવી અંતર્મુખ વળેલી દ્રષ્ટિમાં પર્યાય કે અંશની મુખ્યતા રહેતી નથી.

પોતાના એક સંવેદન પરિણામની એકતાની રુચિમાં પરના જ્ઞાનની યોગ્યતાની રુચિનું વેદન થતું નથી માટે આત્મા એક રસના જ્ઞાન જેટલો નથી તેથી અરસ છે.

# પ્રસાદ નં. ૨૬

## સમયસાર ગાથા ૪૯ના પ્રવચનમાંથી.

(કારતક વદ ૯, ૨૦૦૭)

આ જે રીત કહેવાય છે તે રીતે માને તો જીવદ્રવ્યને માન્યું કહેવાય અને ધર્મ થયો કહેવાય. પણ શુભાશુભ ભાવ થાય તે કાંઈ ધર્મ નથી, પરંતુ સ્વભાવ તરફનું એકપણું થવું તે જીવતત્ત્વ અને ધર્મ છે. આત્મા રસરહિત છે, તેના પાંચ બોલ થઈ ગયા છે.

(૧) આત્માનો ધર્મ જેને કરવો હોય તેણે જડ સામું જોવાનું નથી. આત્મા રસ વગરનો છે. રસ આદિવાળા પુદ્‌ગલદ્રવ્યો છે, તેના સામું જોવાથી ધર્મ થતો નથી. કેમકે આત્મા ખરેખર પુદ્‌ગલથી જુદો છે, માટે અરસ છે.

(૨) પુદ્‌ગલ દ્રવ્યના ગુણો તરફ જોવાથી ધર્મ થતો નથી કેમકે આત્મા પુદ્‌ગલ દ્રવ્યોના ગુણોથી જુદો છે, માટે અરસ છે.

(૩) જીભેન્દ્રિય જડની પર્યાય છે તેથી તેના અવલંબને જીવ રસને ચાખતો નથી. તેનું અવલંબન જીવ લેતો નથી, તેથી તેના અવલંબને ધર્મ થતો નથી. એ રીતે જડના દ્રવ્ય-ગુણ-પર્યાયનો આત્મામાં અભાવ છે તેથી તેના આશ્રયે ધર્મ થતો નથી.

(૪) ભાવેન્દ્રિય એટલે ખંડખંડ જ્ઞાન જે આત્માની પર્યાય છે, તે ત્રિકાળી સ્વભાવ નથી માટે તેના આશ્રયે પણ ધર્મ થતો નથી.

(૫) જીવ ચૈતન્યસ્વભાવી એક સંવેદન પરિણામી જ્ઞાતા છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જે વિષયનું જ્ઞાન થાય તે પૂરતો આત્મા નથી, તેથી આત્મામાં એક રસના જ્ઞાનની મુખ્યતા વર્તે છે, એમ નથી. કેવળ એક રસના જ્ઞાન પૂરતો આત્મા નથી એટલે કેવળ રસને જ જાણે છે—એમ નથી. પોતાના સ્વભાવના જ્ઞાનની મુખ્યતાએ એકલા રસના જ્ઞાનરૂપે પરિણમીને રસને જાણતો નથી, માટે અરસ છે.

જે રુચિએ સ્વભાવ સન્મુખ થઈને કબુલાત કરી તેની મુખ્યતામાં એકલા રસનું જ્ઞાન કરીને તે રસને જાણતો નથી. રસને જાણવાની વર્તમાન યોગ્યતા હોવા છતાં એકલા રસને જ જાણે છે, એમ નથી. ખંડ-ખંડ જ્ઞાનની મુખ્યતા તે સંસાર છે, સ્વભાવની મુખ્યતા તે ધર્મ છે. આત્માનો સ્વભાવ કોઈ ક્ષણે એકલા રસને જાણવા પૂરતો હોય, તો તેવા જીવને જીવ કહેતા નથી. એકલા રસના જ્ઞાનરૂપે થઈને રસનું જ્ઞાન કરે તે તો અજીવનો લેબાસ છે, તે જીવ નથી, માટે આત્મા અરસ છે. ખરેખર સ્વ-પર પ્રકાશક એવા આત્માને પોતાને જાણ્યા વગર

માત્ર પરપ્રકાશક જ્ઞાનની યોગ્યતાથી જાણે તે જીવ નથી, પણ સ્વપ્રકાશક થઈને પરપ્રકાશક રસનું જ્ઞાન કરે તો તે સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ યથાર્થ કહેવાય છે.

(૬) ખરેખર જ્ઞેય જ્ઞાયકના એકરૂપે થવાનો આત્માનો સ્વભાવ નહીં હોવાથી રસનું જ્ઞાન થવા છતાં પોતે રસરૂપે થતો નથી. આત્મા પોતાના સ્વભાવના જ્ઞાન વખતે પરપ્રકાશક એવા રસના જ્ઞાનની યોગ્યતા હોવા છતાં રસરૂપે થતો નથી.

આ સાધક જીવની વાત છે. પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ વળતાં પોતાની યોગ્યતાના કારણે જ્ઞેય એટલે રસનું જ્ઞાન થવા છતાં, જ્ઞેય જે પર છે, તેમાં તાદાત્મ્ય થવાનો સ્વભાવ નહિ હોવાથી રસરૂપે થતો નથી.

જ્ઞાનીઓ તો પોતાનું કામ કરી ચાલ્યા જાય પણ શબ્દોની રચના પાછળ વિકલ્પમાં કેવો ભાવ છે, તે બતાવે છે. કેવા જીવ દ્રવ્યને માને તો આત્માને સાચો માન્યો કહેવાય, પોતાના જ્ઞાયકસ્વભાવને જાણતો, રસના જ્ઞાનની યોગ્યતાના વખતે રસને જાણતો—સ્વ-પરપ્રકાશક આત્મા રસરૂપે થતો નથી. એકલો પરપ્રકાશક સ્વભાવ માને તો જડ કહેવાય, અને એકલો સ્વ-પ્રકાશક માને તો સ્વ-પરપ્રકાશક જ્ઞાનના સામર્થ્યને નહિ માનતો, જીવને માનતો નથી. રસને કારણે તો જ્ઞાન થતું જ નથી પણ રસ વખતે રસને જાણવાની પોતાની યોગ્યતા હોવા છતાં, પોતાનો જ્ઞાનસ્વભાવ રસરૂપે થતો નથી, તેથી અરસ છે.

આ રીતે છ પ્રકારે રસના નિષેધથી અરસની વાત કહી. હવે અરૂપ છે તે કહે છે.

(૧) આત્મા રૂપગુણવાળા જડદ્રવ્યથી રહિત છે. (૨) રૂપગુણથી પણ રહિત છે. (૩) આંખ દ્વારા આત્મા રૂપને જાણતો નથી. આંખ ઊંચી નીચી કરી માટે આંખના અવલંબનથી રૂપનું જ્ઞાન થાય એવો આત્માનો સ્વભાવ નથી તેથી અરૂપ છે. એ રીતે જડના દ્રવ્ય-ગુણ અને પર્યાયથી રહિત જીવ છે માટે તે અરૂપ છે. (૪) રૂપને જાણવાની યોગ્યતારૂપ જે ક્ષાયોપશમિક જ્ઞાન તેનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ હોવાથી ખંડખંડ જ્ઞાન વડે રૂપને જાણતો નથી. (૫) બધા વિષયોમાં સાધારણ એવા એક જ સંવેદનના પરિણામે પરિણમતો હોવાથી માત્ર રૂપને જ જાણીને અટકતો નથી માટે અરૂપ છે. (૬) રૂપ વખતે રૂપની પર્યાય જાણવા છતાં, રૂપ રૂપે આત્મા થતો નથી માટે અરૂપ છે.

હવે અગંધના છ બોલ :–

(૧) ગંધગુણવાળા જડ પદાર્થોનો, ગંધને જાણવાના સમયે પણ જીવમાં અભાવ હોવાથી તે અગંધ છે. (૨) ગંધગુણને જાણતી વખતે પણ ગંધગુણનો આત્મામાં અભાવ હોવાથી ગંધરહિત છે. (૩) નસકોરાંની પર્યાય તે જડની પર્યાય છે. ગંધને જાણવાની પર્યાય તે જીવની પર્યાય છે. જડની પર્યાયના અવલંબને

જીવ ગંધને જાણતો નથી માટે અગંધ છે. (૪) ગંધને જાણવાના ઉઘાડભાવનો સ્વભાવદ્રષ્ટિમાં અભાવ હોવાથી ગંધને જાણતો નથી તેથી અગંધ છે. (૫) એકલી ગંધનું જ્ઞાન કરતો નથી. (૬) ગંધને જાણવા છતાં એટલે ગંધ વખતે ગંધનું જ જ્ઞાન થાય છે તેથી ગંધ છે માટે જ્ઞાન થાય છે, એમ નથી, પણ પોતાની યોગ્યતાના કારણે જ્યારે ગંધનું જ્ઞાન થાય છે, તે વખતે જ્ઞેય જ્ઞાયકનું એકપણું નહિ થતું હોવાના કારણે ગંધરૂપે જીવ થતો નથી, તેથી અગંધ છે. ભગવાન આત્મા પોતાના કારણે, નિમિત્તના આશ્રય વગર ગંધને જાણતો હોવા છતાં ગંધરૂપે થતો નથી, તેથી અગંધ છે.

આ રીતે ત્રણ બોલ અરસ, અરૂપ અને અગંધના થયા. હવે ચોથો બોલ અસ્પર્શ છે, તેની વાત કરે છે. જ્યાંસુધી સ્વભાવની સમજણ પણ ન આવે ત્યાંસુધી તે સ્વભાવની રુચિમાં ઘોલન કેવી રીતે કરી શકે ? આ તો અલૌકિક વસ્તુ છે. આવા ટાણાં વારંવાર આવતાં નથી. વસ્તુસ્થિતિ જેવી હોય તેવી રહે છે, ફરે એમ નથી. કોઈપણ ઇન્દ્રિયના વિષયોમાં ભગવાન આત્મા ઇન્દ્રિયના અવલંબન વગર જ જાણે છે, આત્માને કોઈનું અવલંબન છે જ નહિ.

(૧) ટાઢો, લૂખો વગેરે સ્પર્શ તે આત્મા નથી કેમકે તે પુદ્ગલ છે, તેથી ત્રણે કાળે આત્મા પુદ્ગલ રહિત જ છે. (૨) સ્પર્શગુણ આત્મામાં નથી તેથી આત્મા અસ્પર્શ છે. (૩) સ્પર્શ ઇન્દ્રિયના અવલંબને સ્પર્શને જાણતો નથી. સ્પર્શેન્દ્રિય તો જડની પર્યાય છે. આત્મા જ્ઞાનસ્વભાવી પોતાના જ્ઞાનની યોગ્યતાથી જાણે છે પણ ઇન્દ્રિયના અવલંબને જાણતો નથી, તેથી આત્મા અસ્પર્શ છે. (૪) ક્ષાયોપશમિક જ્ઞાન વડે સ્પર્શને જાણતો નથી. કેમકે ત્રિકાળી સ્વભાવમાં વર્તમાન ભાવેન્દ્રિય—જે અંશે છે તેનો અભાવ છે, માટે અસ્પર્શ છે. (૫) એકલા સ્પર્શના જ્ઞાન પૂરતો આત્મા નથી, માટે અસ્પર્શ છે. (૬) પોતાના જ્ઞાયકસ્વભાવના કારણે સ્વનું જ્ઞાન થતાં સ્પર્શનું જ્ઞાન થાય છે ખરું પણ સ્પર્શરૂપ થઈને સ્પર્શને જાણતો નથી, માટે અસ્પર્શ છે.

રસાદિ પદાર્થો આત્માનું જ્ઞેય છે. જ્ઞેયરૂપે થવાનો આત્માનો સ્વભાવ નથી. તે સ્પર્શાદિ છે માટે જ્ઞાન થાય છે, એમ નથી. ઇન્દ્રિય દ્વારા પણ સ્પર્શાદિનું જ્ઞાન થતું નથી, માટે જીવ અરસ, અરૂપ, અગંધ અને અસ્પર્શ છે, ચેતના લક્ષણવાળો છે તે જીવ છે.

# પ્રસાદ નં. ૨૭

## સમયસાર ગાથા ૪૯ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૧૦, ૨૦૦૭)

જીવ પદાર્થ કેવો છે, તેની વાત ચાલે છે. અરસ, અરૂપ, અગંધ અને અસ્પર્શ એમ ચાર પ્રકારથી વર્ણન થયું છે. હવે જીવ શબ્દ રહિત છે, તે કહે છે.

(૧) શબ્દ છે તે જડ દ્રવ્યની પર્યાય છે માટે જડ છે અને જીવદ્રવ્ય તેનાથી ભિન્ન હોવાથી અશબ્દ છે. (૨) શબ્દ તે જડનો ગુણ છે, આત્માનો નહિ હોવાથી અશબ્દ છે. (૩) શ્રોતેન્દ્રિય દ્વારા આત્મા શબ્દને જાણતો નથી કેમકે જડ ઇન્દ્રિયથી આત્મા અભાવસ્વભાવરૂપ છે તેથી શ્રોતેન્દ્રિયથી આત્મા શબ્દને જાણતો નથી. આત્માને શ્રોતેન્દ્રિયનું અવલંબન લેવાની જરૂર નથી અને શ્રોતેન્દ્રિય આત્માને અવલંબન આપી શકતી નથી. જડ પર્યાયનો ચેતન પર્યાયમાં અભાવ છે તો કાન દ્વારા જીવ શબ્દને સાંભળે, એમ બનતું નથી.

પ્રભુ! તું ચૈતન્ય દ્રવ્ય છો. ચૈતન્ય વસ્તુ છો. કોઈ પરવસ્તુ કે ઇન્દ્રિયનું અવલંબન તને નથી. પ્રવચનસારમાં કહ્યું છે કે કોઈ દ્રવ્ય પોતાની પર્યાયને ઓળંગતું નથી. છોડતું નથી. એટલે આત્મા કે પુદ્ગલ કોઈ પોતાના સ્વભાવને ઓળંગતાં નથી, માટે તું એકલા ચૈતન્યસ્વરૂપનું જ અવલંબન લે! અહીં પણ કહે છે કે ઇન્દ્રિય તો પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. પુદ્ગલદ્રવ્ય તેના સ્વભાવને છોડતું નથી, તેથી આત્મા કાનના અવલંબને સાંભળતો નથી માટે આત્મા શબ્દરૂપ નથી એટલે અશબ્દ છે.

આવા સ્વતંત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપને નહિ જાણનારા અને નિમિત્તનું બળવાનપણું કહેનારા સ્વભાવનું ખૂન કરે છે. કેમકે નિમિત્ત પરચીજ છે. તેનો સ્વભાવમાં અભાવ હોવાથી નિમિત્ત એટલે પરચીજ તથા કાનની પર્યાય આત્માને અડતી જ નથી. શબ્દની પર્યાય કાનને અડતી નથી. તો નિમિત્તના કારણે આત્મા સાંભળે, એમ બનતું નથી. અજ્ઞાન વડે ભ્રાંતિ થતાં નિમિત્ત આવે તો જ્ઞાનપર્યાય થાય—તે તો સ્થૂળ મિથ્યાત્વ છે. કેમકે વર્તમાન જે જ્ઞાન થાય છે તે જ્ઞાનગુણની તે સમયની યોગ્યતાથી થાય છે, પણ પરથી જ્ઞાન થતું નથી—એમ પ્રથમ માને તો હજુ જડ અને પરદ્રવ્યથી ભેદ કરવાની વાત થઈ. જીવદ્રવ્ય અલોકમાં કેમ જતું નથી? ઉત્તરમાં "धर्मास्तिकाय अभावात्" એમ કહ્યું છે. ત્યાં પ્રથમ તો જીવદ્રવ્યની લાયકાત જ અલોકમાં જવાની નથી અથવા લોકનું દ્રવ્ય લોકમાં હોય એમ સ્વહેતુથી જ્ઞાન કરે ત્યારે પરહેતુ એવા 'ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી' એમ આરોપથી કથન કરવામાં આવે છે, તે જ્ઞાન કરવા માટે છે. પણ ત્યાં નિમત્તની જોરાવરી નથી.

શબ્દ છે તો જ્ઞાન થાય છે, તેમ તો છે નહિ. પણ કાન છે માટે શબ્દ સંભળાય છે, એમ પણ નથી. કેમ કે શબ્દની પર્યાયને અને કાનની પર્યાયને અન્યોન્ય અભાવ છે તથા કાનની પર્યાયને અને આત્માની પર્યાયને અત્યંત અભાવ છે, તેથી આત્મા ઇન્દ્રિયના અવલંબને શબ્દને સાંભળતો નથી. આમ જ્યાં સુધી ન માને ત્યાં સુધી વસ્તુદ્રષ્ટિ થાય નહિ અને તે વિના ધર્મ પ્રગટે નહિ.

(૪) શ્રોતેન્દ્રિય તો જડ છે, અને પર છે તેનાથી તો શબ્દને સાંભળતો નથી પણ ભાવેન્દ્રિય વડે પણ આત્મા શબ્દને સાંભળતો નથી. જોકે આત્મામાં શબ્દને ખંડખંડ જાણવાની યોગ્યતા છે પણ તેનો આખા આત્મામાં અભાવ હોવાથી, તેને આત્મા માનવો, તે અંશની રુચિ છે, ને સ્વભાવની અરુચિ છે. અંશની રુચિમાં મિથ્યાત્વ થાય છે, તેથી ભાવેન્દ્રિય દ્વારા આત્મા શબ્દનું જ્ઞાન કરે, એમ માનવું તે મિથ્યાત્વ છે. ભાવેન્દ્રિય તો પર્યાય છે અને પર્યાયને આખો આત્મા માનવો તે પર્યાયબુદ્ધિ છે. માટે ભાવેન્દ્રિયના અવલંબને જીવ શબ્દને જાણતો નથી, એમ માનવું. આ રીતે જીવ શબ્દરહિત છે એટલે અશબ્દ છે.

(૫) સંવેદનપરિણામરૂપ પોતાનો સ્વભાવ જ્ઞાતા છે તેથી માત્ર શબ્દને જાણતો નથી માટે અશબ્દ છે. આત્મા જડથી તો જાણતો નથી જ પરંતુ ખંડખંડજ્ઞાનથી પણ શબ્દને જાણતો નથી. અહીં આ બોલમાં તો, એક સંવેદન શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છું, એમ ચૈતન્યના વેદનમાં એક શબ્દના જ્ઞાનથી સંતોષ થતો નથી તેથી આત્મા અશબ્દ છે. સ્વભાવ તરફ ઢળતાં, સંવેદનરૂપ પોતાના પરિણામમાં વર્તતાં, એકલા શબ્દના જ્ઞાનમાં ભેદરૂપ થતો નથી એટલે પોતા વડે શબ્દનું એકલું જ જ્ઞાન કરે છે, એમ નથી માટે અશબ્દ છે.

(૬) જ્ઞેય એટલે શબ્દને જાણવા વખતે, યોગ્યતા પણ જેવો શબ્દ હોય તેવી જ હોવા છતાં જ્ઞાયકઆત્મા શબ્દરૂપે થતો નથી. જેવો શબ્દનો પર્યાય તેવું જ જ્ઞાન થવા છતાં, શબ્દ અને જીવ એકરૂપ થતા નથી માટે અશબ્દ છે.

આ રીતે રસ, રૂપ, ગંધ, સ્પર્શ તથા શબ્દ જડ હોવાથી જીવ નથી. અને તે પાંચે પુદ્‌ગલના ગુણો છે. જીવને તે ગુણો હોતા નથી તેથી તે જીવ નથી. પાંચે ઇન્દ્રિયોની પર્યાય તે જડની પર્યાય હોવાથી તેના અવલંબનથી જીવ જાણતો નથી માટે જીવ નથી. અને પાંચે ભાવેન્દ્રિય—આત્માની પર્યાયમાં જે ઉઘાડ છે તે અંશ હોવાથી ત્રિકાળી સ્વભાવમાં તે નથી માટે જીવ નથી. અને પાંચે વિષયોનું જ્ઞાન હોવા છતાં પોતાના સંવેદન પરિણામમાં કોઈ એક વિષયના જ્ઞાન પૂરતો જ આત્મા નથી, માટે પણ જીવ નથી અને પરને જાણવા છતાં પરરૂપે થતો નથી. આ રીતે એ પાંચેમાં આ છ હેતુથી જીવ નથી.

આત્મવસ્તુ તો પરદ્રવ્યથી અને તેના ગુણપર્યાયથી રહિત છે. પોતાના એક સમયની જાણવાની પર્યાય જેટલો નથી. પરને જાણવા છતાં પરરૂપે થતો નથી. સ્વ-પરપ્રકાશક સ્વભાવ વડે પરદ્રવ્યથી તદ્દન જુદો નક્કી કરીને ચૈતન્ય દ્રવ્યનું વર્ણન કર્યું છે.

દ્રવ્યસ્વભાવને ઓળંગતું નથી, ત્યાં ઉત્પાદ-વ્યયાદિનો ભેદ પાડ્યો છે. તે પર્યાયમાં અટકવા માટે પાડ્યો નથી પણ સ્વભાવનો આશ્રય કરતાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ થાય છે ને મિથ્યાત્વનો વ્યય થાય છે. રુચિ પર તરફ હતી તે સ્વભાવ તરફ વળી, તે જ ક્રમ થયો અને તે જ પુરુષાર્થ થયો. આનું નામ જ જીવદ્રવ્ય છે. અન્યને જીવ કહેતા નથી.

હવે અનિર્દિષ્ટ સંસ્થાનનું વિશેષણ ચાર હેતુ આપીને સમજાવે છે. પહેલાં અર્થપર્યાય રહિત જીવસ્વભાવનું વર્ણન કર્યું. હવે વ્યંજન પર્યાયરહિત સ્વભાવ છે, તે બતાવે છે.

(૧) શરીર પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું હોવાથી, તે જડનો આકાર છે. જીવનો આકાર નથી. જડનો આકાર જડમાં છે અને આત્માનો આકાર આત્મામાં છે. શરીરના આકારને અને જીવના આકારને અત્યંત અભાવ છે. જીવની વ્યંજનપર્યાયમાં જડની વ્યંજનપર્યાયની નાસ્તિ છે અને જડની પર્યાયમાં જીવની પર્યાયની નાસ્તિ છે, તેમ માન્યા વગર બન્નેની પર્યાય જ સાબિત થતી નથી. શરીરનો આકાર શરીરથી થાય, પણ જીવથી ન થાય; અને જીવનો આકાર જીવથી થાય પણ શરીરથી ન થાય.—તેમ અજ્ઞાની મૂઢ જીવને ભેદ પાડતાં આવડતો નથી તેથી તે જડના આકારના કારણે ચેતન જીવનો આકાર માને છે, તે પર્યાયબુદ્ધિ છે. ખરેખર શરીરના આકારવાળો જીવ નથી માટે જીવ સંસ્થાનવાળો કહેવાતો નથી.

(૨) આત્મા નિયત અસંખ્યાતપ્રદેશી છે, તે અનિયત એવા અનેક આકારવાળાં અનેક શરીરોમાં રહેવા છતાં પોતાના અસંખ્યાત પ્રદેશી સ્વભાવને છોડતો નથી, માટે અનિર્દિષ્ટ સંસ્થાન છે. પોતાની વર્તમાન યોગ્યતાથી અનિયત અનંત શરીરના આકારોમાં રહેવા છતાં કોઈ એક સમય પણ શરીરની પર્યાયરૂપ થયો નથી. અનંત શરીરમાં રહેવાની પોતાની યોગ્યતાવાળો અનંતીવાર થવા છતાં, એટલે અનંતીવાર આત્માનો આકાર અનેક પ્રકારનો પોતાની યોગ્યતાથી થવા છતાં, તે રૂપે જીવ કદી થયો નથી. અનિયત યોગ્યતામાં નિયતસ્વભાવવાળો અસંખ્યાતપ્રદેશી કોઈ સંસ્થાન પ્રમાણે, કોઈ કાળે આખો થઈ ગયો નથી, માટે જીવ સંસ્થાનવાળો કહેવાતો નથી.

(૩) સંસ્થાન નામકર્મનું ફળ પુદ્‌ગલમાં જ કહેવામાં આવે છે. એટલે કર્મના ફળને કારણે શરીર છે તે બધું પર જ છે, તેથી તેના નિમિત્તે થતા શરીરના આકારો તે જીવ નથી, માટે કર્મના નિમિત્તથી પણ જીવને આકાર નથી.

કર્મના કારણે આત્માનો આકાર થાય, તે જૈન નામ ધરાવનાર માને અને અન્ય મતવાળા જગતનો કર્તા ઈશ્વર છે—એમ માને તે બન્ને એક જાતિના છે. કારણ કે પોતાની (જીવની) પર્યાયનો કર્તા કર્મને ઠરાવે કે ઈશ્વરને કર્તા ઠરાવે, એમાં કાંઈ ભેદ નથી, એક જ પ્રકારના છે. ઈશ્વર જગતને બનાવે છે એટલે આખા જીવને બનાવે છે અને આ એમ માને કે કર્મ જીવની પર્યાયને બનાવે છે, તો જીવની એક સમયની પર્યાય કર્મ બનાવે કે આખો જીવ બનાવે—એમાં કાંઈ ભેદ રહ્યો નહીં. તે એક જાતના જ છે. એકે જીવથી જીવ બન્યો એમ માન્યું ત્યારે બીજાએ જડથી જીવ બન્યો એમ માન્યું, તો એ તો એથી પણ વધારે સ્થૂળ ભૂલ છે. માટે કર્મના કારણે આત્મામાં આકાર થતો નથી એમ માનવું તે સમ્યક્ત્વ છે.

(૪) જગતમાં જેટલા પદાર્થો જેવા આકારવાળા છે, તેવું જ તેમનું જ્ઞાન પોતાના (આત્માના) કારણે થાય છે. તેના (પદાર્થોના) આકારના કારણે જ્ઞાન થતું નથી. છત્રીસ હાથનો લીમડો હોય તો જ્ઞાન પણ તેવું જ થાય છે, છતાં જ્ઞાન કાંઈ છત્રીસ હાથ લાંબું થઈ જતું નથી. આંગળીનો આકાર તેમ જ જીભનો આકાર, જેવો હોય તેવું જ જ્ઞાન થાય છે છતાં જીભનો આકાર જીભમાં અને આંગળીનો આકાર આંગળીમાં પોતાના કારણે પરિણમી રહ્યો છે. જ્ઞાન તેવું જાણે છતાં જ્ઞાનનો આકાર જ્ઞેયના આકારરૂપ થતો નથી, માટે જીવ સંસ્થાનવાળો કહેવાતો નથી.

# પ્રસાદ નં. ૨૯

## સમયસાર ગાથા ૪૯ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૧૧, ૨૦૦૭)

અહીં જીવ કેવો છે, તેનું વર્ણન ચાલે છે. તેમાં અનિર્દિષ્ટ સંસ્થાનનો ચોથો બોલ છે.

જેવું વસ્તુનું તથા પર્યાયનું સ્વરૂપ છે, તેવું બરાબર જ્ઞાન કરવું જોઈએ. એક સમયની પોતાની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય સ્વ-પરને પરિપૂર્ણ જાણવાનું છે. પોતાનું યથાર્થ જ્ઞાન થતાં પર જણાઈ જાય એવો જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે.

પરના આકારને જાણવાની તાકાત જ્ઞાનપર્યાયમાં છે ખરી, પણ પરના આકારો કરવાની તાકાત તેમાં નથી. પુદ્‌ગલો સ્વયં આકારરૂપે પરિણમી રહ્યાં છે, તેને જ્ઞાન પોતાની પર્યાયના સામર્થ્ય વડે, તે આકારોમાં એકેમેક થયા વગર જાણે છે, એવી સ્વાભાવિક જ્ઞાનશક્તિ છે. વર્તમાન જ્ઞાનનો ઉઘાડ પર સન્મુખ થઈને જુએ તેણે જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે તેને માન્યો નથી. એક સમયની જ્ઞાનપર્યાયે દ્રવ્ય સન્મુખ રુચિ કરી તે જ્ઞાનમાં એવી તાકાત છે કે તે ત્રિકાળી સ્વભાવને, રુચિને તથા રાગના અભાવને જાણે, અને પર પદાર્થોના આકારોને પણ જાણે છતાં, તે આકારરૂપે થતો નથી માટે પરના સંસ્થાનવાળો કહેવાતો નથી.

બધા પદાર્થો પોતાની તાકાતથી વ્યંજન (આકાર) પર્યાયરૂપે પરિણમી રહ્યા છે અને જેવા આકારરૂપે તે છે તે રૂપે આત્મા પોતાની વર્તમાન પર્યાયમાં પોતાની સ્વાભાવિક સંવેદન શક્તિથી જાણે છે ખરો પણ તેરૂપે થતો નથી તેથી આકારવાળો કહેવાતો નથી.

જગતના જે બધા આકારો થઈ રહ્યા છે તેને પોતાની જ્ઞાનશક્તિથી આત્મા જાણે છે, જ્ઞાનપર્યાયનો એવો જ સ્વભાવ છે, પણ તે પરની આકૃતિરૂપે થતો નથી તથા તેને કરતો પણ નથી. જેવો આકાર છે તેવો જાણે છે. તેવો જાણવાનો સ્વભાવ હોવા છતાં, પરના આકાર રહિત નિર્મળ જ્ઞાનની અનુભૂતિ થઈ રહી છે, માટે અત્યંતપણે આકાર વગરનો છે, તેથી સંસ્થાનવાળો કહેવાતો નથી.

પોતાની સ્વાભાવિક સંવેદન શક્તિથી પરના આકારને જાણવા છતાં એટલે જેવો આકાર હોય તેવું જ જ્ઞાન થવા છતાં તે આકારરૂપે જીવ થતો નથી. પદાર્થ તેના આકારે પરિણમી રહ્યો છે. કોઈએ આકાર કર્યો નથી, સ્વયં આકાર થાય છે અને જ્ઞાન પણ જેવો આકાર હોય તેવું સ્વયં થાય છે, છતાં પોતાની સંવેદન શક્તિના કારણે તે આકારરૂપે થતો નથી માટે આત્મા આકારવાળો કહેવાતો નથી.

આકાર પ્રમાણે જ્ઞાન થાય પણ આકારને જીવ પરિણમાવતો નથી અને આકાર છે માટે જ્ઞાન થાય છે, એમ પણ નથી. પોતાની સંવેદન શક્તિથી જ્ઞાન

થઈ રહ્યું છે, માટે જીવ આકારવાળો કહેવાતો નથી. પ્રતીતિમાં દ્રવ્યના સ્વભાવને અને વર્તમાન પર્યાયની તાકાતને કબૂલે છે. પરના આકારો તેના કારણે થાય છે, તેને જાણે છે છતાં તેરૂપે નહિ થતો પોતાનો અનુભવ કરી રહ્યો છે, તે તાકાતની કબૂલાત છે. આ રીતે જીવ સંસ્થાન વિનાનો છે.

તું આત્મા છો. તેનો જ્ઞાન એક ગુણ છે. ને તેની પર્યાયની તાકાત સ્વ-પરને જાણવાની છે. પરનું ફેરફાર કરવાની તાકાત નથી. પરનાં કામ કર્યાં અને કામ સુધાર્યાં –તેમ માનવું તે મિથ્યાબુદ્ધિ છે. જે જીવ જ્ઞાનને પરનું કામ કરવાનું સોંપે છે, તે જ્ઞાનનો સ્વભાવ માત્ર જાણવાનો જ છે, તેને માનતો નથી.

હવે અલૌકિક બોલ આવે છે. આત્મા અવ્યક્ત છે—અપ્રગટ છે, તે વિશેષણને છ હેતુ આપીને સમજાવે છે. પહેલો બોલ કહે છે :—

આખો આત્મા સૂક્ષ્મ છે, અવ્યક્ત છે. છયે દ્રવ્યો જ્ઞેય છે માટે વ્યક્ત છે અને સ્થૂળ છે અને જ્ઞાન અવ્યક્ત છે. જ્ઞેય બહિરંગ છે અને જ્ઞાન અંતરંગ છે, માટે અવ્યક્ત છે.

છ દ્રવ્યસ્વરૂપ લોક છે. એક બાજુ રામ અને બીજી બાજુ ગામ હોય તે રીતે, લોક તે જ્ઞેય છે અર્થાત્ જ્ઞાનમાં જણાવાયોગ્ય છે અને બાહ્ય હોવાથી વ્યક્ત છે, અને ભગવાન આત્મા તેનાથી અન્ય છે માટે અવ્યક્ત છે. છ દ્રવ્યોથી જુદું છે માટે અવ્યક્ત, સાતમું તત્ત્વ છે. ''સ્વાત્માનુભવમનન''માં આત્માને સપ્તમતત્ત્વ કહ્યું છે, તે આમાંથી લીધું છે.

આત્મા સ્વભાવને જાણતાં પોતા તરફ એકતા થાય છે અને પરથી જુદો એટલે બાહ્યથી જુદો થાય છે, તેથી અવ્યક્ત છે, સૂક્ષ્મ છે. આત્મા પ્રગટ હોવા છતાં પણ જેમ છ દ્રવ્યો એક સમયની જ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય છે, તેમ એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય આવી જતું નથી, માટે દ્રવ્ય અપ્રગટ છે, તેમ અહીં કહ્યું છે, એમ જાણવું.

પરદ્રવ્યો સ્થૂળ છે, પોતાની રાગપર્યાય પણ સ્થૂળ છે. પોતાના સ્વભાવ તરફ પર્યાય વળી એટલે આત્મામાં અભેદ થઈ. તે છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેયથી અન્ય હોવાથી અવ્યક્ત છે. લોકાલોકનું જ્ઞાન એક સમયમાં થાય છે તેથી જ્ઞેય સ્થૂળ છે. આત્માની વર્તમાન પર્યાયમાં જ્ઞાન થયું પણ એક પર્યાયમાં આખા દ્રવ્યની બધી પર્યાયનો અનુભવ થતો નથી માટે સૂક્ષ્મ છે-અપ્રગટ છે. જ્ઞેયને અવ્યક્ત કહ્યાં ત્યારે તેનાથી જુદા ચૈતન્ય પદાર્થને અવ્યક્ત કહ્યો છે. ગામને (જ્ઞેય સમૂહને) વ્યક્ત કહ્યો ત્યારે રામ (આત્મા)ને અવ્યક્ત કહ્યો છે. જો કે જ્ઞાનમાં આત્મદ્રવ્ય પોતે પણ જણાવાયોગ્ય છે, છતાં પણ પરજ્ઞેયને વ્યક્ત કહેલ છે અને તે

પરજ્ઞેયથી આત્મા જુદો છે માટે અવ્યક્ત કહ્યો છે. છ દ્રવ્યથી જુદો ને જુદો છે માટે સાતમું દ્રવ્ય કહ્યું છે.

અશુભભાવથી બચવા માટે શુભભાવ કરવા, એમ કહેનારનું લક્ષ નિમિત્ત ઉપર જાય છે અને તેને વિકારની કર્તૃત્વબુદ્ધિ વર્તે છે. જેનું લક્ષ અશુભભાવ ટાળી શુભભાવ કરવા ઉપર છે તેનું લક્ષ નિમિત્ત ઉપર ગયા વગર રહેતું નથી. તેનું લક્ષ સ્વભાવ ઉપર જતું જ નથી. પોતાના સ્વભાવમાં ઢળતાં અશુભભાવ ટળીને શુભભાવ થાય છે, પણ શુભભાવ કરવા ઉપર લક્ષ હોતું નથી—તેવા જ્ઞાનમાં આત્મા જ્ઞેયથી જુદો હોવાથી અવ્યક્ત છે.

લોકાલોક અને શુભાશુભ પરિણામ આદિ બધું છ દ્રવ્યમાં જાય છે કેમકે રાગનું લક્ષ નિમિત્ત ઉપર જાય છે અને નિમિત્ત તે લોકમાં જાય છે, તેથી તે વ્યક્ત છે અને આત્મા તેનાથી જુદો હોવાથી અવ્યક્ત છે, પણ જો નિમિત્તનું કે શુભનું કરવામાં રોકાય તો તેનાથી જુદો છે, તેમ રહેતું નથી. શાસ્ત્રમાં 'આ વખતે આવા ભાવ કરવા' એવું લખાણ હોય ત્યાં તો માત્ર તે વખતના વિકલ્પનું જ્ઞાન કરાવ્યું છે, પણ તે કાળે વિકલ્પ કરવો—એમ કહ્યું નથી. એમ જાણે તો સ્વભાવને જાણતો જ્ઞેયથી પોતે જુદો છે, તેમ જાણે. જુદો છે માટે ભગવાન આત્મા અવ્યક્ત છે.

આ પરમ સત્ય છે. એટલે નગ્ન સત્ય છે. તેને દેખીને જગતના લોકો ભાગે છે, પણ જરા ધીરા થઈને જુએ તો ખબર પડે. જેમ કોઈ નગ્ન શરીર જોઈને ભાગે, તેને કહે છે કે શરીર જોઈને ભાગ નહિ, પણ અંતરંગ તત્ત્વ આત્મા છે, તેને જો. ભાગવાથી આરો આવશે નહિ. આ તત્ત્વ સમજ્યે જ આરો આવશે.

પુણ્ય-પાપના વિકલ્પ બધાને પર એટલે લોકમાં લીધા છે. શરીરાદિની ક્રિયા વખતે શુભભાવ થાય તે પરદ્રવ્યમાં જાય છે માટે તે વ્યક્ત છે અને આત્મા તેનાથી જુદો છે માટે અવ્યક્ત છે.

જે શબ્દો કહેવાય છે તેની ગંભીરતા જ પ્રથમ ન ભાસે તો તેનો આશય પણ સમજાય નહિ. શ્રીમદે પણ 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે :–

"નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર શમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય."

એક સમયમાં પ્રતીત કરે છે કે મારી જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્યોને જાણવાની તાકાત છે. પણ વિધિ અને વિધાન દ્વારા મારી જ્ઞાનપર્યાય ખીલે તેવો પર્યાયનો સ્વભાવ જ નથી. આ નગ્ન સત્ય કેવી રીતે પચે? જો પચી જાય તો સિદ્ધ જેવો થઈ જાય.

જે જ્ઞેય છે તે વ્યક્ત છે. ભગવાન આત્મા એકલો જ્ઞાનસ્વભાવે પરિણમ્યો માટે અવ્યક્ત છે, આમ જાણવું તે અઘરું નથી. શરીર અને પરનું કરવું તે અઘરું છે. કેમકે તે જીવ કરી શકતો નથી. છ દ્રવ્યથી જુદો આત્મા છે માટે અવ્યક્ત છે.

આ અવ્યક્તનો પહેલો પ્રકાર થયો.

# પ્રસાદ નં. ૩૦

## શ્રી સમયસાર ગાથા ૪૯ ના પ્રવચનમાંથી.

(કારતક વદ ૧૨, ૨૦૦૭)

**પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે?** : 'ભગવાન આત્મા છ પ્રકારે અવ્યક્ત છે'—એ વિષય ઉપરનું સુંદર પ્રવચન :

જિજ્ઞાસુ શિષ્યે એમ પ્રશ્ન પૂછ્યો છે કે રાગાદિભાવો છે તે જીવ નથી તો એક ટંકોત્કીર્ણ પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે?—તેનું લક્ષણ શું છે? તેના ઉત્તરમાં શ્રી આચાર્ય ભગવાન આ ગાથામાં જીવના પરમાર્થ સ્વરૂપનું વર્ણન કરે છે. આવા પરમાર્થ સ્વરૂપને જાણીને તેની શ્રદ્ધા કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે.

'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે' આખો લોક પોતાથી બાહ્ય છે માટે તે વ્યક્ત છે ને લોક અપેક્ષાએ પોતે અંતરતત્ત્વ છે તેથી આત્મા અવ્યક્ત છે. તે અવ્યક્ત-સ્વભાવને પ્રતીતમાં લેતાં પરમાર્થ આત્માની પ્રતીતિ થાય છે. બાહ્ય તત્ત્વોને વ્યક્ત કહ્યાં ને જ્ઞાયક એવા અંતરતત્ત્વને અવ્યક્ત કહ્યું.

જો કે આત્મા પોતે પોતાનું સ્વજ્ઞેય પણ છે, પણ તે સ્વજ્ઞેય ક્યારે થાય? જ્યારે અંતરમાં જ્ઞાયકસ્વભાવ તરફ વળે ત્યારે જ પોતે પોતાનું સ્વજ્ઞેય થાય છે. એક સમયની વ્યક્ત પર્યાયમાં ત્રિકાળી તત્ત્વ આખું આવી જતું નથી, પણ એક સમયની પર્યાયમાં ત્રિકાળી તત્ત્વ જણાય છે ખરું. આખું તત્ત્વ જ્ઞાનમાં જણાઈ જાય છે એ અપેક્ષાએ વ્યક્ત કહી શકાય, પણ એક સમયની વ્યક્ત પર્યાયમાં તે આખું તત્ત્વ પ્રગટી જતું નથી. માટે ભગવાન આત્મા અવ્યક્ત છે. એક સમયની વ્યક્ત પર્યાયની પ્રતીત કરવાથી આખો આત્મા પ્રતીતમાં આવતો નથી માટે આત્મા અવ્યક્ત છે.—આવા આત્માની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે.

આત્મા વર્તમાન એક સમયમાં જ ત્રિકાળી સામર્થ્યથી પૂરો છે, તે શક્તિરૂપ હોવાથી અવ્યક્ત છે. વ્યક્ત એવા પર્યાયની દ્રષ્ટિ છોડાવીને, પૂર્ણ સ્વભાવ શક્તિની દ્રષ્ટિ કરાવવા કહ્યું કે ભગવાન આત્મા અવ્યક્ત છે. તે અવ્યક્તની શ્રદ્ધા કરનાર તો વર્તમાન વ્યક્તપર્યાય છે; કાંઈ અવ્યક્ત વડે અવ્યક્તની શ્રદ્ધા નથી થતી, પણ વ્યક્ત દ્વારા અવ્યક્તની શ્રદ્ધા થાય છે. તે અવ્યક્ત અને વ્યક્ત બંને પર્યાયમાં જ છે.

વસ્તુના સ્વભાવને શ્રદ્ધામાં લ્યે તો સમ્યગ્દર્શન થાય; તે શ્રદ્ધા કરનારી વર્તમાન પર્યાય છે અને જેની શ્રદ્ધા કરવાની છે, તે વસ્તુ પણ વર્તમાનમાં જ છે. વર્તમાન પર્યાય દ્વારા શ્રદ્ધા થાય છે તો તે શ્રદ્ધાનું કારણ પણ વર્તમાનમાં જ હોવું

જોઈએ અને જેની શ્રદ્ધા કરવાની છે તે આખી વસ્તુ પણ વર્તમાન જ હોવી જોઈએ. જેમ શ્રદ્ધા વર્તમાન છે તેમ જો શ્રદ્ધાનો વિષય પણ વર્તમાન જ પૂરો ન હોય તો તે બન્નેની એકતા ક્યાંથી થાય? ત્રિકાળી શક્તિનો પિંડ ધ્રુવ ચૈતન્યબિંબ વર્તમાન આખો અવ્યક્ત છે—તે શ્રદ્ધાનો વિષય છે, અને તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. શ્રદ્ધા તે કાર્ય છે ને ધ્રુવ દ્રવ્ય તેનું પરમાર્થકારણ છે. તે બન્ને વર્તમાનમાં જ છે. જો શ્રદ્ધાનું પરમાર્થકારણ (-અથવા શ્રદ્ધાનો વિષય) વર્તમાન પરિપૂર્ણ ન હોય તો સમ્યગ્દર્શનરૂપ કાર્ય પણ થઈ શકે નહિ. શ્રદ્ધા-પર્યાય તે વ્યક્ત છે ને આખું દ્રવ્ય **વર્તમાન વર્તતું અવ્યક્ત છે;** તે અવ્યક્તના આધારે થતા વ્યક્ત દ્વારા અવ્યક્ત દ્રવ્યની પ્રતીત થાય છે. શ્રદ્ધા પોતે વર્તમાન અને જેની શ્રદ્ધા કરવાની છે તે જો વર્તમાન ન હોય, તો તેની શ્રદ્ધા જ કઈ રીતે થઈ શકે? આખી વસ્તુ વર્તમાન અવ્યક્ત (-શક્તિરૂપ) પડી છે તેની શ્રદ્ધા કરવામાં કોઈ પરદ્રવ્યની કે રાગની તો અપેક્ષા નથી પણ તે **વર્તમાન વર્તતું સ્વદ્રવ્ય** પોતે જ શ્રદ્ધાનું પરમાર્થકારણ છે; તેના જ આશ્રયે પરમાર્થશ્રદ્ધા થાય છે. તે કારણ જો વર્તમાનમાં ન હોય તો શ્રદ્ધારૂપ કાર્ય પણ વર્તમાનમાં ક્યાંથી થાય? જો દ્રવ્ય આખુંય વર્તમાન જ ન પડ્યું હોય તો શ્રદ્ધા શેમાં લક્ષ કરીને ટકે?—શ્રદ્ધાને કોનો આધાર? શ્રદ્ધાનો આધાર દ્રવ્ય છે, તે પૂરું દ્રવ્ય વર્તમાનમાં જ છે; તેના તરફ વળીને તેની પ્રતીત કરતાં સમ્યક્ શ્રદ્ધા થાય છે. તથા એ જ પ્રમાણે સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વગેરે પણ વર્તમાન પૂર્ણ દ્રવ્યના આશ્રયે જ થાય છે. કાર્ય વર્તમાનરૂપ છે તેમ તેનું પરમાર્થકારણ તે પણ વર્તમાનમાં જ શક્તિપણે પૂરું છે. આથી, પોતાના સમ્યક્ શ્રદ્ધા વગેરે ગુણો પ્રગટ કરવા માટે ક્યાંય બહારમાં—દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે સામે—નથી જોવું પડતું, પણ પોતાનો સ્વભાવ જ વર્તમાન પૂર્ણ વિદ્યમાન છે. તેમાં અંતર્- મુખ થઈને તેનો આશ્રય કરતાં સમ્યક્ શ્રદ્ધા વગેરે પ્રગટ થાય છે.

આખા લોકનાં બધાં જ્ઞેયોને જ્ઞાયક અંતર્-તત્ત્વથી ભિન્ન જાણીને. અંતર્-સ્વભાવ તરફ વળીને આત્માની પ્રતીતિ કરે તો અવ્યક્ત આત્માની શ્રદ્ધા થઈ કહેવાય.

આ રીતે, અવ્યક્તનો પહેલો બોલ થયો.

***

હવે અવ્યક્તનો બીજો બોલ કહે છે :

‘‘કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.’’ આત્માની ક્ષણિક અવસ્થામાં જે કષાયભાવ થાય તેનાથી પણ આત્માનો સ્વભાવ જુદો છે, તો પછી પરવસ્તુથી આત્મા જુદો છે એ વાત તો તેમાં આવી જ જાય છે. કષાયભાવોથી આત્મા જુદો છે—એમ કહેતાં જ નિમિત્ત વગેરે

પરદ્રવ્યોની ઉપેક્ષા કરીને આત્મા તરફ વળવાનું જ આવ્યું, કેમકે કષાયભાવ હંમેશાં પરદ્રવ્યના અવલંબને જ થાય છે. કષાયભાવો બાહ્યપદાર્થોના અવલંબને થતા હોવાથી તેને વ્યક્ત કહ્યા, આત્માના અંતરસ્વભાવના આશ્રયે કષાયભાવની ઉત્પત્તિ થતી નથી તેથી તે અવ્યક્ત છે. કષાયભાવોથી જીવ અન્ય છે—એમ અહીં કહ્યું તેમાં સ્વદ્રવ્ય તરફ વળવાનું જ આવે છે.

જુઓ ! વીતરાગપણું તે શાસ્ત્રનું તાત્પર્ય છે, રાગ થાય તે તાત્પર્ય નથી. હવે, 'રાગ તાત્પર્ય નથી' એમ કહેતાં જ પરદ્રવ્યના અવલંબનની ઉપેક્ષા કરવાનું જ આવી જાય છે; કેમ કે પરદ્રવ્યના અવલંબને રાગ જ થાય છે. વીતરાગતા તો સ્વદ્રવ્યના અવલંબને જ થાય છે. માટે વીતરાગતાને તાત્પર્ય કહ્યું તેમાં પરદ્રવ્યોની ઉપેક્ષા કરીને સ્વદ્રવ્યનું અવલંબન કરવાનું જ કહ્યું છે.

કોઈ એમ માને કે 'દેવ-ગુરુ કે શાસ્ત્ર વગેરે નિમિત્તોની ઉપેક્ષા ન કરવી જોઈએ'—તો તે જીવ વીતરાગી તાત્પર્યને સમજ્યો નથી. વીતરાગતા ક્યારે થાય?—કે સ્વદ્રવ્યનો આશ્રય કરે ત્યારે. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ ખરેખર તો પરદ્રવ્ય જ છે, ને પરદ્રવ્યના અવલંબને રાગની જ ઉત્પત્તિ થાય છે. તેથી 'પરદ્રવ્યનું અવલંબન ન છોડવું—ઉપેક્ષા ન કરવી' એમ જેણે માન્યું તેણે રાગને જ તાત્પર્ય માન્યું, પણ વીતરાગતાને તાત્પર્ય ન માન્યું. જે જીવ વીતરાગતાને જ તાત્પર્ય સ્વીકારે તે જીવ પરદ્રવ્યનું આલંબન કરવા જેવું માને નહિ. વીતરાગતાને જ તાત્પર્ય માનનાર જીવને પરદ્રવ્યના આલંબનની રુચિ છૂટીને સ્વદ્રવ્યના જ આલંબનની રુચિ હોય. એટલે 'શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે' એમ કહેતાં જ તેમાં "સ્વદ્રવ્યની અપેક્ષા ને સમસ્ત પરદ્રવ્યથી ઉપેક્ષા" કરવાનું આવી જ જાય છે.

વીતરાગતાને જ તાત્પર્ય કહેતાં, તે વીતરાગતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. સમ્યગ્દર્શન તે પણ વીતરાગતાવાળું છે, ને તે સ્વદ્રવ્યના આદરથી જ થાય છે. કોઈ દેવ-ગુરુ વગેરે પરના આદરથી કે રાગથી સમ્યગ્દર્શન થતું નથી પણ એકલા સ્વ સ્વભાવના આદરથી જ સમ્યગ્દર્શન થાય છે. એ પ્રમાણે સમ્યગ્જ્ઞાન પણ વીતરાગભાવ છે ને તે પણ સ્વદ્રવ્યના આદરથી જ થાય છે; તેમ જ સમ્યક્ચારિત્ર પણ વીતરાગભાવ છે ને તે પણ એકલા સ્વદ્રવ્યના અવલંબને જ થાય છે. કેવળજ્ઞાન પણ સ્વદ્રવ્યના જ આદર અને આશ્રયથી થાય છે. આ રીતે સાધકદશાની શરૂઆતથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન સુધીના નિર્મળભાવો સ્વદ્રવ્યના આશ્રયથી જ થાય છે. પર્યાયના કે પરદ્રવ્યના આદરથી કોઈ વીતરાગભાવ થતા નથી પણ રાગ જ થાય છે.

એ રીતે 'વીતરાગતા' તે સ્વદ્રવ્યનો જ આદર કરાવે છે કેમકે સ્વદ્રવ્યના આદરથી જ વીતરાગતા થાય છે. પરદ્રવ્ય-નિમિત્ત કે પર્યાયના આદરથી વીતરાગતા થતી નથી પણ રાગ થાય છે માટે તે કોઈનો આશ્રય કરવો, તે

તાત્પર્ય નથી. વીતરાગતા તે સ્વદ્રવ્યના અવલંબનનો ભાવ છે ને રાગ તે પરદ્રવ્યના અવલંબનનો ભાવ છે. વીતરાગતાનું કારણ સ્વદ્રવ્ય, તે કારણ અને કાર્ય બન્ને વર્તમાનમાં જ સમાય છે.

વર્તમાન વર્તતું આખું દ્રવ્ય તે કારણ, ને તે દ્રવ્યના આધારે પ્રગટેલી વીતરાગી પર્યાય તે કાર્ય; આ સિવાય આત્માને પર કરે કે આત્મા પરનું કરે એમ જેણે માન્યું તેણે વસ્તુને જાણી નથી.

(૧) ઈશ્વરે જીવને બનાવ્યો એમ જેણે માન્યું તેણે આખા તત્ત્વનો કર્તા પરને માન્યો, એટલે આખા તત્ત્વને પરાધીન માન્યું.

(૨) ઈશ્વરે જીવને બનાવ્યો—એમ તો ન માને, પણ નિમિત્ત આવે તેવી પર્યાય થાય—એમ જેણે વર્તમાન પર્યાયનો કર્તા પરને માન્યો તેણે પોતાના વર્તમાનને સ્વતંત્ર ન માન્યું અને વર્તમાનને ઊડાડતાં દ્રવ્યને પણ ઊડાડ્યું એટલે તેની શ્રદ્ધા પણ મિથ્યા છે.

૩) રાગાદિભાવ પર નિમિત્તથી થાય—એમ ન માને, પણ પોતાની લાયકાતથી રાગાદિ થાય છે એમ માને; પરંતુ એ રાગ જેટલો જ આત્મા માને—અર્થાત્ રાગથી લાભ માને તો તેણે પણ લાભના કારણરૂપ એવા આખા દ્રવ્યને ઊડાડ્યું; કેમકે લાભનું કાર્ય તો દ્રવ્યના આશ્રયે થાય છે, તેને ન માનતા રાગના આશ્રયે લાભ માન્યો, તો તેની માન્યતામાં રાગે જ આખા દ્રવ્યનું કાર્ય કર્યું એટલે રાગ સિવાય બીજું દ્રવ્ય ન રહ્યું.

–એ રીતે, યથાર્થ તત્વથી કાંઈપણ આડું અવળું માનતાં આખું તત્ત્વ જ ઊડી જાય છે,–એટલે કે તત્ત્વની મિથ્યાશ્રદ્ધા થાય છે.

અહીં ‘અવ્યક્ત’ વિશેષણ દ્વારા આત્માનું પરમાર્થ સ્વરૂપ બતાવે છે. સત્-સ્વભાવી આત્મતત્ત્વની ભાવના માટે કષાય કામ આવતો નથી.અશુભ તેમ જ શુભ—એ બન્ને ભાવો કષાયનો જ પ્રકાર છે. આત્મા ત્રિકાળી સામર્થ્યવાળો છે ને કષાયો એક ક્ષણ રહેનારા છે. આત્મદ્રવ્ય કષાયથી અનેરું છે, એટલે દ્રવ્યસ્વભાવની ભાવનાથી કષાય નાશ પામી જાય છે.

પરવસ્તુથી કે પરવસ્તુના લક્ષે થતા કષાયભાવોથી આત્માનો પરમાર્થ સ્વભાવ અનુભવમાં આવતો નથી; માટે સ્વદ્રવ્ય અપેક્ષા કરવા જેવું છે ને પરદ્રવ્યો ઉપેક્ષા કરવા જેવાં છે. કષાય પરદ્રવ્યના લક્ષે થાય છે. માટે તેનાથી સ્વદ્રવ્ય અનેરું છે. સ્વદ્રવ્ય તે જ સમ્યક્ત્વાદિનું બીજ છે. પરદ્રવ્યના આશ્રયે કષાય થાય છે ને સ્વદ્રવ્યના આશ્રયે વીતરાગતા થાય છે.

‘જેની ભાવનાથી જે ભાવ થાય તે ભાવ તેનો જ છે.’ સ્વદ્રવ્યની ભાવનાથી જે ભાવ થાય તે ભાવ સ્વદ્રવ્યનો છે, તે વીતરાગી ભાવ છે. અને પરદ્રવ્યની

ભાવનાથી જે ભાવ થાય તે ભાવ પરમાર્થે પરદ્રવ્યનો છે,–તે રાગભાવ છે. આ રીતે બે જ વિભાગ પાડીને રાગને પણ પરદ્રવ્યમાં ગણી નાખ્યો. રાગભાવ ખરેખર સ્વદ્રવ્યનો સ્વભાવ નથી માટે સ્વભાવદ્રષ્ટિથી તો તે પરદ્રવ્યનો જ ભાવ છે.

શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે; તે વીતરાગતાપણે પરિણમનારું દ્રવ્ય છે. રાગની ભાવના કરવાથી દ્રવ્ય વીતરાગતાપણે પરિણમતું નથી, પણ દ્રવ્યની ભાવના કરવાથી જ તે વીતરાગતાપણે પરિણમે છે. વીતરાગપર્યાયના આશ્રયે વીતરાગતા થતી નથી પણ દ્રવ્યના આશ્રયે વીતરાગીપર્યાય થાય છે. પર્યાય તો ક્ષણિક છે, ને દ્રવ્ય ધ્રુવ છે. જે ધ્રુવ ટકતી ચીજ હોય તેની જ ભાવના ભવાય.

સ્વદ્રવ્યની ભાવના કરે તો તે તરફ વળીને એકાગ્ર થઈ શકાય છે ને વીતરાગભાવ પ્રગટે છે. પરદ્રવ્યની કે પર્યાયની ભાવના કરે તો તેનાથી સ્વદ્રવ્ય તરફ વળાતું નથી પણ રાગભાવ જ થાય છે. માટે હે ભાઈ! તું સ્વદ્રવ્યના અવલંબન તરફ વળીને સ્વદ્રવ્યને જ વીતરાગતાનું કારણ બનાવ. સર્વ શાસ્ત્રોનું પ્રયોજન વીતરાગતા છે, તે વીતરાગતા સ્વદ્રવ્યના આશ્રયે જ સધાય છે, માટે— સ્વદ્રવ્યનો આશ્રય એ જ સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય થયું.

પર્યાય પ્રગટવાનું સામર્થ્ય દ્રવ્યમાં છે, એક પર્યાયમાં બીજી પર્યાયને પ્રગટ કરવાનું સામર્થ્ય નથી. એક રાગ પર્યાયમાંથી બીજી રાગની પર્યાય પણ નથી આવતી તો પછી તે રાગમાંથી વીતરાગતા તો ક્યાંથી આવે? પર્યાયના અવલંબને તો રાગની જ ઉત્પત્તિ થશે. ધ્રુવદ્રવ્ય આખું વર્તમાન છે, તેનો આશ્રય કરતાં, તે ધ્રુવ કારણ થઈને તેમાંથી વીતરાગી પર્યાય થયા કરશે.—આમ એકલા સ્વદ્રવ્ય તરફ વળીને તેનું આલંબન કરવું તે જ આ બધા બોલનું તાત્પર્ય છે.

'અવ્યક્ત'ના છ બોલમાં જુદા જુદા પડખેથી વર્ણન કર્યું છે પણ તેમનો સરવાળો તો એક જ છે; છએ પ્રકારો સ્વદ્રવ્યના અવલંબન તરફ વળવાનું જ બતાવે છે. એક બોલમાં કાંઈક બતાવ્યું ને બીજા બોલમાં તેનાથી જુદું બીજું બતાવ્યું—એમ નથી; છ બોલના છ જુદા જુદા તાત્પર્ય નથી પણ છએ બોલનું તાત્પર્ય એક જ છે. શૈલિ ફેરવીને પણ બધા-બોલમાં એક સ્વદ્રવ્યનું જ અવલંબન બતાવ્યું છે. જે સ્વદ્રવ્યના અવલંબન તરફ વળ્યો તે બધા બોલનું રહસ્ય સમજી ગયો.

આ તો જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેને માટે અપૂર્વ વાત છે. આવો આત્મા સમજ્યે જ કલ્યાણ છે. ઊંધી શ્રદ્ધાને લીધે આત્મા અનાદિથી ચોરાશીના કુવામાં પડ્યો છે, તેમાંથી તેને કેમ બહાર કાઢવો તેની આ વાત છે. પહેલા જેવો છે તેવા પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધા કરે તો તે શ્રદ્ધાના બળે જેવો છે તેવો પરિપૂર્ણ આખે આખો આત્મા ચોરાશીના કુવામાંથી બહાર નીકળી જાય. પોતાના આત્મા

ઉપર દયા લાવીને, પોતાના આત્માને ચોરાશીના અવતારરૂપી કુવામાંથી બહાર કાઢવા માટે જગતની દરકાર છોડીને—કડડીયા કરીને—અંદર ઊતરવા જેવું છે.

*

અહીં 'અવ્યક્ત' વિશેષણના છ બોલથી આત્માનો સ્વભાવ સમજાવે છે. તેમાંથી બે બોલ થયા છે; હવે ત્રીજો બોલ કહે છે.

'ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.' બીજા બોલમાં વિકારી ભાવોને આત્માથી અન્ય કહ્યા હતા અને આ બોલમાં નિર્મળ પર્યાયો આત્મામાં અભેદ થાય છે—એમ કહે છે. પર્યાય તે સ્વભાવમાં જ એકતાવાળી થાય છે. અવ્યક્તતત્ત્વથી તેની પર્યાયો જુદી પડતી નથી. એટલે વ્યક્તપર્યાયના ભેદોથી દ્રવ્ય ભેદાઈ જતું નથી માટે આત્મા અવ્યક્ત છે. માટે પર્યાયને જુદી પાડીને પર્યાયને જોવાનું નથી રહેતું પણ દ્રવ્યમાં જ જોવાનું રહે છે.

વસ્તુ નિત્ય ટકીને પરિણમે છે. જો વસ્તુ પરિણમતી ન હોય તો આ શ્રદ્ધા-જ્ઞાન વગેરે પરિણામો જ સાબિત ન થાય. ચેતનશક્તિ તે કારણ છે ને નિર્મળ પર્યાય કાર્ય છે, તે કારણ-કાર્ય પરમાર્થે જુદાં નથી કેમ કે પર્યાયો દ્રવ્યમાં જ અંતર્ભૂત થાય છે. વળી શ્રદ્ધા-જ્ઞાન વગેરે પર્યાયરૂપ કાર્ય વર્તમાન વ્યક્ત છે, તો તેના કારણરૂપ અવ્યક્ત દ્રવ્ય પણ વર્તમાન જ હોવું જોઈએ.

શ્રદ્ધા પર્યાય પ્રગટી તો તે શ્રદ્ધાનું આખું કારણ વર્તમાનમાં છે.

જ્ઞાનપર્યાય વ્યક્ત થઈ તો તે જ્ઞાનનું કારણ પૂરી જ્ઞાનશક્તિ વર્તમાનમાં છે.

આનંદ પ્રગટ્યો તો તે આનંદના કારણરૂપ પૂર્ણ આનંદસ્વભાવ.

એ પ્રમાણે અનંત શક્તિનો પિંડ પરિપૂર્ણ સ્વભાવ છે; તે અપ્રગટ છે. અવ્યક્ત છે-સામાન્યરૂપ છે; અને પર્યાયો પ્રગટ છે—વ્યક્ત છે—વિશેષરૂપ છે. સામાન્ય સ્વભાવમાં જ બધી પર્યાયો અંતર્મગ્ન થાય છે માટે તે કારણ અને કાર્ય જુદાં પડતાં નથી. વ્યક્તપર્યાય જેટલું તત્ત્વ નથી પણ આખું અવ્યક્ત ચૈતન્ય તત્ત્વ છે, તે જ ત્રિકાળ એકરૂપ પરમાર્થ જીવતત્ત્વ છે. 'ત્રિકાળ' કહેતાં 'વર્તમાન આખો'—એમ પૂર્ણતા બતાવવી છે, પણ કાળનું લંબાણ નથી બતાવવું. ત્રણેકાળના સામર્થ્યનો પિંડ વર્તમાનમાં છે. વસ્તુ 'વર્તમાન પૂરી' છે તેને અહીં અવ્યક્ત કહી છે.

વર્તમાનમાં આખો—અખંડ છું—એવી દ્રષ્ટિ કર. 'આ રાગ છે, તેના ફળમાં સ્વર્ગ મળશે ને ભગવાન પાસે જઈશું' એમ તો ન જો, પણ વર્તમાન સાધકપર્યાય

છે ને મોક્ષપર્યાય ભવિષ્યમાં થશે—એમ પર્યાયના ભેદને પણ મુખ્યપણે ન જો, આખું તત્ત્વ વર્તમાન અવ્યક્ત છે તેની સામે જો—તેની પ્રતીત કર.

(૧) જ્ઞેયો વ્યક્ત છે તેનાથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે માટે અવ્યક્ત છે.

(૨) વિકારી ભાવો વ્યક્ત છે, તેનાથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે માટે અવ્યક્ત છે.

(૩) પર્યાય વ્યક્ત છે તે દ્રવ્યમાં જ નિમગ્ન હોવાથી આત્મા અવ્યક્ત છે.

—એ પ્રમાણે અવ્યક્તના ત્રણ બોલ થયા.

*

હવે ચોથો બોલ કહે છે—

'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.'

જુઓ, આચાર્યદેવે દ્રવ્ય અને પર્યાય બન્નેને ભેગાંને ભેગાં રાખીને વાત કરી છે. ક્ષણિક વ્યક્તિ તે પર્યાય છે, તેને ન માને અને તત્ત્વને સર્વથા કૂટસ્થ જ માને તો તે સ્થૂળ ભૂલ છે. પર્યાય છે ખરી પણ તે ક્ષણિક પર્યાય જેટલું જ આખું તત્ત્વ નથી. જો ક્ષણિક વ્યક્તિને નહિ માને તો તે આખા અવ્યક્ત આત્માને નહિ માની શકે અને જો ક્ષણિક વ્યક્તિ જેટલો જ માનીને આખા અવ્યક્ત સ્વભાવને નહિ માને તો તેને પણ પૂરું તત્ત્વ પ્રતીતમાં નહિ આવે. પૂરા તત્ત્વને પ્રતીતમાં લીધા વગર સાચી શ્રદ્ધા કે ધર્મ થાય નહિ.

આ સમજ્યા વિના પરમાર્થે કેવળી ભગવાનને માન્યા ન કહેવાય. જુઓ, કેવળી કોણ હોય? કેવળ એટલે એકલા સ્વદ્રવ્યના અવલંબને જેને પૂર્ણ પર્યાય વ્યક્ત થઈ ગઈ તે કેવળી છે. તે પૂર્ણપર્યાય ક્યાંથી આવી?—કે પૂર્ણ શક્તિમાંથી. એટલે પર્યાયની વ્યક્તિને કે દ્રવ્યની શક્તિને ન માને તો તે કેવળીને યથાર્થ ન માની શકે.

એકેક સમયની પર્યાય પ્રગટે છે તે વ્યક્ત છે, તે પર્યાયમાં આખું દ્રવ્ય પ્રગટી જતું નથી. પણ તે તો શક્તિરૂપ રહે છે તેથી અવ્યક્ત છે. જો ક્ષણિક પર્યાયમાં જ આખું તત્ત્વ પ્રગટી જાય તો તે બીજી ક્ષણની પર્યાય શેમાંથી આવશે?—બીજી ક્ષણે તો તત્ત્વનો નાશ થઈ જશે! માટે ક્ષણિક પર્યાય જેટલો જ આત્મા નથી, પણ ભગવાન આત્મા અવ્યક્ત છે. આત્માને 'અવ્યક્ત' કહ્યો તેનો અર્થ એમ ન સમજવો કે તે જ્ઞાનમાં જણાતો નથી. જ્ઞાનમાં તો તે પૂરેપૂરો જણાય છે. તેથી તે અપેક્ષાએ તો જ્ઞાનમાં તે વ્યક્ત છે, પણ ક્ષણિક પર્યાયમાં પોતે આખો આવી જતો નથી માટે તેને અવ્યક્ત વિશેષણથી ઓળખવામાં આવે છે.

પર્યાય છે ત્યારે તો 'પર્યાય જેટલો આત્મા નથી' એમ કહ્યું, જે પર્યાયને સર્વથા ન જ માને તેને તો 'આત્મા પર્યાય જેટલો નથી'-એમ પણ કહેવાનું રહેતું નથી. પર્યાય છે તો ખરી, પણ તે પર્યાયબુદ્ધિથી જોનારને આખી વસ્તુ દ્રષ્ટિમાં

આવતી નથી. તેથી પર્યાયની બુદ્ધિ છોડાવીને વસ્તુની દ્રષ્ટિ કરાવવા કહ્યું કે આત્મા ક્ષણિક પર્યાયમાત્ર નથી. આખી વસ્તુ અવ્યક્ત છે, તે વસ્તુની દ્રષ્ટિ કરો. પર્યાય તો ક્ષણિક બદલતી છે, તેના આશ્રયે તો ક્ષણિક વ્યક્તિની જ પ્રતીત થશે પણ આખું તત્ત્વ પ્રતીતમાં નહીં આવે કેમ કે તત્ત્વ ક્ષણિક વ્યક્તિમાત્ર નથી; એક પર્યાય ઉપરથી લક્ષ છૂટી જવા છતાં અંતરમાં દ્રવ્યનું અવલંબન છૂટતું નથી માટે આત્મા ક્ષણિક પર્યાય જેટલો વ્યક્ત નથી પણ અવ્યક્ત છે. એવા ત્રિકાળી આખા અવ્યક્ત આત્માની પ્રતીત કરવી તે જ સમ્યક્ શ્રદ્ધા છે.

–એ પ્રમાણે 'અવ્યક્ત'નો ચોથો પ્રકાર થયો.

*

હવે અવ્યક્તનો પાંચમો પ્રકાર સમજાવે છે.

"વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે કેવળ વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે." વર્તમાન વ્યક્ત પર્યાય તે કાર્ય છે, ને ધ્રુવ અવ્યક્ત તે કારણ છે. એ કારણ અને કાર્ય બન્ને વર્તમાનમાં એક સાથે છે, તેમને કાળભેદ નથી ને તે બન્નેના જ્ઞાનનો પણ કાળભેદ નથી. દ્રવ્ય-પર્યાય બન્ને એક સાથે છે અને જ્ઞાનમાં તે બન્ને એક સાથે પ્રતિભાસે છે. બન્ને એક સાથે જણાવા છતાં એકલી પર્યાયને જ જાણતો નથી માટે આત્મા અવ્યક્ત છે.

વસ્તુમાં વ્યક્તપણું અને અવ્યક્તપણું બન્ને એક સાથે છે અને જ્ઞાનપર્યાયમાં દ્રવ્ય-પર્યાય બન્નેને એક સાથે જાણવાનું સામર્થ્ય છે. એક પર્યાયના સામર્થ્યને જાણતાં દ્રવ્ય-પર્યાય બન્નેનું જ્ઞાન પણ ભેગુ આવી જતું હોવા છતાં, એકલી પર્યાયને જ જાણતો નથી, પણ દ્રવ્યના જ્ઞાન સહિત પર્યાયનું જ્ઞાન કરે છે. જુઓ, સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન પર્યાય છે, તે આખા દ્રવ્યને કબૂલે છે, એટલે તે પર્યાયને જાણતાં તેના વિષયરૂપ આખા દ્રવ્યનું જ્ઞાન પણ તેમાં આવી જાય છે—પરંતુ તેથી 'જ્ઞાન એકલી વ્યક્ત પર્યાયને જ જાણે છે ને અવ્યક્ત દ્રવ્યને નથી જાણતું'—એમ નથી. જ્ઞાન તો અવ્યક્ત દ્રવ્ય અને વ્યક્ત પર્યાય બંનેને જાણે છે. જ્ઞાનમાં દ્રવ્ય-પર્યાય બંને એક સાથે જણાતાં હોવા છતાં, તે જ્ઞાન અવ્યક્ત દ્રવ્યની તરફ વળીને તે દ્રવ્યના જ્ઞાન સહિત પર્યાયને જાણે છે. એકલી વ્યક્તપર્યાયને જાણતાં પરમાર્થ આત્મા જણાતો નથી પણ અવ્યક્ત દ્રવ્યના જ્ઞાન સહિત પર્યાયને જાણનારા જ્ઞાનમાં જ આત્મા જણાય છે—તેથી તે અવ્યક્ત છે.

જેમ કેવળજ્ઞાનને જાણતાં લોકાલોકનાં જ્ઞેયોનું જ્ઞાન પણ થઈ જાય છે, તેમ એક પર્યાયના સામર્થ્યને જાણતાં તેમાં દ્રવ્ય-પર્યાય બન્નેનું જ્ઞાન આવી જતું હોવા છતાં, એકલી પર્યાયને જ આત્મા નથી જાણતો માટે તે અવ્યક્ત છે. એકલી

પર્યાયને જાણતાં ભગવાન આત્માનું સ્વરૂપ જણાતું નથી, પણ દ્રવ્યના જ્ઞાનસહિત પર્યાયને જાણે તો ભગવાન આત્માનું સ્વરૂપ જણાય છે.

એ રીતે અવ્યક્તના પાંચ બોલ કહ્યા; હવે છેલ્લો બોલ કહે છે.

*

'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યક્ત છે.'

કોઈને એમ થાય કે પરને જાણતાં પરસન્મુખ થઈને જાણતો હશે! તો કહે છે કે ના; પરનેય જાણતો હોવા છતાં આત્મા પર પ્રત્યે ઉદાસીનપણે રહીને અને સ્વસન્મુખ રહીને પરને જાણે છે. સ્વને જાણતાં પરનું પણ જ્ઞાન થઈ જાય છે. સ્વનું ને પરનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે છતાં પોતે સ્વદ્રવ્ય તરફ જ નિયતપણે વર્તે છે ને વ્યક્ત એવાં પરજ્ઞેયો પ્રત્યે ઉદાસીનપણે વર્તે છે, જ્ઞેયોના અભાવપણે પોતે વર્તે છે માટે આત્મા અવ્યક્ત છે.

એક સમયના પ્રત્યક્ષ જ્ઞાનમાં તો આખી વસ્તુ જણાઈ જાય છે; પણ એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય પ્રગટી જતું નથી, એ અપેક્ષાએ ભગવાન આત્મા અવ્યક્ત છે. અવ્યક્ત હોવા છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ છે, ને જ્ઞાનમાં પ્રત્યક્ષ હોવા છતાં અવ્યક્ત છે.

છ પ્રકારથી 'અવ્યક્ત' કહીને ભગવાન આત્માને જ્ઞાયક બતાવ્યો.

પહેલા બોલમાં, જ્ઞેયોથી જુદો છે માટે અવ્યક્ત કહ્યો.

બીજા બોલમાં, વિકારથી જુદો છે માટે અવ્યક્ત કહ્યો.

ત્રીજા બોલમાં, પર્યાયને દ્રવ્યમાં અભેદ કરીને અવ્યક્ત કહ્યો.

ચોથા બોલમાં, ક્ષણિક પર્યાયને જુદી પાડીને લક્ષમાં લ્યે તો તેનો નિષેધ કરીને અવ્યક્ત કહ્યો.

પાંચમાં બોલમાં, એકલી પર્યાયને જ જાણતો નથી માટે અવ્યક્ત કહ્યો.

છઠ્ઠા બોલમાં, પરની સન્મુખ રહીને પરને જાણતો નથી પણ પરથી ઉદાસીનપણે પ્રકાશમાન છે તેથી અવ્યક્ત કહ્યો.

–એ રીતે છ બોલ દ્વારા અવ્યક્ત કહીને ભગવાન આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવ્યું, તેવા આત્માને ઓળખીને શ્રદ્ધા કરવી તે પ્રથમ ધર્મ છે.

# પ્રસાદ નં. ૩૧

## સમયસાર ગાથા ૪૯ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૧૩, ગુરુવાર, ૨૦૦૭)

આત્મા અવ્યક્ત છે, તે બોલ ચાલે છે. તેના છ હેતુ છે, તેમાંથી પાંચ પ્રકાર થયા છે. તેમાં પ્રથમ તો (૧) છ દ્રવ્યસ્વરૂપ લોક છે, તે જ્ઞાનમાં જણાવાયોગ્ય છે, તેથી વ્યક્ત છે અને જીવ તેનાથી જુદો છે માટે અવ્યક્ત છે. (૨) કષાયોના સમૂહોથી આત્મા અનેરો છે, કેમકે વિકાર થવાની લાયકાત ત્રિકાળી સ્વભાવમાં છે જ નહિ, અને વિકાર કર્મના લક્ષે થાય છે, માટે તે વિકાર કર્મનો છે, તેમ કહેવાય છે. આત્મા તેનાથી જુદો છે, માટે અવ્યક્ત છે. (૩) જ્ઞાનસ્વભાવ સામાન્ય એક છે. તેની વ્યક્તિઓ એટલે પર્યાયો અનેક છે. તે સામાન્ય સ્વભાવમાં અંતર્મગ્ન થાય છે. પોતાની નિર્મળ પર્યાયો ચિત્ત સામાન્યમાં સમાઈ જાય છે, એટલે જીવ અવ્યક્ત છે. (૪) ક્ષણિક પ્રગટ પર્યાય માત્ર જીવ નથી, માટે અવ્યક્ત છે. પહેલા બે બોલમાં વ્યક્તથી રહિત છે માટે અવ્યક્ત છે, તેમ કહેલ છે. અને બીજા બે બોલમાં વ્યક્તિથી રહિત છે માટે અવ્યક્ત છે, તેમ કહેલ છે (૫) દ્રવ્ય અને પર્યાયને એકીસાથે જાણવા છતાં પણ એક પર્યાયને જાણીને અટકે છે, એમ નથી માટે અવ્યક્ત છે. આ પાંચ બોલ કાલે આવી ગયા છે. હવે છઠ્ઠો બોલ કહે છે :

(૬) પોતે પોતાથી જ બાહ્ય અને અભ્યંતર પ્રત્યક્ષ અનુભવમાં આવવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રકાશમાન છે, માટે અવ્યક્ત છે. પોતે પોતાથી પ્રત્યક્ષ એટલે પરની અપેક્ષા રાખ્યા વગર અનુભવમાં આવતો હોવા છતાં પર્યાય પ્રત્યે ઉદાસીન છે. જ્ઞેય અને જ્ઞાનનું પ્રત્યક્ષ જાણવું થવા છતાં જ્ઞેય પ્રત્યે ઉદાસીન પ્રવર્તે છે. અહીં તો કહે છે કે જેવું સ્વદ્રવ્ય-પર્યાયનું જ્ઞાન પ્રત્યક્ષ છે, તેવું પર જ્ઞેયનું જ્ઞાન પણ પ્રત્યક્ષ જ છે, છતાં પર જ્ઞેય પ્રત્યે બિલકુલ ઉદાસીન છે. કેમકે સ્વજ્ઞેયમાં પરજ્ઞેયનો અભાવ છે. પરજ્ઞેયનું જ્ઞાન પ્રત્યક્ષ હોવા છતાં પરજ્ઞેયનો અનુભવ નથી. અનુભવ તો સ્વજ્ઞેયનો છે અને પરજ્ઞેય પ્રત્યે ઉદાસીન હોવાથી અવ્યક્ત છે.

આ સમ્યગ્દર્શનના વિષયની વાત ચાલે છે. નવતત્ત્વમાં જીવતત્ત્વ કેવું હોય તે કહેવાય છે. આત્મા એક વસ્તુ છે, તે પોતાના વેદન માટે પરની અપેક્ષા રાખે નહિ. જ્ઞાયક ચૈતન્યજ્યોત છે, તે પરની અપેક્ષા રાખે તો તે વસ્તુ જ સાબિત થતી નથી. સ્વયંસિદ્ધ પદાર્થ છે તે પ્રત્યક્ષ પોતાથી અનુભવાય છે. જીવ અપ્રગટ છે, એમ કહ્યું છે કેમકે પ્રત્યક્ષ અનુભવ તો એક સમયમાં થાય છે પણ એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય આવી જતું નથી, માટે અપ્રગટ છે. અને એક

સમયમાં આખા જીવદ્રવ્યને જાણી લે છે માટે પ્રગટ પણ છે. આખું દ્રવ્ય એક સમયમાં નથી માટે અપ્રગટ છે. આ રીતે અવ્યક્ત વિશેષણને છ હેતુથી સિદ્ધ કર્યું.

આ પ્રમાણે આત્મામાં રસ નથી, રૂપ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, શબ્દ નથી, સંસ્થાન નથી અને વ્યક્તપણાનો અભાવ છે, તેમ જીવનું પરની નાસ્તિથી વર્ણન કર્યું. આ રીતે પરનો અભાવ હોવા છતાં પણ જ્ઞાન, જ્ઞાનના અનુભવથી એટલે પોતાના વેદનથી સદા પ્રત્યક્ષ છે. માત્ર અનુમાન ગોચર જ છે, એમ નથી તેથી (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

અનુમાન જ્ઞાન તો લિંગથી છે અને તે અનુમાન જ્ઞાનમાત્ર આત્મા નથી પણ સદા પ્રત્યક્ષપણું સાથે છે; તેથી અલિંગગ્રહણ છે. આત્મા માત્ર લિંગ દ્વારા અનુમાનથી જાણે એવો નથી પણ પ્રત્યક્ષજ્ઞાનના બળથી અનુભવાય છે માટે અલિંગગ્રહણ છે. અનુમાન જ્ઞાન તો પરોક્ષ છે અને તેનો પ્રત્યક્ષપણામાં અભાવ છે, તેથી માત્ર અનુમાનગોચરપણાથી નહિ પણ પ્રત્યક્ષવેદનથી આત્મા જણાય એવો છે, માટે અલિંગગ્રહણ છે.

અહીં તો આત્માને જાણવા માટે, પર પદાર્થ કે વિકલ્પની વાત છે જ નહિ પણ માત્ર અનુમાન જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો નથી, પણ પ્રત્યક્ષ જ્ઞાનથી જણાય એવો છે. એકલા અનુમાન જ્ઞાનમાં અટકવું તેવો આત્માનો સ્વભાવ નથી, છદ્મસ્થ જીવને અંશે પ્રત્યક્ષપણું છે અને તેમાં અનુમાનનો અભાવ છે. અનુમાનગોચરપણું એકલું હોય તો અનુમાનપણાનો અભાવ થાય નહિ અને પ્રત્યક્ષ જ્ઞાન પણ બને નહિ તેથી આત્મા સદાય પ્રત્યક્ષ જ્ઞાનથી જણાય એવો છે.

પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદા અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે. આત્મા અધૂરો છે  જ નહિ, સદા પ્રકાશમાન છે, તે ચેતનાગુણ કેવો છે?

જે વિપરીત માન્યતારૂપ ઝઘડાનો નાશ કરનાર છે. બધા પ્રકારની વિરુદ્ધ માન્યતાનો નાશ કરનાર ચેતનાગુણવાળો છે. અહીં તો સ્વસંવેદનનું અસ્તિપણું શું છે, તે કહે છે. ચેતનાગુણ સિવાય કોઈ રાગનો કરવાવાળો કે પરવસ્તુનો કરવાવાળો નથી. વળી બીજી કોઈ પ્રકારની વિરુદ્ધ માન્યતા હોય તેનો નાશ કરવાવાળો છે.

વ્યવહાર હોય તો આત્મા સમજાય, એવું આત્માનું સ્વરૂપ જ નથી. વ્યવહારના ઝઘડાવાળો નથી. વ્રતના ભાવો કરવાનો આત્માનો ગુણ નથી. આત્મા તો તે ભાવોનો નાશ કરનાર છે. ખરેખર તો આત્માનો ચેતનાગુણ નક્કી થતાં વ્યવહારનો નિષેધ થઈ જાય છે. નિશ્ચય, વ્યવહારનો નિષેધ કરે છેએમ જે કહેવાય છે તેનો અર્થ એ છે કે ચેતન તરફ વલણ થયું ત્યાં રાગનો અભાવ થઈ જાય છે.

તેને નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ કર્યો એમ કહેવાય છે. જો વ્યવહારનો નિષેધ કરવા જાય તો નિષેધ થતો નથી પણ રાગ થાય છે. માટે નિશ્ચય, વ્યવહારનો એ રીતે નિષેધ કરતો નથી પણ નિશ્ચયનયના આશ્રયે વ્યવહારનો નિષેધ થઈ જાય છે. ગુણ-ગુણીની એકતા થતાં રાગનો અભાવ થાય છે, તેને વ્યવહારનો નિષેધ કર્યો એમ કહેવાય છે. શાસ્ત્રમાં કથન તો નિશ્ચય-વ્યવહારનો નિષેધ કરે તેમ આવે પણ એનો અર્થ તો ઉપર કહ્યા પ્રમાણે સમજવો જોઈએ.

જીવ કેવો છે ? કે સમસ્ત વાદવિવાદના ઝઘડાનો અંત લાવનાર ચેતનાગુણવાળો છે. તે ચેતનાગુણ જાગૃત સ્વભાવવાળો છે. અજાગૃત વિકલ્પો જેટલા ઊઠે, તે બધા વિકલ્પોના ઝઘડાનો નાશ કરનાર છે. વ્યવહાર સમ્યક્ત્વ તે સાધન છે, તેવી માન્યતા, તે ચેતનાગુણથી વિરુદ્ધ માન્યતા છે. ચેતનાગુણ એમ પોકાર કરે છે કે મારામાં વ્યવહાર નથી. કોઈ કહે કે વ્યવહાર અને ક્રિયાકાંડ કરવા પડે, એમ માનીને દયા, દાન, વ્રતાદિમાં ઝૂકી રહ્યા છે, પણ ચેતનાગુણ કહે છે કે મારામાં એ ભાવો નથી. તે બધા ભાવો ચેતનાગુણથી વિરુદ્ધ છે, ચેતનાગુણ તેનો નાશ કરનાર છે. જેમ ગોળ તેના ગળપણ વડે ઓળખાય છે, પણ તેમાં રહેલી ધૂળ કે જે ડબામાં ગોળ હોય તે ડબાથી ગોળ ઓળખાતો નથી. તેમ જીવ તેના ચેતનાગુણ વડે સાબિત થાય છે, પણ પુણ્ય-પાપાદિ ભાવો જે ધૂળ છે તેનાથી સાબિત થતો નથી. તેમ શરીર સાથે એકક્ષેત્રાવગાહ સંબંધથી પણ જીવ ઓળખાતો નથી. જીવ તો ચેતનાગુણથી વિરુદ્ધ એવા અનેરા વિકારાદિથી ઓળખાય એવી માન્યતાનો નાશ કરનાર છે. આત્મા તો સ્વભાવથી સ્વભાવવાન છે પણ વિભાવથી સ્વભાવવાન નથી. જીવતત્ત્વને સાબિત કરતાં ગુણી તેના ગુણવાળો છે, પણ પરના ગુણવાળો કે પરની ક્રિયા કરવાવાળો નથી. અજ્ઞાનીએ અનેક રીતે આત્માનું સ્વરૂપ મનાવ્યું છે, તે સમસ્ત ખોટી માન્યતાનો નાશ કરનાર ચેતનાગુણ છે.

કેવો છે આત્મપદાર્થ?—કે પોતાનો ચેતનાગુણ સદા અંતરંગમાં પ્રકાશમાન છે તે અનુભવમાં આવે છે. રાગ-દ્વેષ અનુભવમાં આવતા નથી પણ ચેતનાગુણ આવે છે. તે ગુણ વડે જીવ દ્રવ્ય છે. ચેતનાગુણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાનીઓને સોંપી દીધું છે, એટલે તે ભેદજ્ઞાનીઓના અનુભવમાં આવે છે.

# પ્રસાદ નં. ૩૨

## સમયસાર ગાથા ૪૯ ટીકાના પ્રવચનમાંથી.

(કારતક વદ ૧૪, શુક્રવાર, ૨૦૦૭)

જીવ કેવો છે? તેની વ્યાખ્યા ચાલે છે. રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દાદિરહિત અને સંસ્થાનથી રહિત છે, અવ્યક્ત છે, તે ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ? તે કહે છે. જાણવા દેખવાનો સ્વભાવ જીવનો છે, તેને તું જાણ. જાણવા-દેખવાના સ્વભાવ વડે સદા અંતરંગમાં પ્રકાશમાન છે, વિકારવડે પ્રકાશમાન નથી. વ્યવહાર રત્નત્રય વડે અંતરંગમા પ્રકાશમાન થાય એવો નથી. ચેતનાગુણ તે સ્વભાવ છે અને સ્વભાવવાન તે જીવ છે.

પુણ્ય-પાપથી ધર્મ થાય એવી વિપરીત માન્યતાનો નાશ કરનાર ચેતનાગુણ છે, જેણે પુણ્ય-પાપના ભાવોથી મારો ચેતનાગુણ જુદો છે, એવા ભેદજ્ઞાનવડે આત્માને પ્રાપ્ત કર્યો છે તેવા ભેદજ્ઞાનીઓને પોતાનું સર્વસ્વ સોંપી દીધું છે. બધા જ્ઞેયોને જાણે એવું ચેતનદ્રવ્ય છે.

ચેતનાગુણ રાગ-દ્વેષાદિને અને લોકાલોક બધાને એક સાથે જાણી લે એવો છે, જ્ઞાનમાં કોઈ બાકી રહી જતું નથી. જ્ઞાનમાં તૃપ્ત થયો છે એટલે વિકારાદિ ભાવો કરવાને આળસુ થઈ ગયો છે. ચેતનાગુણ અત્યંત ઠરી ગયો હોવાથી રાગ-દ્વેષ કરવાનો પુરુષાર્થ હોતો નથી. હવે એને અંદરમાંથી બહાર નીકળવું ગોઠતું નથી, શાંતરસમાં ડૂબી ગયો છે. અનાદિથી પર તરફનું લક્ષ એવું હતું કે આત્માની અંદર આવવું ગોઠતું નહોતું. હવે સ્વભાવમાં એકતા થતાં, આત્મામાંથી બહાર નીકળવું ગોઠતું નથી. જેમ કોઈ માણસ મિષ્ટાન્ન ખૂબ પેટ ભરીને ખાય, પછી પ્રમાદી થતાં તેને ઊઠવું ગોઠે નહીં, તેમ આત્મા લોકાલોકને એક સાથે જાણી લેતાં, પોતાના સ્વભાવમાં અંતરંગ ઠરી ગયો છે, તે હવે કોઈ કાળે જરાએ ચલાયમાન થતો નથી.

ચેતનાગુણ સદાય કિંચિત્માત્ર ચલાયમાન થતો નથી. એવી શ્રદ્ધા થયા પછી જ્ઞાનીને અસ્થિરતાના કારણે બહારમાં લક્ષ જાય છે, તે કોઈ ચેતનાગુણ વડે જતું નથી, ચેતનાગુણ વડે તો જેટલો અંતરમાં ઠર્યો તેટલો તો તે ઠર્યો જ છે, તેટલો તો બહાર નીકળતો જ નથી. અસ્થિરતાના કારણે થતા અલ્પ રાગાદિને અહીં ગૌણ કર્યા છે. માટે સદાકાળ કિંચિત્માત્ર પણ બહાર નીકળતો નથી. ક્ષાયિક સમ્યગ્દર્શનની જ વાત લીધી છે. લોકાલોકને કોળિયો કરીને (જાણીને) ઠરી ગયો, તે હવે બહાર નીકળતો નથી, એટલે રાગ-દ્વેષ કરવાનો પુરુષાર્થ હોતો નથી.

આ રીતે ચેતનાગુણનો જાણવા-દેખવાનો સ્વભાવ છે, તે જરાપણ કોઈકાળે ચલાયમાન થતો નથી, કેમકે પોતા સિવાય બીજા પદાર્થમાં ઠરવાનો અભાવ હોવાથી સ્વભાવભૂત છે. સ્વભાવ સમજ્યો એટલે બહાર  આવે નહિ, કેમકે સ્વભાવવાન પોતે છે, માટે જરા પણ ચલાયમાન નહિ થતો પરનું અવલંબન લેતો નથી.

આવો ચૈતન્યરૂપ પરમાર્થ સ્વરૂપ જીવ છે જેનો પ્રકાશ રાગાદિ મેલ વગરનો.

આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે, જેનો પ્રકાશ રાગાદિ મેલ વગરનો છે. વિકારાદિ જીવનો સ્વભાવ નથી. એવો નિર્મળ પ્રકાશવાળો ભગવાન આત્મા જગતને વિષે એક, જેવો ને તેવો, રાગ-દ્વેષથી ભિન્ન, ચૈતન્ય જ્યોતસ્વરૂપ બિરાજમાન છે.

હવે આ જ રીતે આત્માના અનુભવની પ્રેરણા કરે છે, તેનો કળશ કહે છે.

## કળશ-૩૫

અર્થ :–ગાથાનું ટૂંકું રહસ્ય કહે છે. જીવતત્ત્વ કેવું છે? એક ચિત્શક્તિ એટલે જ્ઞાનશક્તિનો ભંડાર છે. જ્ઞાનશક્તિથી રહિત જેટલા ભાવો સંકલ્પ, વિકલ્પ, દયા, દાનાદિ ભાવો છે તેને મૂળમાંથી ઉખેડી નાખ્યા છે, એટલે ચિત્શક્તિમાં તે ભાવો છે જ નહિ.

ભગવાન આત્મા ઝળહળ જ્યોતિનો પુંજ છે, તેમાં સંસારભાવ કદી પેઠો જ નથી. જીવતત્ત્વની મૂળ શક્તિમાં અજીવના નિમિત્તે થતા વિકારી ભાવો છે જ નહિ, જો શક્તિમાં હોય તો નાશ થાય નહિ. પ્રથમ હતા અને પછી નાશ કર્યા એવું ચિત્શક્તિમાં છે જ નહિ.

પોતાનો જ્ઞાનસ્વભાવ છે, તે ચિત્સવભાવમાં પ્રગટપણે પ્રવેશ કરીને હે ભવ્ય આત્મા! બધા પદાર્થોથી જુદા એવા જ્ઞાનસ્વભાવનો અભ્યાસ કરો! બધા પદાર્થોને જાણવારૂપ રહેતા એવા કેવળ એક ચૈતન્યસ્વભાવી, અવિનાશી આત્માનો આત્મામાં અભ્યાસ કરો, એ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. સાક્ષાત્-પ્રત્યક્ષ અનુભવ કરો, એ જ જીવતત્ત્વ છે. ચૈતન્યશક્તિને અનુભવીને જીવતા જીવને જીવતો રાખ. તે જ તારી અહિંસા એટલે સાચી દયા છે.

ભાવાર્થ :–આ આત્મા ખરેખર પોતા સિવાયના બધા ભાવોથી રહિત એક જ્ઞાનશક્તિ માત્ર છે, તેના અનુભવનો અભ્યાસ કરો—એમ ઉપદેશ છે.

હવે જ્ઞાનશક્તિથી રહિત જેટલા ભાવો છે, તે બધા પુદ્‌ગલદ્રવ્યસંબંધી છે. એવા ભાવનો આગળની ગાથાની સૂચનાનો કળશ કહે છે.

## કળશ – ૩૬

અર્થ :–જાણવા-દેખવાની શક્તિથી ફેલાયેલો જેનો સર્વસ્વ સાર છે, ભગવાન આત્માનો ફેલાવ જ્ઞાનપ્રમાણ છે. વિકારાદિનો ફેલાવ તે ચૈતન્યનો ફેલાવ નથી. ચૈતન્યમાં વ્યાપે તે જ એનો સાર છે. પર્યાય પ્રગટ થઈ અને ચૈતન્યદ્રવ્યમાં વ્યાપી તે જ એનો સાર છે, તે જ આત્મા છે. એ સિવાયના બધા ભાવો પુદ્‌ગલજન્ય હોવાથી પુદ્‌ગલના જ છે.

હવે તે ભાવોનું વ્યાખ્યાન છ ગાથા દ્વારા કહે છે.

## ગાથા ૫૦ થી ૫૫

આ છ ગાથામાં ઓગણત્રીસ બોલ કહે છે, તે બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામો કહ્યા છે. જેમ ઉકરડો ઘરમાં કે પેટીમાં ભરી રખાય નહિ, પણ બહાર કાઢી ફેંકી દેવા જેવો છે તેમ આ ઓગણત્રીસ બોલનો ઉકરડો છે, તે આત્માના ઘરમાં રાખવા જેવો નથી, પણ બહાર કાઢી નાખવા જેવો છે. એક જ્ઞાનમાત્ર આત્મા તે સંઘરો કરવા જેવો છે, પણ ઉકરડો સંઘરો કરવા જેવો નથી. ગોમ્મટસારમાં વિકાર આદિ આત્માની પર્યાયમાં થાય છે, તે દ્વારા આત્માને ઓળખાવ્યો છે, પણ તે તારો સ્વભાવ છે, એમ માનીશ નહિ. ત્યાં પણ તાત્પર્ય આ જ છે.

ટીકા : (૧) આત્મા કાળો, લીલો, પીળો, રાતો કે ધોળો નથી. ભગવાનને પાંચવર્ણે કહ્યા છે, પણ ખરેખર ભગવાન તો અવર્ણ છે. શરીરનો વર્ણ તે આત્માનો નથી. જેમ પંચપરમેષ્ઠીના પાંચ પદ આત્માના છે તેમ રંગના પાંચ પદ આત્મામાં નથી. કોઈપણ આત્માને રંગ નથી. ધ્યાન કરતાં કરતાં લાલ-લીલી વગેરે ઝાંય દેખાય છે, એમ કોઈ કહે છે, પણ તે કાંઈ આત્મા નથી, કારણ કે તે બધી પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. કાળો વગેરે રંગ તે જડની પર્યાય છે. ચૈતન્યના અનુભવથી તે જુદો છે. જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે કર્મના ડુંગરા જેમ બળતા હોય એમ ચિંતવન કરવું. એ તો અશુભભાવ ટળતાં શુભભાવ કેવા પ્રકારનો થાય છે, તે બતાવ્યું છે, પણ તે ખરેખર આત્મા નથી. બધા પુદ્‌ગલના ભાવો છે, પોતાની શાંતિના વેદનથી ભિન્ન છે, તેથી આત્માના અનુભવનો ભાસ તેમાં નથી.

(૨) જે સુરભિ અથવા દુરભિગંધ છે તે બધી જીવ નથી, પુદ્‌ગગલ-નામકર્મના ઉદયે શ્વાસ સુગંધવાળો હોય અથવા દુર્ગંધવાળો હોય તો તે આત્મા નથી, તે પુદ્‌ગલદ્રવ્યની પર્યાય સાથે અભેદ છે, તેથી જીવ નથી. કોઈ વખત ધ્યાનમાં સુગંધનો ભાસ થાય તેને અજ્ઞાની ભગવાન (આત્મા) માને છે પણ તે કાંઈ ભગવાન આત્મા નથી. તે આત્માના અનુભવથી ભિન્ન છે. શરીર કોઈ વખત દુર્ગંધવાળું હોય તો તે એક અંશે પણ જીવ નથી, કેમકે પુદ્‌ગલની પર્યાય પુદ્‌ગલ સાથે અભેદ છે.

(૩) કડવો, કષાયલો, તીખો, ખાટો કે મીઠો કોઈપણ પ્રકારનો રસ તે આત્મા નથી. શાતા વેદનીય કર્મના નિમિત્તે રાગમાં જે મીઠાશનું વેદન લાગે, તે કાંઈ આત્મા નથી, તેના તરફનો રાગ થાય છે તે જડમાં જાય છે. મેસુબ ખાતી વખતે આત્મા મીઠો થતો નથી, પણ મેસુબ મીઠો છે તેનું જ્ઞાન કરે છે. ખાટાના સ્વાદને જાણવાથી આત્મા ખાટો થતો નથી કેમકે, તે જીવ નથી. તીખો, ખાટો આદિ આત્મા છે જ નહિ. તે બધા પુદ્‌ગલના પર્યાય હોવાથી પુદ્‌ગલથી અભેદ છે અને આત્માના અનુભવથી ભિન્ન છે.

(૪) ચીકણો કે લૂખો આત્મા નથી. આત્મા કોઈ દિવસ ટાઢો થતો નથી. ઉનો આત્મા નથી. ભારે કે હલકો આત્મા નથી, કોમળ આત્મા નથી, કર્કશ ગોખરૂ જેવો આત્મા નથી. આત્માના અનુભવથી, આ બધા પુદ્‌ગલના પરિણામો હોવાથી અતિ વેગળા છે અને પુદ્‌ગલદ્રવ્યથી અભિન્ન છે, એકમેક છે.

(૫) સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ જેને સામાન્યપણે રૂપ નામથી ઓળખાય છે તે જીવ નથી. કેમકે તે બધી પુદ્‌ગલની પર્યાયો હોવાથી પુદ્‌ગલથી એકમેક છે અને આત્માથી તદ્દન જુદી છે. આત્માના અનુભવમાં તે ભાવો નથી.

# પ્રસાદ નં. ૩૩

## સમયસાર ગાથા ૫૦-૫૫ ટીકાના પ્રવચનમાંથી.

[કારતક વદ ૦)), શનિવાર, ૨૦૦૭]

અધિકાર એ ચાલે છે કે આત્માની જ્ઞાનશક્તિ સિવાયના જેટલા ભાવો છે તે બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામો છે, જો કે બીજાં શાસ્ત્રોમાં તે જીવના પરિણામો છે, તેમ પણ કહેલ છે. ત્યાં તે ભાવો જીવની પર્યાયમાં થાય છે, તેનું જ્ઞાન કરાવે છે. અહીં આત્માના ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિ અપેક્ષાએ તે ભાવો પુદ્‌ગલદ્રવ્યના કહેવામાં આવે છે. તેના પાંચ બોલ થઈ ગયા છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે આત્મા નથી અને સ્પર્શાદિ સામાન્ય પરિણામ પણ આત્મા નથી, પણ પુદ્‌ગલના પરિણામ છે, એમ પાંચમા બોલમાં કહ્યું.

(૬) ઔદારિક શરીરનો સંબંધ એકક્ષેત્રાવગાહથી છે, તેમ બીજા શાસ્ત્રોમાં કહે છે, પણ તેથી કાંઈ જીવ શરીરવાળો થતો નથી. ખરેખર જીવને શરીર જ નથી. ઔદારિક શરીરવાળાને જ કેવળજ્ઞાન થાય એ સિવાય બીજા શરીરવાળાને ન થાય—તેમ શાસ્ત્રમાં કહ્યું હોય ત્યાં સમજવું કે કેવળજ્ઞાન આત્મામાંથી થાય છે, પણ શરીરમાંથી થતું નથી. ખરેખર તો જીવને ઔદારિક આદિ શરીર જ નથી. નારકી તથા દેવને વૈક્રિયિક શરીર હોય છે, એમ કહેવાય છે, પણ તે સંયોગ બતાવવા કહ્યું છે. સ્વભાવના લક્ષમાં નિમિત્તનો આદર હોતો નથી, તેથી આત્માને શરીર નથી.

આત્મા એકલો જ્ઞાનસ્વભાવી છે, તેને સંસારદશામાં તૈજસ શરીરના રજરણોનો સંબંધ હોય છે ખરો અને આઠ કર્મરૂપ કોથળીનો સંબંધ પણ જીવને હોય છે ખરો, નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી તે સંબંધ કહ્યો છે, પણ જીવ તો કર્મથી તદ્દન જુદો છે. જીવના સ્વભાવમાં એ બધાં શરીરો નથી. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિમાં ઢળતાં કર્મ અને શરીર આત્માને નથી કેમકે તે બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે અને પુદ્‌ગલદ્રવ્યથી અભેદ છે, માટે તે જીવ નથી.

(૭) જીવને સંબંધપણે આવતા આકારો જે બધા જડ છે તે પણ જીવને નથી. (૧) સમચતુરસ, (૨) ન્યગ્રોધપરિમંડળ, (૩) સ્વાતિક, (૪) કુબ્જક, (૫) વામન, (૬) હુંડકસંસ્થાન એમ છ પ્રકારના આકારો, તે બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામો હોવાથી, જીવને નથી. કેમકે તે આત્માના અનુભવથી ભિન્ન છે.

(૮) શરીરમાં હાડકાની મજબૂતીના છ પ્રકાર છે. તેમાં જે વજ્રર્ષભનારાચ નામનું સંઘયણ તે જીવને નથી. તે શરીર વગર કેવળજ્ઞાન થાય નહિ, તેમ અજ્ઞાની માને છે. જ્યારે આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે વજ્રકાય સંઘયણ હોય છે ખરું, પણ તે છે માટે કેવળજ્ઞાન થતું નથી, શરીરની મજબૂતીથી આત્મામાં પુષ્ટિ થાય એમ બને નહિ. કેવળજ્ઞાન તો આત્મામાં થાય છે, શરીરમાં

થતું નથી. શરીર તો પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે અને આત્માની અનુભૂતિથી તે ભિન્ન છે માટે તે જીવ નથી.

શરીર મજબૂત હોય તો તપ થાય; શાલમપાક ખાવાથી શરીર મજબૂત થાય અને તેથી આત્મામાં પુષ્ટિ થાય—એમ બનતું નથી. શાલમપાકથી શરીર મજબૂત થતું નથી તો તેથી આત્માને પુષ્ટિ થવી માનવી તે મિથ્યાબુદ્ધિ છે. આત્મસ્વભાવમાં ઠરતાં ઇચ્છાનો નાશ થાય છે, તેને તપ કહે છે, તે તો આત્માથી થાય છે. શરીરમા રોટલા ન પડ્યા તેથી તપસ્યા થતી નથી. શરીરથી અહિંસા થતી નથી પણ આત્મામાં અહિંસાના ભાવ કરવાથી થાય છે. આ રીતે આત્મામાં સંઘયણ નથી. સંઘયણ પુદ્‌ગલ-દ્રવ્યના પરિણામ છે, તે જીવ નથી.

(૯) આઠ બોલ તો પુદ્‌ગલપરમાણુની પર્યાયના કહ્યા તેથી તે પુદ્‌ગલમય જ છે. પણ અહીં આ નવમા બોલમાં, જે પ્રીતિરૂપ રાગ છે તે જીવની પર્યાય હોવા છતાં પણ તેને પુદ્‌ગલ-દ્રવ્યના પરિણામ કહ્યા છે. દ્રવ્યસ્વભાવની રુચિ અને સ્થિરતા થતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી, પણ કર્મની રુચિ અને આસક્તિથી ઉત્પન્ન થતો હોવાથી તેને જડ પુદ્‌ગલમય કહ્યો છે.

સ્ત્રી-કુટુંબ ઉપરનો રાગ તથા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપરનો પ્રેમ એમાં એક અશુભ પાપરાગ તથા એક શુભ પુણ્યરાગ, તે બન્ને રાગ આત્મામાં નથી. કેમકે તે પુદ્‌ગલના લક્ષે થયેલા છે. દયા, દાન, ભક્તિ, વ્રતાદિના જેટલા પરિણામ થાય તે બધા જડની સાથે તન્મય છે—એકાકાર છે, કર્મ તરફના વલણથી થાય છે. કર્મ કરાવતું નથી, તેમ સ્વભાવમાં છે નહિ, પોતાના અપરાધથી થયેલો હોવા છતાં પણ જડકર્મના લક્ષે થયેલો હોવાથી જડની અવસ્થા કહી છે.

ભાઈ! તું ચેતનદ્રવ્ય છો. જ્ઞાતા-દ્રષ્ટાનો પુરુષાર્થ થતાં રાગ ઉત્પન્ન થતા જ નથી, માટે પુદ્‌ગલના કહ્યા છે, એમ કહે તો પોતે સ્વભાવને સમજે નહિ. સ્વચ્છંદે રાગ કર્યા કરે અને તે પુદ્‌ગલના છે, એમ કહે તો તે અજ્ઞાની રાગના સ્વરૂપને સમજ્યો જ નથી. વળી ક્રમબદ્ધપર્યાયના નિયમમાં આવ્યો છે માટે રાગ કરવો પડે—એમ માનનારને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા જ નથી. કેમ કે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાવાળાને સ્વભાવ ઉપર લક્ષ હોય છે, રાગ કરવા ઉપર તેનું લક્ષ હોતું નથી, પણ તે રાગને જાણવાનું કામ કરે છે, તો જ ક્રમબદ્ધપર્યાયને સમજ્યો કહેવાય.

ક્રમબદ્ધપર્યાયમાં જે રાગ થયો, તે રાગ કર્મે કરાવ્યો નથી અને સ્વભાવમાં તે રાગ નથી—એમ જાણે તો સ્વભાવની દ્રષ્ટિએ તે રાગનો જ્ઞાતા રહે છે, ત્યારે તે રાગ પુદ્‌ગલદ્રવ્યનો પરિણામ કહેવામાં આવે છે. કેમકે તેને રાગ ઉપર રુચિ રહેતી નથી. જે સમયે રાગ થાય છે તે વખતે ત્રિકાળી ધ્રુવદ્રવ્ય છે. તેની રુચિએ રાગનું જ્ઞાન થાય છે પણ રાગની રુચિ રાખીને, તેની મીઠાશથી સ્વચ્છંદે રાગ કરે અને તે જડની પર્યાય છે, એમ કહે તો તેમ કહેનાર ક્રમબદ્ધ પર્યાયને પણ માનતો નથી. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે દ્રવ્યની શ્રદ્ધા કરાવે છે, તેને અસ્થિરતાથી રાગ થાય છે, તે પણ તેના જ્ઞાનનું જ્ઞેય છે.

ભગવાનનો પ્રેમ, સ્ત્રીનો પ્રેમ કે પૈસાનો પ્રેમ તે બધો પર પદાર્થનો પ્રેમ છે, તે બધોય જીવને નથી. ભગવાન! તારી ખાણમાં રાગ ભર્યો નથી, તારો સ્વભાવ રાગ કરવાનો નથી. જીવના વિકારી પરિણામ તથા જડની પર્યાય બન્નેને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહેવામાં એક જ હેતુ આપ્યો છે કે તે જીવથી ભિન્ન છે માટે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે.

(૧૦) આત્માની વર્તમાન પર્યાયમાં અપ્રીતિરૂપ દ્વેષ થાય છે ખરો, ક્રોધ, માન તે દ્વેષ છે. દુશ્મન પ્રત્યે ક્રોધ થાય. શરીરમાં રોગ હોય અને અણગમો થાય. અરુચિ, શોક, ભય, ત્રાસ બધો છે ખરો પણ તે કાંઈ જીવદ્રવ્ય નથી. જીવ પોતાનો આશ્રય છોડી પરદ્રવ્ય ઉપર લક્ષ કરે ત્યારે તે થાય છે, પણ પરદ્રવ્ય દ્વેષ કરાવતું નથી અને પરદ્રવ્ય આશ્રય દેતું નથી, પણ દ્વેષો કરનાર ચૈતન્યસ્વભાવનો આશ્રય લેતો નથી ત્યારે થાય છે. માટે દ્વેષને જડ ગણ્યો છે, કારણ કે ખરેખર તે સ્વભાવમાં નથી.

શરીરમાં રોગ થાય છે, તે રોગ અરુચિકર નથી પણ અજ્ઞાની તેને અઠીક માનીને દ્વેષ કરે છે. છોકરા બાપનું કહ્યું ન માને તે દ્વેષનું કારણ નથી પણ અજ્ઞાનીને તે ગોઠતું નથી, માટે દ્વેષ કરે છે, પણ ચૈતન્યસ્વભાવ સામે જુએ તો દ્વેષ ઉત્પન્ન જ થતો નથી. માટે દ્વેષને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહ્યા છે. તે દ્વેષ જો કે આત્માના અપરાધથી આત્માની પર્યાયમાં થાય છે, પણ તે આત્મામાં અભેદ થાય એવો નથી, પણ પરને લક્ષે થતો હોવાથી પુદ્‌ગલમાં અભેદ થાય છે. તે આત્મામાંથી જુદો પડી જાય છે માટે પુદ્‌ગલના પરિણામ છે.

કર્મનો આકરો ઉદય આવ્યો માટે દ્વેષ થયો એમ માનનાર, દ્વેષ પોતાના કારણે પોતાની પર્યાયમાં થાય છે—એમ માનતો નથી. વળી તે દ્વેષ ત્રિકાળી સ્વભાવમાં નથી એમ જો ન માને તો સ્વભાવને સમજ્યો નથી. સ્વભાવના લક્ષે દ્વેષ થતો નથી પણ પરને લક્ષે થાય છે માટે દ્વેષને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે, પણ દ્વેષની રુચિ રાખીને દ્વેષ કરે તો પુદ્‌ગલમય કહેવાય નહિ. અનુભૂતિ તે સ્વભાવભાવની ઉત્પત્તિ છે. તે અનુભવની પર્યાયમાં દ્વેષની ઉત્પત્તિ જ નથી માટે દ્વેષ પુદ્‌ગલના પરિણામ છે. પુદ્‌ગલથી અભિન્ન છે ને જીવથી ભિન્ન છે.

(૧૧) તત્ત્વની અયથાર્થ શ્રદ્ધા તે મિથ્યાદર્શન છે. તત્ત્વની અપ્રાપ્તિ એટલે જેવું તત્ત્વ છે તેવું ન માનવું, તે મોહ છે. ચૈતન્ય જ્ઞાતા તે જીવતત્ત્વ છે. શરીર, કર્માદિ અજીવ તત્ત્વ છે, દયા, દાનાદિના ભાવ તે પુણ્યતત્ત્વ છે. હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય આદિ ભાવો તે પાપતત્ત્વ છે. પુણ્ય-પાપ તે આસ્રવ તત્ત્વ છે. સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાનાદિ સંવરતત્ત્વ છે અને પૂર્ણ શુદ્ધિ તે મોક્ષતત્ત્વ છે. આ પ્રમાણે ન માને તેને તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ છે. સ્વભાવની રુચિ થતાં મોહની ઉત્પત્તિ જ થતી નથી માટે મોહ તે આત્મા નથી પણ પુદ્‌ગલના પરિણામ છે.

આત્મા ચૈતન્ય જ્ઞાતા છે તેને કર્મના કારણે વિકારીભાવો થાય અને શુભભાવનો વ્યવહાર કરતાં કરતાં ધર્મ થાય, અથવા તો ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા

અબંધ તત્ત્વ છે. તેના લક્ષે સંવર-નિર્જરા થાય એમ ન માનતાં પુણ્યભાવ તે બંધ તત્ત્વ છે. તેના આશ્રયે સંવર-નિર્જરા માને તે બધી તત્ત્વની અપ્રાપ્તિ છે. એટલે જેવો તત્ત્વનો સ્વભાવ છે તેવું માનતો નથી, તે મિથ્યાત્વ છે.

તત્ત્વોનો સ્વભાવ ભગવાને જેમ છે તેમ કહ્યો છે પણ કર્યો નથી. ભગવાને દિવ્યધ્વનિમાં તત્ત્વનો સ્વભાવ કહ્યો છે માટે તત્ત્વ એવું છે, એમ પણ નથી અને જેવું તત્ત્વ છે તેવું જ જ્ઞાન થાય છે, માટે જ્ઞાનના કારણે વસ્તુ છે એમ પણ નથી, પણ વસ્તુ વસ્તુથી છે, વાણી વાણીથી છે અને જ્ઞાન જ્ઞાનથી છે. આ રીતે વસ્તુ જેમ છે તેમ જાણે—માને નહિ, તેને જ મિથ્યાત્વ કહે છે. તત્ત્વ સ્વભાવથી જોતાં તો અયથાર્થ તત્ત્વશ્રદ્ધાન આત્મામાં છે જ નહિ. આમ જાણતાં તત્ત્વની અપ્રાપ્તિની ઉત્પત્તિ થતી જ નથી.

જીવને જીવ, આસ્રવને આસ્રવ, ઇત્યાદિ સાતે તત્ત્વને જેમ છે તેમ ન માને પણ અજીવને જીવ, આસ્રવને સંવર માને, આત્મા કર્મના કારણે રખડે છે એમ માનનાર અજીવને જીવ માને છે. તે બધી તત્ત્વની અપ્રાપ્તિ છે. સાતે તત્ત્વને બરાબર ક્યારે જાણ્યા કહેવાય?—કે જીવને જીવ, અજીવને અજીવ, આસ્રવને્ આસ્રવ, સંવર, નિર્જરા ને મોક્ષ જેમ છે તેમ માને, એકમાં બીજાને ભેળવે નહિ. એકના કારણે બીજાને માને નહિ. સ્વભાવ જ્ઞાતાતત્ત્વ છે એમ લક્ષ થતાં મિથ્યાત્વની પ્રાપ્તિ જ થતી નથી, એ કારણે મિથ્યાત્વને પુદ્ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. આત્માના અનુભવમાં મિથ્યાત્વનો અનુભવ ઉત્પન્ન થતો જ નથી. માટે તે ભિન્ન છે તેમ જાણવું.

# પ્રસાદ નં. ૩૪

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ-૧, ૨૦૦૭)

અગિયારમો બોલ ચાલે છે, એમાં કહ્યું છે કે આત્માની પર્યાયમાં તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ છે. તે બધોય જીવને નથી. એટલે સાત તત્ત્વ છે. તેમાં ચૈતન્ય જ્ઞાતાતત્ત્વ તે જીવ તત્ત્વ. કર્મનું બંધન અજીવ તત્ત્વ, શરીર, વાણી, મન તે પણ અજીવ તત્ત્વ છે. તે અજીવ તત્ત્વને અજીવ તત્ત્વમાં રાખવું. એમ ન માનતાં કર્મનું બંધન જે અજીવ તત્ત્વ છે તેથી જીવમાં બંધન થાય એમ માનવું તે તત્ત્વની અપ્રાપ્તિ છે. સ્વભાવને ચૂકીને પુણ્ય-પાપાદિ ભાવબંધ થાય છે, તે કર્મના કારણે થાય છે, એમ માનવું તે તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ છે.

ભાવબંધ અંશ છે તે અંશીમાં નથી, એટલે ભાવબંધ પર્યાયમાં થાય છે પણ સ્વભાવ ભાવબંધરૂપ નથી છતાં સ્વભાવનો છે, એમ માનવું તે તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ છે. આસ્રવ, આસ્રવમાં છે. પુણ્ય પાપ આસ્રવ છે, તેનાથી જીવતત્ત્વને લાભ થાય એમ જે માને તે સ્વભાવના આશ્રયે લાભ થાય, એમ માનતા નથી અને પુણ્ય-પાપને જ સાર માને છે. તે મિથ્યાત્વભાવ છે. જીવનો જ્ઞાનસ્વભાવ છે તેવો ન માને પણ રાગવાળો માને તો મિથ્યાત્વભાવ થાય છે. વળી વિકારભાવ ત્રિકાળી સ્વભાવને લાભદાયક છે—એમ માને તો તે પણ મિથ્યા માન્યતા છે. આવી મિથ્યા માન્યતા છે ખરી એમ પ્રથમ નક્કી કરે અને તે મોહના નાશનો ઉપાય પણ છે તે પણ સાથે સાથે બતાવે છે.

ચૈતન્ય જ્ઞાયક તત્ત્વ છે તે બોલી શકતો નથી અને બોલવાની ક્રિયાને બંધ પણ કરી શકતો નથી. જીવ બોલી શકે તેમ માનનાર અજીવને જીવ, ને જીવને અજીવ માને છે. વળી શરીર છે તો જીવ છે અને કર્મને લઈને જીવ રખડે છે. તે તત્ત્વની વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વભાવ છે.

અત્યારે જગતની અંદર અનેક પ્રકારની ઊંધી માન્યતા થઈ રહી છે. તેમાં કોઈ યોગ કરવાથી, કોઈ શરીરની ક્રિયાથી, કોઈ તપથી, કોઈ ભક્તિ-દાનથી, એમ અનેક પ્રકારથી ધર્મ થશે તેમ માની રહ્યા છે. અહીં તો કર્મને કારણે કે ઈશ્વરે ભુલાવ્યો છે માટે મોહ છે, એમ કહ્યું નથી પણ તત્ત્વની અપ્રાપ્તિના કારણે મોહ છે, એમ કહ્યું છે. એટલે તત્ત્વ જેમ છે તેમ નહિ માનવાનો ભાવ પોતે કરેલ છે, માટે મોહ છે અને ચૈતન્ય તત્ત્વનો આશ્રય કરતાં મોહ ઉત્પન્ન જ થતો નથી માટે મોહ તે જીવ નથી અને પુદ્ગલના પરિણામ છે. આ એક જ મોહ નાશ કરવાનો ઉપાય છે, તે સિવાય બીજો ઉપાય કરે તો મોહનો નાશ થાય નહિ.

સાત તત્ત્વ જેવાં છે તેવાં સ્વતંત્ર વર્તમાન ન માને તો મોહ થાય છે, પણ મોહ પૂર્વે કર્યો હતો માટે થતો નથી. પૂર્વના કારણે મોહ થાય છે, એમ માનનાર વિકાર એક સમયનો છે, તેમ માનતો નથી. પણ પૂર્વનો વિકાર તથા વર્તમાન વિકાર એમ એક સમયમાં બે પર્યાય માને છે અને વિકાર લંબાણો એમ માને છે, પણ તત્ત્વની અપ્રાપ્તિ છે.

વર્તમાન વિકાર કર્મને કારણે તો નહિ જ પણ પૂર્વની પર્યાયને કારણે પણ નહિ. એમ વર્તમાન વિકારને સ્વતંત્ર ન માને તે તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ છે. તે મોહ સ્વભાવના લક્ષે થતો નથી માટે જીવ નથી. પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે.

જીવ જીવના કારણે અને અજીવ અજીવના કારણે છે, એમ ન માને તો મોહ થાય છે. સાત તત્ત્વો છે માટે મોહ થાય છે, એમ નથી કેમ કે સાત તત્ત્વો તો ત્રિકાળ છે, તો મોહ પણ ત્રિકાળ થઈ જશે, પણ સ્વભાવના લક્ષે મોહ ઉત્પન્ન જ થતો નથી.

અહીં તો મિથ્યાત્વ કેમ છે અને તે જીવમાં કેમ નથી, તે સિદ્ધ કરે છે. કર્મનો સંબંધ છે માટે મિથ્યાત્વ નથી, પૂર્વનો મિથ્યાત્વભાવ છે માટે નથી. તત્ત્વો છે માટે નથી પણ તત્ત્વો જેવા છે તેવા માનતો નથી, માટે મિથ્યાત્વ છે. આત્મા ચૈતન્ય તત્ત્વ છે, તેને બંધ એક અંશ (પર્યાય)માં પોતાના કારણે છે, એમ માનતો નથી, અને દ્રવ્યની રુચિ કરવાથી મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી, તે ઉપાય ન માને અને બીજા ઉપાયથી મોહ નાશ થાય એમ માને તો તે તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહભાવ છે.

ચૈતન્યસ્વભાવ તરફ ઢળતાં મિથ્યાત્વના પરિણામ થતા નથી તેથી તેને આત્માથી જુદા કહ્યા છે. પણ જે વખતે મિથ્યાત્વના પરિણામ થાય છે તે જ વખતે તે જીવના નથી, એમ કહી શકાતું નથી. પુણ્ય-પાપની રુચિ વખતે તે મિથ્યાત્વના પરિણામ હતા અને સ્વભાવની રુચિ થતાં તે મિથ્યાત્વના પરિણામ થતા જ નથી. તેને પુદ્‌ગલના પરિણામ કહીને આત્માથી જુદા છે, એમ કહ્યું છે. લખાણ પ્રમાણે સીધો અર્થ કરે તો શું સમજાય? આ રીતે સમજે તો મોહનો નાશ થાય, તે જ સાચો ઉપાય છે, એ સિવાય અનંત ઉપાય કરે તો પણ મોહનો નાશ થાય નહિ.

ચૈતન્ય સ્વભાવ છે, વિકાર પણ છે, એમ જેમ છે તેમ માનતો નથી માટે મિથ્યાત્વ છે. તે મોહના પરિણામ પુદ્‌ગલ તરફની રુચિ કરતો હોવાથી પુદ્‌ગલમય છે, એમ કહ્યું છે. સ્વભાવની રુચિ કરતાં તે થતા જ નથી એટલે તે જીવમાં નથી, અથવા અનુભૂતિથી ભિન્ન છે—એમ કહેવામાં આવ્યું છે. અનુભૂતિ છે અને તે જ સમયે મિથ્યાત્વ પણ છે—એમ એક સમયે બન્ને હોતાં નથી. આ રીતે અનુભૂતિથી ભિન્ન હોવાથી પુદ્‌ગલમય છે, જીવ નથી.

(૧૨) મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ તે લક્ષણ છે અને આસ્રવો લક્ષ્ય છે. મિથ્યાત્વાદિ લક્ષણથી આસ્રવો ઓળખાય છે પણ જીવને તે ઓળખાવતું નથી. ઊંધી માનન્યતારૂપ ભ્રાંતિ જીવમાં થાય તે આસ્રવને બતાવે છે. પોતાના જ્ઞાનસ્વભાવ દ્વારા આત્માનું લક્ષ્ય કરવું જોઈએ, તે ન કરતાં મિથ્યાત્વના લક્ષણથી આસ્રવનું લક્ષ્ય કરે છે. આ પરિણામો મને રખડાવશે, એવો વિશ્વાસ છે પણ સ્વભાવ પ્રાપ્ત કરું તો તે મિથ્યાત્વ આસ્રવ મારા સ્વભાવમાં નથી, એવું લક્ષ્ય કરતો નથી. ભ્રાંતિ વડે મિથ્યાત્વને લક્ષણ બનાવી આસ્રવનું લક્ષ્ય કરે છે, પણ ચૈતન્ય ધ્રુવ સ્વભાવ દ્વારા જીવનું લક્ષ્ય કરતો નથી. કર્મનો ઉદય આવ્યો માટે આસ્રવની રુચિ થાય છે—એમ નથી, પણ મિથ્યાત્વ-ભ્રાંતિના લક્ષણથી આસ્રવની રુચિ કરે છે, એમ કહ્યું છે.

ચૈતન્ય અનુભૂતિમાં કર્મ તો નથી જ. પણ વિકાર ભાવ પર્યાયમાં થાય છે તે પણ નથી. ભ્રાંતિના લક્ષે આસ્રવ થાય છે પણ સ્વભાવના લક્ષે આસ્રવ થતો નથી. માટે આસ્રવો જીવમાં નથી. જીવનો આશ્રય કરવાથી મિથ્યાત્વની રુચિ થતી નથી માટે તે પ્રત્યયો જીવમાં નથી.

મિથ્યાત્વાદિ આસ્રવો જગતમાં બિલકુલ નથી, એમ નથી. આસ્રવોની રુચિથી મિથ્યાત્વ થાય છે ખરું, પણ સ્વભાવના આશ્રયે તે નથી. વર્તમાન ભ્રાંતિ કરે અને માને નહિ. અને વર્તમાન પોતાનો અંશ છે તેને પરમાં ભેળવી દે, તો અંશને નહિ માનતાં આખા દ્રવ્યને માનતો નથી, તેથી પણ મિથ્યાત્વ થાય છે. અને સ્વભાવના આશ્રયે ભ્રાંતિ થાય, એમ માને તો પણ ખોટું છે. અને સ્વભાવના આશ્રય સિવાય બીજાં સાધન કરવાથી આત્માની સાધના થાય, એમ માને તો તે પણ ભ્રાંતિ છે. તે બધું આસ્રવો જ ઉત્પન્ન કરે છે. સ્વભાવની રુચિએ મિથ્યાત્વ થતું નથી, માટે તે જીવ નથી.

અવિરતભાવ જડ પદાર્થના સંયોગના કારણે માને અને પોતે પરનું લક્ષ કરે છે તો થાય છે, એમ ન માને તો તે અત્યાગભાવનું લક્ષ પરને બનાવે છે. એ અવ્રતભાવ છે ખરો, પણ આત્માના લક્ષે તે થતો નથી માટે જીવ નથી.

અવ્રતભાવ પરને કારણે નહિ પણ પોતાની આસક્તિના કારણે છે. ચૈતન્યનું રુચિપૂર્વક અવલંબન થતાં તે અવિરતભાવ થતો નથી. અવિરતભાવ તે આસ્રવનું લક્ષણ છે. તે અવ્રતભાવને છોડવો પડતો નથી પણ સ્વભાવના લક્ષે અવ્રતભાવ થતો નથી. તેથી અવિરતભાવ જેનું લક્ષણ છે એવા આસ્રવ તે પુદ્‌ગલ પરિણામ છે—એમ કહ્યું છે.

# પ્રસાદ નં. ૩૫

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ-૨, સોમવાર, ૨૦૦૭)

બારમો બોલ ચાલે છે, તેમાં આસ્રવો તે જીવ નથી, એટલે કે આસ્રવોનાં લક્ષણો દ્વારા જીવ જણાય નહિ. મિથ્યાત્વાદિ જે લક્ષણો છે તે આસ્રવનાં છે, પણ આત્માનાં નથી. આસ્રવો આ મિથ્યાત્વાદિ લક્ષણો દ્વારા ઓળખાય છે.

પ્રથમ નવમા બોલમાં પ્રીતિરૂપ રાગ જીવને નથી, એટલે ત્યાં રાગ લક્ષ્ય છે અને પ્રીતિ લક્ષણ છે. પ્રીતિ વડે રાગ ઓળખાય છે, તેનાથી જીવ ઓળખાતો નથી, એમ આવ્યું હતું અને દશમા બોલમાં અપ્રીતિરૂપ લક્ષણ વડે દ્વેષ ઓળખાય છે, પણ તેનાથી આત્મા ઓળખાય છે, એમ નથી. કેમ કે જ્ઞાતાદ્રષ્ટા ચૈતન્યતત્ત્વ તો જ્ઞાન દ્વારા ઓળખાય છે.

અહીં તો વિપરીત શ્રદ્ધા વડે અને અવિરતભાવ વડે આસ્રવ ઓળખાય છે, પણ આત્મા ઓળખાતો નથી, કેમકે તે બધો અત્યાગભાવ અને મિથ્યાત્વભાવ જીવમાં નથી.

ક્રોધ-માન-માયા-લોભ વડે આસ્રવ ઓળખાય છે, પણ ક્રોધાદિ વડે કાંઈ આત્મા ઓળખાય નહિ. કેમકે તે આત્માના સ્વભાવમાં નથી. કોઈ જીવ જૈનદર્શનનો પ્રેમી છે, તે પ્રેમ તો રાગ છે ને તે આસ્રવને જણાવે છે, કોઈ ધર્મનો ઝનૂની હોય અને તેથી પરનો દ્વેષી હોય તો તે દ્વેષ આત્માનું લક્ષણ નથી, પણ આસ્રવનું લક્ષણ છે. એ પ્રકારનો વિકલ્પ પર્યાયમાં થાય છે ખરો પણ તે આસ્રવને જણાવે છે, આત્માને જણાવતો નથી.

ક્રોધાદિભાવો, ચૈતન્ય આત્મામાં નહોતા પણ તે નવા નવા થયા છે, માટે તે ભાવો આસ્રવને જણાવે છે, પણ તે ભાવોથી આત્મા ઓળખાતો નથી. કષાયની બુદ્ધિથી આસ્રવ થાય છે અને કષાયની બુદ્ધિ છોડે તો આત્મા ઓળખાય છે.

કષાય, અવિરતભાવ, મિથ્યાત્વ છે તે કર્મને પણ ઓળખાવતાં નથી કેમ કે કર્મ તો જડ નિમિત્તમાત્ર છે અને નિમિત્તના કારણે કષાય આદિ નથી. જીવતત્ત્વનો લેબાસ જે કષાયો તે આસ્રવને ઓળખાવે છે. અને તે આસ્રવો છે તો જીવ છે એમ પણ તે ઓળખાવતા નથી. પર્યાયમાં કષાયના પરિણામ છે તે આસ્રવને ઓળખાવે છે. તે કષાયો કર્મના લક્ષે થતા પરિણામો છે. વળી યોગનું કંપન પણ છે, તે આસ્રવને ઓળખાવે છે.

'પ્રવચનસાર'માં તો કષાયથી જીવ ઓળખાય છે, એમ કહ્યું હતું. ત્યાં તો સ્વજ્ઞેયની અપેક્ષાએ પર્યાય સહિતના અખંડ દ્રવ્યનું જ્ઞાન કરાવે છે અને અહીં તો

દ્રષ્ટિની પ્રધાનતાથી એમ કહે છે કે કષાય તો આસ્રવને ઓળખાવે છે, કેમ કે કષાય આત્માનો સ્વભાવ નથી. જીવ તો પુણ્ય-પાપના વિકારથી રહિત છે, તે સમય પૂરતી અવસ્થા આસ્રવને જણાવે છે પણ જીવને જણાવતી નથી.

કષાયના ભાવો તે જીવ નથી, એમ કહ્યું છે તેથી તે ભાવો કર્મના કારણે થયા છે, એમ નથી પણ પર્યાયમાં આત્મા કષાયરૂપે પરિણમે છે, તેથી તે ભાવો થાય છે અને ત્યારે કર્મ હોય છે ખરું. સ્વભાવની દ્રષ્ટિએ કષાય ઉત્પન્ન જ થતા નથી માટે કષાયને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. જો તે જીવનો સ્વભાવ હોય તો જીવથી જુદા પડે નહિ.

(૧૩) જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો જીવમાં નથી. 'ગોમ્મટસાર'માં એમ કહે છે કે જ્ઞાનાવરણીય કર્મના કારણે જ્ઞાન રોકાય છે, તે વ્યવહારનું કથન છે, કેમકે જ્ઞાનાવરણીય કર્મ તે પુદ્‌ગલના પરિણામ છે અને જ્ઞાનની અધૂરી દશા તે આત્માના પરિણામ છે. અવસ્થામાં જ્ઞાન હીણું પરિણમે છે, તે તેનો નિશ્ચય છે અને જ્ઞાનાવરણીયના કારણે હીણું થયું, એમ કહેવું તે વ્યવહાર કથન છે.

આત્માનો તો ચૈતન્ય જ્ઞાતાસ્વભાવ છે. તેના લક્ષે જ્ઞાનની હીનતા થતી નથી, પણ પોતે કર્મનું લક્ષ કરે ત્યારે હીનતા થાય છે, એમ કહ્યું તે યથાર્થ છે. કર્મના કારણે જ્ઞાનમાં હીનતા છે, તે વ્યવહારનું કથન છે. અહીં તો કહે છે કે જ્ઞાનવરણીય કર્મ તો આત્મામાં નથી પણ તેના નિમિત્તે થતી જ્ઞાનની અધૂરી દશા તે પણ આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી, માટે તે બધાય પુદ્‌ગલના પરિણામો છે, તેમ કહ્યું છે. ઓછું જ્ઞાન છે તે નિમિત્તનું લક્ષ પોતે કર્યું છે, એમ જણાવે છે પણ આત્મા તરફનું લક્ષ છે, એમ તે જણાવતું નથી. જ્ઞાનાવરણીયાદિ બધુંય જીવમાં નથી એટલે તેના આશ્રયે થતી અધૂરી દશા તે પુદ્‌ગલના પરિણામ છે, એમ કહ્યું છે. એકલો જ્ઞાતાસ્વભાવ લક્ષમાં આવે તે જીવદ્રવ્ય છે, એટલે પર્યાયની બુદ્ધિથી આત્મા ઓળખાતો નથી.

પર્યાયની રુચિથી આત્મા જણાતો નથી પણ એક ચૈતન્યદ્રવ્ય અખંડાનંદ છે, તેની દ્રષ્ટિ કરતાં પર્યાયની રુચિ છૂટી જાય છે અને જ્ઞાનસ્વભાવના આશ્રયે કેવળજ્ઞાનની પૂર્ણ અવસ્થા પ્રગટ થાય છે.

દર્શનાવરણીય કર્મ આત્મામાં નથી અને તેના નિમિત્તે થતી આત્માની અધૂરી દશા પણ આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી. હીણી પર્યાયની રુચિએ આત્મા ઓળખાતો નથી. જેમ હીરાની ખાણનું માપ ઉપરના એક બે હીરાથી નીકળતું નથી અથવા એક બે હીરા એ જ ખાણ નથી, એમ આત્મામાં હીણી અવસ્થા થાય છે, તે કાંઈ આત્મા નથી, કેમકે તે કર્મના આશ્રયે થતો ભાવ છે, પણ આત્માના આશ્રયે થતો નથી. માટે દર્શનાવરણીયકર્મ તથા તેના આશ્રયે થતી અધૂરી દશા પુદ્‌ગલના પરિણામ છે, કારણ કે આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

શાતા-અશાતાનાં કર્મ આત્મામાં નથી. તે તો પુદ્‌ગલદ્રવ્ય જ છે, પણ તેના આશ્રયે થતા સુખ-દુઃખના પરિણામ તે પણ આત્મા નથી. સ્વભાવના લક્ષે તે ભાવ થતા નથી, કેમ કે સ્વભાવ તે સુખ-દુઃખના ભાવોરૂપ છે જ નહિ, તે અનુભૂતિથી ભિન્ન છે અને ટળી જાય છે, માટે વેદનીય કર્મ તથા વિકારીભાવો પુદ્‌ગલના પરિણામો છે.

મોહનીય કર્મ તે આત્મામાં નથી. રાગ-દ્વેષ-મોહ થતી વખતે કર્મનું નિમિત્ત છે ખરું, પણ કર્મ આવ્યું માટે આત્મામાં મોહની યોગ્યતા થઈ એમ નથી. 'ગોમ્મટસાર'માં મોહનીયકર્મ કર્મનું નિમિત્ત કહ્યું છે, પણ મોહનીયકર્મ આત્માને મોહ કરાવે છે એમ નથી. અહીં તો મોહનીય કર્મ અને તેના આશ્રયે થતી દશા બન્ને આત્મામાં નથી. સ્વભાવનો આશ્રય કરાવી, પરનો આશ્રય છોડાવવાનો હેતુ છે. પરને આશ્રયે વિકાર થાય છે, તે વિકારને જણાવે છે માટે વ્યવહાર છે. સિદ્ધાંત તો એ છે કે સ્વભાવનો આશ્રય છૂટ્યો ત્યારે પરના આશ્રયથી થતા વિકારને પરનો વિકાર છે, એમ કહેવાય છે. મોહના પરિણામને અને મોહનીય કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે વ્યવહાર જણાવે છે, પણ નિમિત્ત-નૈમિત્તિકનું લક્ષ છોડે અને સ્વભાવનું લક્ષ કરે તો આત્મા જણાય એમ છે.

આયુષ્યકર્મ આત્મામાં નથી. આયુકર્મ તો જડ છે. તેના નિમિત્તે પોતાના કારણે અટકવાની યોગ્યતા પણ આત્મામાં નથી. જીવસ્વભાવમાં આયુકર્મના નિમિત્તના આશ્રયે થતી યોગ્યતા હોય તો અક્ષયધામ એવું સિદ્ધપદ પ્રાપ્ત થઈ શકે નહિ.

અજ્ઞાની એમ માને છે કે શ્રાવકને મરીને મહાવિદેહક્ષેત્રમાં જવાની ઇચ્છા હોય તો પણ ન જઈ શકે કેમકે તેને સ્વર્ગનું આયુષ્ય બંધાયું છે,તે કર્મને આધીન થઈને તેને સ્વર્ગમાં જવું પડે છે. માટે નિમિત્તની પ્રધાનતા છે—એ માન્યતા તદ્દન ખોટી છે. કેમ કે કર્મના કારણે કોઈ જીવ સ્વર્ગમાં જતો નથી પણ પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાથી જ જાય છે. કર્મ નિમિત્ત છે ખરું પણ તેના કારણે જવું પડે છે તે વાત ખોટી છે. અહીં તો કર્મ તો આત્મામાં નથી પણ પર્યાયની યોગ્યતા સ્વભાવબુદ્ધિએ આત્મામાં નથી માટે પુદ્‌ગલના પરિણામ છે. આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

નામકર્મ જીવમાં નથી, તીર્થંકર નામકર્મ પણ જીવ નથી. અમૂર્ત આત્માને મૂર્ત કર્મના કારણે મૂર્તનો ઉપચાર કરવો તેવી યોગ્યતા પણ જીવમાં નથી. યોગ્યતા અને નિમિત્તનું જ્ઞાન કરાવતાં વ્યવહારથી તેને જીવના કહેવામાં આવે છે, પણ ખરેખર સ્વભાવના લક્ષે તે યોગ્યતા થતી નથી માટે કર્મ અને યોગ્યતા આત્મામાં નથી, તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે.

# પ્રસાદ નં. ૩૬

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ-૪, મંગળવાર, ૨૦૦૭)

તેરમો બોલ ચાલે છે. તેમાં આત્મા છે, તેને કેમ ઓળખવો? કારણ કે જેમાંથી ધર્મ કાઢવો છે તેને જાણ્યા વગર તેમાંથી ધર્મ નીકળે નહિ. ધર્મ આત્માનો એક નિર્દોષ પર્યાય છે. અનાદિથી દોષવાળો પર્યાય છે, તે કેવા આત્માનો આશ્રય કરવાથી નિર્દોષ પર્યાય પ્રગટે, તેની વાત ચાલે છે. જ્ઞાયક આત્માને કર્મના સંબંધથી ઓળખવામાં આવે તો જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું લક્ષમાં આવતું નથી. પણ કર્મના સંબંધ વિનાનું અંતરતત્ત્વ જોતાં સ્વભાવની પ્રાપ્તિ થાય છે. બાહ્ય સંયોગથી તો પ્રાપ્તિ થાય નહિ પણ સંયોગના આશ્રયે થતો જે બહિરંગભાવ તેનાથી પણ અંતરંગ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી.

જગતમાં પોકાર ચાલ્યો છે કે કર્મના કારણે આત્મામાં વિકાર થાય છે. પણ કોઈ બીજી ચીજના કારણે આત્મામાં વિકાર થાય તેવો સ્વભાવ જ નથી. વળી પોતે વિકાર કરે છે ત્યારે પરચીજ નિમિત્ત હોય છે ખરી, પણ જો વિકાર કર્મ કરાવે તો પછી કોઈ વિકારનો નાશ કરી શકે નહિ. અહીં તો ગોત્ર વગેરે કર્મ આત્મામાં નથી. શાસ્ત્રમાં કર્મના સંયોગે વિકાર થાય એમ લખાણ આવે છે; અને કર્મના કારણે વિકાર છે તેમ પણ આવે, તેનો અર્થ એ છે કે સ્વભાવના કારણે વિકાર નથી અને પોતે સ્વભાવને ચૂકીને સંયોગ તરફનું લક્ષ કરે તો વિકાર થાય છે; તેમાં સંયોગ અને કર્મને નિમિત્ત કહેવાય છે. સંયોગનું લક્ષ છોડે તો વિકાર થાય નહિ માટે કર્મ અને કર્મ વગેરે પરનું લક્ષ કરીને પોતે રોકાયો છે તેટલો આત્મા નથી. આત્મા તો ત્રિકાળી સદા અસંગ પદાર્થ છે. અસંગનો સંગ કરે તો પરના સંગથી થતો વિકારભાવ નાશ પામે.

અહીં તો કર્મ જીવમાં નથી પણ કર્મના નિમિત્તે આત્માના અપરાધથી થતો વિકાર પણ ત્રિકાળી સ્વભાવમાં નથી. આમ પરથી જુદા આત્માને જાણ્યા વગર ક્રિયાકાંડ ગમે તેટલો કરે પણ ધર્મ થાય નહિ. આત્મપદાર્થ સ્વતંત્ર છે અને તેનો અંશ પણ સ્વતંત્ર છે. એટલે વિકાર પણ સ્વતંત્ર કરે છે; પણ અંશ-વિકાર જેટલો આત્મા નથી.

આત્મામાં ગોત્રકર્મ નથી પણ ગોત્રકર્મના નિમિત્તે આત્માની પર્યાયમાં પોતાના કારણે જેવું કર્મ હોય તેવી યોગ્યતા હોય ખરી, પણ તે કર્મના કારણે નથી. નીચગોત્રનો ઉદય ભાવપર્યાયમાં હોય અને આત્મામાં મુનિપણું પ્રગટે એમ નથી. આત્માની પોતાની યોગ્યતાના કારણે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે કે

નીચ ગોત્રના ઉદયભાવ વખતે આત્મામાં મુનિપણું હોતું નથી. અહીં, પર્યાયમાં તે પ્રકારની યોગ્યતા છે, એમ નક્કી કરીને ત્રિકાળી આત્મસ્વભાવમાં તે યોગ્યતા નથી. તેમ જાણવું જોઈએ અને પર્યાયની યોગ્યતા પણ જેમ છે તેમ જાણવી જોઈએ.

આ રીતે ગોત્ર વગેરે કર્મ છે, તે બધુંય આત્મામાં નથી. એ રીતે સ્વભાવના વલણમાં વ્યવહારનો નિષેધ થાય છે. વ્યવહાર છે તો નિષેધ થાય છે. ખરેખર જ્ઞાતા ચૈતન્યસ્વભાવના વલણમાં ગોત્રકર્મ જીવમાં નથી, કેમકે અખંડતા તૂટતી નથી અને ખંડતા થતી નથી. તેથી ગોત્રકર્મ અને તે પ્રકારની જીવની યોગ્યતા બધુંય આત્મામાં નથી કારણ કે તે બધુંય આત્માની અનુભૂતિથી ભિન્ન પુદ્‌ગલ-દ્રવ્યના પરિણામમય છે.

અંતરાયકર્મ આત્મામાં નથી. અજ્ઞાની માને છે કે દાનાંતરાય કર્મના કારણે દાન દેવાતું નથી, લાભાંતરાય કર્મના કારણે લાભ થતો નથી, ભોગ-ઉપભોગાંતરાયના કારણે ભોગવાતું નથી, પણ અંતરાય કર્મના કારણે દાન-લાભાદિરૂપ પોતાનું સ્વરૂપ અટકતું નથી, પણ પોતાની યોગ્યતાના કારણે જીવ અટક્યો છે; સ્વભાવના લક્ષે તે યોગ્યતા થતી નથી અને સ્વભાવની પ્રાપ્તિ થાય છે. તેથી સ્વભાવની રુચિમાં અંતરાયકર્મ જ નથી અને અંતરાયકર્મના લક્ષથી થતી યોગ્યતા પણ સ્વભાવમાં નથી. માટે તેને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહ્યા છે. અને તે જીવની અનુભૂતિથી જુદાં છે.

(૧૪) છ પર્યાપ્તિ જીવમાં નથી તેથી તે પર્યાપ્તિ જીવમાં બંધાતી નથી, પણ જડની અવસ્થા પર્યાયપ્તિરૂપ થાય છે ત્યારે જીવમાં એવી યોગ્યતા હોય છે ખરી, તેથી વ્યવહારથી પર્યાપ્તિ બાંધે છે, એમ કહેવાય છે. આત્મામાં આહાર લેવાની યોગ્યતા અને એ વખતે આહારના પરમાણુંનું આવવું તે હોય છે ખરું, પણ ખરેખર યોગ્યતા અને આહારપર્યાપ્તિ બન્ને આત્મામાં નથી.

છ પર્યાપ્તિને યોગ્ય પરમાણુ છે, જીવ નથી. પરમાણુની અવસ્થાની યોગ્યતાથી છ પર્યાપ્તિ બંધાય છે, આત્માએ બાંધી નથી તેથી જીવને પર્યાપ્તિયોગ્ય કહ્યો નથી. શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન આદિની યોગ્યતા જડની છે અને ત્રણ શરીર—આહારક, વૈક્રિયિક અને ઔદારિક તે—જડની યોગ્યતાથી આવ્યા છે. આત્માની યોગ્યતાના કારણે આવ્યા નથી. પર્યાપ્તિ છે માટે જીવ છે—એમ નથી. અને જીવ છે માટે પર્યાપ્તિ છે—એમ નથી. જડ-મન છે માટે ઉઘાડ છે અને ઉઘાડ છે માટે આત્મા સમજાય છે—એમ નથી, પણ જડ મન અને આત્માની મનસંબંધી યોગ્યતા તે જડ છે અને આત્મા ચૈતન્યમૂર્તિ છે, એમ નક્કી કરે તો સમજાય. જીવ તો જ્ઞાતાદ્રષ્ટા છે, તેમાં સંજ્ઞી-અસંજ્ઞીના ભેદ નથી માટે આત્મામાં પર્યાપ્તિ વગેરે નથી.

(૧૫) કર્મના રસની શક્તિઓના સમૂહરૂપ વર્ગ તે આત્મામાં નથી, કર્મના રસની શક્તિ પરમાણુમાં બંધાય છે. તેની સાથે આત્માને સંબંધ નથી. કર્મની પર્યાયમાં રસ દેવાની શક્તિ છે, તેમ જાણવું તે વ્યવહાર છે અને ત્રિકાળી સ્વભાવના લક્ષે તે છૂટી જાય છે, તેથી ત્રિકાળી આત્મસ્વભાવ તે નિશ્ચય છે, એટલે ખરેખર આત્મામાં વર્ગ નથી કારણ કે તે બધોય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

(૧૬) જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે, તે આત્મામાં નથી. ઘણા કર્મોના પરમાણુનો જથ્થો હોય છે તે વખતે તેવી યોગ્યતા આત્મામાં પોતાના કારણે હોય છે ખરી, પણ સ્વભાવના લક્ષે તે યોગ્યતા રહેતી નથી, તેથી યોગ્યતા અને વર્ગણા જીવમાં છે જ નહિ, કેમકે તે બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામો હોવાથી આત્માથી જુદા છે.

(૧૭) આત્મામાં સ્પર્ધકો નથી; મંદ અને તીવ્ર રસવાળા આઠે કર્મોનો જમાવ તે બધોય જીવમાં નથી. વર્ગણાનો સમૂહ તેને સ્પર્ધકો કહે છે. તેના ઉદય વખતે આત્માની પોતાની યોગ્યતાથી વિકાર હોય છે ખરો, પણ જ્ઞાતા-ધ્રુવ સ્વભાવના વલણમાં તે વિકાર થતો નથી, એટલે ખરેખર, સ્વભાવના અનુભવમાં વિકારની યોગ્યતા અને આઠ કર્મોના સમૂહો છે જ નહિ. તે બધાય પુદ્‌ગલના પરિણામો હોવાથી જીવદ્રવ્યથી ભિન્ન છે.

(૧૮) ચૈતન્ય જ્ઞાતા તે સ્વ છે અને રાગ તથા કર્મ તે પર છે. તે બન્નેમાં એકપણાનો અભ્યાસ હોય ત્યારે વિશુદ્ધ ચૈતન્યપરિણામ થતા નથી, તેથી તેનાથી વિરુદ્ધ એવા સ્વ-પરની એકતાવાળા અધ્યવસાય સ્થાનો જીવમાં નથી. અહીં આત્માના શુદ્ધ પરિણામોથી વિરુદ્ધ એવા સ્વ-પરની એકત્વબુદ્ધિની આદતવાળા અધ્યાત્મ સ્થાનો સ્વભાવ પ્રગટ થતાં ઉત્પન્ન થતાં નથી તેથી તે જીવ નથી, પણ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે.

અહીં તો કર્મને લઈને સ્વ-પરની એકતાના પરિણામ થાય, એમ કહ્યું નથી પણ સ્વ-પરની એકતા બુદ્ધિની ટેવ પાડી હોવાથી તે શુદ્ધ પરિણામથી વિરુદ્ધભાવો છે, તે ખરેખર જીવના નથી. સ્વ-પરનો અધ્યાસ વર્તતો હોય ત્યારે વિશુદ્ધતા હોતી નથી. અને વિશુદ્ધસ્વભાવ તરફ લક્ષ કરતાં તે થતાં નથી માટે તે નાશ થઈ શકે તેમ છે—એમ પણ નક્કી થાય છે. એટલે ચૈતન્યની એકત્વતામાં પરની એકત્વતા હોતી નથી અને પરની એકત્વતામાં સ્વની રુચિ રહેતી નથી. વળી કર્મના ઉદયના કારણે સ્વ-પરની એકતા થાય છે—એમ નથી. કર્મને લઈને રાગ થાય તેમ માને તો વિશુદ્ધતા થતી નથી. જ્ઞાતાસ્વભાવી હું છું એવી અંતરદ્રષ્ટિ થતાં કર્મના કારણે વિકાર થાય એવી બુદ્ધિ રહેતી નથી અને કર્મ તથા વિકારની એકતા પણ રહેતી નથી, વિકાર શુભભાવ છે માટે ધર્મ થાય એવી બુદ્ધિ પણ રહેતી નથી. તેથી તે

સ્વ-પરની એકતાવાળી બુદ્ધિ, વિશુદ્ધ ચૈતન્યસ્વભાવમાં નહિ હોવાના કારણે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ કહ્યા છે.

અજ્ઞાની સામાયિક લઈને બેઠો હોય, પણ કર્મના કારણે વિકાર થાય એવી માન્યતા છૂટી ન હોય તો તે વિકારમાં જ બેઠો છે. વિકારની એકત્વબુદ્ધિમાં વિશુદ્ધતા હોતી નથી, માટે તે અધ્યાત્મ સ્થાન જીવમાં નથી.

'હું આત્મા જ્ઞાતા છું' એવી બુદ્ધિએ અધ્યવસાય થતા નથી, માટે જીવદ્રવ્યમાં અધ્યવસાય નથી. અહીં અધ્યવસાયનું લક્ષણ સ્વ-પરની એકતા છે. ચૈતન્ય સ્વભાવમાં ઢળતાં લાભ થાય એ બુદ્ધિ ટળીને પરથી લાભ થાય એવી બુદ્ધિવાળા અધ્યવસાય સ્થાન તે ખરેખર આત્મા નથી, કેમકે જીવથી ભિન્ન હોવાથી તે જીવ નથી.

# પ્રસાદ નં. ૩૮

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચમાંથી.

(માગશર સુદ-૫, ૨૦૦૭)

અઢારમો બોલ ચાલે છે, અધ્યાત્મ સ્થાનો તે આત્મા નથી—તેમ કહે છે.

સ્વ-પરની એકતાના પરિણામ થાય તે, સ્વ તે ચૈતન્યશુદ્ધ છે, તેને આશ્રયે થતા જે વિશુદ્ધ પરિણામ તેના કરતાં જુદા છે. સ્વ-પરની એકતાના પરિણામ આત્માની પર્યાયમાં થવા છતાં પણ નિમિત્ત અને રાગની રુચિએ થતાં હોવાથી પુદ્ગલના કહ્યા છે.

હું ચૈતન્ય જ્ઞાતા છું. મારી પર્યાયમાં જે વિકાર થાય તે પરને લઈને નહિ, તેમજ વિકાર જેટલો પણ હું નહિ, તથા પરને લક્ષે પોતાની પર્યાયમાં રોકાયો છું તે સ્વભાવમાં નથી. હું જ્ઞાતા ચૈતન્યદ્રવ્ય છું. તેની સાથે એકતાથી જે વિશુદ્ધ પરિણામ થાય, તેનાથી સ્વ-પરની એકતાના અધ્યાસના પરિણામ જુદા છે, તે જીવ નથી.

જેને ધર્મ કરવો હોય અને શાંતિ કરવી હોય તે જો બહાર પરદ્રવ્ય સામે જુએ અથવા કર્મના અભાવની સામગ્રી સામે જુએ કે પરના લક્ષે મંદકષાય થાય તેના સામે જુએ તો સ્વ-પરની એકતા થાય છે, તેથી તેને ધર્મ કે શાંતિ થતી નથી. એટલે આત્માની એકતાથી થતા વિશુદ્ધ પરિણામ તેને હોતા નથી. તે સ્વ-પરની એકતારૂપ પરિણામો અધ્યાત્મ સ્થાનો છે, આત્માથી એટલે કે આત્માની ભૂલથી આત્મામાં—આત્માની પર્યાયમાં તે ભાવો થયેલ છે, તેથી તેને અધ્યાત્મ સ્થાનો કહ્યા છે. તે અધ્યાત્મ સ્થાનને પુદ્ગલના પરિણામ કહ્યા છે, એટલે પુદ્ગલમાં થાય છે, એમ નથી; સ્વ-પરની એકતારૂપ અધ્યાસ જડને થતો નથી અને કર્મ પણ સ્વ-પરની એકતા કરતું નથી. શરીરને પણ સ્વ-પરની એકતાનો અધ્યાસ નથી પણ અજ્ઞાની પોતાની પર્યાયમાં સ્વભાવને ભૂલીને સ્વ-પરની એકતાનો અધ્યાસ કરે છે. સ્વભાવના લક્ષે તે સ્વ-પરના એકપણાનો અધ્યાસ થતો નથી તેથી તે પુદ્ગલના પરિણામ છે અને આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

દયા-દાનાદિ વિકારી ભાવોથી આત્માને લાભ થાય, ઉપવાસ કરવાથી કર્મ ખસે અને કર્મના ઉદયે આત્મામાં વિકાર થાય—એમ માનનાર ચૈતન્ય જ્ઞાતા અને કર્મને એક માને છે, તે સ્વ-પરની એકતાની બુદ્ધિ છે. અધ્યાત્મ સ્થાન એટલા માટે કહ્યાં છે કે આત્મા ત્રિકાળી ચૈતન્ય જ્ઞાતાસ્વભાવને ભૂલ્યો અને પરમાં આત્માનું સ્થાન માન્યું—તે અધ્યાત્મ સ્થાન આત્માની અવસ્થામાં છે ખરાં, કેમ કે આત્માએ પોતે પરમાં આત્મા માન્યો છે. સ્વની એકતા થતાં આત્માના વિશુદ્ધ પરિણામ થાય

છે અને સ્વ-પરની એકતાના પરિણામ થતા નથી તેથી તે અધ્યાત્મ સ્થાન જીવ નથી.

જગતના લોકો એમ માને છે કે સુખમાં ભગવાન સાંભરે નહિ અને દુઃખમાં ભગવાન સાંભરે અને તેથી નરકમાં પણ ઘણા સમ્યગ્દ્રષ્ટિ થાય છે, એમ માનનાર સંયોગ અને આત્માને એક માને છે. પ્રતિકૂળતાના સંયોગમાં ધર્મ થાય, અનુકૂળતામાં ન થાય.—એમ સંયોગના કારણે ધર્મ માનનારને ભગવાન અજ્ઞાની અને પાખંડી કહે છે. તેવા અધ્યાસમાં વિશુદ્ધ પરિણામ હોતા નથી માટે તેનાથી આત્માને જુદાપણું છે. વિશુદ્ધતાના પરિણામ પણ હોય અને સ્વ-પરની એકતાનો અધ્યાસ પણ હોય, એમ બન્ને સાથે ન હોય. એટલે કે જીવની–પોતાના સ્વભાવની એકત્વબુદ્ધિથી પરની એકત્વબુદ્ધિ થતી નથી માટે તે તેનાથી—જીવથી જુદા છે, એમ કહ્યું છે. જેમ એક મ્યાનમાં બે તરવાર ન આવે તેમ સ્વના અધ્યાસમાં પરનો અધ્યાસ થતો નથી, માટે તેને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે.

(૧૯) અનુભાગ સ્થાનો આત્મામાં નથી. જુદી જુદી પ્રકૃતિમાં રસના પરિણામ હોય છે; તેનો ઉદય આવે તો વિકાર થાય, તેમ અજ્ઞાની માને છે. ચૈતન્ય કર્મથી ભિન્ન પદાર્થ છે, તેને જાણ્યા વગર કર્મના રસનો ઉદય હોતાં આત્મામાં વિકાર થાય છે, તે કર્મને કારણે થતો નથી. તે વિકાર આત્મામાં પોતાના કારણે થવા છતાં પણ સ્વભાવના લક્ષે તે વિકાર અને રસના પરિણામવાળી જુદી જુદી પ્રકૃતિઓ થતાં નથી. વર્તમાન પરિણામને જોવા જતાં રાગ અને વિકાર જણાય છે. પણ આત્મા જણાતો નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેનું લક્ષ થતાં વિકાર થતો નથી, માટે વિકાર જીવમાં નથી. તેથી વિકાર પણ આત્મા નથી.

અશાતાના કર્મના રસનો ઉદય હોય ત્યારે આત્મામાં આર્તધ્યાન થાય એમ નથી, પણ પોતાના કારણે આર્તધ્યાન કરે તો થાય. વળી સ્વભાવ ઉપર લક્ષ ન કરે અને આર્તધ્યાન-વિકાર ઉપર લક્ષ કરે તો પણ વિકાર થાય છે. તેથી સ્વભાવના અનુભવમાં તે અનુભાગ સ્થાનો મદદ કરતા નથી. માટે તે જીવ નથી. સ્વલક્ષે વિકાર ઉત્પન્ન થતો નથી તે અનુભાગ સ્થાનો તથા વિકારની યોગ્યતાને જીવ કહેતા નથી.

(૨૦) યોગ સ્થાનો આત્મામાં નથી. મતવર્ગણા, વચનવર્ગણા અને કાયવર્ગણા જીવને નથી અને તેના અવલંબને કંપન થાય તે પણ આત્મા નથી. આત્મામાં જે કંપન થાય છે તેના લક્ષે યોગ જણાય છે. પણ આત્મા જણાતો નથી. માટે તે યોગ સ્થાનોને જડ કહ્યા છે. શરીરમાં કસરત કરે, લોહી ફરતું રહે તો સ્ફુર્તી રહે અને આત્મામાં આનંદ થાય, તેમ અજ્ઞાની માને છે. પણ અહીં તો કહે છે કે પરના કારણે તો આત્મામાં આનંદ નથી પણ પરના અવલંબને થતું કંપન પણ આત્મામાં નથી. અત્યારે ચાલતી ઊંધી માન્યતાઓથી આ ઊંધું છે. જગતને આ

સત્ય વાત સાંભળવા મળી નથી કે યોગસ્થાન તે આત્માનો વિકાર છે. તેના આશ્રયે ધર્મ થતો નથી. અકંપ સ્વભાવના લક્ષે ધર્મ થાય છે.

(૨૧) કર્મના બંધ સ્થાનો તો આત્મામાં નથી પણ એના લક્ષે થતો આત્માનો ભાવ-બંધ કે જે પોતામાં થાય છે, તેના લક્ષે પણ ધર્મ થતો નથી. કેમકે તેના લક્ષે વિકાર થાય છે. આત્માના લક્ષે બંધ સ્થાનો નથી પણ અબંધ સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે, તેથી બંધ સ્થાનો જીવ નથી.

(૨૨) ઉદય સ્થાનો જીવ નથી. પોતાનું (કર્મનું) ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ જે કર્મ અવસ્થા જેમનું લક્ષણ છે એવા મોહાદિ કર્મ તે જડ છે. તેના લક્ષે થતો જે મોહ-વિકાર તેને જોતાં કર્મ જણાય છે, પણ આત્મા જણાતો નથી. જ્ઞાતાસ્વભાવના લક્ષે ઉદયભાવ હોતો નથી માટે મોહના લક્ષે થતા ઉદયભાવને જડના પરિણામ કહ્યા છે. જડના ભાવ તો જડમાં છે પણ પોતાના વિકારીભાવો જોતાં કર્મ જણાય છે, તેથી તે પણ આત્મા નથી. દયા-દાનાદિના ભાવો કર્મના ઉદયમાંથી ફાટેલા ભાવો છે, આત્મદ્રવ્યમાંથી ફાટેલા ભાવો નથી. આત્મા—ચૈતન્યની ખરેખર અવસ્થા તો જ્ઞાતાના આશ્રયે થાય તે જ આત્મા છે, તેથી અહીં તો, જે વિકાર થાય છે તે તો કર્મનું બીજ છે અને સમ્યગ્દર્શન આત્માનું બીજ છે, એમ કહેવું છે. કર્મના લક્ષે સમ્યગ્દર્શન થાય નહિ પણ વિકાર થાય, તેથી વિકારને કર્મનું બીજ કહ્યું છે અને ધર્મ તો આત્માના લક્ષે થાય છે માટે આત્માનું બીજ છે. જેમ પીપળામાંથી લીંબડો થાય નહિ. ઉપરથી કોઈએ ડાળમાં લીંબોળી નાખી હોય તો થાય છે; તેમ આત્મામાંથી—સ્વભાવમાંથી વિકાર થાય નહિ, પણ ઉપરથી પર્યાયમાં વર્તમાન યોગ્યતાથી થયેલો ભાવ છે; તે વિકાર આત્માના મૂળમાંથી—સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલો ભાવ નથી. અહીં તો આત્મા પોતાના સ્વભાવથી ખસે છે ત્યારે પરમાં જોડાય છે, એટલે આત્મા આત્માપણે રહેતો નથી ને પર્યાયમાં વિકાર થાય છે. માટે ખરેખર તે વિકારભાવ પર જ છે. તેમાં કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેથી વિકાર કર્મનો છે તેમ કહેવાય છે. વળી, વિકારમાં બહારના સ્થૂળ નિમિત્તો હોય અને ન પણ હોય, પણ કર્મ તો હોય જ. તેથી અહીં કર્મ ફળ આપે ત્યારે વિકાર થાય, એમ કહ્યું છે, એટલે વિકાર પોતે કરે તો ફળ આપ્યું, એમ કહેવાય છે. તેથી તે વિકાર અને કર્મ, જીવ નથી. તે બધાં પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે.

(૨૩) ચૌદ માર્ગણાસ્થાન તે જીવ નથી. ગતિની યોગ્યતાને શોધવા જાય તો જડની પ્રાપ્તિ થાય. શાસ્ત્રમાં જીવને શોધવાનાં આ માર્ગણાસ્થાનો કહ્યા છે. અહીં તો કહે છે કે આ માર્ગણાસ્થાનને જોવા જાય તો જડની પ્રાપ્તિ થાય છે. જ્યાં જીવને શોધવાના સ્થાન કહ્યા છે ત્યાં તેનો અર્થ તો એ છે કે જીવની પર્યાય કેવી છે, તે બતાવે છે, પણ જીવનો સ્વભાવ એનાથી જણાતો નથી. ચૈતન્યદ્રવ્ય અખંડ જ્ઞાતા છું એવું ભાન થાય તો માર્ગણાસ્થાનું જ્ઞાન બરાબર કર્યું કહેવાય. પણ

માર્ગણાસ્થાનના એકલા વિકલ્પમાં રોકાય તો એ તો મિથ્યાત્વ છે. ગતિનો પર્યાય તો સમયપૂરતો છે. તેની રુચિ કરવા જાય તો પરનો આશ્રય થાય છે. તેથી માર્ગણા સ્થાનથી આત્માનું જ્ઞાન થતું નથી.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે કે સામાન્ય કરતાં વિશેષ બળવાન છે, એટલે જો એકલું વિશેષ જ્ઞાન કરે તો મિથ્યાત્વ થાય છે. સામાન્યનું જ્ઞાન કરીને વિશેષનું જ્ઞાન હોય ખરું પણ એકલા વિશેષનું જ્ઞાન કરવા જતાં આત્મા જણાતો નથી. એકલા વિશેષના–પર્યાયના જ્ઞાનથી પરનું લક્ષ થાય છે, અંશને આખો મનાય છે અને તેથી અજ્ઞાન થાય છે.

દ્રવ્યદ્રષ્ટિ થતાં અંશનું જ્ઞાન હોય છે ખરું, પણ એકલું અંશનું જ્ઞાન તે આત્મા નથી. કેમકે અંશ ભેદને જણાવે છે. નિશ્ચયની માળા ફેરવવાથી, એટલે એકલા નિશ્ચયના વિકલ્પો કરવાથી નિશ્ચય સ્વભાવ પ્રગટતો નથી, પણ સ્વભાવના આશ્રયે અભેદ તત્ત્વની એકતા કરે તો નિશ્ચયની માળા બરાબર કહેવાય છે, એટલે કે નિશ્ચય સ્વભાવ પ્રગટે છે.

# પ્રસાદ નં. ૩૯

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૬, ગુરુવાર, ૨૦૦૭)

ત્રેવીસમો બોલ ચાલે છે. તેમાં કેવા જીવતત્ત્વને જાણ્યે સમ્યગ્દર્શન થાય, તે કહે છે. જીવને મનુષ્યગતિની પર્યાય જેવડો માને તો તે જીવતત્ત્વની શ્રદ્ધા નથી. કેમકે મનુષ્યગતિની પર્યાય સમયપૂરતી છે, તેના આશ્રયે જીવતત્ત્વની શ્રદ્ધા થાય નહિ. સિદ્ધગતિની પર્યાય જેવડું પણ આખું જીવતત્ત્વ નથી. જીવ તો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય અખંડ જ્ઞાતાદ્રવ્ય છે તે છે, તેને માન્યે જીવતત્ત્વની શ્રદ્ધા થાય. જીવદ્રવ્ય ચૈતન્ય અભેદ તત્ત્વ છે. તેના તરફ વલણ કરતાં ભેદરૂપ ગતિ જે એક સમય પૂરતી પર્યાય છે, તેનો આશ્રય રહેતો નથી. દ્રષ્ટિનો વિષય જે ત્રિકાળી આખો દ્રવ્યસ્વભાવ તેને લક્ષમાં લીધા વગર સમ્યગ્દર્શન થાય નહિ.

પાંચ ઇન્દ્રિય અને ખંડ ખંડ જ્ઞાનની પર્યાય તે આત્મા નથી. અતીન્દ્રિય જ્ઞાન-કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. તે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ નથી. માટે તેટલો આત્મા નથી. વળી છકાયપણું તે પણ જીવ નથી અને અકાયપણું તે પણ એક સમયની પર્યાય હોવાથી જીવ તેટલો નથી. કારણ કે જીવ-જ્ઞાતા ચૈતન્ય સ્વભાવ-કાય કે અકાયસ્વરૂપ છે જ નહિ. સ્વરૂપમાં કાય-અકાયની યોગ્યતા નથી, સ્વરૂપ તરફ ઢળતાં અકાય-પર્યાયનો આશ્રય થતો નથી માટે જીવ અકાય-પર્યાય જેટલો નથી.

યોગ એટલે કંપન, તે આત્મા નથી, યોગના કારણે આત્માના-ચૈતન્યના-પ્રદેશોમાં કંપન થાય છે તે પણ ચૈતન્યદ્રવ્ય નથી, કેમકે તે ત્રિકાળી સ્વભાવમાં નથી. અયોગપણું તે આત્મા નથી, કેમકે અયોગ તો પર્યાય છે, તેટલો આત્મા નથી. એ બધાં લક્ષણો આત્માની અવસ્થાને શોધવાના છે, પણ ત્રિકાળી આત્માને શ્રદ્ધવાના તે લક્ષણો નથી. અવસ્થાને આખો આત્મા માનવાથી અજ્ઞાન થાય છે અને ચૈતન્ય અખંડ જ્ઞાયક આત્માની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન અને તેમાં સમ્યગ્દર્શનપૂર્વક સ્થિરતા કરવાથી ચારિત્ર પ્રગટે છે. દ્રવ્યનો આશ્રય કરીને સ્વભાવવાનની શ્રદ્ધા કરે તો તે સાચો યોગી થાય છે. બહારમાં યોગને રુંધે તે પર્યાયને જ આત્મા માને છે, તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે, અને પરથી કાંઈ આવશે એવું માની અખંડ તત્ત્વની શ્રદ્ધા વગર યોગને રુંધે તો મિથ્યાત્વ પુષ્ટ થાય છે. સ્વભાવનું લક્ષ કરતાં યોગ-અયોગની પર્યાયદ્રષ્ટિના ભેદ રહેતા નથી, તેથી આત્મામાં યોગ નથી.

વેદ ત્રણ પ્રકારના છે. પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. બાહ્ય શરીરનાં ચિહ્નો કે આત્માની તે પ્રકારના વિકારની યોગ્યતા, તેના દ્વારા આત્મા જણાતો નથી અને અવેદપણું પણ આત્માની એક સમયની અવસ્થા છે. તે અવસ્થા-દ્રષ્ટિથી પણ ત્રિકાળી અખંડ આત્મા જણાતો નથી. તે વેદ અને યોગ્યતા બધી પર્યાયો હોવાથી તે ભેદને જણાવે છે, પણ અભેદને જણાવતાં નથી તેથી તે બધા પુદ્ગલદ્રવ્યના પરિણામ છે. સિદ્ધની અવેદ પર્યાય છે. તે પર્યાય પણ જીવને શરણભૂત નથી, એટલે તેનાથી લાભ થતો નથી. જીવનો આશ્રય થતાં, પર્યાયનું લક્ષ રહેતું નથી. માટે પર્યાયોને પુદ્ગલના પરિણામ કહ્યા છે; વળી ભેદનું લક્ષ કરતાં વિકાર થાય છે, માટે પણ પુદ્ગલના પરિણામ કહ્યા છે, કેમકે તે આત્માના ત્રિકાળી સ્વભાવથી ભિન્ન છે.

કષાય-ક્રોધ, માન, માયા, લોભ—તે આત્માનો એક સમયનો વિકાર છે. તે સ્વરૂપમાં નથી, તેથી તેનું લક્ષ કરતાં ભેદ ઉત્પન્ન થાય છે, પણ આત્માની દ્રષ્ટિ થતી નથી, અને મોક્ષની ઇચ્છા (અભિલાષા) કરે તો પણ ભેદ થાય છે તેથી તે ઇચ્છા પણ વિકાર છે. આત્માના-ચૈતન્ય જ્ઞાતાના—લક્ષે તે ઇચ્છા-કષાય થતા નથી. માટે તે કષાય પુદ્ગલના પરિણામો છે, અને અકષાયના લક્ષે પણ આત્મા જણાતો નથી કેમકે તે અકષાયભાવ એક સમયની પર્યાય છે. પર્યાયના લક્ષે રાગ થાય છે પણ ચૈતન્યજ્ઞાતાનું લક્ષ થતું નથી. માટે ચાર કષાય અને અકષાય પર્યાયનો સ્વભાવના લક્ષે આશ્રય થતો નથી. તેથી તે આત્માની અનુભૂતિથી ભિન્ન છે. માટે તે બધાંય પુદ્ગલના પરિણામ છે, પણ તે જીવ નથી.

જ્ઞાન આત્માનો ત્રિકાળી ગુણ છે. તેની આઠ પર્યાયો છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તથા કુમતિ, કુશ્રુત, કુઅવધિ. તે આઠે પર્યાયના ભેદો છે. તેને શોધવાથી ભેદ અને વિકાર થાય છે, પણ ત્રિકાળી આત્મા તેનાથી જણાતો નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયપૂરતી છે. તેના આશ્રયે પણ ત્રિકાળી ધ્રુવ પદાર્થ—જીવતત્ત્વ—જણાતો નથી. પર્યાયનું લક્ષ કરવાથી ભેદ થાય છે અને આત્મા—ચૈતન્યજ્ઞાતામાં ભેદ નથી. તે અભેદનું લક્ષ થતાં ભેદ અને વિકાર થતો નથી.

પ્રવચનસારમાં કહ્યું છે કે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તો તેનો મોહ નાશ પામે છે. તેનો અર્થ એ છે કે પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળ ધ્રુવપદાર્થનું અવલંબન કરે ત્યારે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું જ્ઞાન કર્યું કહેવાય. કેવળજ્ઞાનીને જાણ્યે સમ્યક્ત્વ ક્યારે થયું કહેવાય, કે જો આત્માને જાણે તો. ત્યારે કેવળજ્ઞાનીને જાણ્યું સાચું કહેવાય. અહીં આઠ ભેદજ્ઞાનના કહ્યા છે તે—આત્માનું લક્ષણ નથી, આત્માનું લક્ષણ ચેતના છે, તેમાં ભેદ નથી. અહીં તો આઠ પ્રકારના ભેદથી રાગ થાય છે. પણ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી તે કહેવું છે.

આઠ પ્રકારના ભેદો પર્યાયમાં છે ખરા—એમ પ્રથમ નક્કી કરવું જોઈએ અને પછી તે ત્રિકાળ સ્વભાવમાં નથી, એમ જાણવું જોઈએ. વિકલ્પના લક્ષે પર્યાયમાં આ ભેદો છે તેમ જાણે અને સ્વભાવના લક્ષે નિષેધ કરે કે આ મારો સ્વભાવ નથી. ભેદોના આશ્રયે આત્મા સમજાય નહિ, અને ભેદ જેટલો આત્માને માને તો પણ આત્મા જણાય નહિ. વ્યવહાર છે ખરો, પણ સ્વભાવની દ્રષ્ટિએ વ્યવહારનો નિષેધ કરે તો વ્યવહારનું યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય.

પર્યાયોના આશ્રયથી સમ્યગ્દર્શન થતું નથી—એમ વિકલ્પ દ્વારા પ્રથમ નિર્ણય કરે ત્યારે પુણ્ય પરિણામ થાય છે. અને સ્વભાવનો આશ્રય કરી, પર્યાયના ભેદો સ્વભાવમાં નથી તેમ શ્રદ્ધા કરે તો સમ્યગ્દર્શન થાય છે. આમ વ્યવહાર અને નિશ્ચયનું સાથે જ્ઞાન કરાવે છે કે પર્યાયના ભેદો છે ખરા, પણ સ્વભાવમાં તે ભેદો નથી. આમ જે ન માને તે સ્વરૂપને સમજતો નથી.

પરપદાર્થ અને તેના લક્ષે થતા વિકાર પરિણામ તેનાથી જીવ જુદો છે તેમ જાણવાની અપેક્ષાએ ભેદજ્ઞાની કહેવાય છે, અને હું જ્ઞાતા ચૈતન્ય-સ્વભાવી છું તે અપેક્ષાએ અભેદજ્ઞાની કહેવાય છે.

આ જે પ્રકારનો વ્યવહાર કહેવાય છે, તેવો વ્યવહાર વીતરાગ દર્શન સિવાય બીજે હોતો નથી અને વ્યવહારને માન્યા વગર સ્વભાવના લક્ષે નિષેધ કરશે કોને ? અને વ્યવહારને જ સર્વસ્વ માની લ્યે તોપણ સ્વરૂપ પ્રાપ્તિ થશે નહિ. ઘણાને તો સાચો વ્યવહાર કેવો હોય તેના પણ ઠેકાણા નથી. કદાચ સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા હોય તો તે પુણ્ય પરિણામ છે, તેનો આશ્રય છોડે અને આત્માનો આશ્રય કરે તો નિશ્ચયસ્વભાવ પ્રગટે છે. પર્યાયની તાકાત જે કબૂલે નહિ તે તો લાયક જ નથી અને પર્યાયની તાકાત કબૂલે, પણ આત્માને તેટલો જ માને તો પણ અજ્ઞાની છે. સ્વભાવમાં પર્યાયના ભેદો નથી અને તેટલો આત્મા નથી, એમ માને તો સમ્યગ્દર્શન પ્રગટે છે.

આ આઠ પ્રકારના જ્ઞાનના ભેદ કહ્યા છે, તેનાથી સમ્યગ્દર્શન થાય નહિ, એમ માનીને પ્રથમથી જ પર્યાયના ભેદોને જાણે નહિ, તોપણ જીવતત્ત્વ જણાય નહિ. પ્રથમ પર્યાયના ભેદનો વ્યવહાર જાણવો જોઈએ અને જેમ છે તેમ યથાર્થ વિકલ્પપૂર્વક પર્યાયનું જ્ઞાન કરે ત્યારે તો પરસન્મુખ એટલે વ્યવહાર કહેવાય. પણ તે પર્યાયોના ભેદનું ત્રિકાળી સ્વભાવમાં અવલંબન નથી એમ શ્રદ્ધે તો સમ્યગ્દર્શન થાય છે.

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચારે ભાવના ભેદથી તો રાગ થાય છે, તેથી તે ચારે ભાવોને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહ્યા છે. જીવ દ્રવ્યસ્વભાવમાં ભેદ નથી. તેથી અભેદ તત્ત્વ જ શરણભૂત છે. એમ સ્વરૂપ તરફ

ઢળતાં કેવળજ્ઞાનની પર્યાય તરફ પણ વલણ રહેતું નથી. જ્ઞાતાદ્રવ્યના શરણે પર્યાયનું, રાગનું તથા જડનું શરણ રહેતું નથી. તેથી તે બધાને જડના પરિણામ કહ્યા છે. તે પર્યાય છે ખરી, પણ તે પોતાને શરણભૂત નથી માટે પુદ્ગલદ્રવ્યના પરિણામ છે, તે આત્મા નથી.

સંયમ :–સંયમ માર્ગણાના સાત ભેદો છે. તે ત્રિકાળી જીવસ્વભાવમાં નથી. એમ માનીને સંયમના ભેદોને પ્રથમ ન જાણે તો વ્યવહાર પણ થતો નથી. એ સાતે પર્યાય જીવમાં છે ખરી, પણ તે ચારિત્રની પર્યાયના લક્ષે ચારિત્ર, કેવળજ્ઞાન કે સમ્યગ્દર્શન પણ થતાં નથી.

ચારિત્રની પર્યાય તે ધર્મની પર્યાય હોવા છતાં, તે પર્યાય હોવાથી પર્યાયના લક્ષે એટલે પર્યાયમાંથી-પર્યાય પ્રગટતી નથી. પ્રથમ ચારિત્રની પર્યાયના ભેદને જેમ છે તેમ કબૂલે તો પુણ્યના પરિણામ થાય છે, પણ ધર્મ થતો નથી. ધર્મ તો તે બધા પર્યાયના ભેદનો આશ્રય છોડીને, ત્રિકાળી ધ્રુવ જ્ઞાતાનો આશ્રય કરે તો થાય છે માટે ચારિત્રની પર્યાયના ભેદો તે બધા જીવ નથી. કારણ કે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી આત્માથી ભિન્ન છે.

# પ્રસાદ નં. ૪૦

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૭, શુક્રવાર, ૨૦૦૭)

આત્માનું કલ્યાણ ક્યા ઉપાયે થાય? તે આ ગાથામાં કહે છે. તેમાં ત્રેવીસમો બોલ ચાલે છે, કે જ્ઞાનની પર્યાય આઠ પ્રકારની છે, તેના આશ્રયે પણ આત્માનું કલ્યાણ થાય નહિ, કેમકે કલ્યાણ થવું તે તો પ્રથમ તે નહોતું ને નવું નવું છે, તેથી તે પર્યાય છે અને પર્યાયની ઉત્પત્તિ પર્યાયના આશ્રયે થાય નહિ. અહીં તો પ્રથમ એમ પણ સાબિત કરે છે કે પોતાની પર્યાયમાં જે વિકાર થાય છે, તેનું ઉત્પન્ન કરનાર દ્રવ્ય પોતે છે—એવું પ્રથમ માને તો વ્યવહાર માન્યો કહેવાય. વિકારી કે અવિકારી પર્યાયના આશ્રયે કલ્યાણ થતું નથી. ત્રિકાળ સ્વભાવનો આશ્રય થતાં પર્યાયનો આશ્રય છૂટી જાય છે અને વિકાર થતો નથી, તેથી કલ્યાણ માટે સ્વભાવ જ શરણભૂત છે. પર્યાયના આશ્રયે-પર્યાયબુદ્ધિ થતાં મિથ્યાદ્રષ્ટિ થવાય છે.

હવે દર્શન શબ્દનો અર્થ કહે છે. આત્મામાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એમ ચાર પ્રકારની પર્યાયો છે, તે દર્શનગુણની અવસ્થા છે. એ પર્યાય સ્વતંત્રપણે જીવ કરે છે, પરદ્રવ્ય તે કરાવતું નથી. પર્યાયનો ઉત્પાદક આત્મા પોતે છે, એમ પ્રથમ નક્કી કરે ત્યારે પુણ્ય-પરિણામ થાય છે, તે વ્યવહાર છે. દરેક આત્મા અને દરેક પરમાણુની પર્યાયનું ઉત્પાદક દ્રવ્ય પોતે છે—એમ નક્કી કરે તો દરેક દ્રવ્યની સ્વતંત્રતા રહે છે. આમ માન્યા પછી તે પર્યાયનો આશ્રય કરે તો પણ કલ્યાણ ન થાય, પણ ત્રિકાળી સ્વભાવ ચૈતન્ય જ્ઞાતા છે, તેનો આશ્રય કરે તો કલ્યાણ થાય. ચક્ષુદર્શનાદિ પર્યાયનો આશ્રય કરવા જાય તો વિકાર થાય છે. ધ્રુવ જ્ઞાયક પદાર્થનો આશ્રય કરે તો પર્યાયનો આશ્રય રહેતો નથી. માટે તે પર્યાયો તે જીવ નથી. કારણ કે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી જીવથી જુદા છે—એમ કહ્યું છે.

સર્વજ્ઞ પરમાત્માએ વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો જોયો છે. દરેક દ્રવ્ય સમયે સમયે ટકીને બદલે છે, કોઈ દ્રવ્ય કૂટસ્થ નથી અને પર્યાય થાય છે તે પોતાથી થાય છે. પણ પરના કારણે થતી નથી. અવસ્થાનો આધાર ત્રિકાળી ધ્રુવ પદાર્થ આખો પડ્યો છે, તે છે. તેના આશ્રયે વિકાર થતો નથી. માટે પર્યાયનો આશ્રય લેવા જેવો નથી. વિકાર કે અધૂરી પર્યાયનો આશ્રય કરે તો શાંતિ થાય નહિ. પણ આનંદની લક્ષ્મીનો ભંડાર-ચૈતન્ય ધ્રુવ નિત્ય છે, તેનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન પ્રગટે છે. કેવળજ્ઞાનરૂપી પરમ શુદ્ધ અવસ્થાને પ્રગટ કરે એવો આત્મા છે. તે કહે કે અમારાથી આ વાત સમજાય નહિ તેમ બને નહિ. ચક્ષુદર્શનાદિ

જીવને નથી એટલે તે ચાર પ્રકારની દર્શનગુણની પર્યાય આત્માને શરણભૂત નથી, માટે જીવે તેનું લક્ષ કરવા જેવું નથી.

લેશ્યા : આત્મામાં છ પ્રકારના ચીકણા પરિણામ થાય છે, તેને લેશ્યા કહેવાય છે. તે પરિણામ નવા બંધનું કારણ થાય છે, પણ તે આત્માને પ્રાપ્ત કરાવતા નથી. દરેક પરિણામમાં તારતમ્યતા હોય છે. જેવી રીતે છ માણસોને કેરી ખાવી છે, તો તેમાં એક માણસ કેરી ખાવા માટે આંબાને મૂળમાંથી કાપે; બીજો મોટી ડાળ કાપે, ત્રીજો નાની ડાળખી કાપે, ચોથો કેરીના લૂમખા કાપે, પાંચમો પાકી પાકી કેરી કાપે અને છઠ્ઠો નીચે પાકી કેરી પડી હોય ત્યાંથી વીણી લે.

એ છ પ્રકારના પરિણામવાળા માણસો હોય, તેવી રીતે આત્મામાં છ પ્રકારથી ચીકણા પરિણામ થાય છે. તેમાં કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ લેશ્યા તીવ્ર પરિણામરૂપ પાપભાવ છે અને તેજ, પદ્મ, શુક્લ એ ત્રણ મંદકષાયરૂપ પુણ્ય પરિણામ છે, તે બન્ને પુણ્ય અને પાપના પરિણામનો આશ્રય કરવાથી ધર્મ થાય નહિ. કર્મ તે ભાવો કરાવતાં નથી પણ આત્મા પોતે તેનો ઉત્પાદક છે, એમ ન માને તો તે પ્રથમની ભૂલ છે.

શુભ-અશુભની કલ્પના પોતે કરે છે, છતાં કર્મ કરાવે છે તેમ માને તો તે મૂઢ છે અને શુભાશુભભાવના આશ્રયે ધર્મ થાય, એમ માને તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. છ પ્રકારની લેશ્યાના પરિણામ તો આત્માને શરણભૂત નથી પણ અલેશ્યાના પરિણામ જે ચૌદમે ગુણસ્થાને હોય છે તેના આશ્રયે પણ કલ્યાણ નથી. કર્મ ટળ્યાં માટે અલેશ્યાના પરિણામ છે—એમ નથી, પણ આત્માની પોતાની યોગ્યતાથી તે છે. જેણે ધર્મની નવી પર્યાય પ્રગટ કરવી હોય તેણે જીવનો આશ્રય કરવો. તે કરતાં લેશ્યાના પરિણામ થતા નથી.

ભવ્ય : ભવ્ય પણ યોગ્યતા છે. ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારે જીવની લાયકાત છે. તે બન્નેને શોધવા જતાં વિકલ્પ ઊઠે છે. આત્મા તરફ વળ્યો તેને ભવ્ય કે અભવ્યને શોધવાનું રહેતું નથી. ''ભવ્ય છું'' એ તો પર્યાયની યોગ્યતાનું લક્ષણ છે. તેના આશ્રયે જીવ જણાતો નથી પણ તે પર્યાયનો આશ્રય છોડવાથી જીવ જણાય છે, એટલે ધર્મ થાય છે. ભવ્ય-અભવ્યની પર્યાયને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે.

'હું ભવ્ય છું' એટલે મારી પર્યાય મોક્ષને લાયક છે તેવા નિર્ણયરૂપનો વ્યવહાર પ્રથમ હોય છે ખરો, પણ જેને ભવ્ય-અભવ્યનો નિર્ણય નથી, તેની તો અહીં વાત જ નથી. વળી કર્મ ખસે તો ભવ્યતા થાય—એમ પણ નથી. ભવ્ય છું કે અભવ્ય છું, એવો જેને નિર્ણય નથી તેને પોતાની પર્યાયનો પણ ભરોસો નથી. તે તો ધર્મને લાયક જ નથી. ભવ્યને યોગ્ય સ્વભાવ છે, એમ જાણે પણ આત્માની

રુચિ ન કરે તો પણ સમ્યક્ત્વ થાય નહિ, કેમકે તે ભવ્યની પર્યાયનો આશ્રય કરે છે પણ સ્વભાવનો આશ્રય કરતો નથી, તેથી તેને સાચો વ્યવહાર પણ કહેવાતો નથી. અહીં તો ભવ્યતા માન્યા પછી પણ સ્વભાવની રુચિ કરે તો કલ્યાણ થાય તેમ કહે છે.

ભરત ચક્રવર્તીનો પરિવાર—સ્ત્રી, પુત્ર, પુત્રી આદિ બધા ભવ્ય છે, તેમ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું. તે બધાએ તે શ્રવણ કર્યું અને 'અમે ભવ્ય છીએ'—એમ નિર્ણય કર્યો પણ એટલાથી કાંઈ સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. ભવ્ય અને અભવ્યને માત્ર શોધવું એ તો પર્યાયનો આશ્રય છે, પણ વસ્તુદ્રષ્ટિ નથી. દ્રવ્ય-સ્વભાવ તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા છે, તેનો આશ્રય કરવાથી ભવ્ય-અભવ્યાદિનો આશ્રય રહેતો નથી. માટે ભવ્ય-અભવ્યપણું આત્મામાં નથી.

અભવ્યનો સ્વભાવ પાપ કર્યા છે માટે થયો છે અને ભવ્યનો સ્વભાવ પુણ્ય કર્યા છે માટે થયો છે—એમ નથી, પણ તે ભવ્ય અને અભવ્ય આત્માની યોગ્યતા છે, કોઈએ તે કર્યા નથી. જીવનો એ જાતનો સ્વભાવ છે. અહીં તો એમ કહે છે કે ભવ્ય-અભવ્યની પર્યાય શોધવા જતાં વિકલ્પ ઊઠે છે, પણ તેનાથી જીવ જણાતો નથી. જીવ તો ચૈતન્યસ્વભાવ જ્ઞાતા એકરૂપ છે, તેનો આશ્રય કરવાથી ભવ્ય-અભવ્યનો વિકલ્પ થતો નથી.

'હું અભવ્ય હોઈશ કે ભવ્ય'—એવી જેને શંકા પડી છે તે જીવ અભવ્ય એટલે જેની અનંતકાળે પણ મુક્તિ થવાની નથી—તેવો છે. પણ 'હું એવો નથી'—એમ ભવ્યતાના હુકારની યોગ્યતા જેને નથી તેને તો અનંતકાળમાં સમ્યગ્દર્શન પ્રગટ ન થાય એવું ઊંધું વીર્ય પડ્યું છે. તે જીવ ત્યાગી થઈને બેસે અને ધર્મની મોટી મોટી વાતો કરે, પણ તેની વર્તમાન લાયકાત તો અનંતકાળે ધર્મ ન સમજાય એવી પડી છે. તેને તો વ્યવહારનાં પણ ઠેકાણાં નથી. પણ અહીં તો પર્યાયમાં નિર્ણય કર્યો છે કે 'હું ભવ્ય છું' તેને કહે છે કે ભવ્ય-અભવ્યની પર્યાયના આશ્રયે જીવ જણાતો નથી. તત્ત્વાર્થસૂત્રમાં પારિણામિકભાવના ત્રણ ભેદ—જીવ, ભવ્ય, અભવ્ય કહ્યા છે. ત્યાં તો જીવના પ્રકાર બતાવે છે, પણ સ્વભાવમાં એવા ત્રણ ભેદ છે નહિ. માટે ભવ્ય-અભવ્યપણું તે જીવ નથી.

સમ્યક્ત્વ : સમ્યક્ત્વ માર્ગણાના છ ભેદ છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિશ્ર, સાસાદન, મિથ્યાત્વ—એ બધા પ્રકારો સમ્યક્ત્વ માર્ગણાની પર્યાય છે. જીવમાં સ્વતંત્રપણે પોતાની તેવી યોગ્યતા હોય છે, પણ કર્મના કારણે આત્મામાં તે છ પ્રકારની યોગ્યતા હોતી નથી. ઉપશમ સમ્યક્ત્વ પછી નીચે પડતાં સાસાદનના પરિણામ થાય છે. ત્યાં જીવને પડવાના ભાવ નથી એટલે કર્મના કારણે તે પરિણામ હોય છે—એમ નથી. વળી મિશ્ર પરિણામમાં એ પ્રકારનો કર્મનો ઉદય છે માટે મિશ્ર પરિણામ છે—એમ માને તો મિથ્યાત્વ છે. અને તે પર્યાયની

યોગ્યતાના આશ્રય જેવડો જીવને માને તો પણ મિથ્યાત્વ થાય છે. જ્ઞાતા ચૈતન્યના આશ્રયે સમ્યક્ત્વ માર્ગણા જે પર્યાય છે, તેનો આશ્રય રહેતો નથી. તેથી તે જીવ નથી.

# પ્રસાદ નં. ૪૧

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ : ૮, શનિવાર, ૨૦૦૭)

ત્રેવીસમો બોલ છે, તેમાં સમ્યક્ત્વ માર્ગણાની વાત ચાલે છે.

જેણે આત્માનું કલ્યાણ કરવું હોય, તેણે કલ્યાણ ક્યાંથી થાય તે પ્રથમ જાણવું જોઈએ. આત્માનું કલ્યાણ પરમાંથી કે પુણ્ય-પાપરૂપ વિકલ્પોમાંથી નીકળે તેમ નથી અને વર્તમાન જ્ઞાનનો ઉઘાડ છે, તેના આશ્રયે પણ કલ્યાણ થાય તેમ નથી. કોઈ ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય તથા સમ્યક્ત્વાદિ માર્ગણાના આશ્રયે પણ કલ્યાણ થાય તેમ નથી.

માર્ગણા એટલે શોધવું. ચૌદ પ્રકારની માર્ગણા છે. તેનાથી તો જીવની પર્યાય જણાય છે; પણ તે માર્ગણાથી આત્મા જણાતો નથી. સમ્યક્ત્વ માર્ગણા છ પ્રકારની છે, તે જીવની પર્યાય છે. કર્મને કારણે કે કાળને કારણે તે પર્યાય માનવામાં આવે તો તે પર્યાયની સ્વતંત્રતાને પણ જાણતો નથી. અહીં તો પ્રથમ પોતાની પર્યાય પોતાના કારણે થાય છે, એમ માને તો તેણે પર્યાયને શોધી કહેવાય; પણ સંયોગના કારણે માને તો સંયોગને શોધવામાં રોકાયો છે. તે પર્યાય પણ શોધી શકતો નથી. વળી માત્ર પર્યાયને જ જાણે પણ આત્માની રુચિ ન કરે તો પણ ધર્મ થતો નથી. પર્યાય ગોતવાની રુચિ છોડીને જીવને જાણે તો કલ્યાણ થાય તેમ છે.

છ પ્રકારની સમ્યક્ત્વ માર્ગણા પર્યાય છે. તેને ગોતવામાં ધર્મની પર્યાય ઉત્પન્ન થતી નથી, વધતી નથી અને ટકતી પણ નથી. એક જીવ તત્ત્વને જ શોધવાથી ધર્મની પર્યાય પ્રગટે છે, વધે છે અને ટકે પણ છે. પર્યાયને શોધતા રાગ થાય છે અને સ્વભાવમાં એકાગ્રતા કરે તો ધર્મ થાય છે. આત્મા જ્ઞાતા સ્વભાવી ટકતો પદાર્થ છે અને પર્યાયનો સ્વભાવ કાયમ ટકવાનો નથી તેથી સમ્યક્ત્વપર્યાયના લક્ષે સમ્યક્ત્વ પ્રગટતું નથી. જેનું માહાત્મ્ય આવે તેમાં એકાગ્ર થાય. જડનું માહાત્મ્ય આવે તો અજ્ઞાન-જડપણું થાય છે, પર્યાયનું માહાત્મ્ય આવે તો વિકાર થાય છે અને સ્વભાવનું માહાત્મ્ય આવે તો ધર્મ થાય છે.

અજ્ઞાની એમ કહે છે કે ક્ષાયિક સમ્યક્ત્વ કેવળી અથવા શ્રુતકેવળીની સમીપે થાય છે, માટે કેવળીના કારણે થાય છે અને અત્યારે ભગવાનનું નિમિત્ત નથી, માટે મોટી હિંસાદિનાં કાર્યો કરે એવા જીવ પાક્યા છે. વળી વિજ્ઞાન-કુજ્ઞાન થયું, માટે જગતમાં હિંસા થાય છે અને તેના કારણે બધે ત્રાસ વ્યાપે છે, વિજ્ઞાનના કારણે શસ્ત્ર, બોમ્બ વગેરેની ઉત્પત્તિ થઈ માટે ઘણા માણસો માર્યા ગયા એમ

નિમિત્તના કારણે બધું થાય છે, તેમ તે માને છે. તેને દરેક પદાર્થ પોતે પોતાના કારણે પરિણમે છે અને દરેક દ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે, એમ તે માનતો નથી. કુજ્ઞાનથી બૉમ્બાદિની ક્રિયા થાય નહિ, ભગવાનના કારણે જીવોની પર્યાય બદલે નહિ, એવી સ્વતંત્રતાની કબૂલાત ન આવે ત્યાં સુધી દ્રવ્યને પણ માનતો નથી. અહીં તો કેવળીના કારણે તો નહિ પણ પોતાના કારણે ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે, એમ માને છે તે તો પર્યાયને ગોતે છે. પણ તે પર્યાયને ગોતતાં સમ્યક્ત્વ ન થાય. સમ્યક્ત્વ થયા પછી પણ પર્યાયને ગોતતાં ચારિત્ર થતું નથી, પણ ભ્રષ્ટ થઈ મિથ્યાત્વ થાય છે.

સંજ્ઞા માર્ગણા પણ જીવને નથી. સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદ તે અવસ્થા છે. કેટલાક કહે છે કે સંજ્ઞીપણું મળે તો ધર્મ થાય. અસંજ્ઞીને મન નથી માટે ધર્મનો વિચાર કરી શકતા નથી. માટે તેને સમ્યગ્દર્શન થઈ શકતું નથી. અહીં તો કહે છે કે સંજ્ઞી અસંજ્ઞીના વિચારોથી જીવ જણાતો નથી. કેમ કે સંજ્ઞી અસંજ્ઞીપણું તે પર્યાય છે અને પર્યાયના આશ્રયે ત્રિકાળી, ધ્રુવ, ચેતન પદાર્થ જણાતો નથી. પણ સ્વભાવનું લક્ષ થતાં સંજ્ઞી અસંજ્ઞીના ભેદ રહેતા નથી. તેથી તે ભેદ પણ પુદ્‌ગલના પરિણામ છે કેમકે આત્માની અનુભૂતિથી ભિન્ન છે. આહાર માર્ગણા પણ જીવને નથી કેમકે આહાર અને અણાહારપણું તે પર્યાયના ભેદ છે. પર્યાયના લક્ષે ત્રિકાળી ધ્રુવ પદાર્થ જણાતો નથી, સ્વભાવનો આશ્રય થતાં આહારાદિનાં વિકલ્પો થતા નથી તેથી આહાર માર્ગણા તે જીવ નથી.

આ ચૌદ પ્રકારના માર્ગણા સ્થાનમાં જીવને ગોતવા જાય તો તે મળે તેમ નથી, માર્ગણા તે પર્યાય છે, અંશ છે. આખા અંશીને જાણ્યા વગર અંશનું પણ સાચું જ્ઞાન થતું નથી. માટે અંશી એવા જીવને જાણવો જોઈએ. અંશના આશ્રયે જીવ સમજાય તેમ નથી. માટે અંશને જીવ કહ્યો નથી પણ સ્વભાવના આશ્રયે જીવ સમજાય છે. તેથી માર્ગણા તે જીવ નથી.

(૨૪) સ્થિતિબંધસ્થાનો જીવને નથી. આઠ પ્રકારના કર્મો છે, તેને ૧૪૮ પ્રકૃતિ છે. જુદી જુદી પ્રકૃતિઓનું અમુક કાળ સુધી રહેવું તે સ્થિતિબંધસ્થાનો પુદ્‌ગલદ્રવ્ય હોવાથી જીવનાં નથી. કેમકે કર્મની સ્થિતિથી કાંઈ આત્માની પર્યાય હોતી નથી. જીવ એક સ્વતંત્ર પદાર્થ છે, તેની સ્થિતિ એટલે શક્તિ અને અવસ્થા જીવના પોતાના કારણે હોય છે. સ્થિતિબંધસ્થાનો કર્મની પ્રકૃતિ છે ને તે વખતે આત્માની યોગ્યતાથી આત્મામાં તેવા પરિણામો હોય છે ખરા, પણ તે પર્યાયને શોધવા જતાં જીવ જણાતો નથી. આત્મામાં જ્ઞાન દર્શનાદિની શક્તિ છે તે શક્તિવાન પદાર્થની શ્રદ્ધા કરે તો જીવ જણાય છે.

જડકર્મ જીવને રખડાવતું નથી. આત્મા પોતે ચિદાનંદ સ્વરૂપે છે, તેને ભૂલી પરમાં એકત્વબુદ્ધિ કરે છે માટે રખડે છે. માટે સ્થિતિબંધસ્થાનો ગોતવાથી જીવ

મળે તેમ નથી. તેથી બધા સ્થિતિબંધસ્થાનો જીવમાં નથી. આત્મા ગોતે એટલે આત્મામાં જોડાણ કરે તો આત્મા મળે તેમ છે. તેને સાચો યોગ કહેવાય. બહારના યોગ કરે, તેથી ધર્મ થતો નથી.

(૨૫) સંક્લેશસ્થાનો તે જીવ નથી, આત્મામાં હિંસા, અસત્યાદિના માઠા પરિણામ થાય તેને સંક્લેશસ્થાનો કહે છે. તેના જુદા-જુદા પ્રકાર છે. તેટલો જીવ નથી. કેમ કે તે એક અંશ છે, સમય પૂરતો વિકાર છે, તે માઠા પરિણામો કર્મોનો તીવ્ર ઉદય આવ્યો માટે થયા છે, એમ નથી પણ આત્મા પોતે પોતાની યોગ્યતાથી કરે તો પર્યાયમાં થાય છે. તે પાપ પરિણામ સામું જોવાથી તે ખસતા નથી, પણ કાયમનું ધ્રુવ તત્ત્વ જ્ઞાતા દ્રવ્ય છે, તેમાં પાપના પરિણામો છે જ નહિ, તેનું લક્ષ કરવાથી માઠા પરિણામ થતા જ નથી, માટે તે સંક્લેશસ્થાનો જીવને નથી. કેટલા ભવમાં કેટલાં પાપ કર્યાં હશે એમ પર્યાયનો વિચાર કર્યા કરે તો પાપના ભાવ છૂટે નહિ અને જીવ જણાય નહીં. જ્ઞાતાદ્રષ્ટા શક્તિવાળો આનંદકંદ પદાર્થ છે, તેના સામું જુએ તો પાપના પરિણામ રહે નહિ; તેથી સંક્લેશસ્થાનો બધા પુદ્‌ગલના પરિણામમય હોવાથી જીવની અનુભૂતિથી ભિન્ન છે.

પૂર્વે જે કર્મો બાંધ્યા હોય તે ઉદયમાં આવે ત્યારે માઠા પરિણામ કરવા પડે, એમ માને ત્યાં સુધી તો પર્યાય હું સ્વતંત્ર કરું તો થાય તેવી પર્યાયની પણ શ્રદ્ધા નથી. પોતાના કારણે પાપ પરિણામ થાય છે, એમ માને અને તે પરિણામની એકલી રુચિ કરે તો પણ જીવ જણાય નહિ, એટલે માત્ર ભૂંડા ભાવનો પશ્ચાત્તાપ કરે તો પણ ધર્મ થાય નહિ. ચેતન દ્રવ્યની શ્રદ્ધા કર્યા વગર તે માઠા પરિણામનો અભાવ થાય નહિ. અવસ્થાને પરના કારણે માને તો પણ મિથ્યાત્વ થાય અને પરને કારણે નહિ અને પોતાના કારણે થાય, એમ માને છતાં જો તે અવસ્થાની રુચિ ન છોડે તો પણ મિથ્યાત્વ થાય છે.

(૨૬) વિશુદ્ધિસ્થાનો પણ જીવમાં નથી. વિશુદ્ધ પરિણામ એટલે શુભભાવની અહીં વાત છે. દયા, દાન, વ્રતાદિના શુભ વિકલ્પો તે રાગ છે, તેને શોધવાથી આત્મા પ્રાપ્ત થતો નથી. આત્મામાં જે પુણ્યભાવો થાય છે તે કર્મના મંદ ઉદયના કારણે કે પરનિમિત્તના કારણે થતા નથી. આત્મા પોતે પોતાની યોગ્યતાથી કરે છે, પણ તે વિશુદ્ધ પરિણામના લક્ષે જીવ જણાતો નથી કેમ કે તે પરિણામો શુભ લાગણી છે, તેના લક્ષે તો રાગ જણાય છે; અને તેને આત્મા માને તો ભ્રાંતિ થાય છે. આત્મા તો ત્રિકાળ ધ્રુવ, સ્વતંત્ર, ચેતન, અમલિન સ્વભાવવાળો છે; તેના આશ્રયે વિશુદ્ધ પરિણામો થતા નથી; અને તે પુદ્‌ગલના પરિણામમય હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

# પ્રસાદ નં. ૪૨

## સમયસાર ગાથા ૫૦ થી ૫૫ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૯, રવિવાર, ૨૦૦૭)

અહીં ઓગણત્રીસ બોલનો અધિકાર ચાલે છે, તેમાં છવ્વીસમો બોલ આવ્યો છે. પ્રથમ વર્ણાદિ તથા શરીર, સંઘયણ, કર્મ વગેરેના આશ્રયે ધર્મ થતો નથી, કેમ કે તે તો પુદ્ગલ દ્રવ્ય અને પરવસ્તુ છે. હિંસા, અસત્ય, ચોરી આદિના ભાવો તે સંકલેશ એટલે પાપ પરિણામ છે. તેને શોધવાથી ધર્મ થાય નહિ, કેમકે તે પાપના લક્ષે જીવ દ્રવ્યની પ્રાપ્તિ થાય નહિ. અહીં તો હવે કહે છે કે દયા, દાન, વ્રતાદિના શુભ ભાવો કે જેમાં કષાયના રસનું મંદપણું છે, તેને આશ્રયે પણ ધર્મ થતો નથી, કેમ કે તે વિકારભાવ છે અને ક્ષણિક છે. આત્મા તો અવિકારી-શુદ્ધ, નિત્ય, ધ્રુવ પદાર્થ છે, તેના આશ્રયે ધર્મની પર્યાય પ્રગટે છે.

(૨૭) સંયમલબ્ધિસ્થાનો જીવને નથી. ચારિત્રમોહના વિકારની ક્રમે ક્રમે નિવૃત્તિ થાય, તેના આશ્રયે પણ ધર્મ થતો નથી. શુભાશુભભાવોના આશ્રયે તો ધર્મ થતો નથી કેમ કે તે તો પ્રવૃત્તિ હતી. પણ અહીં તો કહે છે કે તે શુભાશુભભાવની નિવૃત્તિ એવાં જે સંયમલબ્ધિના સ્થાનો, તેના આશ્રયે પણ ધર્મ થતો નથી. ક્રમે ક્રમે કષાયની નિવૃત્તિ થાય, તેનાથી સંયમની પ્રાપ્તિ થાય છે, પણ તે પર્યાય છે અને ભેદ છે, તેના લક્ષે ધર્મની પર્યાય પ્રગટતી નથી, ટકતી નથી અને વધતી પણ નથી, કેમ કે પર્યાયના આશ્રયે પર્યાય પ્રગટતી, ટકતી કે વધતી નથી. ત્રિકાળ ધ્રુવ ચૈતન્યના આશ્રયે શુદ્ધતા વધે છે; ત્યારે પર્યાયભેદનો આશ્રય રહેતો નથી તેથી સંયમલબ્ધિસ્થાનો તે જીવ નથી.

શુભાશુભભાવના આશ્રયે તો ધર્મ થતો નથી, પણ ધર્મની પર્યાય પ્રગટી છે, તેના આશ્રયે પણ ધર્મ થતો નથી, ટકતો નથી અને વધતો પણ નથી. કેમ કે ધર્મની પર્યાય તે અંશ છે, તેટલો જીવ નથી, એટલે અંશમાં આખો અંશી જીવ પદાર્થ આવી જતો નથી અને અંશનો આશ્રય લેવા જતાં રાગ થાય છે માટે સંયમલબ્ધિસ્થાનોને પુદ્ગલના પરિણામ કહ્યા છે. વળી અભેદ આત્મ-પદાર્થના આશ્રયે ભેદ દેખાતો નથી માટે જીવમાં ભેદ નથી એટલે પણ સંયમલબ્ધિનાં સ્થાનો આત્માની અનુભૂતિથી ભિન્ન છે, તેથી તેને પુદ્ગલ પરિણામમય કહ્યા છે.

કર્મનું નિમિત્ત ઘટતું જાય તેમ તેમ કષાય મોળા પડતા જાય—એમ માનનાર તો કર્મની રુચિવાળો મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. કર્મને કારણે નહિ પણ આત્મા પોતે પોતાના કારણે કષાયનો અભાવ કરીને સંયમની વિશુદ્ધતા કરે છે. હવે તે ધર્મની પર્યાય છે તેના આશ્રયે જો ધર્મ વધારવા માગે તો તે વધતો નથી, પણ

સ્વભાવના આશ્રયે ધર્મની પર્યાય વધે છે. સંયમલબ્ધિસ્થાનો સંવરના ભેદ છે. તે સ્વભાવના લક્ષે થાય છે. સંવરના આશ્રયે સંવર થતો નથી. ચૈતન્ય જ્ઞાતા દ્રવ્યનું લક્ષ થતાં તે સંવરના ભેદનું લક્ષ થતું નથી, માટે તે ભેદસ્થાનો જીવને નથી.

ઉઘડેલી શુદ્ધ પર્યાય તો આત્મામાં અભેદ થઈ છે. પણ પહેલાં ઓછી હતી અને પછી શુદ્ધતા વધી એવો પર્યાયનો ભેદ જોવા જાય તો અભેદતાનું લક્ષ થતું નથી. ભેદના લક્ષે વિકલ્પ ઊઠે છે, એટલે કે પર્યાયના ભેદથી વિકલ્પ અને રાગ થાય છે. અભેદમાં એવો ભેદ નથી. માટે તે સંયમલબ્ધિસ્થાનો જીવમાં નથી. શુદ્ધ પર્યાય અભેદ થાય છે તેનું જ્ઞાન કરે તો કાંઈ રાગ થતો નથી, પણ ભેદ પાડીને તેનું લક્ષ, આશ્રય કરે તો રાગ થાય છે. સ્વભાવના આશ્રયે ભેદ થતો નથી માટે સંયમલબ્ધિસ્થાનો જીવ નથી.

(૨૮) જીવસ્થાનો બધાય જીવને નથી; પર્યાપ્તિ, અપર્યાપ્તિ જીવનો હોય છે તે કર્મને કારણે હોતી નથી અને સૂક્ષ્મ બાદરના ભેદો પણ જીવને કર્મના કારણે હોતા નથી. સૂક્ષ્મમાંથી બાદર થાય તેવી યોગ્યતા અને પર્યાપ્ત આદિની જીવની પોતાની યોગ્યતા પર્યાયમાં હોય છે, પણ તે પર્યાય જેટલો જ જીવ નથી અને તે પર્યાયના આશ્રયે ધર્મ થતો નથી પણ ત્રિકાળ, ધ્રૌવ્ય, ચૈતન્યશક્તિ જીવ છે. તેના લક્ષે ધર્મ થાય છે, ત્યારે જીવસ્થાનોના ભેદ હોતા નથી માટે તે જીવ નથી.

એકેન્દ્રિયાદિનું શરીર દેખાય છે તે તો જીવ નથી જ, પણ એકેન્દ્રિયાદિની જે યોગ્યતા પર્યાયમાં છે તેટલો પણ જીવ નથી. ચૌદ પ્રકારના જીવસ્થાનો તે એક સમયની યોગ્યતા હોવાથી અંશ છે. એક અંશ તે કાંઈ આખો જીવ નથી. આખા જીવને માન્યા વગર જીવને જાણ્યો કહેવાય નહિ અને જીવતત્ત્વના આશ્રય વિના પણ ધર્મ થાય નહિ. એકેન્દ્રિયાદિ અંશ જેટલો જીવ હોય તો એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય થાય નહિ. વળી પંચેન્દ્રિયપણું હોય તો ધર્મ થાય, એમ પણ નથી, માટે અંશનો આશ્રય છોડી ચૈતન્ય, ધ્રૌવ્ય, અખંડતત્ત્વ છે તેનો આશ્રય કરવો કેમકે તેનાથી ધર્મ થાય છે. સ્વભાવના આશ્રયે ચૌદ જીવસ્થાનના ભેદો થતા નથી, માટે તે જીવ નથી પણ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે તેથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

(૨૯) ચૌદ ગુણસ્થાન પણ જીવને નથી. તેમાં પ્રથમ મિથ્યાદ્રષ્ટિ. પરદ્રવ્યનું હું કરી શકું મારું પરદ્રવ્યથી ભલું થાય, પુણ્યથી ધર્મ થાય—આદિ માન્યતા કરે છે, તે કાંઈ કર્મને કારણે નથી, પણ જીવ કરે તો થાય છે; અને તે આત્માની વિકારી પર્યાય છે, એટલે અંશ છે, માટે જીવ તત્ત્વ નથી. બીજું સાસાદન ગુણસ્થાન. તે સમ્યગ્દર્શન થયા પછી જીવ પોતાના કારણે પાછો પડે છે ત્યારે બીજી ભૂમિકા સાસાદનની હોય છે. તે પણ અંશ છે. માટે તે ત્રિકાળી સ્વભાવ નથી અને સ્વભાવના લક્ષે તેનો ભેદ રહેતો નથી, માટે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે. જીવની

અનુભૂતિથી ભિન્ન છે. ત્રીજું, સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ ગુણસ્થાન છે. તેમાં મિશ્રપણું હોય છે, તે પણ અંશ હોવાથી જીવ નથી.

અસંયતસમ્યગ્દ્રષ્ટિ તે ચોથું ગુણસ્થાન છે, સમ્યગ્દર્શન થયું છે પણ હજુ આસક્તિનો ભાવ છૂટ્યો નથી. તે અવસ્થા છે, તેથી અંશ છે, પણ ત્રિકાળ ધ્રૌવ્ય અંશી નથી. ત્રિકાળ ધ્રૌવ્ય જ્ઞાયકની દ્રષ્ટિ થઈ તે તો એક સમયની પર્યાય છે, તે આખો જીવ નથી. આખો જીવ તેમાં આવી જાય તો પાંચમું આદિ ગુણસ્થાન થાય નહિ. ચૈતન્યપદાર્થના આશ્રયે પર્યાયનું લક્ષ થતું નથી, તેથી અસંયત સમ્યગ્દ્રષ્ટિ તે જીવ નથી.

સંયતાસંયત પાંચમું ગુણસ્થાન, તે પણ જીવ નથી. અંશે નિવૃત્તિ અને અંશે અનિવૃત્તિનો ભાવ તે એક સમયની પર્યાય છે. તેના તરફ લક્ષ દેતાં ભેદ પડે છે. અભેદ તત્ત્વમાં તે ભેદ નથી, માટે તે જીવતત્ત્વ નથી.

છઠ્ઠું પ્રમત્તગુણસ્થાન, તે મુનિદશાનું છે. નગ્નદશા હોય પણ હજી વૃત્તિ ઉઠે છે. તે છઠ્ઠાગુણસ્થાનની દશા પણ જીવ નથી એટલે એટલામાં આખો આત્મા આવી જતો નથી. અપ્રમત્તસંયત તે સાતમી ભૂમિકા છે. પોતાના આનંદ સ્વરૂપમાં ઝૂલતો હોય, નિર્વિકલ્પ દશા હોય, તે પણ એક સમયની પર્યાય છે, તેના લક્ષે વિકલ્પ થાય છે. એટલે ભેદ પડે છે. માટે તે પણ જીવ નથી.

અપૂર્વકરણ આઠમું ગુણસ્થાન—તેમાં ઉપશમક અને ક્ષપક બે ભેદ છે અને અનિવૃતિકરણ તે નવમી ભૂમિકા, તેમાં પણ ઉપશમક અને ક્ષપક એવા બે ભેદ છે. તથા સૂક્ષ્મ-સાંપરાય દશમી ભૂમિકા, તેમાં પણ ઉપશમક અને ક્ષપક એમ બે પ્રકાર હોય છે. અગિયારમું ઉપશાંતમોહ અને બારમું ક્ષીણમોહ ગુણસ્થાન છે. તે બધા ગુણસ્થાન એક સમયની પર્યાય છે, તેનો આશ્રય કરતાં ભેદ પડે છે, પણ અભેદ તત્ત્વ ચૈતન્યજ્ઞાતાનો આશ્રય થતા તે ભેદ રહેતા નથી, માટે તે બધા જીવને નથી.

બારમા ગુણસ્થાનવાળા જીવને પરમાત્માને પ્રાપ્ત થયેલો જિન કહેવાય. તેરમા ગુણસ્થાનવાળાની જ્ઞાનપર્યાય લોકાલોકને જાણે છે, તે સયોગીકેવળી કહેવાય છે. તે કેવળજ્ઞાન પર્યાય પણ એક સમયની છે, તેમાં આખો જીવ આવી જતો નથી. તે કેવળજ્ઞાનની પર્યાય વસ્તુના આશ્રયે પ્રગટે છે. પર્યાયના આશ્રયે પર્યાય પ્રગટે નહિ. ચૌદમું ગુણસ્થાન અયોગીકેવળી, તે પણ જીવને નથી. ચૌદ ગુણસ્થાન જીવ નથી કેમ કે તે બધા પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ હોવાથી જીવની અનુભૂતિથી ભિન્ન છે. ચૌદગુણસ્થાનની પર્યાયમાં યોગ્યતા છે ખરી, પણ તેને લક્ષમાં લેવા જતાં ભેદ પડે છે અને રાગ ઉત્પન્ન થાય છે. જીવ તત્ત્વમાં જેટલો ભેદ પડે તેને અજીવ ગણવામાં આવ્યો છે. ભેદના લક્ષે રાગ ઉત્પન્ન થવાથી

અનુભૂતિથી તે ભિન્ન છે. ચોથા ગુણસ્થાનમાં દ્રષ્ટિ અપેક્ષાએ ભેદ હોતો નથી અને કેવળજ્ઞાનીને પૂર્ણદશા પ્રગટ થઈ છે એટલે તેને પણ ભેદ રહેતો નથી. જ્ઞાતા ચૈતન્ય ધ્રૌવ્ય પદાર્થ જ્ઞાનીને ધ્યેય છે, પર્યાયનો ધ્યેય જ્ઞાનીને હોતો નથી.

આ રીતે ચૌદ ગુણસ્થાન પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે, તે જીવ નથી. જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે એટલે ચેતન જાણવા દેખવાના સ્વભાવવાળો છે.

**કળશ-૩૭**

ધર્મીની દ્રષ્ટિ કેવી હોય છે, તે કહે છે. ગાથા ૫૦ થી ૫૫ માં કહ્યું તેનો સાર આ કળશમાં કહી દીધો છે. વર્ણાદિથી માંડીને ગુણસ્થાન સુધીના જે ભાવો છે, તે બધા ચૈતન્યજ્ઞાતા આનંદકંદ સ્વભાવથી ભિન્ન છે કેમકે ચૈતન્ય સ્વરૂપની અભેદ દ્રષ્ટિમાં તે ભેદ જણાતા નથી. અંતર સ્વભાવદ્રષ્ટિ વડે જ્ઞાયક સ્વભાવને દેખતા તે મુખ્યપણે દેખાતા નથી. વર્ણાદિ, શરીર, કર્મ વગેરે તો જડ છે, રાગાદિ વિકાર છે, ગુણસ્થાનાદિ ભેદ છે, તે બધા આત્માની ઉપર તરે છે. અંતરમાં પેસતાં નથી, બહાર દ્રષ્ટિવાળાને દેખાશે પણ અંતરદ્રષ્ટિવાળાને દેખાતા નથી, તેને તો એક ચેતન જ્ઞાતા અભેદ તત્ત્વ જ દેખાય છે.

# પ્રસાદ નં. ૪૩

## સમયસાર કળશ ૩૭ ના પ્રવચનમાંથી.

(માગશર સુદ-૧૦, સોમવાર, ૨૦૦૭)

ગાથા ૫૦ થી ૫૫માં કહેલા ઓગણત્રીસ બોલમાં વર્ણાદિથી માંડી ગુણસ્થાન સુધીના બધા ભાવો આ પુરુષથી એટલે ચૈતન્ય સ્વભાવથી ભિન્ન છે કેમકે અંતરદ્રષ્ટિથી જોનારને તે ભાવો ભાસતા નથી. માત્ર એકલું ચૈતન્ય, સર્વોપરી સ્વરૂપ જ દેખાય છે, કેવળ ચૈતન્ય અભેદરૂપ આત્મા જ દેખાય છે.

શરીર, કર્માદિ જે જડ છે તે તો કોઈ રીતે આત્મામાં નથી, એટલે આત્માનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તે બિલકુલ નથી.

હવે આત્માના વિકારી પરિણામો, તે આત્માની પર્યાયમાં થતા હોવાથી વ્યવહારથી આત્માના કહેવાય છે. વિકારી અંશ કાંઈ પરમાં થતો નથી, તેમ તે વિકાર અને ભેદ આત્માના સ્વભાવમાં પણ નથી. વિકાર પરપદાર્થના લક્ષે થાય છે, માટે આત્માનો નથી. આત્માની અંતરદ્રષ્ટિમાં વિકાર કે અંશનો ભેદ પડતો નથી, માટે વિકાર અને ભેદ આત્મામાં નથી. માત્ર કેવળ ચૈતન્ય આત્મા જ દેખાય છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આ વર્ણાદિથી માંડીને ગુણસ્થાન સુધીના બધા ભાવો જીવના નથી, પણ એ બધો અજીવનો સ્વાંગ છે, એમ આપે કહ્યું; તો પછી શાસ્ત્રમાં તે ભાવોને જીવના કહ્યા છે. તે કેમ હશે?—તેનો ઉત્તર આપે છે.

**વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
**પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬**

અન્વયાર્થ : વર્ણાદિથી માંડીને ગુણસ્થાન સુધીના ભાવો વ્યવહારથી જીવના છે, એટલે કર્મ ને રાગદ્વેષાદિ ભાવોની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તે બતાવ્યું છે. પણ એનો અર્થ એવો નથી કે કર્મથી આત્મામાં રાગાદિભાવો થાય. વળી, વ્યવહાર કરવાથી ધર્મ થાય—એમ પણ સમજવું નહિ. નિશ્ચયનયના મતમાં એટલે ખરેખરા અભિપ્રાયથી તે જીવના નથી.

ટીકા :—અહીં વ્યવહારનો અર્થ સંબંધનું, રાગનું અને ભેદનું જ્ઞાન કરવું તે છે. આત્મા જ્ઞાયક છે. તેનો સંબંધ જ્યારે જીવ છોડે છે ત્યારે રાગ અને વિકલ્પરૂપ ભેદ પડે છે. તે ભેદ, વિકલ્પ તથા નિમિત્તોને જાણવા માટે વ્યવહારનય કહ્યો છે, પણ વ્યવહારનય આદરવા માટે કહ્યો નથી.

જેટલો આત્મામાં ભેદ પડ્યો, તેને જાણનાર વ્યવહારનય છે અને તે પર્યાયાશ્રિત છે. તે જ્ઞાન કરવા માટે છે ખરો, પણ તેનાથી ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન

થતું નથી. વ્યવહારનય જ્ઞાન કરવા માટે છે, પણ પર્યાયનો આશ્રય કરવા માટે નથી. કેવળી ભગવાન પૂર્ણ થઈ ગયા છે એટલે એમને નયજ્ઞાન હોતું નથી અને અજ્ઞાનીને પણ નયજ્ઞાન હોતું નથી. કેમકે તે સમ્યક્શ્રુતજ્ઞાનનો અંશ છે. વ્યવહારનયનું જ્ઞાન સાધકદશામાં હોય છે, શ્રદ્ધા નિર્વિકલ્પ થવા છતાં પણ ભેદનું જ્ઞાન હોય છે, કેમ કે પૂર્ણ અવસ્થા થઈ નથી.

સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબાના રંગ વડે રંગાયેલું છે, એ વસ્ત્રનો ઔપાધિક ભાવ છે. કેમકે વસ્ત્રનો સ્વભાવ તો સફેદ છે. કસુંબાનો રંગ તે મૂળ સ્વભાવ નથી. જો મૂળ સ્વભાવ હોય તો ધોવાથી જુદો પડે નહિ. વળી સફેદ વસ્ત્ર લાલ રંગવાળું થયું છે, તે કસુંબાના રંગથી થયું નથી, કેમ કે લાલ રંગે થવાની વસ્ત્રની યોગ્યતા છે. આકાશને કસુંબાનો લાલ રંગ લાગતો નથી; તેવી રીતે આત્મા અનાદિકાળથી પુદ્ગલના સંયોગવશે જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે, તેવા ઔપાધિક ભાવવાળો છે.

આત્મા અનાદિકાળથી પોતે કર્માદિના સંયોગને વશ થયો છે, કાંઈ કર્મે તેને વશ કર્યો નથી. આત્માની પોતાની યોગ્યતાથી બંધપર્યાય પ્રસિદ્ધ છે. પણ તે બધો ઔપાધિક ભાવ છે, તેને વ્યવહારનય જણાવે છે. આત્મા સ્ફટિક જેવો શુદ્ધ હોવા છતાં સંયોગના લક્ષે બંધભાવમાં અનાદિનો છે, માટે મુક્ત નથી. કર્મે બાંધ્યો છે માટે મુક્ત નથી, એમ નથી પણ પોતે મુક્ત થતો નથી, માટે મુક્ત નથી.

આ રીતે બંધભાવ પ્રસિદ્ધ છે. તે ઔપાધિક ભાવ છે. અહીં તો કર્મ, શરીર, રાગ, ભેદ વગેરે બધાને ઔપાધિક ભાવ કહ્યા છે. જેમ વસ્ત્રનો સ્વભાવ સફેદ છે, તેને કસુંબાનો રંગ ઔપાધિક ભાવ છે, તે વસ્ત્રનો નથી; તેમ ખરેખર આત્મા તો ચૈતન્યમાત્ર જ્ઞાતાતત્ત્વ છે. તેથી ઔપાધિક ભાવો બધા ચૈતન્યના નથી પણ પુદ્ગલના છે, પણ વ્યવહારનય તેને આત્માના કહે છે. વ્યવહારનય બીજાના ભાવને બીજાનો ભાવ કહે છે, એટલે જેનો જે ભાવ છે તેનો તે ભાવ વ્યવહારનય કહેતો નથી.

અહીં સમ્યગ્દર્શનના વિષયની વાત ચાલે છે. તેમાં તો આત્મા ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ છે. તે દ્રષ્ટિએ જ્ઞાતા અને જ્ઞાનનો ભેદ, વિકલ્પ અને નિમિત્તનો સંબંધ બધું ઔપાધિક ભાવે છે, પણ સ્વભાવભાવે નથી. આ ગાથામાં અજ્ઞાની ભૂલ ખાય છે. વ્યવહારનયથી વિકારાદિ જીવના કહ્યા છે માટે કર્મ વિકાર કરાવે છે—એમ તે માને છે. પણ તે બરાબર નથી. અહીં તો વિકાર અને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એથી કરીને નિમિત્તના કારણે વિકાર થાય છે—એમ નથી. વસ્તુસ્વભાવમાં ભેદ હોય તો ભેદનો નાશ થાય નહિ અને પર્યાયમાં નીચલી દશામાં ભેદ ન હોય તો કેવળ-પૂર્ણદશા હોય. તેથી તે બધા ભાવો ઔપાધિક ભાવો છે પણ સ્વભાવભાવો નથી.

આત્મા એકલો જ્ઞાનાનંદ ટંકોત્કીર્ણ સ્વભાવ છે, તેમાં જેટલો ભેદ પડે તે બધો ઔપાધિક ભાવ છે પણ સ્વભાવભાવ નથી. રાગ, વિકાર, ભેદ, ભંગ, આત્માના આશ્રયે થતા નથી માટે તે જીવ નથી. પર્યાયમાં તે ભાવો છે, તેનું જ્ઞાન નિશ્ચયદ્રષ્ટિવાળાને હોય છે પણ તે તેમાં અટકતો નથી. ભેદના જ્ઞાનથી રાગ થતો નથી પણ રાગી રાગ કરે છે, માટે રાગ થાય છે.

વિકારનો અંશ આત્મામાં કાયમ રહેતો નહિ હોવા છતાં પોતાની પર્યાયમાં થાય છે, તે બતાવવા વ્યવહારનય છે. માટે વ્યવહારનય બીજાના ભાવને બીજાનો કહે છે—એમ કહ્યું છે. ઔદારિક શરીર જીવને હોય છે, લાકડાને હોતું નથી. દિવ્યધ્વનિ ભગવાનને હોય છે, વગેરે બધુ જણાવવા વ્યવહારનય છે. પણ ભેદનો, વિકારનો કે નિમિત્તનો આશ્રય કરવા માટે વ્યવહારનય નથી. તે બધો ભેદ જીવના સ્વભાવમાં નથી, તેથી ઔપાધિકભાવ ગણીને પરનો કહ્યો છે, છતાં તે ભાવો જીવના છે—એમ વ્યવહારનય જણાવે છે.

કર્મે તાબે કર્યો છે માટે આત્મા ધર્મ કરી શકતો નથી, એમ માને તેણે વ્યવહારનયને માન્યો નથી. પણ કર્મના નિમિત્તે પોતે વશ થયો છે તે પર્યાયનું અને નિમિત્તનું જ્ઞાન કરાવવા, આ જીવના ભાવો છે, તેમ વ્યવહારનય કહે છે.

સંયોગવશે થયેલો ભાવ સંયોગના લક્ષ તરફનો હોવાથી તે ભાવ સંયોગનો છે છતાં જીવનો છે, એમ કહેવું તે વ્યવહારનયનું કથન છે.

અશુદ્ધ ઉપાદાનનો પર્યાય, શુદ્ધ ઉપાદાનમાં અભાવરૂપ છે તેથી અશુદ્ધ ઉપાદાનનો અંશ તે વ્યવહાર છે અને શુદ્ધ ઉપાદાન તે નિશ્ચય છે.

નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે છે. અહીં દ્રવ્ય એટલે સામાન્ય ત્રિકાળ ધ્રુવ સ્વભાવ લેવો. દ્રવ્ય-ગુણ-પર્યાય લેવા નહિ, કેમ કે તે પ્રમાણનો વિષયછે. નિશ્ચયનય સ્વાભાવિકભાવને અવલંબે છે અને વ્યવહારનય ઔપાધિક ભાવને અવલંબે છે. બન્ને મળીને આખું દ્રવ્ય એટલે પ્રમાણનો વિષય થાય છે.

અહીં તો નિશ્ચયનય ધ્રુવ અંશગ્રાહી છે અને વ્યવહારનય પુણ્ય-પાપ, ભેદ, વર્તમાન અંશગ્રાહી છે. નિશ્ચયનય કેવળ એક જીવના જ્ઞાયકભાવને અવલંબીને પ્રવર્તતો થકો બીજાના ભાવને જરાપણ બીજાના ભાવ કહેતો નથી, અને નિષેધ કરે છે. વર્ણાદિથી માંડીને ગુણસ્થાન સુધીના બધા ભાવો પરના છે, તેને જડના કહે છે, જરાએ આત્માના છે એમ નિશ્ચયનય કહેતો નથી. વ્યવહારનય તો બીજાના ભાવો બીજાના કહે છે—તેમ કહ્યું હતું, અહીં નિશ્ચયનયમાં વિશેષતા એ છે કે બીજાના ભાવોને બીજાના જરાપણ કહેતો નથી અને નિષેધ કરે છે.

હવે નિષેધ કરે છે એનો અર્થ એ છે કે રાગ થાય છે અને નિષેધ કરે છે—એમ નથી પણ સ્વભાવ તરફ ઢળતાં વિકાર, ભેદાદિની ઉત્પત્તિ જ થતી નથી, તેને

નિષેધ કરે છે—એમ કહેવાય છે. સ્વભાવમાં ભેદ છે જ નહિ. તે વાત પ્રથમ કહીને પછી આ ગાથામા વ્યવહારનય પર્યાયમાં તે ભાવો થાય છે તેને જણાવે છે—એમ કહ્યું છે. આ એક ગાથા પણ જો બરાબર સમજાય તો બધી તકરાર મટી જાય એમ છે.

વિકારભાવ વ્યવહારથી જીવના છે. જો પર્યાયમાં સંસાર ન જ હોય તો તે ઉપરથી દ્રષ્ટિ ફેરવીને સ્વભાવમાં આવવાનું રહેતું નથી. તે વિકારભાવ પર્યાયમાં છે પણ ખરેખર જીવના સ્વભાવમાં નથી, એમ ભગવાનનું સ્યાદ્વાદ કથન યોગ્ય છે, તેવી રીતે સ્વીકારવું.

# પ્રસાદ નં. ૪૪

## સમયસાર ગાથા ૫૭ ના પ્રવચનમાંથી.

(માગશર સુદ-૧૧, ૨૦૦૭)

હવે શિષ્ય પૂછે છે કે વર્ણાદિ નિશ્ચયથી જીવના કેમ નથી?

આગળ ગાથામાં કહ્યું હતું કે અનાદિથી અજ્ઞાની, શરીરવાળો, વ્યક્ત ઉઘાડવાળો, ભેદ અને વિકારવાળો જીવને માને છે. વર્તમાન રાગાદિની પર્યાય હોવા છતાં અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં તેને ગૌણ કરીને—વ્યવહાર કહીને તે જીવના નથી, એમ કહ્યું છે. જીવ તો જાણનાર-દેખનાર છે. વર્તમાન અંશ જેટલો જીવને માનવાથી સંસારનું પ્રયોજન સિદ્ધ થાય છે તેથી નિશ્ચયથી એકરૂપ વ્યાપક ચૈતન્ય છે, તેને મુખ્ય કરીને અને પર્યાયને ગૌણ કરીને તે અંશ-વિકારાદિ જીવના નથી—એમ કહ્યું છે; ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે વર્તમાન પર્યાયમાં રાગાદિ હોવા છતાં નિશ્ચયથી જીવના નથી, એમ કહેવાનો શું હેતુ છે? તેનો ઉત્તર કહે છે.

**આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીર નીરવત્ જાણવો;**
**ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭**

અન્વયાર્થ :—જેમ દૂધ અને પાણીને એક ક્ષેત્ર અવગાહ સંબંધ છે, એટલે પાણી અને દૂધ એક જગ્યાએ રહ્યાં છે, તેમ વર્ણાદિ ભાવો સાથે જીવને એક ક્ષેત્રે રહેવાનો સંબંધ છે ખરો, પણ તે સંબંધ તરફ લક્ષ ન કરતાં ત્રિકાળ સ્વભાવની દ્રષ્ટિ કરે તો સમ્યક્દ્રષ્ટિ થાય છે. તે દ્રષ્ટિ કરાવવા અંશને ગૌણ કરીને તેને વ્યવહાર કહીને તે આત્મામાં નથી, એમ કહ્યું છે—આવા જીવને માને તો ધર્મ થાય અથવા કલ્યાણ થાય.

આત્માને રાગવાળો, પુણ્યવાળો કે પરના સંબંધવાળો અજ્ઞાની જીવ અનાદિથી માની રહ્યો છે, તે પ્રસિદ્ધ છે. નવું શીખડાવવું પડે એમ નથી, પણ તેથી કલ્યાણ થયું નથી, કેમ કે રાગ-દ્વેષ અને ભેદ તે અંશ છે તેમાં આખો જીવ આવી જતો નથી. ત્રિકાળ જાણવા-દેખવાનો સ્વભાવ તો અંશથી અધિક (જુદો) છે. જીવ ઉપયોગ લક્ષણવાળો અને રાગાદિથી જુદો છે. તેમાં હેતુ તો સ્વભાવદ્રષ્ટિ કરાવવાનો છે. અંશને લક્ષમાં લેતાં સ્વભાવદ્રષ્ટિ થતી નથી.

ટીકા :—જેમ જળમિશ્રિત દૂધનો પાણીની સાથે એકક્ષેત્રે રહેવાનો સંબંધ હોવા છતાં, સફેદ અને મીઠું એવું જે દૂધનું સ્વલક્ષણ છે તે દૂધપણે કાયમ વ્યાપે છે અને પાણીનો સ્વભાવ વરાળ થઈને ઊડી જવું અને પાતળાપણું છે. તેથી પાણીથી જુદું દૂધ પ્રતીત થાય છે. પાણીને અને દૂધને એકક્ષેત્રે રહેવાનો સંબંધ છે પણ ભાવે એકપણું નથી એટલે દૂધ દૂધપણાના લક્ષણથી પાણીથી જુદું અનુભવાય છે. જેમ

અગ્નિને ઉષ્ણપણાની સાથે એકમેક સંબંધ છે, તેમ પાણીનો અને દૂધનો એક સ્વભાવ નથી, માટે પાણી તે દૂધ નથી.

તેવી રીતે શરીર, વાણી, મન વગેરે તો ધૂળ છે, આત્મા છે ત્યાં એક જગ્યાએ તે રહેલા છે, વળી કર્મ પણ જડ પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે, તેને આત્મા માનવો તે તો સ્થૂળ મૂઢતા છે. પણ રાગાદિના પરિણામો અને ગુણસ્થાનાદિના ભેદો જે પર્યાય છે અને અંશ છે, તેને અને આત્માને એકક્ષેત્ર અવગાહ હોવા છતાં પણ તે અંશ આખો આત્મા નથી કેમકે આત્મા ખરેખર ઉપયોગ લક્ષણ વડે, રાગાદિથી અધિક (જુદો) છે. જ્ઞાતા ચૈતન્યસ્વભાવી આત્મા છે તેને રાગની પર્યાય સાથે એકક્ષેત્ર અવગાહ સંબંધ છે પણ ભાવે એક નથી. સ્વભાવના ક્ષેત્રમાંથી તો જ્ઞાનના અંકુર ફૂટે પણ રાગની ઉત્પત્તિ થતી નથી, તેથી એકક્ષેત્ર અવગાહ હોવા છતાં બન્નેના સ્વભાવ ભિન્ન છે.

જીવનું પ્રયોજન તો સુખી થવું તે છે, તે પ્રયોજન કેમ સિદ્ધ થાય?—કે રાગાદિ અને શરીરાદિનો એકક્ષેત્ર અવગાહ સંબંધ છે છતાં તેનાથી જુદો આત્મા ચૈતન્યસ્વભાવવાન છે એમ નક્કી કરવું. આવા અખંડ જાણવા-દેખવાના સ્વભાવવાળો ભગવાન આત્મા રાગાદિની પર્યાયથી (અધિક) જુદો છે. જેમ દૂધનો સફેદ અને મીઠો સ્વભાવ છે, તેમ આત્માનો નિર્મળ અમૃતમય જાણવા-દેખવાનો સ્વભાવ છે. જ્ઞાનનું હીણાપણું કે રાગપણું તે કાંઈ જીવનો સ્વભાવ નથી. આત્માના જ્ઞાયક ઉપયોગ સ્વભાવમાં મતિજ્ઞાનાદિનો ભેદ પણ નથી. એકલા જાણવા-દેખવાના ઉપયોગ વડે તે સર્વ પરદ્રવ્યોથી ભિન્ન પ્રતીત થાય છે.

આ આત્મા જગડુશા શેઠ જેવો છે. જગડુશા શેઠના ભંડારમાં નાણાં, રત્ન-નીલમણિ આદિનો અખૂટ ખજાનો હતો પણ બહારથી દેખાવ જુઓ તો નાની એવી ઓરડી, સુકલકડી જેવું શરીર અને સાધારણ વસ્ત્ર. ગામના રાજાને ખબર ન હતી કે મારા ગામમાં આવો શેઠ છે. દુષ્કાળ પડ્યો ત્યારે રાજા ખરડો લઈને જગડુશા શેઠ પાસે આવ્યો. જગડુશા શેઠ કહે છે, હે રાજા! આ ખરડો ફાડી નાખ, તારા રાજદરબાર સુધી પહોંચે એટલાં ગાડાં ધનનાં એક જ જાતના, જોઈએ તો સોનામહોરના, જોઈએ તો ચાંદીના, જોઈએ તો રત્નના, ભરી લે.

તેવી રીતે આ આત્મામાં જ્ઞાન, દર્શન, સુખાદિનો અખૂટ ખજાનો ભર્યો છે પણ તેની પર્યાયમાં દુષ્કાળ પડ્યો છે, તેથી તે પરમાં સુખ માની રહ્યો છે. રાગાદિ વિકારભાવ તથા જ્ઞાનનું હીણપણું તે સુકલકડી જેવું શરીર વર્તમાન પર્યાયમાં જોઈને, તેને ભરોસો આવતો નથી અને શરીર હાડમાંસનું નાનકડી ઓરડી જેવું તેમાં આવો ખજાનો ભર્યો છે તેનો મહિમા આવતો નથી. એક વખત તારા ત્રિકાળી સ્વભાવ સામે દ્રષ્ટિ કર, તો અખૂટ ખજાનો ભર્યો પડ્યો છે તેમાંથી જ્ઞાન અને સુખ કાઢ્યા જ કર, પણ તે ખૂટે એમ નથી. આત્માની એક પર્યાયમાં અનંતશક્તિ છે, તે

તેની મૂડી છે. અહીં તો પાંચ લાખ કમાય અને પાંચ લાખ વાપરે તે કાંઈ આત્માની મૂડી નથી. તારી મૂડી તો અનંતગુણનાં ગાડાં ભરે તોપણ ખૂટે નહિ એવી છે.

દુષ્કાળના ખરડામાં કોઈએ પાંચ પચીસ હજાર લખાવ્યા તે ફાડી નાખ, એટલે કાંઈક મંદકષાય કર્યો, કે કાંઈક શાસ્ત્રના જ્ઞાનનો ઉઘાડ દેખાતો હોય તો તે ખરડાને ફાડી નાથ. જોઈએ એટલી શક્તિથી ભરેલો, અખૂટ ભંડાર ભોંયરામાં પડ્યો છે. તે લે. અનંતગુણનો ભંડાર છે, તે ખૂટે તેમ નથી. પર્યાયદ્રષ્ટિ છોડી દે તો તારૂં કલ્યાણ થશે. કોઈની પાસે માગવા જવા જેવું નથી. એકવાર ઉપયોગલક્ષણે અધિક છું, એમ માન તો માગે તે મળશે. ખાણ ભરી છે. પણ અજ્ઞાનીને વસ્તુસ્વભાવનો મહિમા આવતો નથી. સ્વભાવ કેવો છે તેને જાણ્યો નથી એટલે માત્ર રાગ તથા અંશનો વિશ્વાસ કરે છે, પણ આત્મા કે જે જાણવા-દેખવાના સ્વભાવવાળો છે, તેનો વિશ્વાસ કરે તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેમ છે.

અહીં જીવને ઉપયોગલક્ષણવાળો કહ્યો છે તે ત્રિકાળ ઉપયોગ લેવો. ત્રિકાળ એકરૂપ ચેતના ઉપયોગ વડે આત્મા પ્રતીત થાય છે. સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષામાં જીવને ચેતનાપ્રાણ ધારણ કરવાવાળો કહ્યો છે. બીજા અનંતગુણો હોવા છતાં પણ અજીવથી જુદો પાડવા માટે, ચેતનાપ્રાણવાળો એવા લક્ષણથી સમજાવવામાં આવ્યો છે. અજીવથી જુદા જીવને સમજાવવાનું પ્રયોજન સિદ્ધ કરવું છે. તેમ અહીં પણ પરદ્રવ્ય, રાગ અને ભેદથી જુદો સ્વભાવ છે, તેને સિદ્ધ કરીને સ્વભાવદ્રષ્ટિ કરાવવા નિશ્ચયને મુખ્ય કરી, રાગ અને અંશને ગૌણ કરીને, તેને વ્યવહાર કહીને તેનો નિષેધ કર્યો છે, તેમ બરાબર સમજવું તે સ્યાદ્વાદ છે.

અહીં નિશ્ચયનું પ્રયોજન સિદ્ધ કરવા વર્તમાન પર્યાયમાં રાગ અને ભેદ હોવા છતાં તેને ગૌણ કરીને તે જીવ નથી, એમ કહ્યું છે. સ્વભાવની પ્રસિદ્ધિમાં રાગની પ્રસિદ્ધિ હોતી નથી. રાગ અને અંશને પરમાં નાખીને તેનાથી જુદો ઉપયોગલક્ષણ વડે આત્મા પ્રતીત થાય છે.

# પ્રસાદ નં. ૪૫

## સમયસાર ગાથા ૫૭ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર સુદ-૧૨, બુધવાર, ૨૦૦૭)

જેવી રીતે પાણી અને દૂધ ક્ષેત્રથી એકસાથે હોવા છતાં સ્વભાવથી બન્ને જુદાં છે, એક નથી. તેમ આત્મામાં થતા રાગ-દ્વેષાદિના પરિણામ તથા શરીર વગેરેને આત્મા સાથે એકક્ષેત્રે રહેવાનો સંબંધ હોવા છતાં પણ ઉપયોગસ્વભાવની અંદર તે એકમેક નથી. રાગ-દ્વેષ મલિન પરિણામ છે અને શરીર, કર્મ વગેરે જડ છે. તેનાથી આત્મા ઉપયોગલક્ષણ વડે ભિન્ન છે, તેમ જાણવું—માનવું તે ધર્મ છે.

જેવો અગ્નિને ઉષ્ણતા સાથે એકમેક સંબંધ છે, તેવો વર્ણાદિથી માંડીને ગુણસ્થાન સુધીના બધા ભાવોનો આત્માની સાથે એકમેક સંબંધ નથી. માટે ખરેખર તે ભાવો આત્માના નથી. આત્માને ચૈતન્ય સાથે જ્ઞાયકસ્વભાવ સાથે સંબંધ છે, પણ રાગ કે ભેદ સાથે સંબંધ નથી. જેમ અગ્નિને ઉષ્ણતા સાથે સંબંધ છે, તેમ આત્માને જાણવા-દેખવા સાથે સંબંધ છે. રાગ-દ્વેષાદિ ભલે પર્યાયમાં હોય પણ તેને અગ્નિ ને ઉષ્ણતા જેવો આત્માની સાથે સંબંધ નથી. માટે આત્માને ચૈતન્ય ઉપયોગવાળો જાણવો તે જ ધર્મ છે.

હવે શિષ્યને પ્રશ્ન ઉઠે છે કે નિશ્ચયનય અને વ્યવહારનયને વિરોધ આવે છે કેમ કે સ્વભાવદ્રષ્ટિએ જીવના તે રાગાદિ નથી અને પર્યાયદ્રષ્ટિએ જીવના છે. એમ 'નથી' અને 'છે' એમ વાત કરી તો એ બન્નેમાં વિરોધ આવે છે. તે વિરોધ કેમ ટળે તે હવે કહે છે :

**દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'–**
**બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે. ૫૮**
**એમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,**
**ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯**
**એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,**
**નિશ્ચયતણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦**

ટીકા :–જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા સંઘને લૂંટાતો દેખીને, તે સંઘ માર્ગમાં થોડીવાર સ્થિતિ પામેલો હોવાથી તેનો ઉપચાર કરીને; 'આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે. રસ્તામાં ચાલતા થોડીવાર તે માર્ગમાં ચાલે છે, તેનો આરોપ કરીને માર્ગ લૂંટાય છે—તેમ કહે છે; તેવી રીતે આત્મા તો અનાદિ અનંત, પડ્યો-પાથર્યો, જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી, ત્રિકાળ ધ્રુવ છે. તેના અમુક અંશમાં એટલે કે એક સમયની પર્યાયમાં વિકારાદિને દેખીને ઉપચારથી તે જીવનો છે, તેમ જિનેશ્વર

ભગવાને કહ્યું છે. સંસાર એક સમયનો છે, આત્મામાં બંધસ્થિતિ એક સમયની છે અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ એક સમયનો છે. આત્મા તો જ્ઞાતા ધ્રુવ ત્રિકાળ છે અને સંસાર તો એક સમયનો છે. અને ગુણસ્થાનાદિના ભેદો પર્યાયમાં એક સમય પૂરતા છે, તેને જીવના કહેવા તે ઉપચારમાત્ર છે.

આત્મા જ્ઞાનાનંદ ધ્રુવ સ્વભાવ છે, તેમાં વિકાર પેઠો નથી, પણ તે એક સમયનો ઉપર ને ઉપર તરે છે. તે વિકાર જીવનો છે, તેમ ઉપચાર કરવામાં આવે છે. આત્મા નિત્યાનંદ, જ્ઞાયકસ્વભાવી છે, તેને ખરેખર વિકાર ત્રિકાળમાં નથી પણ એક સમયનો પર્યાય છે. કોઈપણ વિકલ્પ, સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન એ બધા પર્યાય હોવાથી તેની એક સમયની સ્થિતિ છે.

જેમ અગ્નિમાં ઉષ્ણતા સ્વભાવ તો કાયમનો છે અને રાખોડીનો સંબંધ તો ક્ષણિક છે, અગ્નિને રાખોડીવાળો કહેવો તે ઉપચાર છે; તેમ આત્મામાં જાણવા-દેખવાનો સ્વભાવ કાયમનો છે. તેની એક સમયની પર્યાયમાં રાગ, ભેદ અને નિમિત્તનો સંબંધ છે. આત્માને રાગ, ભેદ તથા નિમિત્તના સંબંધવાળો કહેવો તે ઉપચાર છે.

જેવી રીતે માર્ગ તો આખો પડ્યો-પાથર્યો છે, કાયમનો છે. તેના બે-ચાર ડગલાંના ભાગમાં સંઘ લૂંટાય છે. તેનો આરોપ આખા માર્ગને આપવામાં આવે છે; તેવી રીતે આત્માનો ધ્રુવ, પડ્યો-પાથર્યો સ્વભાવ છે. તેની એક સમયની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, રાગ અને ભેદ છે, તેને આ જીવના છે—એમ ઉપચાર કરીને વ્યવહાર કર્યો છે. પણ સ્વભાવ તો અણારોપ છે, તેમાં તે ભાવો છે જ નહિ. કાયમી ધ્રુવસ્વભાવ છે એને લક્ષમાં ન લે તો વર્તમાન રાગ છે તેનો અભાવ થાય નહિ, માટે સ્વભાવના લક્ષે વ્યવહારનું જ્ઞાન થાય છે પણ વ્યવહાર આદરણીય નથી.

ત્રિલોકનાથ તીર્થંકરદેવે જીવની પર્યાયમાં એક સમય પૂરતો વિકાર છે, તેને જીવનો વ્યવહારથી જણાવ્યો છે, પણ તે તેના ત્રિકાળી સ્વભાવમાં નથી—એમ પણ કહ્યું છે. એક સમયની ભૂલથી રખડ્યો છે, તેમ કહેવું તે પણ ઉપચાર છે. આત્મા પર્યાયમાં ભૂલ કરે છે ત્યારે નિમિત્ત કર્મ હોય છે ખરું, તે બતાવવા આ નિમિત્તના કારણે વિકાર છે તેમ પણ શાસ્ત્રમાં વ્યવહાર કરવામાં આવે છે.

આ રીતે પર્યાયમાં વ્યવહાર છે, તેનું નિશ્ચયની સાથે અવિરોધપણું કેવી રીતે છે, તે હવે જણાવે છે. પર્યાયમાં વિકાર અને નિમિત્તનો સંબંધ છે, તેનો ઉપચાર કરી જીવ શરીરવાળો, કર્મવાળો વગેરે કહેવામાં આવે છે છતાં નિશ્ચયથી આત્મા સદાય અમૂર્ત છે, એક સમય પણ મૂર્ત થયો નથી. એક માત્ર જાણવા-દેખવાના સ્વભાવ વડે વિકાર આદિ પરદ્રવ્યથી સદાય જુદો હોવાના કારણે જીવમાં વિકાર,

ભેદ કે નિમિત્તાદિ કાંઈપણ નથી.—આમ આત્માને જાણવો તે સમ્યગ્દર્શનરૂપ ધર્મ છે. આ સિવાય ધર્મ થતો નથી.

આત્મા ઉપયોગગુણ વડે અન્યથી અર્થાત્ ખંડખંડ જ્ઞાન તથા વિકારથી અધિક (જુદો) છે. પર્યાયમાં એક સમયની ભૂલથી રખડ્યો છે, તેને સંભારતાં આખો ધ્રુવસ્વભાવ લક્ષમાં આવતો નથી, તેથી ધર્મ થતો નથી અને માર્ગને કાપી શકતો નથી. જેમ માર્ગના અમુક ભાગમાં સંઘ લૂંટાય છે છતાં આખો માર્ગ લૂંટારુ માનીને ભય સેવવો તે ભ્રમણા છે; તેમ આત્માની એક સમયની પર્યાયમાં વિકાર થાય છે, તેને આખો સ્વભાવ વિકારવાળો થઈ ગયો એમ માનીને આત્માને ભય સ્થાનકવાળો ન જો. ત્રિકાળી સ્વભાવ નિર્ભય છે તેને જો. એક સમયનો વિકાર છે, પણ સ્વભાવમાં વિકાર નથી.—એમ ‘છે’ અને ‘નથી’ અવિરોધપણે સિદ્ધ થાય છે. સ્વભાવ સદા અમૂર્ત છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપ નથી.

જીવને શરીર નથી, એક સમયનો સંબંધ જોઈને કહ્યું ત્યાં તો અજ્ઞાની તેને પોતાનું માનીને બેસી ગયો પણ શરીર જીવનું નથી. સંસ્થાન, સંહનન, તે જડની પર્યાય છે. એક સમયના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો આરોપ જીવમાં કરવામાં આવ્યો છે ને તેથી જીવ અમૂર્ત છે, છતાં તેને વ્યવહારથી મૂર્ત કહ્યો છે.

રાગ-દ્વેષ-મોહ, આસ્રવ તેનો એક સમય પૂરતો સંબંધ છે, તેથી તે જીવના છે, એમ આરોપ કરવામાં આવ્યો છે. આઠ કર્મ જડ છે તેને બાંધ્યા કે છોડ્યા એમ ઉપચારથી કહેવામાં આવે છે, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક તે જડ છે. અધ્યાત્મસ્થાન તે અધ્યવસાય છે, તેનો એક સમય પૂરતો સંબંધ જાણીને તે જીવના છે, એમ કહ્યું છે. અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંક્લેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન અને ગુણસ્થાન—એ બધા એક સમયની બંધ પર્યાયમાં સંબંધ હોવાથી જિનદેવોએ વ્યવહારથી જીવનાં છે—એમ કહ્યું છે.

તોપણ નિશ્ચયથી, જેનો સદાય અમૂર્ત, જાણવા-દેખવાનો સ્વભાવ છે તેવો જીવ ઉપયોગલક્ષણ વડે અન્ય બધા ભાવોથી અધિક (જુદો) છે. તેથી ઉપર કહેલા બધા ભાવો ખરેખર જીવના નથી. કારણ કે તે વર્ણાદિ ભાવોને અને આત્માને તાદાત્મ્ય લક્ષણ (તે સ્વરૂપે હોવા)નો અભાવ છે. પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી વ્યવહારથી જીવના કહેવામાં આવ્યા છે, પણ પરમાર્થથી જોવામાં આવે તો ભગવાન આત્માને એ બધા ભાવો સાથે કાંઈ મેળ–સંબંધ નથી, એમ પ્રથમ જાણવું જોઈએ.

# પ્રસાદ નં. ૪૬

## સમયસાર ગાથા ૫૮ થી ૬૦ નો ભાવાર્થના પ્રવચનમાંથી.

(માગશર સુદ-૧૩, ગુરુવાર, ૨૦૦૭)

ગાથા ૫૦ થી ૫૫ સુધીમાં વર્ણાદિથી માંડીને ગુણસ્થાન સુધીના બધા ભાવોનું વર્ણન કર્યું હતું. તે ભાવો વ્યવહારથી જીવના છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. જીવની સાથે શરીર, કર્માદિનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી અને એક સમયની પર્યાયમાં રાગ, દ્વેષ, મોહાદિ હોવાથી તે બધા ભાવોને વ્યવહારથી જીવના કહ્યા છે; પણ નિશ્ચયથી જીવનો સ્વભાવ ઉપયોગ-લક્ષણવાળો હોવાથી તે ભાવો જીવના નથી. આ દ્રષ્ટિ કર્યા વિના ધર્મ થતો નથી.

ઔપાધિક ભાવ અને સ્વાભાવિક ભાવ—એમ બન્ને થઈને જીવ છે. તેમાં એક સમયનો ઔપાધિક ભાવ છે, તે જાણવાયોગ્ય છે. પરંતુ આશ્રય કરવાયોગ્ય નથી. ત્રિકાળી ઉપયોગસ્વરૂપ સ્વભાવભાવ જ આદરણીય છે. ધ્રુવસ્વભાવ ત્રણકાળમાં એક સમય પણ ઓછો થતો નથી અને પર્યાયસ્વભાવ એક સમયથી વધારે ટકતો નથી અર્થાત્ વિકાર બે સમયનો હોતો નથી. પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ એક સમયથી વિશેષ કાળ હોતો નથી. એક સમયની બંધસ્થિતિ દેખીને જીવના તે ભાવ છે—તે ઉપચાર—વ્યવહારનયથી કરવામાં આવ્યો છે અને જડની સાથે પણ એક સમયનો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેને પણ ઉપચારથી જ જીવનો કહ્યો છે. પરંતુ જીવનો ધ્રુવસ્વભાવ જોવાથી તે બધો સંબંધ ખરેખર પોતામાં છે નહિ, કારણ કે પરમાર્થે ઉપયોગસ્વરૂપ—જાણવા-દેખવાનો જ જીવનો સ્વભાવ છે.

અહીં એમ ન જાણવું કે પૂર્વે ગાથા ૧૧માં વ્યવહારને અભૂતાર્થ—જૂઠો કહ્યો હતો, તેથી રાગ, ભેદ, ગુણસ્થાન, નિમિત્તાદિ એક સમયના પર્યાયમાં છે તે સર્વથા જીવમાં નથી; પરંતુ ચૈતન્ય જ્ઞાયક પરમસ્વભાવની દ્રષ્ટિથી તેમને અભૂતાર્થ—જૂઠા કહ્યા છે, પર્યાયની અપેક્ષાએ તેઓ અભૂતાર્થ-જૂઠા નથી.

એક દ્રવ્યને અર્થાત્ આત્માને પરદ્રવ્યથી ભિન્ન અને પોતાના પર્યાયોથી અભેદ, એક, અસાધારણ ચૈતન્ય પરમભાવ-નિરુપાધિક ભાવને લક્ષમાં લઈએ ત્યારે આત્મા અને કર્મનો પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તથા નિમિત્તથી થતા પર્યાયો—તે સર્વે ગૌણ થઈ જાય છે. એક સમય પૂરતો સંબંધ હોવા છતાં સ્વભાવદ્રષ્ટિના વલણમાં રાગ થતો નથી, તેથી પરનું લક્ષ છૂટી જતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ લક્ષમાં આવતો નથી. આ રીતે તે સંબંધને અભૂતાર્થ—અસત્યાર્થ કહ્યો છે.

વસ્તુ પરથી ભિન્ન તથા સ્વથી અભિન્ન છે. તેને જોવાને બે પડખાં પડે છે, એક સ્વાભાવિક ભાવ અને બીજો ઔપાધિક ભાવ. ત્યાં ઔપાધિક ભાવમાં પરનો સંબંધ હોય છે અને સ્વાભાવિક ભાવમાં પરનો સંબંધ હોતો નથી. તેથી સ્વભાવના લક્ષે ઔપાધિક ભાવ અને તેનું નિમિત્ત ગૌણ થઈ જાય છે, તેથી તે અભૂતાર્થ છે.

આત્મવસ્તુ અને તેનો અસાધારણ સ્વભાવ જાણ્યો ત્યારે તેનો પર્યાય પણ સ્વભાવમાં અભેદ થયો, તે સમયે પર્યાયમાં એક સમય પૂરતો વિકાર છે તેને નિમિત્તે કર્યો—એમ કહેવામાં આવ્યું. આત્માને પરથી જુદો કહ્યા પછી રાગ કે નિમિત્તનો સંબંધ તેને રહેતો નથી. એ રીતે પર્યાય પણ જુદો થયો એટલે સ્વભાવને અભેદ કરતો ભાવ માત્ર રહ્યો.

એક દ્રવ્યનું પરથી ભિન્ન વર્ણન કરતાં આત્મા પૈસાવાળો કે ઘર, સ્ત્રીવાળો રહેતો નથી; નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ રહેતો નથી તથા નિમિત્ત તરફનો વિકારી પર્યાય પણ ગૌણ થાય છે. તે જ ખરેખર ધર્મનું કારણ છે.

પ્રથમ વ્યવહારને જૂઠો કહ્યો હતો. તેનું કારણ એ હતું કે કોઈ પરની સાથે સંબંધ રાખતાં ધર્મ થઈ શકતો નથી. સંબંધ છોડાવવા માટે વ્યવહારને અભૂતાર્થ કહ્યો હતો. આત્માનો સ્વભાવ ભલે પરને જાણવા-દેખવાનો હોય પરંતુ તેથી કાંઈ પરનો સ્વભાવ આત્મામાં પેસી જતો નથી.જે વસ્તુ છે તે કાયમની છે. તેમાં ક્ષણિકનો સંબંધ નથી એમ જાણતાં સમ્યગ્દર્શન અને સંવર થાય છે. પરંતુ ક્યાંય બીજે અટકતાં ધર્મ થતો નથી. ધર્મ તો સ્વભાવને જાણતાં પ્રગટે, પરની રુચિ કરતા પ્રગટે નહિ. આત્મા એક સમયના વિકારને તથા નિમિત્ત-નૈમિત્તિક સંબંધને જાણે ખરો, પરંતુ એટલા માત્રમાં જ અટકી રહે તો તે વ્યવહારનો નિષેધ કરીને ત્રિકાળી નિશ્ચયસ્વભાવ તરફ વળવાનું બને નહિ અર્થાત્ અધર્મદશા ચાલુ જ રહે. વ્યવહાર છે ખરો, પરંતુ વ્યવહાર—રાગ કે નિમિત્તથી આત્માને લાભ થાય, કલ્યાણ થાય—એમ માનતાં વ્યવહાર જ સિદ્ધ થતો નથી.

અભેદદ્રવ્યની દ્રષ્ટિમાં રાગનો વિકલ્પ પણ તૂટી જાય છે તેથી અભેદસ્વભાવની દ્રષ્ટિમાં ભેદ-વિકાર-નિમિત્તો ભાસતા નથી, માટે વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે. જો તે ભાવોનો એક સમય પૂરતો સંબંધ છે તેથી જીવના કહેવામાં આવે છે, તે વ્યવહારનયથી જ્ઞાન કરાવવા માટે છે. આ રીતે નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોનું જ્ઞાન કરવું જોઈએ.

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ક્યાં નથી? નિમિત્ત ક્યાં નથી? તેઓ લોકમાં સર્વત્ર છે. સિદ્ધમાં પણ લોકાલોકને જાણવારૂપ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પરંતુ અહીં તો સ્વભાવદ્રષ્ટિ કરાવવા માટે વર્તમાન પર્યાયમાં સંબંધ હોવા છતાં તે ત્રિકાળ સ્વભાવમાં નથી—એમ કહેવામાં આવ્યું છે. સંબંધનું લક્ષ છોડાવવા માટે શરીર-

કર્મ-રાગનો સંબંધ વસ્તુમાં નથી—એમ કહ્યું છે. તે જીવના છે તે તો વ્યવહારનયે કહેવામાં આવ્યું છે.

નિમિત્ત છે—એમ સ્વીકાર કરવાથી તો નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય છે. પરંતુ તેથી નિમિત્તે આત્માનું કાંઈ કામ કર્યું છે કે નિમિત્ત કાંઈ મદદગાર થાય છે—એમ નથી. ઉપાદાનથી સ્વયં કાર્ય થાય છે ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે ખરો; પરંતુ સ્વભાવદ્રષ્ટિમાં તે સંબંધ ગૌણ થઈ જાય છે. કર્મના કારણે રાગ અને રાગના કારણે કર્મ છે—એમ માનતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન પણ યથાર્થ થતું નથી.

આ શુદ્ધનયથી કથન છે કેમકે એક સમયના પર્યાયને જ જગત જીવોનો મોટો ભાગ માની રહ્યો છે. તે એકાંતદ્રષ્ટિ છોડાવવા માટે વર્ણાદિ ભાવો જીવના છે અને એક સમયનો સંબંધ છે તે વ્યવહાર છે—એમ કહ્યું છે. પરંતુ તે વર્ણાદિ ભાવો એક સમયની અપેક્ષાએ પણ સંસારી જીવોને નથી—એમ માનવામાં આવે તો તે મિથ્યા છે, કેમકે એમ માનતાં વિકાર, કર્મ, શરીર કે સાધક અને સિદ્ધદશા જ સાબિત થશે નહિ. પર્યાયમાં રાગ અને બાધકભાવ ન જ હોય તો રાગ ટાળી વીતરાગ થવાનું તેમ જ સિદ્ધદશા પ્રગટાવવાનું રહેતું જ નથી. આમ પર્યાયમાં વર્ણાદિ ભાવો માનવામાં ન આવે તો પરમાર્થનો પણ લોપ થઈ જાય છે. પર્યાયમાં ભેદ નહિ માનતાં અભેદસ્વભાવ પણ સિદ્ધ થાય નહિ.

રાગ અને ભેદ એક સમય પૂરતો પણ પર્યાયમાં ન હોય તો સાધકપણું રહેતું નથી, સાધકપણાના અભાવમાં સિદ્ધદશા પણ રહે નહિ. જેમ નિશ્ચયનય છે તેમ વ્યવહારનય છે ખરો, પરંતુ વ્યવહારનય છે તેથી તેનાથી લાભ થાય છે, તેમ નથી. વ્યવહાર છે—એમ જ્ઞાન કરવું તે યથાર્થ છે. રાગદશાને ન જાણે તો વ્યવહારનો લોપ થાય તેમ તેનાથી લાભ માનતાં પણ વ્યવહારનો લોપ થાય છે. રાગ તથા નિમિત્તને યથાર્થપણે જાણે તો પરમાર્થ પણ સિદ્ધ થાય છે અને વ્યવહારનું જ્ઞાન બરાબર થાય છે. નિશ્ચય શરણભૂત છે અને વ્યવહાર શરણભૂત નથી—એમ યથાર્થ જ્ઞાન કરતાં ધર્મ થાય છે.

પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવીને સ્વભાવદ્રષ્ટિ કરાવવા માટે, તે તારા ત્રિકાળી સ્વભાવમાં નથી—એમ કહીને ભેદ-વિકલ્પને ગૌણ કર્યા છે. સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ છે. નિશ્ચયસ્વભાવમાં રાગ નથી અને પર્યાયમાં રાગ છે તેમ જાણતાં જ્ઞાન પ્રમાણ અર્થાત્ સમ્યક્ થાય છે. ભેદ-વિકલ્પ-નિમિત્ત એક સમય પૂરતાં પર્યાયમાં છે—એમ જાણીને ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિ વડે તેનો નિષેધ કરે તો જ નિશ્ચય અને વ્યવહાર બન્ને રહે છે. પરંતુ એક સમય પૂરતો પણ વ્યવહાર નથી અથવા તો એકલા વ્યવહારને જ માને તો એકાંત થતાં નિશ્ચય અને વ્યવહાર બન્નેનો લોપ થાય છે, અર્થાત્ મિથ્યાદ્રષ્ટિપણું આવે છે.

# પ્રસાદ નં. ૪૭

## સમયસાર ગાથા ૬૧ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૧૩, શુક્રવાર, ૨૦૦૭)

હવ પૂછે છે કે વર્ણાદિભાવો સાથે જીવને અભેદ સંબંધ કેમ નથી? તેનો ઉત્તર કહે છે :

**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧**

અન્વયાર્થ :–આત્મા ચૈતન્યસ્વભાવી જાણવા-દેખવાના સ્વભાવવાળો છે. તેને પર્યાયમાં વિકાર છે, તે સંસાર છે. તેથી જીવને શરીર, કર્મ અને કામ ક્રોધાદિ તથા દયા, દાનાદિભાવો સાથે ક્ષણિક સંબંધ છે. હિંસા, અસત્ય, ચોરી આદિના અશુભભાવોમાં તથા દયા, દાનાદિના શુભભાવમાં જીવ અટકે છે ત્યાં સુધી સંસારમાં તે વર્ણાદિ ભાવોનો સંબંધ હોય છે. ચૈતન્ય જ્ઞાતા ધ્રુવસ્વભાવમાં સંકલ્પ-વિકલ્પાદિ ભાવો પેઠા નથી. જો એક ક્ષણમાત્ર સ્વભાવમાં પેઠા હોય તો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ટકી શકે નહિ. અનાદિથી ક્ષણપૂરતા ઔપાધિકભાવને પોતાનો માની જીવ અટકે છે ત્યારે રાગાદિ થાય છે,તે રાગાદિભાવ જીવના છે, તેમ વ્યવહારથી કહ્યું છે. પણ તે ભાવોને જીવની સાથે અભેદ સંબંધ નથી. જીવની સાથે જો એકમેક થઈ ગયા હોય તો મુક્ત આત્મા તેનાથી રહિત હોઈ શકે નહિ, માટે વર્ણાદિને જીવની સાથે તાદાતમ્ય સંબંધ નથી.

ટીકા :–હવે તાદાત્મ્ય સંબંધ કોને કહે છે તેનો નિયમ બતાવે છે. જે ખરેખર સદા બધી અવસ્થામાં તે સ્વરૂપ હોય અને તે સ્વરૂપથી રહિત ન હોય તેનું નામ તાદાત્મ્ય સંબંધ કહેવાય છે. હવે જીવને વિકારની સાથે કાયમનો સંબંધ માનવામાં આવે તો જીવ વિકાર રહિત થઈ શકે નહિ અને સદાય વિકાર સહિત જ રહે. પણ વિકારની સાથે તેવો અભેદ સંબંધ જીવને નથી. કેમકે વિકાર કાયમ રહેતો નથી. માટે ખરેખર વર્ણાદિને જીવની સાથે તાદાત્મ્ય સંબંધ નથી.

બધી દશામાં જે સ્વરૂપપણાથી વ્યાપ્ત હોય અને તે સ્વરૂપપણાને છોડે નહિ તેને તાદાત્મ્ય સંબંધ કહે છે. રાગ-દ્વેષાદિ વિકારી ભાવોને પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે. કેમકે વિકારને પુદ્‌ગલની સાથે સદા સંબંધ છે પણ આત્માની સાથે વિકારને સદા સંબંધ નથી. વિકારી ભાવો સંયોગના લક્ષે થાય છે, સ્વભાવના લક્ષે થતા નથી. માટે તે ભાવો સંયોગ સાથે સંબંધ ધરાવે છે—એ અપેક્ષાએ વર્ણાદિ બધા ભાવોને પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય લક્ષણ સંબંધ છે—એમ કહ્યું છે.

પુદ્‌ગલની સાથે વિકાર અભેદ સંબંધ ધરાવે છે, તેનો અર્થ એમ નથી કે ચૈતન્ય પોતે વિકાર કરતું નથી પણ કર્મ વિકાર તેને કરાવે છે. કર્મ વિકાર કરાવે તો વિકારનો નાશ કરવાનું રહેતું નથી. પણ આત્મા પોતે વિકાર કરે છે, એમ માન્યા પછી તે વિકાર સ્વભાવના લક્ષે થતો નથી પણ પરના લક્ષે થાય છે, માટે વિકાર પરનો છે—એમ કહ્યું છે. આત્માની સાથે વિકારને તાદાત્મ્ય સંબંધ નથી પણ પુદ્‌ગલની સાથે છે. અહીં તો જડ અને ચેતન બે પદાર્થ છે, જો એક જ પદાર્થ હોય તો વિકાર હોઈ શકે નહિ, કેમ કે એકને લઈને વિકાર હોય તો વિકાર સ્વભાવ થઈ જાય અને સ્વભાવ થતાં તેનો નાશ થઈ શકે નહિ.

હવે જીવ પોતે સ્વભાવભાવને ચૂકીને વિકાર કરે છે ત્યારે નિમિત્ત એવા કર્મની અપેક્ષા રાખે છે. પણ તેથી કર્મ વિકાર કરાવે છે—એમ નથી. પણ જડ નિમિત્તમાત્ર છે. આત્મામાં પોતાથી વિલક્ષણ એવા જડના લક્ષે વિકૃતિ થાય છે માટે તે વિકૃતિને પણ જડ કહી છે અને જડના લક્ષ વગર વિકાર થતો નથી માટે જડની સાથે વિકારાદિને તાદાત્મ્ય લક્ષણ સંબંધ છે. જો આત્માની સાથે વિકારને તાદાત્મ્ય સંબંધ હોય તો સદાય તે સ્વરૂપ હોય અને કોઈ વખત તે સ્વરૂપ વિના ન હોય પણ એમ બનતું નથી.

વિકારનું ઉત્થાન જો પર કરાવે તો પરપદાર્થ રહે ત્યાંસુધી વિકારનો નાશ થઈ શકે નહિ, પણ એમ તો બને નહિ. પણ આત્મા પોતે નિમિત્તનું લક્ષ કરે છે ત્યારે પર્યાયમાં વિકારીભાવો થાય છે. માટે તે બધા ઔપાધિક ભાવો—આખો સંસાર જડની સાથે સંબંધ રાખે છે. વિકારી ભાવ અંતરંગ તત્ત્વમાં કદી પેઠો નથી, તેથી પરના સંબંધે ઉત્પન્ન થયેલો વિકાર તે પર જ છે, તેમ કહેવામાં આવ્યું છે.

પુણ્ય-પાપનો ભાવ આત્માની પર્યાયમાં થાય છે. તે જડ સાથે સંબંધ ધરાવે છે પણ આત્મા સાથે સંબંધ ધરાવતો નથી.—એનો અર્થ એવો નથી કે તે ભાવ જડ કરાવે છે. તે ભાવ આત્માની પર્યાયમાં એક સમય પૂરતો રહે છે, બે સમય રહેતો નથી. જો કાયમ રહેતો હોય અને કદી નાશ થતો ન હોય તો તેને જીવની સાથે તાદાત્મ્ય સંબંધ કહેવાય—પણ એમ તો બનતું નથી. આત્મા પોતે પર્યાયમાં કરતો હોવા છતાં તે વિકારી ભાવોનો આશ્રય પર છે તેથી તેનો પરની સાથે તાદાત્મ્ય સંબંધ કહ્યો છે. જો જીવની સાથે અભેદ માનવામાં આવે તો વિકારનો નાશ થઈ શકે નહિ. સ્વભાવના લક્ષે વિકાર થતો નથી પણ પરના લક્ષે તે ભાવો થાય છે માટે જડની સાથે અભેદ સંબંધ લક્ષણ કહ્યું છે.

આચાર્ય ભગવાને વાત એવી સ્પષ્ટ કરી દીધી છે કે બધા ભાવોમાં વર્ણાદિભાવોનો અભેદ સંબંધ જડની સાથે છે. કોઈપણ વખતે જડની સાથે વર્ણાદિપણાનો સંબંધ નથી હોતો—એમ નથી માટે વિકારીભાવોને પુદ્‌ગલની સાથે

સંબંધ છે, તેમ કહ્યું છે. જીવને સંસારદશામાં સદાય વર્ણાદિ ભાવોનો સંબંધ હોય છે. સંસારદશામાં એક સમય પૂરતો વર્ણાદિ સંબંધ રહિત જીવ હોતો નથી.

એક ક્ષણ પૂરતો સંસાર છે, ક્ષણે ક્ષણે નવો નવો થાય છે, પણ બે ક્ષણનો વિકાર ભેગો થતો નથી. સંસારમાં એક સમય પણ વિકાર વગર જીવ રહેતો નથી, પણ સદા વિકાર સહિત હોય છે. જ્યારે આત્મા સંસારપર્યાયનો અભાવ કરે છે ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે, તે વખતે વિકારભાવનો સંબંધ હોતો નથી. માટે વિકારને જીવની સાથે એકમેક સંબંધ નથી. મોક્ષની પર્યાય વખતે સંસારની પર્યાય હોતી નથી, માટે સદાય વર્ણાદિનો સંબંધ રહેતો નથી. સ્વભાવનું ભાન થતાં વિકારથી મુક્ત થાય છે. ધ્રુવસ્વભાવના આશ્રયે વિકાર થતો નથી.

આત્માના ભાન દ્વારા નિર્વિકલ્પ થઈ પૂર્ણદશા થાય છે ત્યારે વિકાર હોતો નથી, માટે ત્રિકાળ સ્વરૂપમાં વર્ણાદિ ભાવોનું લક્ષણ નથી. પર્યાયમાં એક સમય પૂરતો સંસાર છે તે ત્રિકાળમાં નથી. તે ન માને તો જ્ઞાન ખોટું થાય. આત્માનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાનાનંદ છે અને પર્યાયમાં ઔપાધિક ભાવ છે. તેમ જાણે તો જ્ઞાન સાચું થાય.

ચૈતન્યમૂર્તિ આત્માનું લક્ષણ જો વિકાર હોય તો તે લક્ષણ દ્વારા આત્મા જણાવો જોઈએ, પણ વિકારના લક્ષણથી આત્મા જણાતો નથી. જ્ઞાનથી આત્માનું લક્ષ થાય છે. વિકાર જીવનું લક્ષણ હોય તો જીવથી જુદ્દ પડે નહિ પણ મોક્ષ અવસ્થામાં જુદ્દ પડી જાય છે. માટે તે જીવનું લક્ષણ નથી. કોઈપણ પ્રકારે વર્ણાદિભાવોની સાથે જીવને તાદાત્મ્ય લક્ષણ સંબંધ નથી.

# પ્રસાદ નં. ૪૮

## સમયસાર ગાથા ૬૧ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૧૪, શનિવાર, ૨૦૦૭)

દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો રહે તે ભાવને તે વસ્તુની સાથે અભેદ સંબંધ કહેવાય છે. જડ એવા કર્મની અવસ્થાને વિષે સદા વર્ણાદિભાવ અભેદ સંબંધને પામે છે. વર્ણાદિભાવોને પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ છે. રાગ, વિકાર અને ગુણસ્થાનાદિ ભેદો તે બધાને પુદ્‌ગલદ્રવ્ય સાથે અભેદ સંબંધ છે, પણ જીવ સાથે અભેદ સંબંધ નથી. સંસારી જીવના દ્રવ્યસ્વભાવ સાથે વર્ણાદિનો અભેદ સંબંધ નથી. જીવને પોતાના સ્વભાવ સાથે અભેદ સંબંધ છે.

આત્માનો ભાવ તો આત્માની સાથે ત્રિકાળ અભેદભાવે રહે તે કહેવાય. દયા દાનાદિનો ભાવ જીવ સાથે અભેદ—કાયમનો નથી. ઔપાધિક ભાવ જીવતત્ત્વનો ભેખ નથી, અજીવનો ભેખ (વેષ) છે. જીવનો અભેદભાવ તો ઉપયોગગુણ લક્ષણ છે, પણ ગુણસ્થાનાદિનો ભેદ તે અભેદ ચૈતન્યનું લક્ષણ નથી. તે ભેદલક્ષણ વર્ણાદિ પુદ્‌ગલની સાથે અભેદ સંબંધ રાખે છે. રાગાદિ વિકારી પર્યાય આત્માનું અશુદ્ધ ઉપાદાન છે પણ શુદ્ધ ઉપાદાન સાથે તેનો અભેદ સંબંધ નથી. વસ્તુનો જ્ઞાતાદ્રષ્ટા ઉપયોગ સ્વભાવ છે તેનો જીવની સાથે મેળ છે, ભેદ લક્ષણને જીવ સાથે મેળ નથી. ભેદથી સ્વભાવનો અભેદભાવ જણાતો નથી.

અહીં તો જીવ-અજીવ અધિકાર છે. જીવ-અજીવ ભેગા થઈને આવે છે, તેને જ્ઞાન જાણી લે છે. જીવ તો એને જાણે કે—જ્ઞાતાસ્વભાવ છે તે જીવ છે. ભેદ, વિકાર, પુદ્‌ગલ, નિમિત્ત તો—સ્વભાવના લક્ષે વિકલ્પ થતો નથી માટે તે—અજીવનો સ્વાંગ છે, તેમ જ્ઞાન જાણી લે છે. આમ સમજ્યા વગર સ્વભાવદ્રષ્ટિ થાય નહિ.

વર્ણાદિ બધા ભાવો સંસારદશામાં દ્રવ્યદ્રષ્ટિએ જીવના નથી અને પર્યાયદ્રષ્ટિએ જીવના કોઈ પ્રકારે કહેવાય છે. સિદ્ધદશામાં દ્રવ્યદ્રષ્ટિએ અને પર્યાયદ્રષ્ટિએ—બન્ને રીતે—વર્ણાદિ ભાવો જીવના સર્વથા નથી. સંસારમાં પણ પ્રથમ દ્રવ્યદ્રષ્ટિએ જીવના નથી, એમ નક્કી કર્યા પછી, પર્યાયમાં રાગ રહે છે તેથી વ્યવહારથી તે જીવના છે, એમ આરોપ કરાય છે. સિદ્ધને તો પર્યાયમાં રાગ હોતો નથી એટલે બન્ને રીતે સિદ્ધોને તે ભાવો હોતા નથી. આ રીતે વર્ણાદિ ભાવો વ્યવહારથી સંસારીજીવના છે—તેમ કહેવાય છે. સમ્યગ્દ્રષ્ટિને પર્યાયમાં વિકાર, રાગભાવ હોય છે ખરો, તેથી દ્રવ્યદ્રષ્ટિએ સંસારમાં નથી, પણ પર્યાયદ્રષ્ટિએ હોય છે—એમ કહેવાય છે. અજ્ઞાનીને પણ સ્વભાવમાં વિકારભાવ નથી, પણ તે જાણતો

નથી; જ્ઞાની જાણે છે કે સ્વભાવમાં નથી.—આ રીતે જાણે તો સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન વગર ધર્મ હોતો નથી. તેથી વર્ણાદિ સાથે જીવને અભેદ સંબંધ નથી—એમ માનવું; જીવનો ભાવ હોય તો જીવથી જુદો પડે નહિ; તે જુદો પડે છે માટે જીવનો નથી તેથી જડનો ભાવ ગણવો જોઈએ.

હવે કોઈ, વર્ણાદિ ભાવોને જીવની સાથે અભેદ સંબંધ છે—એમ માને તો એવા ખોટા અભિપ્રાયથી શું દોષ આવે તે બતાવે છે.

### ગાથા ૬૨

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી. ૬૨**

આત્મામાં થતા વિકાર ભાવો, ગુણસ્થાનાદિના ભેદો વગેરે સાથે આત્માને એકમેક સંબંધ છે એમ માનનારને કહે છે કે : જો આ વર્ણાદિ બધા ભાવો જીવ જ છે એમ તું માનીશ તો, તારા મતમાં જીવ અને અજીવ બન્ને એક જ થાય છે. તે બન્ને સ્વભાવે ભિન્ન છે તેમ રહેશે નહિ.

કર્મ, મન, વાણી, દેહાદિની ક્રમબદ્ધ પર્યાયો થાય છે. તેમની એક પછી એક પ્રગટ થતી અવસ્થા અને પૂર્વની અવસ્થાનો નાશ થવો તેને—બધા વર્ણાદિ ભાવોને—જડ સાથે મેળ ખાય છે, જડને જાહેર કરે છે; પણ તે ભાવોનું ક્રમબદ્ધપણું જીવની સાથે મેળ ખાતું નથી. વર્ણાદિ ભાવોનો આવિર્ભાવ અને તિરોભાવનો સંબંધ પુદ્ગલ સાથે છે. તેથી તે ભાવો જડને જાહેર કરે છે, પણ તે ભાવો ચૈતન્યદ્રવ્યને જાહેર કરતા નથી. શરીરની પર્યાય નવી થાય અને જૂની થાય; રાગ નવો થાય અને જૂનો જાય, તે જડને જાહેર કરે છે.

હવે વર્ણાદિ ભાવોનું ક્રમબદ્ધપણું જેમ જડને જાહેર કરે છે, તેમ જો જીવને તે ભાવો જાહેર કરે—જણાવે તો, જડ ને જીવ બન્ને એક થઈ જાય. રાગની નવી પર્યાય થઈ અને જૂની ગઈ, તે જો જીવને પણ જણાવે તો, જડ ને જીવ બન્ને એક થઈ જાય, કેમકે રાગાદિની પર્યાય જડની સાથે અભેદપણું રાખે છે; તેથી જો તે ભાવોને જીવની સાથે પણ અભેદપણું હોય તો જીવ અને અજીવ બન્ને એક થઈ જાય—અવિશેષપણું પામે—એકપણું પામે અને એમ થવાથી પુદ્ગલથી જુદૃ જીવદ્રવ્ય રહે નહિ, તેથી જીવનો અભાવ થાય.

જે ભેદ અને વિકાર જડને જાહેર કરે છે, તે જ ભેદ અને વિકાર જો જીવને જણાવે તો જીવ વડે જડ જ અંગીકાર થતાં જીવનો નાશ થાય છે. જેમ જડની ક્રમે ક્રમે પર્યાય થાય છે તે જડને જાહેર કરે છે, તે જ પર્યાય જો જીવને જાહેર કરે તો જીવ અને જડ બે દ્રવ્યો ભિન્ન રહેતાં નથી અને એ રીતે જીવ જુદો નહિ રહેતાં

જીવનો અભાવ થાય છે. માટે જીવને જાહેર કરવાનું તે લક્ષણ નથી. જીવને જાહેર કરવાનું લક્ષણ તો એક ત્રિકાળ ચૈતન્ય ઉપયોગસ્વભાવ જ છે.

ભેદ, વિકલ્પ અને નિમિત્ત જીવની સાથે એકમેક છે; એ વડે જીવ ઓળખાય છે—એવો જેનો અભિપ્રાય છે, તેના અભિપ્રાયમાં પુદ્‌ગલના લક્ષણથી જીવને ઓળખતાં જીવ અને અજીવ બન્ને એક થવાનો પ્રસંગ આવે છે તેથી જીવનો સ્વભાવ નહિ રહેતાં, જીવના લક્ષણનો અભાવ થતાં, જીવનો પણ અભાવ અજ્ઞાનીની માન્યતામાં થાય છે.

પુણ્યભાવથી જડ જાહેર થાય છે અને ચૈતન્યલક્ષણથી જીવ જાહેર થાય છે. ગુણસ્થાનના ભેદ શોધવા જતાં જડ જાહેર થાય છે. તે ગુણસ્થાનાદિના ભેદથી જીવને જાહેર કરવા જાય તો જડભાવથી જીવ જુદો રહેતો નથી. એ રીતે જીવનો નાશ થાય છે. જીવ તો પોતાના ચૈતન્ય ઉપયોગ લક્ષણથી જાહેર થાય છે. વર્ણાદિ ભાવોને જીવની સાથે અભેદપણું જાહેર કરે તો જીવનો અભેદલક્ષણ ચૈતન્ય ઉપયોગ પણ રહેતો નથી અને જીવને સંસારમાં પણ સ્વભાવથી વર્ણાદિ સાથે અભેદ માનવામાં આવે તો પણ જીવસ્વભાવ રહેતો નથી; અને તેથી જીવની શ્રદ્ધા પણ રહેતી નથી. જીવની શ્રદ્ધા વગર વ્રતાદિની ગમે તેટલી ક્રિયા કરે તો પણ આત્માને ધર્મના એક અંશનો પણ લાભ થતો નથી.

આત્મતત્ત્વ જાણ્યા વગર બધું ફોગટ છે, આત્મતત્ત્વ તો સ્વાભાવિક ભાવ અને ઔપાધિક ભાવ એમ બે પ્રકારે છે; તેમાં ઔપાધિક ભાવનો સંબંધ ખરેખર જડ સાથે છે, પણ આત્મા સાથે નથી—એમ માને ત્યાં સુધી આત્મતત્ત્વ જાહેર થાય નહિ. અહીં પર્યાયબુદ્ધિ છોડાવવી છે કેમકે પર્યાયના આશ્રયે ભેદ અને વિકલ્પ થાય છે, પણ સ્વભાવ પ્રગટ થતો નથી; માટે તે બધા ભાવો ખરેખર જીવ નથી. જીવ તો ત્રિકાળ ઉપયોગસ્વભાવ વડે જણાય છે. વર્ણાદિ ભાવો અજીવનો વેષ છે. તે ભાવો પુદ્‌ગલમાં આવિર્ભાવ અને તિરોભાવ પામતા હોવાથી પુદ્‌ગલને જાહેર કરે છે; છતાં પણ તે વર્ણાદિ લક્ષણો વડે જીવને જાહેર કરવામાં આવે તો જીવસ્વભાવ જુદો નહિ રહેવાથી, એમ માનનારની દ્રષ્ટિમાં જીવનો અભાવ થાય છે, એટલે જીવની સાચી શ્રદ્ધા તેને થતી નથી.

ભાવાર્થ : જેમ વર્ણાદિ ભાવો પુદ્‌ગલદ્રવ્યની સાથે અભેદ સંબંધ રાખે છે તેમ જીવની સાથે પણ તે ભાવોને અભેદ સંબંધ હોય તો જીવ અને પુદ્‌ગલમાં કાંઈ જુદાઈ રહેશે નહિ અને તેથી જીવનો અભાવ થાય એવો મોટો દોષ આવે છે.

# પ્રસાદ નં. ૪૯

## સમયસાર ગાથા ૬૩-૬૪ના પ્રવચનમાંથી.

(માગશર સુદ ૧૫, રવિવાર, ૨૦૦૭)

કોઈ એમ કહે કે વર્ણાદિ ભાવોને સંસારઅવસ્થામાં તો અભેદ સંબંધ છે. સિદ્ધદશામાં તે ભાવો હોતા નથી, પણ સંસાર અવસ્થામાં તે ભાવો હોય છે—એમ કોઈ માને તો તેને પણ આ જ દોષ આવે—એટલે કે જીવના નાશનો પ્રસંગ આવે—એમ કહે છે.

**વર્ણાદિ છે સંસારી જીવનાં એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને. ૬૩**
**એ રીત પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,**
**ને મોક્ષ પ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪**

અન્વયાર્થ : અથવા જો તારો મત એમ હોય કે સંસારમાં રહેલા જીવોને જ વર્ણાદિ ભાવો એકમેક છે. તો તે કારણે સંસારમા રહેલા જીવો રૂપીપણાને પામ્યા; એમ થતાં,તેવું લક્ષણ તો પુદ્‌ગલદ્રવ્યનું હોવાથી હે મૂઢબુદ્ધિવાળા! પુદ્‌ગલદ્રવ્ય જ જીવ ઠર્યું અને માત્ર સંસારઅવસ્થામાં જ નહિ પણ મોક્ષ પામ્યે પણ પુદ્‌ગલ જ જીવપણાને પામ્યું!

ટીકા :–પ્રથમ તો વર્ણાદિ ભાવો સાથે જીવને અભેદ સંબંધ હોય તો જીવથી તે જુદા પડે નહિ, પણ તે ભાવોનો મેળ જડ સાથે છે. જડનું ક્રમે ક્રમે થવું તે જડનું લક્ષણ છે. તે જડના લક્ષણ વડે જીવને ઓળખાવે તો જીવનું જુદાપણું રહેતું નથી. આટલી વાત થઈ ત્યારે શિષ્યને શંકા થઈ કે ભલે આખા જીવ દ્રવ્યની સાથે વર્ણાદિને અભેદ સંબંધ નથી પણ સંસારદશામાં પર્યાય સાથે તો અભેદ સંબંધ છે ને? તેનો ઉત્તર આપે છે :—

અહીં તો એમ કહે છે કે આત્માના ત્રિકાળી સ્વભાવમાં તો વર્ણાદિ ભાવો એકમેક થયા નથી, પણ સંસારદશા વખતે પણ તેઓ એકમેક થયા નથી. એક સમય પણ સંસારદશામાંય તે રાગાદિ વિકારો અને ભેદો જીવની સાથે એકમેક હોય—એવો જેનો અભિપ્રાય છે તેના મતમાં; આત્મા સંસારપર્યાયમાં વર્તે છે તે વખતે આત્મા રૂપીપણાને પામે છે અને એમ થતાં જીવનો નાશ થાય છે. અનિત્ય તાદાત્મ્ય સંબંધ છે તેની વાત અહીં ગૌણ છે. અહીં તો સ્વભાવદ્રષ્ટિએ, સંસારની અવસ્થા વખતે પણ, જીવ તો શુદ્ધ જ છે.

આત્માનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ હોવા છતાં એક સમયની પર્યાયમાં વિકાર છે, તે ત્રિકાળી સ્વભાવમાં પેઠો નથી. એક સમય પણ સ્વભાવમાં પેસી જાય તો જીવદ્રવ્ય રૂપીપણાને પામે, દ્રવ્ય-ગુણ શુદ્ધ છે અને પર્યાય અશુદ્ધ છે. દ્રવ્યને અશુદ્ધ

કહેવું તે પર્યાયનો આરોપ છે. જો પર્યાય પ્રમાણે દ્રવ્ય અશુદ્ધ થાય તો તે રૂપીપણાને પામે છે. સ્વભાવભાવે જે પર્યાય થાય છે તે સ્વભાવ જ છે. તેમાં રાગ-દ્વેષ હોતા નથી; તેથી સંસાર અવસ્થામાં પણ વર્ણાદિપણાને જીવ પામતો નથી. અહીં તો દ્રષ્ટિનો વિષય વર્ણવ્યો છે, તેમાં એક સમયનો સંસાર પણ રૂપી છે અને રૂપીપણું તો જીવથી જુદું એવું જે જડદ્રવ્ય તેનું અસાધારણ લક્ષણ છે. તે રૂપીપણાના લક્ષણને જીવ સાથે એકમેક માનવામાં આવે તો જીવ જડપણાને પામે છે; તેથી જીવદ્રવ્ય જુદું રહેતું નથી.—એમ થવાથી મોક્ષ અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ જીવપણાને પામે છે. તે સિવાય જીવ બીજો જુદો રહેતો નથી. માટે જડનો મોક્ષ થયો એટલે જીવ મોક્ષમાં પણ રહ્યો નહિ.

જીવદ્રવ્ય તો સદાય પોતાના સ્વરૂપલક્ષણથી જણાય એવું છે. જો ક્ષણિક રાગ-દ્વેષવાળો જીવ કહેવામાં આવે તો તે સદાય ઉપયોગલક્ષણવાળો રહેતો નથી. જીવદ્રવ્ય ઘસારો કે નાશ નહિ પામતું હોવાથી અનાદિ અનંત હોય છે. જો વર્ણાદિને જીવનું સ્વરૂપ માનવામાં આવે તો વર્ણાદિનો ઘસારો કે નાશ કદી થવો જોઈએ નહિ. જેવી રીતે જાણવા-દેખવાના સ્વભાવની ઓછપ કે અભાવ થતો નથી તેમ વર્ણાદિની પણ ઓછપ કે નાશ થવો સંભવે નહિ.

જીવ દયાદાનાદિના ભાવોના લક્ષણથી સંસારમાં જણાતો હોય તો દરેક અવસ્થાની અંદર તે ભાવોનો ઘટાડો કે અભાવ થાય નહિ. જીવ છે તે પોતાના ઉપયોગ સ્વભાવે છે તે તો પ્રથમ સાબિત કર્યું છે. અહીં તો વર્ણાદિ સાથે જીવને એકમેક સંબંધ નથી, તે કહેવું છે. જો વર્ણાદિ સાથે જીવને એકમેક સંબંધ હોય તો કોઈ કાળે તેનો અભાવ કે ઘટાડો થાય નહિ. લક્ષણ તો એવું હોવું જોઈએ કે તે એક સમય પણ ન હોય, તેમ બને નહિ. જો વર્ણાદિને જીવનું લક્ષણ બાંધશો તો મોક્ષ અવસ્થામાં પુદ્ગલ જ જીવ ઠરશે. એટલે પુદ્ગલનો મોક્ષ માન્યો. ખરેખર તો તારો મોક્ષ થશે નહિ—એમ કહ્યું છે.

રાગ, કર્મ, ગુણસ્થાનાદિના ભેદો છે તો જીવ છે તેમ માનનાર મોક્ષને ભેદ અને વિકારવાળો માને છે, અભેદ ઉપયોગ લક્ષણસ્વરૂપ જીવ તેની દ્રષ્ટિમાં આવતો નથી એટલે ભેદ, વિકાર અને જડ જ દ્રષ્ટિમાં આવે છે. વિકાર અને ભેદ લક્ષણવાળો જીવને માનવાથી તે વિકલ્પ-ભેદથી જીવ જુદો પડી શકશે નહિ માટે આત્મા ત્રિકાળી સ્વભાવભાવવાળો છે તે નિર્ણય કર. વિકાર અને કર્મથી રહિત થવું હોય તો આત્માને વિકાર રહિત અને ચૈતન્ય ઉપયોગ સહિત માન.

સુખ આત્માનું લક્ષણ છે. તેને શરીરથી, સ્ત્રીથી કે પૈસાથી માનવામાં આવે તો તેના છૂટવાથી સુખ રહેશે નહિ. સુખપણું વિકારથી કે ભેદથી માનવામાં આવે તો વિકાર કે ભેદ છૂટી જવાથી સુખપણું રહેશે નહિ. ઔપાધિક ભાવમાં સુખપણું

નથી. તેમાં સુખપણું માનવાથી તે ત્રિકાળી લક્ષણ થાય અને તેથી તેનો અભાવ થશે નહિ.

જ્ઞાયક ચૈતન્ય વસ્તુ છે. તે સ્વભાવવાન છે. એમ જીવદ્રવ્યની શ્રદ્ધા કરવાથી પ્રથમ સમ્યગ્દર્શનરૂપી સામાયિક થાય છે. પણ જડ છે તો જીવ છે; અને અજીવનો સંબંધ છે તો જીવ છે; શરીર વગરનો જીવ હોય નહિ—એમ માનનારને મિથ્યાત્વરૂપી અધર્મ થાય છે. શરીર છે તો જીવ છે—એમ માનનાર શરીરના નાશથી જીવનો નાશ માને છે અને મોક્ષમાં પણ શરીરનો સંબંધ માનતાં શરીરથી જુદો જીવ રહેશે નહિ, તે દોષ આવે છે.

સંસાર અવસ્થામાં આપણે રાગ કરવો પડે, વળી સંસાર હોય ત્યાં સુધી બીજાનો ઉપકાર કરવાની પણ ફરજ છે, તો તે પ્રકારની રાગની રુચિ જો જીવનું સ્વરૂપ હોય તો જીવથી તે કદાપિ જુદુ પડે નહિ. વર્ણાદિપણું કે જેમાં ઓછપ અને નાશ થવાનો સ્વભાવ છે તે જીવનું લક્ષણ થતાં ત્રિકાળ સ્વભાવ જીવનું લક્ષણ રહેતું નથી. લક્ષણ તો ઓછપ અને નાશ ન થાય તે કહેવાય, માટે વર્ણાદિ જડનું લક્ષણ છે—એમ સત્ય હકીકત બહાર આવતાં અજ્ઞાની જીવો કહે છે કે "વ્યવહારનો લોપ કરે છે."

જે જીવની માન્યતા એવી છે કે વિકારાદિ ભાવોને જીવની સાથે એકમેક સંબંધ છે, તેને તો તે બધા ભાવોને સાથે રાખવાનો વિચાર છે પણ છોડવાનો અભિપ્રાય નથી. તેથી તે વિકાર રહિત થઈ શકતો નથી. પણ જીવનો સ્વભાવ તો ત્રિકાળ ઉપયોગ લક્ષણવાળો હોવાથી તે લક્ષણથી લક્ષિત દ્રવ્ય ત્રિકાળ રહેવું જોઈએ. રાગવાળો માનવો તે લક્ષણ બરાબર નથી. વસ્તુના સ્વરૂપને સમજ્યા વગર અનંતકાળ રખડ્યો છે, નિમિત્તને લઈને જીવને લાભ થાય તેના અભિપ્રાયે નિમિત્ત મોક્ષમાં રહેશે—એટલે ખરેખર જીવનો મોક્ષ થશે નહિ. તેમ થવાથી પુદ્‌ગલોથી જુદો કોઈ જીવ રહેશે નહિ. તે જીવ વડે જ જડ જાહેર થાય છે. તેથી જીવનો અભાવ થશે, તે દોષ આવે છે.

# પ્રસાદ નં. ૫૦

## સમયસાર ગાથા ૬૩-૬૪ ભાવાર્થના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧, સોમવાર, ૨૦૦૭)

અહીં અધિકાર એ ચાલે છે કે આત્માને કેવા પ્રકારે જાણવાથી અનુભવ થાય અથવા તો નિર્વિકલ્પદશા થઈ આનંદ અને સુખ પ્રગટે. અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો તે બધાનો ભાવ એક જ છે. આત્મા કોની રુચિ કરે તો ધર્મ પ્રગટે?—તો કહે છે કે :–

શરીર, વાણી, મન અને વિકારાદિ કે જે અજીવ છે તેને જીવ માનીને ધર્મ કરવા માગે તો થાય નહિ. ભેદની શ્રદ્ધા કરવાથી અભેદ જીવતત્ત્વ જણાય નહિ. જીવ તો અભેદ ઉપયોગ લક્ષણવાળો છે, તેમ જાણ્યા પછી ભેદ અને વિકલ્પનું જ્ઞાન હોય છે પણ ભેદ અને વિકલ્પની રુચિ કરવા જેવી નથી. જીવનો કાયમનો સ્વભાવ તો ધ્રુવ જાણવા-દેખવાનો છે.તેને ન માને અને આત્માને વિકાર અને ભેદવાળો માને તો સમ્યગ્દર્શન થશે નહિ. સમયપૂરતો સંસાર છે, તેની રુચિ જેણે કરી તેને રૂપીનો સંબંધ છૂટતો નથી. એ રીતે જેણે સ્વભાવને રૂપીપણું માન્યું તેણે જીવ અરૂપી છે, તે સ્વીકાર્યું નહિ. જડના સંબંધે ત્રિકાળ રહે તે જડનું લક્ષણ છે; તે ચેતનનું લક્ષણ નથી. ભેદથી આત્માનો અનુભવ થાય એવો જીવનો સ્વભાવ નથી. સંસારદશામાં જીવને કેવો માનવો તેની વાત ચાલે છે. આ વાત સિદ્ધની કે મુનિપણાની નથી પણ સમ્યગ્દર્શનની છે.

સંસારદશામાં પણ જીવને વર્ણાદિવાળો માનવાથી જીવ રૂપી થાય છે. અરૂપી રહેતો નથી. ઔપાધિક ભાવ જેટલો જીવને માનનાર નિરુપાધિક જીવ છે, તેમ માનતો નથી. વિકારભાવ જડના લક્ષે થયેલો હોવાથી જીવને વિકારવાળો માનતાં જડ જ થાય છે. સંસાર અવસ્થામાં પણ અંશ કે રાગ જેટલો જીવને માનતા જીવ મૂર્ત લક્ષણવાળો થાય છે અને મૂર્તપણું તો પુદ્ગલનું લક્ષણ છે તેથી તે પુદ્ગલ જ જીવ ઠર્યો. - આ રીતે જીવનો અભાવ થાય છે.

જીવનું લક્ષણ તો ઉપયોગ છે. તેને જાણ્યા વગર નિર્વિકલ્પ પ્રતીતિ થતી નથી અને આત્માની પ્રતીતિ થયા વગર રૂપીપણાનો સંગ છૂટતો નથી. પુણ્ય-પાપની જાગૃતિમાં સ્વભાવની જાગૃતિ થતી નથી અને સંયોગની રુચિમાં સ્વભાવની રુચિ રહેતી નથી.

જેટલો આત્મા તેટલો તેનો નિર્વિકલ્પ સ્વભાવ છે એમ કબૂલ ન કરે અને વિકારને આત્મા માને તો વિકારથી છૂટી શકાશે નહિ. તેથી જીવનો મોક્ષ થશે નહિ. જેની ચૈતન્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ નથી તેની ઔપાધિક ભાવ ઉપર દ્રષ્ટિ છે. તેનાથી

તો સંયોગ પ્રાપ્ત થાય છે. સંયોગ તો જડ રજકણો છે.—આમ થતાં તો જીવ જડપણાને પ્રાપ્ત થાય છે, પણ જો ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ કરે એટલે જાણનાર-દેખનારની રુચિ કરે તો નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે.

અત્યારે જગત અનેક પ્રકારે પુણ્ય-પાપાદિને પોતાના માનીને ધર્મ કરવા માગે છે પણ તેથી ધર્મ થતો નથી. કેમકે સ્વભાવવાન ત્રિકાળ છે. તેની રુચિ કર્યા વગર ધર્મ થતો નથી. જો વિકારને પોતાનો માન્યો એટલે કે સંસારદશામાં વિકારભાવથી જીવને જુદો ન માન્યો તો મોક્ષમાં પણ જુદો થઈ શકશે નહિ. માટે બન્ને રીતે પુદ્‌ગલ જ જીવ થયો. તે રીતે જીવ જુદો ન રહેતાં જીવનો અભાવ થયો.

કર્મ વગર જીવ ન હોય—એમ માનનારને કહે છે કે તું કર્મ છો કે જીવ છો? જો કર્મનો વળગાડ માનીશ એટલે જીવને કર્મવાળો માનીશ તો કર્મથી જુદો પડી શકીશ નહિ. એટલે કર્મ, ભેદ, વિકારને પોતાના માનતાં, તેનાથી જુદા થવાનું રહેતું નથી.

ગાથા ૬૧માં કહ્યું હતું કે વર્ણાદિ ભાવો જડની સાથે સંબંધ ધરાવે છે, માટે તે બધા ભાવોને જડ જ કહીએ છીએ. ભલે સંસારદશામાં છે છતાં મોક્ષમાં તે ભાવો હોતા નથી, માટે જીવની સાથે તેનો અભેદ સંબંધ નથી.

ગાથા ૬૨માં કહ્યું હતું કે વિકારનો સંબંધ જીવ સાથે માનીશ તો પણ જીવ જુદો રહેશે નહિ. કારણ કે જીવનું લક્ષણ તો કાયમી ઉપયોગ સ્વરૂપ છે, તેવું લક્ષણ વર્ણાદિનું જીવ સાથે માનવામાં આવે તો જીવ અને પુદ્‌ગલનું ભિન્નપણું રહેશે નહિ.—એમ થતાં પણ જીવનો અભાવ થવાનો પ્રસંગ આવશે.

અહીં તો કહે છે કે સંસાર અવસ્થામાં પણ વિકારાદિ ભાવોને જીવ સાથે અભેદ સંબંધ માનીશ તો અત્યારે જુદો નહિ રહેવાથી મોક્ષમાં પણ જુદો થશે નહિ અને મોક્ષમાં પણ જડ જ જીવ થશે.—તેમ થતાં જીવનો અભાવ થશે, જીવ રહેશે નહિ.

ત્રિકાળ ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ ન કરી એટલે વર્તમાન દ્રષ્ટિ થઈ, તેને અંશદ્રષ્ટિ કહો કે વ્યવહારદ્રષ્ટિ કહો, તે બધી એક વાત છે. વિકાર, ભેદ કે નિમિત્તથી લાભ માને તો જેનાથી લાભ માન્યો તેનાથી છૂટવાની ક્રિયા કોઈ કરે નહિ. સ્વભાવભાવ જ્ઞાતા ધ્રુવ પડ્યો છે. તેની દ્રષ્ટિથી લાભ થાય એમ માને તો તેનાથી છૂટે નહિ. પણ તેની રુચિ કરે નહિ તેને તો સંયોગની રુચિ હોવાથી જડ જ પ્રાપ્ત થાય છે, તેને જીવ પ્રાપ્ત થતો નથી, તેની માન્યતામાં જીવનો અભાવ જ થાય છે.

આ રીતે સિદ્ધ થયું કે વર્ણાદિ બધા ભાવો જીવ નથી, તેમ હવે કહે છે :–

**જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને**
**પર્યાપ્ત આદિ નામકર્મતણી પ્રકૃતિ છે ખરે. ૬૫.**
**પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**
**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.**

એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો તથા બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત—એ નામકર્મની પ્રકૃતિઓ છે; આ પ્રકૃતિઓ કે જેઓ પુદ્‌ગલમય તરીકે પ્રસિદ્ધ છે. તેમના વડે કરણસ્વરૂપ થઈને રચાયેલાં જે જીવસ્થાનો છે, તેઓ જીવ કેમ કહેવાય?

ટીકા : ખરી દ્રષ્ટિએ કાર્ય અને કારણનું એકપણું હોવાથી જે જેના વડે કાર્ય છે, તે તે જ છે. જેમ કે સોનાનું પાંદડું સોના વડે કરાતું હોવાથી તે સોનું જ છે, બીજું કાંઈ નથી. એટલે લોઢા વડે થયું નથી, લોઢું નથી. તેમ જીવસ્થાનો, બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્‌ગલમયી પ્રકૃતિનું કાર્ય છે પણ જીવના સ્વભાવમાંથી જીવસ્થાનો થયાં નથી અને શાસ્ત્રમાં પણ પ્રસિદ્ધ છે કે તે નામકર્મની પ્રકૃતિનું કાર્ય છે અને અનુમાનથી પણ જાણી શકાય છે. શરીરાદિ જે મૂર્તિકભાવ છે તે નામકર્મની પ્રકૃતિનું કાર્ય હોવાથી કર્મપ્રકૃતિઓ પણ પુદ્‌ગલમય જ છે.

પંચેન્દ્રિયપણું અથવા તો મનુષ્યપણું મળ્યું—એમ કોઈ કહે તો તેને શું મળ્યું? જડ મળ્યું છે, કાંઈ જીવ મળ્યો નથી. અહીં તો કહેવું છે કે જીવસ્વભાવ કારણ અને પંચેન્દ્રિયપણું કાર્ય છે—એમ નથી પણ સ્વભાવ કારણ છે અને સમ્યગ્દર્શન કાર્ય છે અથવા તો વીતરાગભાવ કાર્ય છે, કારણ કે કારણકાર્ય જુદાં હોય નહિ.

જો એમ કહીશ કે આત્માએ પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યું તો કહે છે કે તે આત્માનું કાર્ય નથી. જો આત્માના કારણથી તે કાર્ય થયું હોય તો આત્માથી જુદુ પડશે નહિ, પણ છૂટું પડે છે માટે આત્માનું કાર્ય નથી. પણ પંચેન્દ્રિયપણામાં સ્વભાવની રુચિ કરે તો તેને નિમિત્ત કહેવાય પણ પંચેન્દ્રિયપણું છે તેનાથી અતીન્દ્રિયપણું થાય—તેમ બને નહિ.

પંચેન્દ્રિયપણું—મનુષ્યપણું પ્રાપ્ત થયું તે જીવના સાધન વડે મળ્યું ને તે જીવ ઊંચો આવ્યો તેમ માનનાર, મનુષ્યપણાનું કારણ જીવને માને છે, તે મનુષ્યપણાથી જુદો પડી શકશે નહિ. વળી, જડથી મળેલું કાર્ય જીવને સમજવામાં

કામ કરતું નથી, એટલે મનુષ્યપણાના નિમિત્તમાં જો સ્વભાવનો પુરુષાર્થ ન કર્યો તો મનુષ્યપણાને આરોપ પણ આવશે નહિ.

અહીં તો કહે છે કે પંચેન્દ્રિયપણાની પ્રાપ્તિ તે જડનું કાર્ય છે, પણ જીવની જાગૃતિથી તેની પ્રાપ્તિ થઈ છે તેમ અનુમાન કરીશ નહિ અને માનીશ નહિ, કેમ કે જીવની જાગૃતિમાં સંયોગ ન મળે. માટે આ બધું પ્રાપ્ત થયું છે, તે જીવના કારણથી મળ્યું છે, તેમ અનુમાન કરીશ નહિ—તે બધું જડનું કાર્ય છે, તે જડથી મળ્યું છે, તેમ અનુમાન કરવું.

જીવસ્થાન એટલે કે જીવની પર્યાયના જે ભેદો છે તે જીવનું કાર્ય નથી. કેમ કે સ્વભાવના પુરુષાર્થ સિવાય જે વિકારાદિનો અસત્ પુરુષાર્થ છે, તેનાથી તો સંયોગ મળે છે. તે જીવનો સાચો પુરુષાર્થ નથી—એમ કહેવું છે. જે ભેદ પડે અને વિકાર થાય તે જડનું કાર્ય છે, જીવનું કાર્ય નથી. માટે જીવસ્થાન તે જીવ કહી શકાય નહિ.